લુટારૂ મુબારક.

લખનાર — “ મશરેક ”

લુટારૂ મુબારક

યાને

અકબરના વખતનો ભેદી માણસ !

એક ઇતિહાસીક નોવેલ.

લખનાર—સોહરાબ શહેરિયાર ઈરાની,
(તખલ્લુસ) "મશરેક."

તે

પરસ્તાને ચકરમ,—બેચેન દુન્યા,—ઘેલા ઘાંચીનું કુટુંબ,—હમશીર કે શમશીર !—તકદીરની તકલીફ,—તલવારની ધાર,—અક્કલમંદ બેવકુફ,—કીસ્મતની કીશ્તી,—જેહાંગીર નામું,—અક્કલનો ખઝાનો ભાગ ૧-૨,—હીન્દની ખુબસુરત પાદશાહ-બેગમો,—તકલીદી તાજ,—પરસ્તાને પાગલ વીગેરેના લખનાર.

યઝદેગર્દી સન ૧૨૯૨. ઇ. સ. (એપ્રીલ) ૧૯૨૩.

કીંમત રૂપીઆ દોઢ.

☞ આ "લુટારૂ મુબારક" નામની નોવેલ "મશરેક" તે મી૦ સોહ-રાબ શહેરિયાર ઈરાનીએ, મુંબઈ, ધોબીતલાવ, નવા આતશબેહેરામ પાસેના ભીમરડીવાલા હાઉસમાં પોતાને માટે લખીને પ્રગટ કીધી છે, અને મી૦ ફ્રામરોજ રૂસ્તમજી ઇરાનીએ મુંબઇ, ૨૪૪, બઝારગેટ સ્ત્રીટ, કોટમાં આવેલા પોતાના એકસપ્રેસ પ્રીંટીંગ વર્કસમાં મી૦ "મશરેક"ને માટે છાપી છે.

મ્હારા બે બોલ.

દીબાચા રૂપે મ્હને મ્હારા બે બોલ શું લખવાના હોય? ચોપડી પોતેજ કહેશે કે તેની અંદર શું સમાવેલું છે અને તમ્હારા આ અદના ખાદીમે તેમાં શું શું જમાવેલું છે. હું મ્હારીજ નોવેલ માટે બોલીને તેની વખાણ કરૂં તે તો "કાણી દીકરીને કોણ વખાણે? તો તેની પોતાની માય!" તેવો હીસાબ થાય, અને મ્હારા ભણેલા મીત્ર મી૦ "પીજામ"ની માફક પોતાનાજ દોસ્તો અને ઓળખીતા પાસે દીબાચો લખાવું તેબી "ભાઇના લગન ને તેમાં બહેનના ગીત" જેવુંજ કાંઈ થઇ જાય! મ્હને એ ગમતું નથી, છતાં મ્હારેથી આ અગાઉ એવી ભુલ થઇ ગઇ છે એ ગુન્હો મ્હને કબુલ કર્યા વગર પણ ચાલે તેમ નથીજ!! હવે, ત્યારે, એક ફઇયાઝ દીલ લુટારૂ શું શું કરે છે અને બે ઉલટ સુલટ વીચારની માશુકો કેવા ભાગ ભજવે છે તે આ નોવેલ પોતેજ તમ્હને કહેશે. કેટલાક વાંચનાર નાટકી ઝબાન પસંદ કરે છે, કેટલાકો લેખકની શઇલી કેવી વલાણપર છે તે જુએ છે, અને કેટલાકો વાર્તાના પ્લોટને તપાસે છે, એ બધાંને રાજી રાખવા મેં કોશીશ તો કીધી છે પછી તેમાં પાક પરવરદેગારને જે ચાહવું હશે તેજ પરીણામ આવશે. અને, હવે, તમ્હો મેહેરબાનોને તંદરોસ્તી અને સલામ બંદગી ઇચ્છી હું હાલતુરત તો છુટો પડું છું.

લી૦ તમ્હારો સેવક,

સોહરાબ શહેરિયાર ઈરાની,

"મશરેક."

બીમરડીવાલા હાઉસ, ધોબીતલાવ,

મુંબઇ, તા૦ ૧-૪-૨૩.

અર્પણ:

જે સઘલાં યકીનપર ઉસ્તવાર અને ફઇયાઝ દીલ

ગરીબપરવર ખુદાશનાસ લાગરજ આદમીઓ

હોય તેઓને આ મ્હારૂં અદના પુસ્તક

અતી મોટા માન સાથે

અર્પણ કરૂં છું.

"મશરેક."

"IRANI'S GARDEN."

INSIDE CRAWFORD MARKET.

(Opp. The Main Fountain)

BOMBAY.

TERMS OF BUSINESS:

1. All orders for plants and seeds must be accompanied with remittance in full or an advance of 50 per cent, for the balance the Railway Receipt will be sent per V. P. P.

2. If any particular variety of plants or seeds is out of stock other of equal merit will be substituted unless instructions to the contrary are received.

3. No guarantee is given as to description, quality or productiveness, there being too many causes known and unkhown which prevents good seeds from germinating and plants from growing and hence the proprietor is not responsible or liable for plants and seeds sold by him or damages arising from any failure thereof. Goods travel at purchaser's risk.

4. The prices mentioned in this catalogue are all subject to change without notice. Those for large plants will be communicated on application. Packing and Postage are charged extra.

5. Communications should be addressed to :—

SOHRAB SHERIAR IRANI.

Proprietor: "IRANI'S GARDEN,"

Inside Crawford Market, BOMBAY.

CATALOGUE OF PLANTS :

MANGO & CHIKOO GRAFTS.

	Each Rs.	As.
Aphoos	2	8
Pairee	2	0
Malgoa	2	8
Totapuri	2	8
Neelum	2	8

	Each Rs.	As.
Chikoo (6 ft. ht.) ...	10	0
,, (4 ft ht.) ...	6	0
,, (2 ft. ht.) ...	4	0

(These grafts have flowers or fruits on them.)

FRUIT-GRAFTS AND PLANTS.

	Each Rs.	As.
Almond, (Badam) ...	1	0
Allubukhar, Grows better, in cold climate	2	0
Artocorpus, (Phanas)	1	0
Aegle Marmelas, (Bel) Fruits eatable, much used in medicines...	1	0
Belumbee, Fruits sour, mostly used for picklings	1	8

	Each Rs.	As.
Bread Fruit Tree, Require moist and cool climate. Fruits used for vegetable ...	2	0
Betelnut	1	0
Cinnaman	1	0
Clove, Grows well in red soil under shade	3	0
Custard Apple, (Sitaphal)	0	8
Cherries	1	0

Fruit-Grafts and Plants.—*Contd.*

Each	Rs.	As.
Cocoanut, These plants require red soil and much water and little shade when young, gives good crop if properly cared for; bears fruits after ten years ...	1	0
Coffee, Plants require shady situation and much water ...	1	0
Guava, (Peru) ...	0	12
Figs, (Anjeer) ...	0	12
Feronia Elephantum, (Kavat)	1	0
Gorakh Chinch, (Boabab tree) Grows to a big tree	1	0
Grapes, ...	0	12
„ Fruits Black ...	1	0
Harpar-revree, (Star Gooseberty) ...	1	0
Jamb Rose, (Grafted)	2	0
Jambool, ...	0	8
Jamb White	1	8
Karvand	0	6

Each	Rs.	As.
Kaju-a-nut (Kaju) ...	0	12
Kambrak Sour ...	2	0
Kambrak, Chinese, the fruits of this sort are sweet & eatable	3	0
Kokam	0	8
Litchee, Grafted, the fruits are sweet and eatable	3	0
„ (Seedlings.) ...	1	0
Lime Grafted, (Chinai)	1	0
„ (Kagazi) ...	1	8
Loquats, A very nice fruit tree; remains green throughout the year; flowers are sweet scented and fruits are very sweet to eat; grows in any ordinary soil; small plants	2	0
Mamaphal	2	8
Mulberry, Persian, the fruits are sweet, long and whitish in colour	1	0
Mulberry, Fruits are similar to the above except in colour and size	0	12

Fruit-Grafts and Plants—*Contd.*

	Each. Rs.	As.
Nutmeg, The plants require shade and hilly place and much water; the red soil suits well	2	0
Nagwel, (Panwel) ...	0	12
Papayee, Fruits very sweet and large ...	0	4
Peach, require more water and little shady situation, grafts.	3	0
,, Seedlings... ...	1	0
Pomegranate, This plant requires little rocky ground; fruits in three years (Muskati)...	1	8
,, Large plants (Dholka) ...	1	0
Plantain, Green ...	0	4
,, Red fruits with long stocks ...	0	8
,, Yellow small fruited sorts ...	0	6
Pumelo Grafts, Fruits very Large thick skinned	2	0
Ramphal, Very good fruit to eat: bears fruits after 3 years...	0	12
Shevga or Shekta, (Moringa)	0	4
Pine Apple, Grows better in hilly places and red soil, Fruits very tasteful ...	0	12
Plums, Grows well in hilly places... ...	1	0
Phylanthes, (Awala) Fruits large used for picklings and preserves	1	0
Phalsa, ...	1	8
Shaibe, (Apple) ...	1	8
Saferchand, King of apples. This plant bears better on hills than on plains ...	2	0
Strawberry, This plant grows better on hills than on plains ...	1	0
Walnut, (Akrote) Fruits after 16 years. The plants grow in any ordinary soil ...	2	8

(ORANGES are grown in almost all parts of India with success. The soil should be enriched with a heavy manuring of cowdung, which should be well rotten and sufficiently old. They should be planted ten feet apart, and carefully watched during the first two years to see that they do not shoot below the grafting place.)

Nagpure Orange—This variety is popularly known as Suntra and begins to yield three years after plantation. Re. 1-8

Mosambique Orange—The fruit of this variety is globular in shape, and is slightly compressed vertically. The skin is tight but thinner than the Nagpore Orange. Rs. 2-0.

FLOWERING PLANTS.

Each	Rs.	As.	Each	Rs.	As.
Allamanda Nerifolia	2	0	**Champa,** Green grafted	2	0
Alpinia	0	12	**Son Champa** yellow ...	1	0
Barleria, Red ...	0	8	**Chrysanthemums Pure** white	1	0
Bauhinia, (Kanchan)	0	8	„ Pure yellow ...	1	0
Busra Rose	0	12	**Hibiscus** (red) ...	0	12
Bixa Orilena	0	8	„ (white) ...	1	0
Bougainvelia	1	0	**Duranta,** Plumeri (Blue) ...	0	8
Brunsifelsia Americana	1	0			

	Each Rs.	As.
Duranta Elosi (White)	0	8
Magnolia (white) ...	2	0
„ (yellow) ...	4	0
Geraniums, (double)...	1	0
„ (single) ...	0	8
Jasmin, Sweet scented	1	0
Butmogra large plants	1	0
„ small plants ...	0	8
Chameli sweet scented	0	12

	Each Rs.	As.
Jui, white	0	4
Myrtle	0	8
Madanban	0	8
Motia	0	4
Newalee	0	4
Sayalee	0	4
Jai yellow	0	4
Kæmpheria Rotunda, (Bhoychampa) ...	0	12
Violet	0	8

ROSES.

(Throughout the dry parts of India Roses can be grown with very fair success, but on the seashore, where the rainfall is heavy, some extra care is required to prevent the water lodging about roots during the rainy season.)

Standards (well established in pots) **Re. 1 as. 8** Each.

Standards selected single plant from **Rs. 2** to **Rs. 4**.

"**Paul Neron**"—**Re. 1** to **Rs. 2** Each.

China Roses and Dwarf Roses (of own-roots) **Rs. 5** to **Rs. 9** Per doz.

CLIMBING PLANTS.

	Each Rs.	As
Antigonum—Pink ...	0	8
,, White ...	0	8
Bignonia—	0	4
Bouganvillia— ...	1	0
Ipomea	2	0
Ivy, Creeper	0	8
Jasmin, Creeper ...	0	8
Passion Flower ...	1	0
Crotons Small plants	0	8
,, Large plants	1	0
Crotons Larger plants	3	0
Ferns—Common small plants ...	0	8
,, Large plants ...	1	0
,, Maiden hair ...	1	0
,, Silver Ferns ...	2	0
,, Golden Ferns ...	3	0
,, Asparagus plumosus (delicate green foliage)	0	12

PALMS.

(Living without sun, inside the house, in shade, very green and beautiful to decorate Tables & Drawing-rooms.)

	Each. Rs.	As.
"**Areca**" (Small) ...	1	0
(Middle sized)	3	0
(Large in big pots) ...	6	0
"**Lucuala Grandis**"...	2	0
(Medium S.)	3	0
(Big sized) ...	5	0
Livingstonia "Rotun-di-folia" (Small) ...	2	0
(Medium) ...	3	0
"**Livingstonia**" (Small)	0	8
Chinese (Medium)	1	0
(Largest)	4	8

	Each. Rs.	As.
Caladium	0	12
Canna	1	0
Tuberose	0	8
Rue (Sitab)	0	8
Green Tea	0	8
Hydrocotyle (Brahmi)	0	4
Basil (Subja)	0	4
Geranium	0	12
Lavender	0	8

	Each Rs.	As.
Lemon Grass (scented leaved)	0	4
Marjoram (Murwa) ...	0	8
Peppermint	0	8
Mint	0	4
Sage (Kapuree) ...	0	8
Ajwan	0	4
Nurraya, Koniga (Currie Leem) ...	0	8

CHOICE ENGLISH FLOWER SEEDS.

(IN PICTORIAL PACKETS.)

(*Each Packet is offerred at 3 annas.*)

Alyssum ...
Antirrhinum ...
Aster ...
Balsam ...
Calendula ...
Canna ...
Candytuft ...
Carnation ...
Centaurea ... ...
Chrysanthemum ...
Clarkia ... ...
Cosmos ... ...
Dahlia ... ...
Forget-Me-Not ...
Four O'Clock ...
Gaillardia ...
Gomphrena ...
Helichrysum ...
Ipomea ...
Larkspur ...
Mignonette ...
Marigold ...
Nasturtium ...
Phlox ...
Petunia ...
Pink ...
Pansy ...
Portulaca ..
Poppy, Single ...
Poppy, Double ...
Scabiosa ...
Sunflower ...
Sweet Peas ...
Verbena ...
Zinnia ...

INSTRUCTIONS ON GARDENING.

A Garden must have full sunshine. It must be dug up about 20 to 24 inches deep, well powdered, mixed up with well rotten night soil and other rotten manure and red earth. The manure should be well mixed with vegetable substance; watered and constantly turned over. After these have been done, the seeds may be sown according to the directions.

ENGLISH FLOWER-SEEDS.

Soil.—For every basketfull of sand; put three basketfuls of red earth, two basketfuls of rotten horse manure and one basketful of leaf mould and mix them up well.

Sowing and Transplanting.—Take seeds pans well perforated with holes at the bottom and one hole around the bottom. close the holes with pieces of broken pots, put down at the bottom a few more pieces, put some sand and fill up the seed pan with the above discribed mixture, sow the seeds thinly, cover them up lightly with fine sifted soil and water gently till germination takes place and the seedlings have formed leaves. But keep the pots in a shady place to protect from rain till the seeds germinate. After germination, put the pots in the morning sun till the seedling have fo med more than four leaves.

When the seedlings have formed more than four leaves, prick them off one by one without injuring the roots and plant them one inch apart in seed pans filled witn the same soil recommended for the sowing of seeds. Protect them from the sun for three or four days after they are transplanted and gradually allow them more and more sunshine. Keep the seed beds free from sweeds.

"ઇરાનીઝ ગારડન."

(તરેહવાર જાતના ઝાડપાન વેચવાનો અને ઝાડ ભાડેથી આપવાનો બગીચો.)

ક્રાફર્ડ માર્કેટની અંદરના ફુવારા સામે,

મુંબઈ.

અમારા ખાસ ઝાડપાનની વીગત.

૧. અમારે ત્યાં મીઠી પીશાબના દરદપર વપરાતા ઝાડ મલશે, જેના ૩ પાંદડાં દરરોઝ સ્હવારે ખાવાથી "શુગર" જતી અટકે એમ જણાયું છે.

૨. અમારે ત્યાં ગરધુમડાપર મુકવાનો પાલો મલી શકશે, જેની એક બાજુ પાકવે અને બીજી બાજુ રૂજ લાવે તેવી છે.

૩. અમારે ત્યાં ઝખમમાંથી જતા લોહીને અટકાવનાર અને રૂજ લાવનારા પાંદડાં મલશે.

૪. અમારે ત્યાં ઘરની અંદર પાણીની બાટલીઓમાં મુકવાની "દ્રીફીન-બાશીયા" સાદી અને ચાઇનીઝ લીલી મલશે.

૫. અમારે ત્યાં ઘરની અંદર ડેકોરેશન કરવા માટે વગર તડકે રહી શકનારા શોભાયમાન પામ્સ મલશે, જેમાં અકસર કરીને ન્હાના રોટન-ડી-ફોલીયા બટકા પામ્સ એવાં તો લીલા અને ખુબસુરત છે કે તે ટેબલપર કે ડરોઇંગ રૂમમાં મુકવાથી ગોયા આંખોને ઠંડક આપશે.

ફલ ફુલના અને બીજા ઝાડપાનોનું લીસ્ટ.

(☞ જે ઝાડના નામો આ લીસ્ટમાં નહીં હશે છતાં તે માટે પુછાવવામ આવશે તો તેની વીગત આપીશું. લીસ્ટમાંના ઝાડ જો અછટ હશે તો કોઇ વાર નહીં પણ મલી શકશે.)

કલમ-ઝાડ.	દર નંગ.
ચીકુની ...	રૂ. ૫ થી રૂ. ૧૫ સુધી.
આંબાની	રૂ. ૧ાા થી રૂ. ૫ સુધી.
ગુલાબની	રૂ. ૦ાા થી રૂ. ૩ સુધી.
(જેમાં સફેદ, પીળા અને "પોલનેરન" ગુલાબ જેના ચાની રકાબી જેવડા મોટા ફુલ થાય છે તેપણ સમાઇ જાય છે.)	
પપેનાસ	રૂ. ૧ થી રૂ. ૨.
મોસંબી	,, ,,
સંતલા	,, ,,
કોફી	,, ,,
અંજીર	રૂ. ૦ાા થી રૂ. ૧ાા.
સેંતુર	,, ,,
દ્રાક્ષ	,, ,,
રામફળ	,, ,,
સીતાફળ	,, ,,
મામાફળ	રૂ. ૨.
અખરોટ	રૂ. ૧ થી રૂ. ૨.
બદામ	,, ,,
પપઈ	રૂ. ૦ા થી રૂ. ૦ાા.
કેળ	રૂ. ૦ા થી રૂ. ૦ાા.
(લાલ, પીલા, લીલા રંગ પ્રમાણે.)	
કમરખ	રૂ. ૨ થી રૂ. ૩.
લીચી	રૂ. ૨ થી રૂ. ૪.
પીચ	,, ,,

કલમ-ઝાડ.	દર નંગ.
સફરચંદ	રૂ. ૧ થી રૂ. ૨.
લીંબુ	રૂ. ૦ાા થી ૨.
દાડમ	,, ,,
ફણસ	રૂ. ૨.
સફેદ જાંબુ	,,
કાલા જાંબુ	રૂ. ૦ાા થી રૂ. ૧.
અમદાવાદી મેવો	રૂ. ૦ાા થી રૂ. ૨.
બોર	રૂ. ૦ા થી રૂ. ૧.
પેર	રૂ. ૦ાા થી રૂ. ૧ાા.
નારીયલ	રૂ. ૧ થી રૂ. ૩.
અનેનાસ	રૂ. ૦ા થી રૂ. ૦ાા.
એલચી	રૂ. ૦ા થી રૂ. ૦ાાા.
લવંગ	રૂ. ૧ થી રૂ. ૩.
તજ	રૂ. ૩ થી રૂ. ૫.
જાયફલ	રૂ. ૫ થી રૂ. ૯.
પારબતી	,, ,,
જીરેન્યમ્સ	રૂ. ૦ાા થી રૂ. ૧.
દવના	રૂ. ૦ાા થી રૂ. ૦ાાા.
મરવા	,, ,,
કેના	,, ,,
પીલો ચંપો	રૂ. ૦ાાા થી ૧ાા.
લીલો ચંપો	,, ,,
સફેદ ચંપો	,, ,,
સફેદ મેઘનોલીઆ	રૂ. ૧ થી રૂ. ૩.
પીલો ,,	,, ૩ થી ,, ૮.

કલમ-ઝાડ.	દર નંગ.
મોઘરા સીંગલ	,, ૦। થી ,, ૦।।
મોઘરા દબલ	,, ૦।।। થી ,, ૧।।.
ચંબેલી	,, ૦।। થી ,, ૧।.
જાઈ	,, ૦। થી ,, ૦।।.
જુઇ	,, ,,
ગુલમોહર	,, ૦।। થી ,, ૧.
ગુલબાસ	,, ,,
સદા સોહાસન	,, ૦।.
તુલસી	,,
ક્રોતન	રૂ. ૦। થી રૂ. ૩.
કલેડીયમ	,, ૦। થી ,, ૧.
અરેલીયા	,, ૦।। થી ,, ૨.
અલામેનદા	,, ૧ થી ,, ૨.
એનટીગોનમ	,, ૦।।। થી ,, ૧.
પેશન ફ્લાવર	,, ૧ થી ,, ૨.
ઇશ્ક પેચ	,, ,,
પાનવેલ	રૂ. ૦।। થી રૂ. ૧.
મરીની વેલ	,, ,,
પાંચ પાંતરી	રૂ. ૦। થી રૂ. ૦।।।
હની સકલ	,, ,,
ફરગેટ મી નોટ	રૂ. ૦। થી રૂ. ૧.
ઇપોમીયા	,, ૧ થી ,, ૩.
સીતાબ	,, ૦।। થી ,, ૧.
પેપરમીંટ	,, ૦। થી ,, ૦।।।

કલમ-ઝાડ.	દર નંગ.
કુંડનો	રૂ. ૦। થી રૂ. [illegible]।।।.
ચા	,, ,,

સરોવર.

મોરપંખી	રૂ ૧ થી રૂ. ૨.
લાંબા સીધા જતા સરૂ	,, ૨ થી ,, ૫.
આરૂકેરીયા	,, ૩ થી ,, ૧૦.

પામ્સ.

એરીકા	રૂ. ૦।। થી રૂ. ૭.
રેટન-ડી-ફોલીયા	,, ૧ થી ,, ૩.
લીવીંગસ્ટોનીયા	,, ૦।। થી ,, ૪.
કેનથીયા	,, ૧ થી ,, ૪.
લુકુઆલાગ્રેનદીસ	,, ૩ થી ,, ૭.
પ્રીચાર્ડીયા પેસીફીકા	,, ૫ થી ,, ૧૦.

ફર્ન્સ.

કોમન ફર્ન	રૂ. ૦।।.
મેદન હેર	,, ૦।।। થી રૂ. ૧।।.
સીલવર	,, ૧ થી ,, ૩.
ગોલડન	,, ૨ થી ,, ૫.

(ફર્નની બાસ્કેટ્સ દર નંગ રૂપીઆ એક લેખે મળશે.)

વેલાતી ફુલઝાડના બી.

ઇગ્લંડ, ફ્રાન્સ અને જરમનીથી દર સીઝને રંગીન ફુલઝાડના બી પીકચરવાલા પાકીટમાં આવે છે જે દર પાકીટ ત્રણ આને મલી શકશે. (તરકારીના બી માટે અગાઉથી લખીને પુછાવવું.)

ઝાડ ભાડેથી.

લગનસરા વખતે, મેળાવડાઓમાં, નાટકશાળાઓમાં અને એવા ખુશી ખુરરમી અને મોજ મજાહના પ્રસંગે અમો જાતજાતના રંગબેરંગી સુંદર ન્હાના મોટા ઝાડો ભાડેથી આપીએ છીએ જે માટે રૂબરૂ મલી ભાવ નક્કી કરવાની અરજ કરવામાં આવે છે.

બનામે પાક યઝદાં.

લુટારૂ મુબારક

યાને

અકબરના વખતનો ભેદી માણસ.

લખનાર:—મી૦ સોહરાબ શહેરિયાર ઈરાની
"મશરેક."

પ્રકરણ ૧ લું.

ખતરનાક વાત!

અલીમરદનખાં આગરા પોલીસનો વડો અફસર યાને કોતવાલ હતો. તે એક જંગી જવાન હતો, આગરામાં તે પ્રખ્યાત હતો, નગરના તમામ ગુંડા બદમાશો તેના નામથી થરથર કંપતા હતા!

એક દીવસે તે પોતાના મકાનમાં બેઠો હતો કે તેના ઘરની બાહરના બાગીચાના દરવાજા પાસે ઉભેલા સનત્રીને એક આદમીએ કહયું "બહુજ જરૂરી કામ છે, ખાંસાહેબને બંદાના સલામ પહોંચાડીને કહો કે મહારાજ બીરબલને ત્યાંથી એક સીપાહી આવેલો છે."

ખબર મલતાંજ ખાંસાહેબ પોતેજ નીચે ઉતરીને પેલા નોકર પાસે ગયો. પેલાએ નમીને સલામ કીધી, અને જેબમાંથી એક બંધ લીફાફો ખેંચીને કોતવાલને આપ્યો.

કોતવાલે તે લીફાફો ખોલીને વાંચયો અને કહ્યું "જાઓ, મહારાજા બહાદુર બીરબલ નામવરને મહારા સલામ કહીને કહેજે કે તાબેદાર હમણાજ તેમની હુઝુરમાં હાઝર થશે."

સીપાહી કોરનીશ બજાવીને ગયો, અને ખાંસાહેબે ચોકકસ અમલદારને બોલાવી મંગાવયો.

તે માણસ આવ્યો કે કોતવાલે હુકમ કીધો "જાઓ, હમણાજ જઇને અલીરઝા હુસેનને તુરત મ્હારી પાસે મોકલો."

અલીરઝા હુસેન પાદશાહી કોતવાલીમાં અલીમરદનખાંના હાથ નીચેની છુપી પોલીસમાં હતો, તે આવ્યો અને સલામ કરી બોલ્યો "શું મામલો છે, જનાબ ?"

અલીમરદનખાં કુમલાયલે ચેહેરે બોલ્યો "મામલો વલી બીજો તે શું હોય ? તેજ મામલો છે! ફરીથી તે ખુંખાર 'આતીશે ખામોશ'ની ચીઠ્ઠીવાલી વાત દરપેશ છે! તે બીજા ત્રીજા અમીરોની સાથે તો પોતાની રમત કરતો હતો, મગર હવે તો તે 'ખરડયા પગ ગાલીચા' સુધી લઇ ગયો છે! તેણે અમીરૂદઓલા ગયાસબેગ સાહેબના મકાનમાંબી તેવી બેઢબ રમત કીધી છે! તમહે સાંભલ્યું તો હશે કે કેટલાક મહીના થયા ગયાસબેગ સાહેબના ઘરમાં તેમના એક નાહના ભાઇની બે બેટીઓ આવીને રહેલી છે. તે છોકરીઓ નીહાયત હસીન છે, જેમના નામ છે-ગુલલાલા અને શકરલબ! મોટી ગુલલાલાની શાદી થઈ ગઇ છે, લેકીન શકરલબે તો હમણાજ જવાનીની મનઝીલમાં પગ મુકયો છે. તે ખુબસુરત સુંદરી શકરલબના બીછાનાની નીચે અને વઝીર ઉલમુલ્ક જનાબ ગ્યાસ સાહેબના પહેરેદારોથી ઘેરાયલા ઝનાનખાનાની અંદર તે ખતરનાક 'આતીશે ખામોશ'ની ચીઠ્ઠી મલી આવી છે!"

અલીરઝાએ આતુરતાથી સવાલ કીધો "ચીઠ્ઠીમાં શું લખ્યું છે વારૂ?"

"ચીઠ્ઠી મેં હજી નથી જોઈ" અલીમરદને કહ્યું "રાજા સાહેબ બીરબલે તે ચીઠ્ઠીની બાબતમાંજ સલાહ મશવરા કરવાને માટે મ્હને હમણાજ બોલાવ્યો છે."

"જનાબ! અગર વાકઇ એમ છે, તો તો બહુજ ખરાબ વાત છે!"

"એમાં શું શક છે?" અલીમરદન બોલ્યો "તે માટેજ તો મેં તમ્હને બોલાવ્યા છે. રાજા સાહેબે લખ્યું છે કે 'ગયાસબેગ સાહેબે તે ખતરનાક વાત હજી શાહનશાહ અકબરના કાનોપર નથી નાખી, તેવણે સીરફ મ્હારી (બીરબલ)પરજ ચીઠ્ઠીનો હાલ લખયો છે, અને જો શાહનશાહના કાનો સુધી આ વાત પહોંચી જશે તો પછી ઘણા ઉમરાવોને નાહક ઝલીલ થવું પડશે!'" અલીમરદને આગલ ચલાવ્યું "બીરબલ સાહેબ લખે છે કે ગયાસબેગે પંદર દીવસ સુધી જુસતેજુ ચલાવવા માટેની મહોલત આપી છે અને તેટલા વખતમાં જો કાંઇ થયું તો તેમ, નહીં તો પછી તેવણ તે વાત શાહનશાહને કહી દેશે! બીરબલ સાહેબે તે ધાસ્તી ભરી વાતપર વીચાર ચલાવવા માટે મ્હને બોલાવ્યો તો છે, મગર અલીરઝા હું તમ્હને રાજા સાહેબને ઘરે મ્હારી સાથે લઇ જવા માંગુ છું."

"હું તમ્હારો હુકમ માનીને તમ્હારી સાથે બીરબલ નામવરને ઘરે આવવા તઇયાર છું." અલીરઝા બોલ્યો.

"તો ચાલો."

સ્હાંજ થઈ ગઈ હતી, આગરા નગરી ચીરાગોથી જગમગી રહી હતી, તેવે વખતે ફીકરથી ભરેલા તે બે અમલદારો અલીમરદનખાં અને અલીરઝા હુસેન રાજા બીરબલના મેહલ જેવા આલીશાન મકાન આગલ પાંઉપયાદા આવી પહોંચ્યા.

ખાંસાહેબ અને અલીરઝાએ બીરબલ મહારાજના કમરામાં ઘુસતાજ અદબની સાથે ઝુકીને સલામ કીધી. મહારાજે તેમને બેસવાનો ઇશારો

ફરીને કહયું "ખાંસાહેબ, અલીરઝાનેબી સાથે લાવ્યા છો? એ તમ્હે બહુજ સારૂ કીધું. જુઓ આ વાર ફરીથી એક દુખદાયક બનાવ બન્યો છે."

અલીમરદને કહયું "તે તો જનાબઆલીના ખતથીજ માલુમ થઇ ચુકયું છે. લેકીન મામલાને હું હજુ સુધી સાફ તઓરપર સ્હમજી નથી શકયો! આગરાની કોતવાલીમાં કામ કરતા કરતા મેં આ શહેરના ઘણાં ખતરનાક મામલાઓ જોયા છે, પહેલા નંબરના પાજી, બદમાશ, લુચ્ચા, શોહદા, અને ખુનીઓ સાથે કામ પડયું છે—લેકીન આવો એક અજીબ મામલો આજ સુધી મેં એકબી નથી જોયો કે જાણ્યો!"

બીરબલે કહયું "મ્હનેબી એમજ લાગે છે કે તે માણસ બહુજ શક્તીવાલો છે! તેના પ્રાક્રમની તો હદજ થઇ ગઇ! કદાપી તે ઇન્સાન નહીં શયતાન હશે!! જો શયતાન નહીં હોય તો મુગલ સામરાજ્યના એક પ્રધાન સ્થંભ જેવા ગયાસબેગ સાહેબના સુરક્ષીત અંતપુરમા તે દાખલ થઇને પોતાની આતીશે ખામોશની ચીઠ્ઠી કેવી રીતે મુકી શકયો? બહુ મોટા આશ્ચર્યની વાત છે! મ્હને તો એમ લાગે છે કે.ખ્યાસ સાહેબના મકાનની કોઇ બાંદી યા ગુલામ સાથે તે શયતાનની મુલાકાત હશે! તેમ બન્યા વગર આવી રીતે ચીઠ્ઠી ઝનાનખાનામાં મુકીજ નહીં શકાય! તમ્હે તો તે ચીઠ્ઠી વાંચી નથી, લો જુઓ, આ રહી તે ચીઠ્ઠી."

ખાંસાહેબે તે ભેદી ચીઠ્ઠી વાંચી, જેની એક બાજુએ ખુણામાં "આતીશે ખામોશ" એવા શબ્દો લખીને નીચે મુજબ જણાવ્યું હતું:—

"અમીરૂદઓલા ગયાસબેગ સાહેબ!

બંદાની સલામ વાંચજો. આપ મ્હને દુશમન નહીં સ્હમજીને જો દોસ્ત સ્હમજશો તો હું બહુજ ખુશી થઈશ. આ મતલબી દુનીયાની અંદર સાચ્ચી દોસ્તીમાં જે લુત્ફ છે તે કેડે બીજે લાખ કોશીશો કરવા છતાંબી નહીં મલશે! આજકાલ આપ દેહલીના પાદશાહના એક ખાસ વઝીર છો,

જેથી મ્હારો વીચાર છે કે હું તમ્હારી સાથે એક ગાઢી સગાઇથી ગોઠવાઇ જાઉં! તમ્હારા ખાસ વતન ઈરાનના ગુલાબ બહુજ ખુશબુદાર અને દુન્યાભરમાં મશહુર છે. લેકીન મેં એવીબી વાત સાંભળી છે કે ઈરાનની બાનુઓની નઝાકત અને ખુબસુરતીબી જેવી તેવી નથી હોતી, તેબી લાજવાબ રહે છે!

"આપની પોતાની ખુબસુરત બેટી મીહરૂનનીસાની શાદી પાદશાહના બેટા સલીમ સાથ થનાર છે એવી વાત ઉડી રહી છે, તે તો ખયર! મગર હવે તમ્હારે ઘરના બીજા ગુલાબપર મ્હારી નેક નઝર દોડી છે. મ્હારો વીચાર છે કે ઇરાનથી આવેલી તમ્હારી ભત્રીજી શકરલબ સાથે નીકાહથી જોડાઇ જાઉં, અને શકરલબના શકર જેવા મીઠા હોઠોનો માલેક બનું.

"મ્હારી મઓજુદા હાલત આપના જેવી નહીં હોવા છતાં હું કાંઇ કમકોમ કે મામુલી હયસીયતનો આદમી નથી. બીજાનો માલ હઝમ કરનારા અને મગરૂરીની નશામાં સરકશી કરનારા અમીરોને મુનાસીબ સઝા આપવા માટેજ મ્હારી આ દુનીયામાં પયદાયશ થઈ છે! લોકો મ્હને લુટારૂ કહે છે, મગર મેં મામુલી લુટારૂઓ મીસાલ બુઢા યા ગરીબ આદમીઓનો માલ લુટયો નથી કે બેગુન્હા માણસોને મારી નાખ્યા નથી! મહારી પાસે એટલી બધી દઓલત છે કે આગરા અને દેહલીનાં કોઇબી ઉમરાવ પાસે એટલી દઓલત નથી એમ કહેવાની હું હીંમત કરૂં છું. હું તમહારી ભત્રીજી શકરલબના હુસ્નની તારીફ સાંભળીને તેનીપર દીલોજાનથી આશક થયો છું અને તેની સાથે બાકાયદા મુસલમાની મઝહબની મુતાબીક શાદી કરવા માંગું છું.

"અગર આપ આઇનદા ઝમાનાની તરફ ખ્યાલ રાખતા હોવ, અગર આપ મહારી તાકતથી વાકેફ થઇ ગયા હોવ તો આજથી બરોબર એક મહીના પછીને દીવસે શકરલબને આ શહેરના આખીરી હીસ્સામાં બનાવેલી "અનવર મસજીદ"ની પાસે અરધી રાતને શુમારે બેસાડી જજો.

હું પોતે તે જગાપર હાજર રહીશ, સવારી પહેલાથીજ મઓજુદ રહેશે. અને હું પોતે શકરલબને પરણુવા માટે લઈ જઇશ. આપ કોઈ રીતની શયતાની યા યકીનફરામોશી નહીં કરશો એવી આશા છે. જો યકીનફરામોશી કરશો તો તમહારાપર આફતના પહાડ તુટી પડશે! આપ ચાહે તેટલું લશકર લાવશો તોબી મહારી ફોજ તમહારા તમામ લશકરને અને તમહારી મહેનતને બરબાદ કરશે.

"'અનવર મસજીદ'ની બાહેરના બાગના સંગેમરમરવાલા ચબુતરાપર એક નહાની જેવી મખમલની ગાદી બીછાવેલી હશે, તેની પાસે એક જલતી મસાલ હશે, તે ગાદીપર તમે શકરલબને બેસાડીને ચાલી જજો. યાદ રાખજો કે આજથી એક મહીના પછીને દીવસે અરધી રાત્રે.—હું શાદી કરવા માગું છું, મારી ઇચ્છા નેક છે, છતાંબી જો તમે મારી સાથે દગો કરશો તો જેમ અમીર સફદરદઓલાનું ખુન કીધુ તેમ તમારૂં ખુનબી કરવામાં આવશે!

લી૰

પાક ખુદાપર ભરોસો કરવાવાલો,

"આતીશે ખામોશ"

ઉર્ફે

કમાલુદીન મુહમમદ મુબારક."

તે બંદી કાગઝંને પુરો કરીને અલીમરદનખાં ચુપ રહી ગયો! તેનું મોંહ મુરદા જેવું પીલુ પડી ગયું! તે મનમાં ને મનમાંજ કહેવા લાગ્યો "આ આદમીની સરકશી અને હીંમત કાંઈ જેવી તેવી નથી! એક મામુલી જેવા લુટારૂ, જે પોતાના જાનને બચાવવાને માટે જંગલોમાં છુપાઇને પડી રહે છે, શહેરમાં આવવાની હીંમતબી નથી કરી શકતો, રાત જેની દીવસ સમાન છે, ઘુવડ–ઉંદર–અને સાંપની તરેહ જે દીવસની વખતે પોતાના દરમાં છુપાઇ બેસે છે, તેની આટલી બધી તાકત? જે ગયાસબેગ શાહનશાહના

જમણા હાથ જેવા છે, જેની બેટી મીહરુન્નીસાની શાદી પાદશાહના બેટા સલીમ સાથે થનાર છે, તેવણુ સાથે આ લુટારૂ શયતાન કેવી હીંમતથી મઝાક કરવાપર આમદા થયો છે!! કેવી તઅજજુબની વાત છે! કેવી હીમાકત છે!"

મહારાજ બીરબલ અલીમરદનખાંની ચુપકીદીજોઇને બોલ્યા "જુઓ છો અલીમરદનખાં! કેવો ખરાબ મામલો છે? ગયાસબેગે બહુજ અક્કલમંદીનુ કામ કીધું કે તેવણે આ કાગઝ શાહનશાહપર નહીં મોકલ્યો! જોકે શાહનશાહે નગરની તમામ દેખરેખ મહને સુપુરદ કીધી છે છતાં તમો મારા જમણા હાથ છો. તમારી મદદથીજ આવા એક મોટા શહેરની જવાબદારી ઉઠાવી શકું છું. મગર મને હવે લાગે છે કે આ લુટારૂના કામોથી આપણને શરમાવું પડશે! હજી તો છ મહીનાબી નથી થયાં તે વાતને કે જયારે એ લુટારૂના હાથથી અમીર સફ્દરૂદઉલા પોતાના મકાનમાં સીપાહોના પોહોરા વચ્ચે મારયા ગયા! તે માટે શાહનશાહને જેમ તેમ સ્હમજાવ્યા, લેકીન હવે આ બનાવ તો મને તે કરતાંબી વધારે ભયાનક લાગે છે! પાદશાહ અકબર જેવા મોટા શાહનશાહના વખતમાં આ એક મામુલી લુટારૂ આવા આવા પ્રાક્રમો કરે તે બધાજ પ્રાક્રમો જો જાણે તો પાદશાહ બહુજ ગુસ્સે થઈ જાય! અને તે પાદશાહનો ગુસ્સો જેબી કરે તે થોડું! લાગવગથી હું કદાચ બચી જાઉં, તોબી તમારે માટે તો જાનનો જોખમજ છે!"

અલીમરદનખાંએ સ્થીર ભાવથી મહારાજ સાહેબની વાત સાંભળી. થોડે વારે તે બોલ્યો "જુઓ રાજા સાહેબ, એક તરકીબ મારી સ્હમજમાં આવી છે. મેં વીચારયું છે કે આગરાની એક ખુબસુરત નાચનારીને ખાસ સાહેબની ભત્રીજીનાં કપડાં દાગીના પહેરાવી તેને બરોબર સોલ આના શકરલબ જેવી બનાવીને તેને લુટારૂએ લખેલી જગ્યાપર બેસાડવી. અને તે વખતે આજુબાજુમાં હથીયારો લઇને આપણી એક ફોજ ઉભી રહે! લુટારૂ આવે કે તુરતજ તેને ઘેરી લેવો, તેના માણસો લડે તો આપણા માણસોએ લડીને તેમને મારવા યા કયદ પકડવા."

તે બાદ તે ત્રણે આદમીઓને તે બાબતપર બીજી કેટલીક વાતો થઈ, જે પછી રાત ઘણી નીકલી જવાથી કોતવાલ પોતાના સાથીને લઇને રાજા સાહેબને ઘરથી વીદાય થયો.

રસ્તામાં કોતવાલે અલીરઝાને કહ્યું "હું હમણા હુસેનઅલીને ઘર જવા માંગુ છું, માટે તમે સીધા કોતવાલીપર જાઓ. મારૂં કામ ખતમ થશે કે હું ત્યાંજ આવી લાગીશ."

અલીમરદનખાંનો વીચાર એવી રીતે બદલાઇ જવાનું એક કારણ હતું, તેના મનમાં કોઇ નવી તરકીબ પેદા થઇ હતી અને પોતાના સાથીના દુર થવા સીવાય તે તરકીબ અમલમાં મુકાય તેમ નહીં હોવાથી તેણે અલીરઝાને દુર કીધો હતો.

પ્રકરણ ૨ જું.

એક ભેદી માણસ!

તે વખતે રાત અરધીથીબી ઉપર નીકલી ગઇ હતી એટલે મકાનો વગયરાના દીવાઓનીબી ઝુબ્બેઇ ગયલા હોવાથી અંધારૂં ખુબ છવાઇ રહયું હતું! કોતવાલ મોટા વીચારમાં ચાલતો હતો, તેટલાં તેની પછવાડેથી કોઇએ પુકારયું "ખાંસાહેબ!"

અલીમરદનખાંએ પાછળ ફરીને પુછયું "તમે કોણ છો? મારેથી શું ચાહો છો?"

"અગર કોઈ ચાહ નહીં હતે તો પછી આવા ખઔફનાક અંધારામાં તકલીફ લઇને તમહારી પાસે આવતે શું કામ? શું આપ ડરી ગયા છો?"

અલીમરદનખાં 'હા–હા' કરીને હસતાં હસતાં બોલ્યો "ડર? અલીમરદનખાં 'ડર' શું ચીજ છે તે જાણતોજ નથી!"

પેલા માણસે કહયું "અગર તેમજ હોય તો કાંઈબી ફીકર કે અંદેશા વગર મારી પાછલ પાછલ ચાલો. હું તમારા દીલની જે ઉમીદ છે તે પુરી કરવા માંગું છું."

કાંઇક રૂબાબ રાખવા અને કામ થઇ જાય તેવા કાંઇક વીચારથી કોતવાલ પેલા માણસની પુઠે એક લોહચુંબક ખેંચે તેમ ખેંચાઇ ગયો! અલીમરદનખાં 'ડર'થી ડરતો નહીં હતો તે વાત ખરી, લેકીન વગર વીચારયે આવી રાતની વખતે તે પેલા અજનબી માણસની પુઠે કાંઇબી પુછયા પરછયા વગર ચાલ્યો એ તેના મનની તે વખતની એક ઘણીજ વીચીત્ર હાલત કહેવાય! તે બેશક ઝોરદાર હતો, અને તેના હાથમાં જો એક તેઝ તલવાર કે સારૂ જેવું ખંજર હોય તો તે વીસ આદમીઓને પુરો પડી શકે તેમ હતું! તે પોતાના ઝોરપર મુસતાક હતો, તે શહેરમાં રાત રાતના છુપો રહીને ઘણીવાર ફરવા નીકળી ગુન્હાગારોને પકડતો, એટલે તેને હમણા કાંઇબી ધાસ્તી હતી નહીં.

બેઉ પોતપોતાની ગતમાં લોટતા હતા! પેલો માણસ એમ માનતો હતો કે કોતવાલ તેની પાછલ પાછલ એમજ આવ્યા કરે તો તેનું કામ થઇ જાય! જ્યારે કોતવાલ પોતે મનમાં એમ ધારતો હતો કે આ કોઈ માણસથી કાંઇ નવું જાણવાનું મલે તો ઠીક થાય!

થોડુંક ચાલ્યા પછી કોતવાલે પુછયું "જનાબનું નામ શું છે?"

"નામ જાણવાની આ વખતે જરૂરત શી છે?"

"વારૂ મને આવી રીતે કેટલે દુર સુધી જવું પડશે?"

"હું તમને જ્યાં લઇ જવા માગુ છું ત્યાંની જગા આવી પહોંચે ત્યાં સુધી."

"ત્યાં સુધી જવામાં હજી કેટલીક વાર છે?"

"ઝીયાદા નહીં, ફકત અરધોઅેજ કલાક."

"ત્યારે હજી એક કોસ ચાલવાનું છે." કોતવાલ બોલ્યો "જો હું ઘોડાપર આવ્યો હતે તો ઠીક થતે. ખયર, ગુઝસ્તા વાતનો ખ્યાલ કરવો ફુઝુલ છે. એક વાત તમને પુછવા માંગુ છું જેનો ઠીક જવાબ આપશો?"

"આપીશ, કેમ નહીં!"

"તમે મને મુસલમાન માલુમ પડો છો."

"સીરફ મુસલમાનજ નહીં–પણ હું તમારી હમકોમનો એક મુગલ છું."

"તમે મારેથી શું માગો છો?" હવે કોતવાલે પુછયું.

"કાંઇબી નહીં, હું તો ઉલટો તમને મદદગાર થવા માંગુ છુ." પેલા માણસે કહયું.

"કઇ બાબતમાં?" કોતવાલે સવાલ કીધો.

"તમે મશહુર લુટારૂ મુબારકને પકડવાની ફીકરમાં છો તે બાબતમાં."

"હું લુટારૂની ફીકરમાં છું તે વાત તમે કેમ જાણી?"

"તમે તમારા સાથી સાથે એ બાબતમાં વાતચીત કરતા હતા જે વાતચીત મેં સાંભળી લીધી છે!"

"તમે અમારી પુઠે કેમ લાગ્યા હતા?"

"કામ પુરૂ કરવાને માટે! હું આ શહેરના મશહુર હાકમ મહારાજ બીરબલને ત્યાંબી ગયો હતો! મગર અંદર નહીં જઇ શકયો."

"કોણે તમને રોકયા?"

"મહારાજના મોટા પેહેરેદારે."

"કેમ? શા સબબ?"

"મેં એમ કહયું કે હું મહારાજને ઝુરૂરી કામસર મલવા માંગું છું તો પેહેરેદારે મને રોકીને કહયું કે 'મહારાજ તો આજે આ શેહેરના કોતવાલ સાથ રોકાયલા છે. તમે કાલે આવજો.' પેહેરેદારે એમ કહયું છતાં હું નાઉમીદ તો નહીં થયો."

"ત્યારે તમે શું કીધું?"

"મને તો તમારૂંજ અગત્યનું કામ હતું તેથી હું મહારાજ બીરબલના મકાનની બાહર કુતરાની માફક દુમ હીલવી હીલવીને ત્યાંજ ફરયા કીધો! તમે બાહર આવ્યા કે હું ખુશી થયો, લેકીન તમારી સાથે તમારા સાથીને પાછો ફરેલો જોઇ હું વીચારમાં પડી ગયો કે હવે તમને એકલાને તે વાત કેમ કરવી? અને તમને તમારા તે ફાયદાના કામ માટે લઈ તે કેમ જવા? આખીર તમેજ તેને દુર કીધો અને હું તમારી આગલ આવ્યો."

કોતવાલ તે વખતે ઉભો રહી ગયો!-તે સોચમાં પડી ગયો!—તેણે પોતાનું ખંજર અને તલવાર તપાસી જોયાં!-અને તે પછી તે આગલ વધ્યા વગરજ બોલ્યો "તમે શું કહેવા માંગો છો તે મને યહાંજ કહી દો."

"કેમ? કોતવાલ સાહેબ! ડર ખાઇ ગયા કે?" પેલાએ કાંઇક ચેષ્ટા કરતી ઢબે કહયું!

કોતવાલે જોયું કે કાચ્ચું કપાયું! છતાં તે બોલ્યો "નહીં, તેમ નહીં, મગર મને પાઉંપાયદા દુરદરાઝ ચાલવાની આદત નથી માટે કહું છું કે જે કહેવું હોય તે મને વધારે ચલાવ્યા વગર યહાંજ કહી દો."

"જનાબેમન!" પેલા માણુસે કહયું "આપ જેવી રીતે સાફ દીલથી વાત કરો છો તેવીજ રીતે હુંબી સાફ દીલથી બોલું છું, મારા માલેક તમ્હને મુબારક લુટારૂને માટે કાંઇ ઝુરૂરી કહેવા માગે છે અને તમારૂં તેમાં બહુ

ભલું થશે, તેવણુનાજ હુકમથી હું મહારાજને મળવા ગયો હતો, મગર મહારાજ તો કાલે મળનાર છે તો તમે જ્યારે આજે આવવા તઈયાર છો તો તમને લઇ જવા ખુશી થયો! મારૂં એમાં કાંઇ ચલણુ નથી, હું તમને કાંઇ કહેવા માગતો નથી, પણુ મારા શેઠ તમારી સાથે વાત કરશે. પાછા ફરશો ત્યારે તહમને ચલાવીશ નહીં કેમ જે મારા શેઠ પાસે તેજ ઘોડાનો એક એક્કો છે જેમાં બેસી આવજો.”

તે વાત સાંભળીને કોતવાલ અલીમરદનખાંના જીવ કાંઇક ઠેકાણે આવ્યો! કોણુ જાણે કેમ પેલા માણુસની વાત તેના ધ્યાનમાં બેસી ગઇ! તે પાછો તેની પાછળ પાછળ વગર સંકોચે ચાલવા લાગ્યો!

માણુસ ગમે તેટલું હુશીયાર હોય છતાં તેના નસીબમાં જે બનવાનું હોય તે બનવા માટે તેની હુશીયારી ઘણીવાર મંદ પડી જાય છે!! ભલા ભલા લુચ્ચા બદમાશોને ઝેર કરનાર એક કુનેહવાલો કોતવાલ નસીબના તે ચક્કરને તાબે થઇને ગોયા એક કમઅક્કલ માણુસની માફક આંધળો બનીને પેલા વીચીત્ર માણુસની પાછલ પાછલ તે ભયાનક અરધી રાત્રે ફરીથી ચુપચાપ ચાલ્યા ગયો!

પ્રકરણ ૩ જું.

વીચીત્ર મકાન!

અત્યાર સુધી તેઓ જમના નદીના કીનારા તરફના ભાગપરજ ચાલતા હતા, મગર હવે તે માણસ એક ગલીમાં ફર્યો! ગલીમાં માળવાલા ઘરો ઘણાજ કમ હતા અને જે ગીચ ઘરો હતા તે લગભગ સઘળા નીચા અને માતીના બનાવેલા હતા અને ઝુપડાં હતાં! રાત નીકલી જતી હતી, બધા લોકો સુતેલા માલુમ પડતા હતા અને રસ્તાપર કોઇબી એક આદમી દેખાતું નહીં હતું! ચાલતાં ચાલતાં હજી વધારે જઇને પછી કાચ્ચા એક મકાન આગલ આવી પહોંચતાં તે માણસ ઉભો રહી ગયો અને તેણે દરવાઝાપર લટકતી રસ્સીનો છેડો ખેંચ્યો, લેકીન દરવાઝો નહીં ખુલ્યો!

તે મકાનની હાલત જોઇને ખાંસાહેબના મનમાં શકની છાયાં દેખાવા લાગી! તેણે કહયું "શું તમ્હે જેના નોકર છો તે આ ઝુંપડીમાં રહે છે?"

ખાંસાહેબની તે ગહરી દીલલગીની મતલબ સ્હમજીને તે આદમીએ કહયું "જી નહીં, એતો તેમના મકાનનો ચોર દરવાઝો છે. આપને બાહ-રથી એ એવું જણાય છે. પણ અંદર જોશો તો બહુ મોટું આલીશાન મકાન છે! મહને પુરેપુરૂં યકીન છે કે આ મકાનની અંદરની સજાવટ વગયરા જોઇને આપના મનમાં જે હીકારત હમણાં પયદા થઇ છે તે દુર થઈ જશે! મહારા માલીક કાંઇ જેવા તેવા માણસ નથી, તમ્હે તેવણને કોઇ "અયરા ગયરા નથ્થુ ખયરા"ના સ્હમજતા! મુબારક ડાકુનીજ ધાસ્તીથી તેવણ આ અંધારા મોહલ્લામાં આવી રીતે છુપાઇને રહે છે."

ફરીથી રસ્સી ખેંચાયા પછીજ દરવાઝાના ભીતરમાંથી રોશનીની ચમક દેખાવા લાગી. ખાંસાહેબના સાથીએ દરવાઝાની વચમાના એક નહાના

છેદમાંથી ઝાંકીને જોયું અને બહુ જોરથી બોલ્યો "સુબહાન અલ્લાહ! આખીર તશરીફ લાવ્યા છો તો ખરા!"

તેજ વખતે દરવાજો ખુલી ગયો. હાથમાં રોશની લઇને જે આદમી દરવાજો ખોલવા આવ્યો હતો તેણે પુછ્યું "આ નવો કોણ માણસ તમહારી સાથે છે?"

ખાંસાહેબના સાથીએ કહ્યું "એ આપણા માલીકથી મુલાકાત કરવા આવ્યા છે! હું એમનેજ બોલાવવા માટે ત્રીજે પહોરે શહેરની તરફ ગયો હતો."

જે ખઓફનાક ચેહેરાવાલા આદમીએ દરવાજો ખોલ્યો હતો તેણે કહ્યું "ગરીબપરવર હમણાં સુધી તમહારે લીધે જાગતા બેઠા છે! લેકીન યાર, આ આદમી અજનબી છે તો એને એકદમ ઉપર કેમ લઇ જાઉં? હું જરા પહેલાં હુઝુરે આલીને પુછી આવું."

તે સાંભળીને ખાંસાહેબના સાથીએ જરા રૂબાબદાર સ્વરથી કહ્યું "નહીં, આ વખતે તેમને ઝીયાદા તંગ કરવાનું કામ નથી! હુંજ એ વાતનો ઇન્તેઝામ કરી લઈશ."

એમ બોલી તેણે ખાંસાહેબ તરફ ફરીને કહ્યું "ગુસ્તાખી માફ કરજો, હું તો મ્હારા શેઠનો ફરમાબરદાર છું, હુકમી બન્દો છું. તેવણનો એવો હુકમ છે કે અગર કોઇ અજનબીને ઉપર લઇ જવાની જુરૂરત પડે તો તેની આંખોપર પટ્ટી બાંધીને લઈ જવું!"

તે વાતથી ખાંસાહેબ સહેજબી ડરયો નહીં! તેને ફકત એટલુંજ કહ્યું "હું જોઈ રહયો છું કે તમ્હે ખુબ લાંબા તગડા અને બાહાદુર શખ્સ છો, અને બાહાદુર જવાંમરદ શખ્સ કદી જુઠું બોલતા નથી; જુઓ, કોઇ દગો નહીં કરતા!"

"તોબા કરો! મ્હને એવો કમીનો ન ખ્યાલ કરતા! જ્યાં સુધી આપ અમો લોકો સાથે દોસ્તીની વર્તણુંક ચલાવશો ત્યાં સુધી આપનો

એક બાલબી વાંકો નહીં થશે! લેકીન, અગર આપ દુશ્મનની તરેહ કામ કરશો તો અમનેબી લાચારીએ દુશ્મની અખત્યાર કરવી પડશે! અગર આપને મ્હારી વાતોનું યકીન ન હોય તો હમણાંજ યહાંથી ચાલી જાઓ, બસ છુટી થઈ ગઇ!"

ખાંસાહેબ વીચારવા લાગ્યો "જ્યારે આટલી બધી તકલીફ ઉઠાવી યહાં સુધી આવ્યો ત્યારે તો જરા જોઇ લઉં કે શું રંગ છે? અગર યહાંબી જો પેલા ડાકુ મુબારકનો પત્તો મહને મલી જાય તો પછી તે બીનાથી મહને તો ફાયદોજ થશે, અને એમાં નુકસાન નથી! અગર ડાકુનો પત્તો થોડીક મુશકીલી સ્હેવ્યાથી મલી શકે તોબી ઠીકજ થશે. કેમજે મહારાજા સાહેબની શાબાશી મેલવીશ! મગર, આ માણસના રંગ ઢંગ તો બહુ અજીબો ગરીબ માલુમ પડે છે!"

એમ બધું સોચી સ્હમજીને ખાંસાહેબે કહયું "ઠીક, મહારા આ સાફાથી મહારી આંખોપર પટ્ટી બાંધી દો! ઝીયાદા ન સતાવો, હું બહુ થાકી ગયો છું, મહને પ્યાસ લાગી રહી છે!"

એમ બોલીને ખાંસાહેબે પોતાના લીલા રંગનો સાફો માથાપરથી ઉતારી પેલાના હાથમાં આપી દીધો, જે લઇને તે આદમીએ કોતવાલની આંખોપર પટ્ટી બાંધી દીધી! તે વખતે પેલો બીજો આદમી રોશની આપી ચાલી ગયો.

તે પછી કોતવાલનો હાથ પકડીને તેના સાથીએ કહયું "ખાંસાહેબ! તમ્હેબી મ્હારો હાથ પકડી લો, આપણે પહેલાં તો એક તહેખાનાની અંદર જઇશું."

ભોંયરાની અંદર ઉતરવાની વાત સાંભળીને કોતવાલ જરા અચકયો! મગર નહીં, તે આગળ ચાલ્યો. થોડે વારે કોતવાલે પેલાનો ડાબો હાથ જે પોતે પકડયો હતો તે છોડી દેતાં કહયું "મહને તમ્હારો જમણો હાથ પકડવા દો, કેમજે મહને ચાલવામાં તકલીફ થાય છે!"

તે સાંભળીને પેલા માણસે તાણા ભરયા સ્વરમાં કહ્યું "અજી ખાંસાહેબ! એટલો વહેમ? અગર હું તમ્હારી સાથે દગો કરવા માંગતે તો તમ્હે આ ઘર આગળ આવ્યા તેજ વખતે નહીં કરતે? આપ જવાંમરદ થઇને એટલા ડરો છો?"

ખાંસાહેબે સોચ્યું હતું કે તે આદમીનો જમણો હાથ પોતે પકડી રાખશે તો તે કોઇ તરેહ હથીયાર ન ચલાવી શકશે, પણ પછી પોતાના તાણાથી તે વધુ કાંઇબી નહીં બોલ્યો.

ખાંસાહેબ પોતાના સાથી સાથે સાંકડી સીડીઓ ઉતરી જતો હતો, તેની આંખોપર પરદો હતો એટલે તેને એમ લાગતું હતું કે અંધારામાંથી પસાર થતો હતો, મગર ખરેખર તેમ નહીં હતું, કેમજે સીડીઓની બેઉ તરફ ઘણા દીવાઓ લાગેલા હતા!

પાંચ મીનીટ પછી તેવી રીતે સીડીઓ ઉતરવા પછી ખાંસાહેબને એમ લાગ્યું કે જાણે કોઇ લાંબા પોહલા મેદાનમાં તે પહોંચ્યો છે! ચહારો તરફથી ગુલાબની ખુશબુ આવી રહી હતી! ખાંસાહેબ અજાયબી પામ્યો કેમજે બાહરથી બહુ ગંદીલા મોહલ્લામાંનું તે ઝુપડાં જેવું મકાન હતું અને અંદર તો અતી સુંદર મોટો કીમતી બગીચો હોય તેવી ઠંડક અને ખુશબુ ફેલાયલી હતી!!

કોતવાલ મોટી અજાયબીમાં પડી ગયો! થોડે વારે તેના સાથીએ કહ્યું "જનાબઅલી! હવે તમ્હને ઝીયાદા તકલીફ નહીં આપવામાં આવશે-લો, આપની આંખોનો પરદો હટાવી દઉં છું."

આંખનો પરદો દુર થતાંજ ખાંસાહેબે જોયું તો અસંખ્ય હાંડી ઝુમ્મરમાં બળતી બતીઓથી એક મોટો ઓરડો ચલકતા ઝકઝકીત ઉજાળામાં દીપી નીકળ્યો હતો, જે આલીશાન ઓરડો જાત જાતની કીંમતી ચીઝોથી શણગારેલો હતો! ત્યાંની ભપકાદાર સજાવટ જોઇને કોતવાલને એમ લાગ્યું કે આગરાના કોઇ મોટા ઉમરાવના બેઠકખાનામાં પોતે આવી પહોંચ્યો છે!!

પ્રકરણ ૪ થું.

કોતવાલ ફસી ગયો!!

ખાંસાહેબે પેલા માણસને આગ્રહથી પુછયું "શું તમ્હારો શેઠ આ મકાનમાં રહે છે?"

પેલાએ જવાબ આપ્યો "જી હા, હુઝુર! તેમનું દઓલતખાનું એજ છે. આપ જરા બેસીને ઠાક ઉતારો, હું જઇને તેમને તમ્હારા આવ્યાની ખબર આપું છું."

તે આલીશાન કમરામાં મખમલથી મઢેલી કેટલી આરામ કુરસીઓ હતી જેમાંની એકમાં ખાંસાહેબને બેસાડીને તે આદમી પોતાના શેઠને કહેવા માટે ગયો. ખાંસાહેબ અજાયબી સાથે તે સુસજજીત દાલાનની સજાવટને જોવા લાગ્યો!

તે વખતે તેના મનમાં ફીકર ઉભી થઇ! હું હમણાં સુધી બહુ મોટી ગફલતીમાં હતો: મ્હને તો એવો ખ્યાલ હતો કે આગ્રાની રાઈ–રતી હાલત મહને ખબર છે, અને હું એવી ગુરૂરીમાં હતો કે મહારી માફક આગરાની જાણકારી કોઇનેજ નહીં હશે, મગર હવે હું જોઇ શકું છું કે મહારો એ ખ્યાલ બીલકુલ ગલત છે! આ વીચીત્ર મકાનની મહને ખબરજ ક્યાં હતી? આ આલીશાન મકાનનો માલેક કોણ હશે? આ મકાનબી પેલા મશહુર ડાકુ મુબારકનો અડડો તો નથી? મેં સાંભળ્યું છે કે તે ઘણી ઘણી શકલો અને અજીબો ગરીબ ઢંગોથી પોતાના ખેલ દેખાડયા કરે છે! આ આગરા શહેરમાં આ શહેર બાહેરની જગ્યાપર મુબારકના આઠ નવ પોશીદા મગર ઠાઠવાલા મકાનો છે એમ મેં સાંભળ્યું છે, તે ત્યારે શું ખરી વાત હશે? મુબારકના અડ્ડાની વાત સાંભળી હતી, પણ મહને તેમાંનો એકબી કોઇ

બતાવી તો નહીંજ શકયો!! મુમકીન છે કે આ મકાનબી ડાકુ મુબારકના અડ્ડાઓમાંનો એક અડડો હોય! તો શું ત્યારે યહાં આવવામાં મેં સરાસર બેવકુફી નથી કીધી? હવેજ મહને ધ્યાંન આવી શકે છે કે જે આદમીના પત્તા ઠેકાણાની ખબર નહીં તો નહીં, પણ જેના નામનીબી ખબર નહીં તેવા આદમીની વાતોપર યકીન લાવીને આવી ખતરનાક જગ્યાપર આવવાથી મેં બેવકુફી સીવા બીજું કાંઇજ કીધું નથી! મેં ઘણી મોટી બેવકુફી કીધી છે! અગર જો મહારો વીચાર ખરો હોય અને વાકઇ આ ડાકુ મુબારકનોજ અડડો હોય તો મ્હારે એમજ સ્હમજવું જોઇએ કે મેં મ્હારી ઝીંદગીમાં આ સઉથી મોટામાં મોટી બેવકુફી વાપરીને મહને પોતાને હાથે કરીને ફસાવી દીધો છે! લેકીન, હવે, આવી ફીકર કરવામાં ફાયદો શો? કોઇ તરેહ યહાંથી નીકળી ભાગવું તો હવે ગયરમુમકીન છે, કેમજે આ તહેખાનાની બાહર જવાનો મહને રસ્તો માલમ નથી! એવા મઔકાપર હવે શું કરવું જોઇએ?"

તેવો સોચ કરીને પછી ખાંસાહેબે વળી પાછો પોતાનો વીચાર બદલી નાંખ્યો "નહીં, નહીં, એવી રીતે વહેમ કરવામાં દાનાઇ નથી. અગર જો આ મકાન મુબારક ડાકુનોજ અડડો હતે તો આ લોક જે મહને યહાં સુધી લાવ્યા તેઓ મહને અધવચેજ મારી નાંખતે! મહને તો એમ લાગે છે કે કોઇ ખાસ વાતને માટેજ મહને યહાં સુધી બોલાવવામાં આવ્યો છે, અને તે વાત શું છે તે જાણ્યા વગર હું આ જગ્યાપરથી એક કદમબી નહીં હટીશ, બીજી જગ્યાપર કદમ ન મુકીશ! શું હું કોઈ ડરપોક આદમી છું? સલતનતના તમામ આદમી તો મહારા નામથી ખઔફ ખાએ છે! તેથી હવે મહારે ખતરો રાખવો યા ખઔફ ખાવો ન જોઇએ! પાક ખુદાપર ભરોસો તેબી તો કોઈ ચીઝ છે." ખાંસાહેબ આવી રીતે હેરફેર વીચારો કરતો હતો તેટલાં તેની આગળ બુરકાવાલી એક સુંદરી આવી!

તે બુરકાવાલી સુંદરી અલીમરદનખાંના કાનો આગળ આવીને ધીમેથી બોલી "તમ્હે કોણ છો? આ ખતરનાક જગ્યામાં કેમ આવી લાગ્યા છો?

જો બની શકે તો જલ્દી યહાંથી નહાસી જઇ તમહારી જાન બચાવો! એ લોક તમ્હને જાનથી મારી નાંખશે."

અલીમરદનખાં બેઠો હતો, તે આ વાત સાંભળીને ચોંકીને ઉઠી ઉભો થયો. તે નીંદમાંથી ઉઠયો હોય તેમ તેને એક આળસ ખાધી, અને પછી ફીકરમંદ ચહેરે પેલી સુંદરીને પુછવા લાગ્યો "તમ્હે કોણ છો?"

તેના તે સવાલનો જવાબ મળી શકયો નહીં, કેમજે તે સુંદરી તો ચાલી ગઇ! ખાંસાહેબને આ ભેદી સુંદરીના બોલવાથી આ મકાન માટે પાછો વહેમ બેસી ગયો! તે પોતાના મનમાં ફરીથી ફીકર કરવા લાગ્યો "જોવું છું કે આ લોકોની બધી વાતો અજીબ હયરતઅંગેઝ છે! હવે સ્હમજમાં આવી શકે છે કે અલીરઝાને રૂખસ્ત કરીને મહારૂ યહાં એકલું આવવાનું જે થયું તે કોઇ રીતે સારૂં તો નથીજ થયું!"

તેજ વખતે પેલો માણસ જે ખાંસાહેબને યહાં સુધી લાવ્યો હતો તે આવીને બોલ્યો "આવો સાહેબ, મહારા માલેકે તમ્હને સલામ કહેવડાવી છે અને મળવાની ખવાહીશ ઝાહેર કીધી છે."

અલીમરદનખાં ચાવી આપેલા પુતલાની માફક તે માણસની પાછળ પાછળ ચાલ્યો! તેજ દાલાનના ઉપરવાલા ભાગમાં એક સુસજ્જીત કમરો હતો જ્યાં પેલો ખાંસાહેબને લઇ ગયો. તે કમરામાં દાખલ થતાંજ ઘણી મોટી ઉમર ધરાવતો હોય તેવો એક બુઢો બેઠેલો હતો, જે ખાંસાહેબને સલામ કરીને તેને એક સોફાપર બેસાડતો મુસકુરાતો બોલ્યો "મીઝાજ શરીફ, જનાબઆલી? તમહને બહુ વખત સુધી ઇન્તેઝારીમાં રહેવું પડયું તેનો મને સખ્ત અફસોસ છે! હું હમણાં સુધી આખીરી વખતની નમાઝ પઢતો હતો. મહને એંસી વરસ છે, નહીં માલુમ કયારે મઓત આવીને ગલું દબાવી દે તેથી દીવસમાં ત્રણ વખત પાક ખુદાની ઇબાદત કરયા કરૂં છું, દેર થઈ જવાનો એજ સબબ હતો! ઉમીદ છે કે આપ મહને તે માટે માફ કરશો."

અલીમરદનખાં તે એંસી વરસના વૃધની વાતોને સ્હમજી ગયો અને તે તેને ગ્રહસ્થ સ્હમજ્યો! તે બહુ મોટા માનથી બોલ્યો "ખુદા હાફીઝ! આ દીન દુનીયાને જેણે પયદા કીધા છે તે આપનું ભલું કરે! ખયર, હુઝુરથી મહને એક આરઝુ છે! તે એ કે હું યહાં ઝીયાદા દેર થોભી નથી શકતો. આપનો જે માણુસ મહારાજા બીરબલથી મુલાકાત કરવા ગયો હતો તે બદ કીસમતીથી તેમની સાથે મુલાકાત નહીં કરી શક્યો! તેથીજ તે મહને યહાં લાવ્યો છે!"

વૃધ બોલ્યો "વાકઇ એ વાત ઠીક છે. આપનું ઇસ્મે શરીફ?"

"આ ગરીબને અલીમરદનખાંના નામથી ઓળખવામાં આવે છે." ખાંસાહેબે કહ્યું.

તે બુઢો તે સાંભળીને ખુશી થતો બોલ્યો "અલીમરદનખાં તે આપ પોતે છો કે? આપજ આ આગરા શહેરના ખાસ શહેર કોતવાલ છો કે? મેં આપને બચપણમાં જોયા હતા. આપ તો નેકનામ અલી ગઉહરખાંના ફરઝંદ છો ને? અગર જો એ વાત ખરી હોય તો આપ તો બીલકુલ મહારા પોતાના કુટુંબના હોવ તેવાજ છો, કેમકે અલી ગઉહરખાંની સાથે મહારી બહુ મોટી દોસ્તી હતી."

થોડી થાક ખાઇને પાછો તે બુઢો બોલ્યો "હું કોઇ કોઇ વખત સોચ્યા કરૂં છું કે અગર આપના પીદર મઓજુદ હતે તો મહારી એવી બદતર હાલત નહીં થતે! ખયર, હવે મહને ઉમીદ છે કે આપ મહારીપર ઈનાયતફરમાં થયા છો તો મહારાજ બીરબલથી મુલાકાત કરવાનો નતીજો હું ઘર બેઠા હાસીલ કરીશ. જે વાતોની અર્ઝ કરવા માટે મેં મહારા વફાદાર નોકરને બીરબલ બાહાદુરની ખીદમતમાં મોકલ્યો હતો તે વાતો હવે તમહને કહી દઈશ તો હું ધારૂં છું કે મહારી મતલબ બર આવશે."

અલીમરદનખાં તે બુઢાની આવી વાતથી બહુજ ખુશી થઇ ગયો! થોડો વખત પહેલાં ખાંસાહેબ મનમાં વહેમ લઇ ગયો હતો કે કોઈ

દુશ્મનનાં ફંદામાં પોતે આવી ફસ્યો છે, મગર હવે તે વહેમ પુરેપુરો દુર થઈ ગયો. અલીમરદનખાંએ બેખટકે વીચાર્યું "જ્યારે એ બુઢો પોતાને મ્હારા મરહુમ વાલીદનો દોસ્ત બતાવે છે ત્યારે તો એના મકાનમાં કોઈ તરેહનો ખત્રો નથી."

ખુશી ભરેલા ચહેરાથી ખાંસાહેબે પુછ્યું "આ બંદો શું જનાબના ઇસ્મે શરીફને પુછવાની ગુસ્તાખી કરી શકે છે?"

બુઢો હસ્તે ચહેરે બોલ્યો "એમાં ગુસ્તાખીની શી વાત છે, સાહેબ? મ્હારૂં નામ પીરમરદનખાં છે. હું પહેલાં પાદશાહ હુમાયુનો ખઝાનચી થયો હતો, જે ઝમાનામાં તમ્હારા અબ્બાજાન પાદશાહના સીપાહસાલારનું કામ કરતા હતા. હુમાયુની ખવારીની સાથેસાથ મ્હારીબી બદકીસમતી શુરૂ થઇ. તે બાદ અરસા પછી હુમાયુની ગાદીના માલેક અકબરશાહ થયા, અને તેમની સામે જઇને સાચ્ચે સાચ્ચો અહેવાલ બ્યાન કરી દેવાથી મ્હને પાછી નોકરી મલી શકી. મગર તે વખતે એવા કેટલાક બનાવો બન્યા કે જેથી શાહી દરબારના કેટલાક અમીરો મહારા દુશ્મન બની બેઠા, અને મેં શાહી નોકરી છોડી દીધી! તે નોકરીને છોડવાને ઘણા દીવસો નહીં વીત્યા હતા કે એક નવી બદકીસમતીએ મહને ઝહકડયો, યાને ખુંખાર બેરહમ ડાકુ મુબારકે મહારા ઘરપર લુટ ચલાવી! મહારે એક છોકરો અને બે છોકરી હતી. ડાકુ મુબારક માલ અસબાબની સાથે મહારી તે બન્ને છોકરીઓનેબી ચોરીથી ઉડાવી ગયો! બહુ કોશીશો કીધા પછી મેં જેમ તેમ મહારી ન્હાની બેટીને તેની ચુંગાલમાંથી છોડવી! તે પછી ડાકુ મુબારકના ઝુલમોથી પરેશાન થઇને હું શહેર છોડીને આ ગંદીલા મોહલ્લામાં એક તહેખાનાની ભીત્તર આ જગાપર ઉંદરની તરેહ છુપાઇને ઝીંદગી પસાર કરૂં છું."

તેજ વખતે અલીમરદનખાંએ કહ્યું "હું આપની આવી પુરરહમ બોલચાલથી નીહાયત ખુશ થયો છું, અને હંમીશાં હું આપનો ઘણો અહેસાનમંદ રહીશ. મગર, જનાબઆલી, એક વાતે મહારા દીલમાં

અજબ ખલબલાટ પેદા કીધો છે. જેનો ભેદ પામવાથી હું વધુ ખુશી થઇશ."

હસીને બુઢ્ઢો બોલ્યો "કહો, આપ શું જાણવા માંગો છો? બોલો.'

અલીમરદનખાંએ કહ્યું "જે વખતે હું બીજા દાલાનમાં આપના હુકુમની ઈન્તેઝારીમાં બેઠો હતો ત્યારે એક નવજવાન સુંદરીએ આવીને 'ખબરદાર! ભાગો! શું યહાં મરવા આવ્યા છો?'—એમ કહ્યું તો શું તે સુંદરી તમહારીજ બેટી છે?"

તે સાંભળીને બુઢાએ એક લાંબો નીસાસો ખેંચીને કહ્યું "હાયરે કીસમત! શું તમહેબી તેને જોઈ લીધી! તેજ બદકીસમત મહારી ન્હાની બેટી છે જેને મેં બેરહમ ડાકુ મુબારકના હાથમાંથી છોડવી હતી, મગર કીસમતના ફેરમાં પડીને તે દીવાની થઇ ગઈ છે અને મુબારકના અડ્ડામાંથી કેટલીક વીચીત્ર વાતો શીખી આવી છે! આ મકાનમાં કોઇબી એક નવા આદમીને તે જોય છે કે તુરતજ તેને તે એવીજ રીતે ઘેલી દીવાની વાતોથી ગભરાવે છે અને યહાં તો જાનનો જોખમ છે એમ કહીને તે આદમીને નહાસી જવાની શીખામણ આપે છે! તે દીવાની છોકરીને એ ઘેલાપણું એટલે સુધી લાગુ પડયું છે કે બાઝ બાઝ મઓકાપર તો તે મહને અને મહારા નોકરોનેબી એમજ કહે છે!! ખુંખાર ડાકુ મુબારકના અડ્ડાપર મહને લાગે છે એ છોકરી લોકોને એવું એવું કહીને ખબરદાર કરતી હતી. જેમ હંમેશા બોલતી રહેવાથી તેના ભેજામાં એક જાતનો એવો એક ધકારોજ બેસી ગયો છે! અય રહુમદીલ પાક ખુદા! આ બદનસીબની આવી બદતર હાલત શા માટે થઇ? આવી એક દીવાની બેટી ધરાવવી એ તો મઓતની તકલીફોથીબી ઝીયાદા દરદનાક છે!"

અલીમરદનખાં બુઢાની તે વાતને સાંભળીને તેની તરફ દીલસોઝી ધરાવતો બોલ્યો "કાંઇ નહીં, દીલગીર ન થાઓ! હવે હું તમ્હારી બધી વાતોને સ્હમજી ગયો છું. હવે તમ્હે તમ્હારી અસલી મતલબ મહને યહાં બોલાવવાની શું છે તે કહી દો કે મ્હને સ્હમજ પડે! મહને જલદીથી

મ્હારે ઘરે જવું છે કેમજે સહવારના પોહરમાંજ મહને મ્હારા હાથ નીચેના અમલદારને એક ઝુરૂરી કામ સોંપવાનું છે. તે કામ ઝુરૂરી હોવાને સબબેજ હું આપ પાસે યહાં ઘણો વખત થોભી શકતો નથી."

"જેવો હુકમ" પેલો બુઢો બોલ્યો "તે વાત હું તમહને હવે કહી દઇશ. મગર યાદ રાખજો કે તે વાત કાંઇ જેવી તેવી નથી, બહુ પોશીદા છે! સાંભળો, ડાકુ મુબારક મ્હારો બહુ પુરાણો અને મોટો દુશ્મન છે. જેથી હું એવું ચાહું છું કે જેમ બને તેમ જલદીથી તેની બધી બાજીઓ ઉંધી વલી જાય તો સારૂં! મગર, મુબારકની બાજી તો ઉંધી વાલવા માટે મ્હારામાં એટલી બધી તાકત નથી. મેં એવું સાંભળ્યું છે કે તમહે લોકો તેને પકડવાને માટે તમહારા જીવ જાનોથી કોશીશ કરી રહયા છો, લેકીન આપ લોકોબી હજી સુધી તેને પકડી શકયા નથી! સબબ એ છે કે તે બદમાશનો અડ્ડો હરકોઇને માલમ નથી, અને જેને માલમ હોય તે જો તેને ફસાવવાબી માગે છતાંબી તે ફસ્તો નથી કેમ જે તે એકજ અડ્ડામાં કાયમ પડી રહેતો નથી, વારંવાર યહાંથી ત્યાં ફરતો ફરે છે! લેકીન આજકાલ એવું માલુમ થયું છે કે તે કમબખ્ત બહુ બીમાર હોવાથી જુદે જુદે ઠેકાણે જઇ ભરાઇ શકતો નથી! જે અડ્ડામાં તે હાલ બીમાર પડેલો છે તે અડ્ડો મ્હારા એક વફાદાર નોકરે મહને બતાવ્યો છે જે નોકર મ્હારા કહેવાથી તેની નોકરીમાં રહયો હતો!! તેજ નોકરથી મેં તે શયતાનની તમામ પોશીદા વાતો માલુમ કરી લીધી છે. જો તમે મ્હારી સલાહ મુજબજ ચાલશો તો તમહને ઝુરૂર તમહારા કામમાં કામયાબી મળશે. આવા મઓકાપર તમહે તેને પકડી લેશો તો તમહને નામદાર શાહનશાહ તરફથી બહુ ઇઝ્ઝત મળશે, ખીલઅત હાસીલ કરી શકશો."

અલીમરદનખાંએ કહયું "જનાબમન! બેમાંગી મદદ જે આપ મ્હને આપી રહયા છો તે માટે હું આપનો ઘણો અહેસાનમંદ છું. આ શયતાને આજકાલ અમો લોકપર બહુ ભારી આફતના પાહાડ તોડી પાડયા છે! પાદશાહના જે અવવલ દરજ્જાના વઝીર છે, જેવણના નામથી ગોયા

આખું હીંદુસ્તાન ધરૂજી ઉઠે છે તેજ અમીરૂદઓલા ગ્યાસ બેગને ડરાવવા માટે તેણે 'આતીશે ખામોશ'ની ચીઠ્ઠી મોકલી છે!! ગયાસ બેગ સાહેબને બે ખુબસુરત ભત્રીજીઓ છે અને મુબારક શયતાન તેમાંનીજ એકને માંગી રહ્યો છે!! જુઓ, આ બલાની જુરરતપર તો ગઓર કરો! કેટલી બધી મોટી ગુસ્તાખી કરવામાં આવી છે? હું હર તરેહ આપની મદદમાં તઇયાર છું, તમ્હો મહને તેનો પત્તો દેખાડી આપો, પછી જુઓ કે બે ત્રણ દીવસની અંદરજ તે કયદ પકડાઇને શાહી કયદખાનામાં પુરાય છે કે નહીં?"

બુઢાએ હસીને કહયું "જો એમજ છે તો પછી તમ્હો આજે આ ગરીબના ગરીબખાનામાંજ આરામ કરવા માટે કબુલ થાઓ. કેમ જે હમણાં રાતના દોઢ વાગતાથીબી વધુ વખત થયો છે! આજે આપ મહારા એક ઘણા લાયકમાં લાયક મેહેમાન છો! વલી તમહે મહારા મરહુમ અને અઝીઝ દોસ્તના બેટા છો એટલે તમહારે આજે યહાં રહેવું અને યહાંજ ખાવું પીવું પડશે. કાલે સહવારે હું તમહને એથીબી વધારે કામની વાતો કહી સંભળાવીશ. આજે હુંબી બહુજ થાકેલો છું. આપ આ વાતથી ખાતીર જમા રહો કે આજ રાતભર આરામ કરવામાં આપની ખાતીર તવજ્જોમાં કોઈ તરેહનીબી કમી ન થવા પામશે."

એટલું બોલીને તે બુઢો અલીમરદનખાંને પાસેનાજ એક કમરામાં લઇ ગયો, જ્યાં એક બાંદીએ અગાઉથીજ ખાવા પીવાની ચીઝો હાઝર રાખી હતી. ખાવાની તરેહવાર વાણીઓ ઉપરાંત અનેક તરાહની મીઠાઇઓ અને ફળોથી ચાંદીની રકાબીઓ ભરાઇ ગઇ હતી.

અલીમરદનખાં પેલા બુઢાની વાતને નાકબુલ રાખી શકયો નહીં, જેથી તેણે ખાવાનું શુરૂ કીધું. તે બાદ શરબત પીને, દુધ જેવી સુફેદ ચાદર સાથના એક નરમ ગદેલાદાર પલંગપર જે તેને બતાવવામાં આવ્યો તેપર તે લેટયો.

અલીમરદનખાં લેટયો તો ખરો મગર તેને ચક્કર આવવા લાગ્યાં!! દશેક મીનીટ સુધી તેવા ચક્કરમાં તેનું માથું ચકરાયું, જે પછી તે બેહોશ થઇ ગયો!!

પ્રકરણ ૫ મું.

ડાકુ મુબારક !

અલીમરદનખાંને એક કમરામાં બેહોશ પડેલો છોડીને હવે આપણે પેલા એંસી વરસના બુઢ્ઢા પીરમરદનખાંની પાછળ જઇશું. તે તો અલી-મરદનખાંને છોડી જવા પછીને બીજે કલાકે એક બહુ આરાસ્તા કમરાની અંદરના એક હીંડોળાપર બેસીને ખુશ મીજાજથી હીંચ ખાય છે, અને તે વખતે તેનો દેખાવ એંસી વરસનો નથી, મગર તે ત્રીસ પાંત્રીસ વરસનો એક નવજવાન લાગે છે ! ! !

હીંચકા ખાતા ખાતા તેને ખડખડાત હસી તેનાં મનને કહયું "આ દુનીયાના લોકો જેવી રીતે મ્હારૂં બયાન કરે છે, અગરજો ગઓરથી જુઓ તો, તેવોજ હું છું ! ! લોકો જુઠું કહેતા નથી ! વાકઇ, હું જાદુ જાણું છું ! ! મેં મહારી ઝીંદગીમાં હઝરતની ઇનાયતથી ઘણા તમાશા લોકોને દેખાડયા."

તે પછી તેને પાનનું એક બીડું ઉઠાવીને મોંઢામાં મુકતાં એક નોકરને બોલાવીને કહયું "જાઓ સરફરાઝખાંને કહો કે તેવણ હમણાજ આવીને મુજથી મુલાકાત કરે."

થોડીજ વારમાં સરફરાઝખાં આવ્યો અને તે નમીને સલામ કરીને બોલ્યો "શું જનાબઆલીએ ખાદીમને યાદ કીધો હતો ?"

બનાવટી બુઢો મગર ખરેખરો જવાન બોલ્યો "જોયું સરફરાઝ ? મેં આજે કેવો તમાશો કીધો ? તમહારી બતાવેલી તરકીબથીજ મેં આજે આ શયતાન અલીમરદનખાંને એટલી આસાનીથી ગીરફતાર કરી લીધો તે

માટે હું આપનો બહુજ અહેસાનમંદ છું. તમહે ખરેખરજ મ્હારા જમણા હાથ છો. મ્હારા આ કામોમાં અગર તમ્હારા જેવા બીજા બે ચાર હતે તો મ્હારી કુરસી દેહલીના શહેનશાહના તખ્તની પાસેજ રહેતે! ખયર, લો તમ્હારી મહેનતનું આ ઈનામ."

એટલું બોલીને પીરમન રૂપી તે મુબારક ડાકુએ એક ન્હાની સંદુકચીમાંથી એક ચલકતા હીરાની વીંટી કાઢીને તેને સરફરાઝના જમણા હાથની આંગલીએ પોતેજ પેહેરાવી દીધી, જે પછી બોલ્યો "સરફરાઝ! યાદ છે કે એ વીંટી કેટલી બધી કીંમતી છે તે? ગમે તેટલી કીંમતી હોય છતાં શયતાન અલીમરદનખાંને લાંબા વખતથી હું ગીરફતાર કરવા માંગતો હતો તે મ્હારી ખવાહીશ બર લાવવા માટે તમ્હે એ ઈનામને તદનજ લાયક છો. ખયર, એ બતાવો કે આ વખતે આપણા ખુશનસીબ (!) મહેમાન અલીમરદનખાંની હાલત કેવી છે?"

સરફરાઝખાં બોલ્યો "હાલતનું હવે શું પુછવું? જેવી હાલત કરવાની કોશીશ કરવામાં આવી હતી તે બાવન તોલા પા રતી પુરેપુરી પાર ઉતરી છે! ભાંગ અને અફીમથી ભેલેલા શરબતે આપણું કામ બહુ ખુબસુરતીની સાથે બજાવ્યું છે! હમણા તો અલીમરદન મુરદાની માફક બેહોશ પડેલો છે."

"કદાચ બનાવટી બેહોશી નહીં હોય?" ડાકુ મુબારકે કહ્યું "અલીમરદનખાંની બાબતમાં હજી તમ્હે પુરા વાકીફ નથી, એ શયતાન બહુજ ચાલાક છે! ચાલાકોનાબી કાન કાપે એવો એ ચાલાક છે!"

તે સાંભળીને સરફરાઝ બોલ્યો "પાક ખુદા અને તમ્હારી મેહેરબાનીથી હું કાંઇ ઉલ્લુ નથી! હું અકસર કરીને હરેક કામ ચારો તરફ નઝર રાખીને કર્યા કરૂં છું. જનાબની મ્હારાપર એટલી બધી મુહબ્બત અને મેહેરબાની છે કે દુન્યાની સેંકડો નાયાબ ચીઝો તમ્હે મહને બખ્શી છે તો તે માટે હું હમેંશ એજ ખ્યાલમાં છું કે તમહારૂં કામ કેવી ઉમદા અને પુખ્તા રીતે કરી શકાય! મેં તેના દમનો હીસાબ તપાસ્યો છે અને ખાત્રી કીધી છે કે તે એકદમ બેહોશ છે! તોબી પોલીસના આદમીઓપર

કદી યકીન એવી બાબતોમાં નહીંજ મુકી શકાય તેથી મેં તેને ખાસ કમરામાં લઇ જઇને તેના હાથમાં બેડી ઠોકી છે અને તે ઓરડાનો દરવાજો બંધ કરીને દરવાજા બાહર બે હોશીયાર પહેરેદારોને મુકયા છે! અગર જો તમહારો હુકુમ હોય તો તે શયતાનને એક પલકમાં ખત્મ કરી નાંખું. આપણો દુશ્મન જેટલો દુન્યાથી જલદી રૂખસત થાય તેટલું સારૂં."

"નહીં, હમણા એને ખલાસ કરવો નહીં જોઇએ." ડાકુ મુબારકે સ્હમજાવ્યું "ખત્મ કરવાથી હું જે મતલબ રાખું છું તે મહારી મતલબ બર નહી આવશે! હમણાં તો તે હરામીને કયદખાનાની હવાજ ખાવા દો! એ વાંદરાને થોડા દીવસ હાથમાં રાખવાથી મોટા મોટા કામો થઇ શકશે! તમહે જાણો છો તો ખરા કે કાન ચીમટતાંજ માથું નમી પડે છે! અલીમરદનખાંને મહારા હાથમાં રાખીને હીંદુ રાજા બીરબલનો તમામ દમ હું તેના નાંકમાં ખેંચી લાવવા માંગુ છું. કાલે બપોર સુધીમાં અલીમરદન હોશમાં આવી જશે કેમકે એટલા અનદાઝમાંજ મેં નશીલી ચીઝો શરબતમાં મીલાવી હતી! ઠીક જાઓ. જ્યારે તે હોશમાં આવે ત્યારે મહને તેની ખબર આપજો."

સરફરાઝખાંએ ઝુંકીને સલામ કરીને "હું આપના હુકમની બાસરોમશ્મ તામીલ કરીશ" એમ કહીને ચાલુ મુકયું.

સરફરાઝખાંના જવા પછી મુબારક ડાકુ મુસકુરાઇને તે કમરામાં ટહેલવા લાગ્યો. તે પોતાના મનમાં બોલવા લાગ્યો "લોક કહે છે કે હું આદમીઓના ખુનનો પ્યાસો છું, લોકોની મત્તા લુટી લઉં છું! તમામ દુનીયા મહને હકીર સ્હમજે છે, અને દેહલીના શાહનશાહે મહારૂં માથું તેની પાસે લઇ જનારને દશ હઝાર અશરફીઓ ઈનામમાં આપવાનો ઢંઢેરો પીટાવેલો છે!! આ શયતાનનો બચ્ચો અલીમરદનખાં એજ ઈનામની લાલચમાં હતો-મહને પકડીને તે દશ હઝાર અશરફીઓનો માલેક બની બેસનાર હતો! લેકીન, આ જુઓ, શું પાક પરવરદીગારની શાન છે, કે અલીમરદજ મહારા કયદખાનામાં ગીરફતાર થઇને પડયો છે!!"

થોડીવાર પછી ડાકુ મુબારક મનને વધુ કહેવા લાગ્યો "લોક શા માટે એટલી બધી મ્હારી બુરાઇ કરે છે? મ્હારી આ બદનામી કોઇ રીતે દુર નહીં થઇ શકશે? સાચ્ચી વાત તો એ છે કે હું ઝાલીમ અને કંજુસ અમીરોનો સખ્ત દુશ્મન છું! પાક ખુદા જાણે છે કે મેં આજ સુધી કોઈ ગરીબ યા તંગદસ્ત હાલતના મુફલીસ મોહતાજ આદમીને કદીબી નથી સતાવ્યા! જેટલા સરાયવાલા છે તેમનીપર હું દર મહીને રૂપીઆ મોકલું છું કે જેથી તેઓ ગરીબોને મુફત ખાવાનું ખવાડે અને તેવા ગરીબો પાસેથી સરાયમાં ઉતરવા માટેનો એક પઇસોબી નહીં લેવામાં આવે! મકતબોના મોલવીઓ પાસે મ્હારી મોકલેલી છુપી ગુમનામ રકમો પહોંચતી જાય છે, જે મ્હારી રકમોથી તેઓ ગુમરાહોને મઝહબપર ઇમાન લાવવા માટેના ભાષણો કરે!–વળી, હીંદુઓને માટેબી હું કાંઇ બેસી રહ્યો નથી; જે ગામોમાં હીંદુઓની વસ્તી ઝીયાદા છે તે ગામોમાં મેં કુવા અને તલાવ હીંદુ ઝમીનદારોને હાથથી ખોદાવ્યા છે! મ્હારા જાસુસો કદી હીંદુઓ તો કદી મુસલમાનોની શકલમાં તમામ શહેરો અને ગામોમાં ફરતા રહે છે અને તે મરીઝો જેઓ ગરીબ છે તેઓને દવા દારૂના પઇસા આપે છે અને બીજા ખરચોને પુગી વળવા માટે તેમને પઇસાની વધુ મદદ આપતા રહે છે. તેઓ મુફલીસ દરદીઓને દવા ઉપરાંત પરહેઝીના ખાવા પીવાને પુગી વળવાની ચીઝો આપે છે!–જે ગરીબો પાસે પહેરવા માટે કપડાં નથી તેમને કપડાં મ્હારા માણસો અપાવે છે અને જે ગરીબોને રહેવા માટે જગ્યા નથી મલતી તેમને માટે જગ્યાનો ઈનતેઝામ કરવા મ્હારા માણસોને સખતમાં સખ્ત મહેનત કરવાની મેં તાકીદ આપેલી છે. તોબી, તે છતાંબી, લોકો મ્હને ડાકુ કહે છે અને મ્હારા નામપર ગાલોનો વરસાદ વરસાવે છે!! ખયર, મહને તેની પરવાહ નથી, લોકના મનમાં જે ગમે તે આવે ને બોલે! મગર, મેં તો પાકકો ઇરાદો એવોજ કીધેલો છે કે જ્યાં સુધી બને ત્યાં સુધી બદમાશ અને બખીલ તવંગરોને લુટવા અને મોહતાજ તંગદસ્ત મુફલીસોને મદદ આપવી.

તે પછી થોડે વારે મુબારક પાછો બોલવા લાગ્યો “હું મુસલમાન છું, સારા ખાનદાનમાં મ્હારી પયદાઇશ થઇ છે, મ્હારા વાલીદ અમીર અને રઇસ હતા. એવી રીતે હું ખાનદાની છું; લેકીન, ઝમાનાની ગરદીશથી બદલો લેવાના ગુસ્સાથી ડાકુ બની ગયો છું ! કોણે મ્હારા અબ્બાને માર્યા ? શાહી દરબારનાં કેટલાક ચુંટાયલા ખુશામદી ઉમરા તેમની જાનના ગ્રાહક બન્યા !—મ્હારી માતા ગલામાં ફાંસો નાંખીને આપઘાત કરીને શા માટે મરી ગઇ ? તેજ ખુશામદી ઓમરાની બેગમો અને વહુ બેટીઓએ મ્હારી માદરને તેમ મરવા માટે મજબુર કીધી તેથી! કોણે મ્હારા વાલીદને ગરદન મારવાનો હુકમ આપ્યો હતો? દેહલીના પાદશાહે!—મ્હારા પીદરનો કુસુર શું હતો? કાંઈજ નહીં, મગર ખુશામદી અમીરો જેઓ મ્હારા વાલીદના દુશ્મન થઇ બેઠા હતા તેઓએ તેમનીપર ખોટો ઇલઝામ મુકયો કે તેવણ દેહલીના પાદશાહને ઝહેર અપાવવાની કોશીશ કરતા હતા અને પાદશાહતને ઉખેડી નાંખવા માંગતા હતા !!”

મુબારક ફરીથી થોભ્યો, અને પછી થોડેવારે તે એક લાંબો નીસાસો ખેંચીને પાછો બોલવા લાગ્યો “મ્હારા સીધા સાદા બેગુન્હા વાલીદ તે શયતાન ઉમરાવોના ફંદામાં પડીને, તેજ હરામીઓની સાઝીશથી, મુફતમાં માર્યા ગયા! અફસોસ! હું તે પછી ઠોકર ખાતો, કુતરાની માફક હાડમાર થતો, તે હરામીઓના દરવાઝાઓપર રખડતો ભટકયો ફર્યો, લેકીન મ્હારા અબ્બાનીજ મેહેરબાનીથી જે લોકો ઉંચા ઉંચા હોદાપર પહોંચ્યા હતા તે અહેસાનફરામોશ દોઝખી કુતરાઓએ મ્હારા ભીખ માંગવાપરબી એક પઇસો મહને ભીખમાંબી ન આપ્યો!! અફસોસ, સદ હઝાર અફસોસ, કે મ્હારા બુરા વખતમાં તેઓ મહને મદદગાર નહીં થયા! તેજ કારણોને લીધે હું દેહલીના પાદશાહનો દુશ્મન બની બેઠો છું–હું તેના ખુશામદી ખુદગરઝી પુતલા અમીર ઓમરા અને તેના મોટા મોટા દરબારીઓનો દુશ્મન થયો છું—જેઓએ મ્હારા વાલીદના કલેજાનું ખુન બહાવ્યું છે તેમના ખુનથી મ્હારા હાથને રંગ્યા વગર આ રસ્તામાંથી હરગીઝ હું કદમ ન હટાવીશ!—લેકીન નહીં, હમણાબી હજી તે કામનો વખત પાસે નથી

આવ્યો એમ દેખાય છે, મ્હારા વાલીદના ખુને નાહકનો બદલો લેવા માટેના જે કસમ મેં ખાધા છે તે કસમને પુરા થવાને માટે હજી તેમાં કાંઇક કસર છે! ફીલહાલ તો આ અલીમરદનખાંજ મ્હારો દુશ્મન છે. હવે એ મ્હારા ફંદામાં આવી ગયો છે તો સ્હમજવું જોઇએ કે મ્હારા રસ્તાનો મોટો કાંટો દુર થઇ ગયો છે! જોઇ લેવાશે, પાક ખુદાવંદ કરીમ આ નાચીઝપર કેટલી કરમ ફરમાવે છે તેજ હવે જોવાનું છે!—હું ખામોશ રહીને—ખામોશી અખત્યાર કરીને—ચુપકે ચુપકે આ બધુ કરૂં છું. હું ગરીબો માટે સખીએ ખામોશ છું—હું ભલાઓ માટે દોસ્તે ખામોશ છું—અને હું બુરાઓ માટે દુશ્મને ખામોશ છું—મ્હારા અઝીઝ વાલીદના નાહક ખુનના બદલામાં–મ્હારી અઝીઝ વાલીદાના નાહક મઓતના બદલામાં હું તેમના ખુનીઓ માટે એક આતીશે ખામોશ છું–જે આવીજ ચુપકેથી બદલો લઈ તેમને મારશે–બાળશે–તબાહ કરશે!"

તેટલું મનને કહેતા કહેતા ડાકુ મુબારક મોટા ગુસ્સાથી લાલ થઈ ગયો, અને તે કાંઇબી વધારે વીચારે તે અગાઉ કોતવાલને જે બુરકાવાલી સુંદરીએ ચેતવણી આપી હતી તે ભેદી સુંદરી ડાકુની સામે આવી ઉભી!

પ્રકરણ ૬ ઠું.

"દીલશાદ!"—મુબારકના પંજામાં ગીરફતાર થયલું એક બુલબુલ!

તે સુંદરીના ચેહેરાપર હમણાં બુરકો નહીં હતો, તેનો ફુલ જેવો કોમલ હાથ પોતાના હાથમાં લઇને મુબારકે બહુ મીઠા પ્યાર ભરયા સ્વરમાં પુછ્યું "દીલશાદ! આટલી રાત વીતી ગઇ છતાં તું હજી સુધી સુતી નથી?"

દીલશાદે કહ્યું "અને તમ્હે શા માટે હજી સુધી જાગી રહયા છો?"

"મ્હને તો બહુ કામો કરવાના છે તેથી" મુબારક બોલ્યો.

"મ્હારે માટેબી ત્યારે એમજ સ્હમજો." દીલશાદ બોલી "ફરક ફકત એટલોજ છે કે તમહારા કામ બીજા લોકોને સતાવવાની મતલબ ધરાવે છે, જ્યારે મહારા કામો તેવા નથી—તમ્હે તો બીજાની ગરદન કેમ ભચડવી તેની તરકીબ સોચો છો!"

"દીલશાદ! એ તહને કોણે કહયું કે હું બીજાને સતાવવાની તરકીબ સોચી રહયો છું?"

"હું પોતે જોઇ શકું છું, મહને કહેવા કોણ આવતું હતું? આજે તમહારા ચેહેરાપર અને આંખોમાં એટલી બધી ખુશી શા માટે ઝાહેર થઇ રહી છે? એ ખુશાથીજ જોઇ શકું છું કે તમહારા દીલમાં શું શું ઉઠલ-પાઠલ થાય છે! તમ્હો કદી કદી એવા નેક મીઝાજ, ફઇયાઝ, અને પાકદીલ નઝરે પડો છો કે જાણે બીહીસ્તના ફરીશ્તા મહારી સામે ઉભા હોવ! અને

કદી વલી શયતાનથીબી વધી જાઓ છો!! તમહારા સરપર હંમેશા શયતાનીયત ઝીયાદા કરીને સવાર હોય છે તેથીજ તો મહને તમહારી પાસે આવવાની હીંમત થતી નથી."

મુબારક તે સાંભળીને બોલ્યો "દીલશાદ! કેટલા દીવસો સુધી તું મહારેથી દુર આવી રીતે રહેશે?"

"જ્યાં સુધી તમ્હે મહને પુરી આઝાદી નહીં આપશો ત્યાં સુધી હું એમજ દુર રહીશ! શા માટે તમહારી શયતાની હરકતો જારી રાખીને મહારા જેવી એક ભોળી ચલ્લીને તમહારા ઝુલ્મી પીંજરામાં બંધ રાખો છો?" દીલશાદ ગમગીર થઇને બોલી.

પોતાની પોહલી અને ભરેલી છાતીને દેખાડીને મુબારકે કહયું "લેકીન, દીલશાદ! આ સીનું કાંઈ ઝુલ્મનું પીંજરૂં નથી, ત્હારે માટે તો સોનાનું પાંજરૂં છે!"

દીલશાદે નીફરતથી કહયું "તમહારે માટે સોનાની કીંમત ચાહે તે હો, મગર હું તેને કાંઇજ નથી સ્હમજતી! હું તો ઝુંપડાનેજ પસંદ કરૂં છું. મુબારક મહને છોડી દો, આઝાદ કરી દો."

મુબારક બોલ્યો "લેકીન યહાં તહારી આઝાદીમાં કોઇ ખલલ કરતું નથી! તો પછી તહને કઇ વાતે આ જગ્યા કયદખાના જેવી લાગે છે?"

"તમહારા વીચારથી તમહે ગમે તે સ્હમજો" દીલશાદ બોલી "મગર હું તો એમ સ્હમજી સકું છું કે મહારી તરેહ કોઇએબી પોતાની આઝાદી ખોહી હોય નહીં! જે આઝાદીની લુત્ફ તમહારી બાંદીઓ ઉઠાવે છે તેબી મહને તો નસીબ નથી! બેરહમ! ઝાલીમ મુબારક! તમ્હે પોતે દીન અને મઝહબની પુકાર મચાવો છો, મગર તમહને પોતાને હજી સુધી મઝહબ અને દીનોઇમાન કોને કહે છે તેની સુધ્ધીબી નથી!! તમહે બહુ મોટા દરદમંદ બનો છો લેકીન એક આફતની મારેલી દુખીયા ઓરતના ઝખમી

જીગરને આસુદા કરવા તો નથીજ ચાહતા! આ રહેમ–આ કરમ–આ દરદમંદી કેટલી મોટી છે તેની તમહને તમીઝ નથી! મુબારક! મહને મ્હારા બુઢ્ઢા બાપની ગોદમાં જવા દો–મહને છોડી દો!"

"દીલશાદ!" મુબારક બોલ્યો "મેં તહારાં માબાપ માટે બહુ શોધખોલ ચલાવી, લેકીન હજી સુધી તેમનો પત્તો નથી મલતો! મેં મહારી તરફથી તે લોકને શોધી કાઢવા માટે બનતી કોશીશો કરી છે."

"જુઠ્ઠું બોલો છો!" દીલશાદ છેડાઈ "તમહે દગાબાઝ છો—ઇનસાનના ખુનના પીયાસા ડાકુ છો! મહને તો એમ માલુમ પડે છે કે તમહેજ મહારા પીદરને મારી નાખ્યા હશે!"

"તહારો એ ખ્યાલ ગલત છે, દીલશાદ, એમાં કોઈ શક નથી કે હું તહારી ખુબસુરતી જોઇને પાગલ થઇ ગયો અને તેમની ગોદમાંથી તહને હું છીનવી લાવ્યો છું, લેકીન હું અલ્લાહ પાકનું નામ લઇને કસમ ખાઇને કહું છું કે મેં તેમને માર્યા નથી. જે તહારા માબાપનો ખુની હોય તે તહારીપર દીલોજાનથી પ્યારમાં નહીં પડી શકે."

"જે દીવસે મહને તમહારી આ વાતનું યકીન થશે તેજ દીવસથી હું તમ્હને પ્યાર કરવા લાગીશ! જે દીવસે તમ્હે મહને મહારા બાપની પાસે પહોંચાડશો તે દીવસે હું સ્હમજીશ કે તમ્હે ઇનસાન નથી, ફરીશ્તા છો! અને તેજ દીવસથી હું તમહારી પરસ્તીશ કરવા લાગીશ."

"હુંબી મહારા તયે દીલથી એવીજ કોશીશ કરી રહયો છું કે તહારી દીલી મુહબ્બત–સાચયો પીયાર–હાસીલ કરૂં!" મુબારક બોલ્યો "આવ, દીલશાદ! આજની ખુશનુમા રાતે, આ ગંભીર ચુપકીદીની આલમમાં કીતરતના આ કલેજાને તરી પહોંચાડનારા તહારા ખુશ નઝઝારાને આ જલતા જીગરને સુપુરદ કરીને આ દીલમાં જગ્યા લે! જે મુબારકની તાકતની સામે કોઇ ઉભું રહી શકતું નથી, જે મુબારક પોતાની સામે દેહલીના પાદશાહનેબી કોઇ ચીઝમાં નથી સ્હમજતો, તેજ મગરૂર મુબારક

તહને મોટી આજીજી સાથે આરઝુ કરી રહયો છે કે તેની તમન્ના પુરી કર, તેના દીલના આતીશને બુઝાવ."

તેમ બોલીને મુબારક પોતાના હાથો પહોલા કરીને દીલશાદ સુંદરીને બગલગીર થવા આગલ વધ્યો. મગર તેજ વખતે પોતાની ચોલીમાંથી એક તેઝ ધારવાલી છુરી કાઢીને થોડે દુર હટીને દીલશાદ બોલી "ખબરદાર મુબારક! મહારી મરઝીથી ખીલાફ કોઈ કામ ન કરો, મહને હાથ લગાડવા ન આવો! યાદ રાખો કે આ છુરી ઝહેરના પાણીથી ઝહેરીલી બનાવેલી સખ્ત તેઝ છે, જો ઝોર ઝબરદસ્તી વાપરશો તો એ છુરી તમહારી છાતીમાં ચલાવી દઇશ. યાદ રાખો કે હું પઠાણની છોકરી છું. જો મુહબ્બત કરવી અમને અચ્છી રીતે ખબર નહીં હશે છતાં બદલો લેવાની રીત તો પઠાણની છોકરીઓ ખુબ અચ્છી રીતે જાણે છે! જ્યાં સુધી મહારો એ વહેમ દુર નહીં કરશો કે મહારા માબાપને તમ્હે મારયા નથી, અને મહારા માબાપ સાથે મહારી મુલાકાત કરાવી આપશો નહીં ત્યાં સુધી હું તમહારી થઈ શકીશ નહીં, મગર તમ્હે મહને તેમના સાથે મીલાવી આપો તેજ વખતે હું તમહારી સો બાંદીઓમાંની એક બાંદી થઈ રહીશ! મેં કહું તેમ તમહારા જેવા શયતાનનેબી હું તે વખતે ફરીશ્તા રહમજીને પરસ્તીશ કરીશ!"

તેટલું બોલીને દીલશાદ સુંદરી દોડીને તે કમરાથી બાહર નીકલી ગઈ!

તેના જવા પછી મુબારક ધીરે ધીરે પોતાના મનને કહેવા લાગ્યો. "નાચીઝ ઓરત! જોઇ લઈશ કે ત્હારૂં કલેજું કેટલું પુખ્તા છે! હું ત્હને અચ્છી તરેહ બતાવી આપીશ કે મહારામાં કેટલી કુવ્વત, હીંમત, અને જુરઅત છે! દીલશાદ, આ વખતે હું ત્હને કાંઇ બોલતો નથી, કેમ જે પહેલા મહારે તહારેથી જે કામ કાઢી લેવાના છે તે પુરા કરી લઇંશ અને તે પછી જોઇ લઇશ કે તું કેવી રીતે મહારા પગોની જુતી નથી થતી!"

એટલું બોલીને મુબારક પોતાના સુવાના ઓરડામાં ચાલી ગયો. બીછાનામાં પડવા પછી તેને શાંતી ભરી ઉંઘ આવી નહીં! તે તરેહતરેહના સ્વપ્ના દીલશાદના સંબંધમાં જોવા લાગ્યો! ખાબમાં તેણે તે ફડકતી ખુબસુરતીવાલી મતવાલી દીલશાદ કરનારી દીલશાદને વારંવાર ગુસ્સા ભરી આંખોથી પોતાને જોતી જોઇ!

પ્રકરણ ૭ મું.

કબુતરબાઝી! શકરલબપર "આતીશે ખામોશ"ની ચીઠ્ઠી!

આગરા નગરના એક શાહી મેહેલની અગાસીપર બે અતી ખુબસુરત સુંદરીઓ પોતાના હાથમાં અકેક કબુતર લઇને તેમની સાથે રમત કરે છે. તે ઝમાનામાં કબુતરબાઝી નવાબો અને અમીર ઉમરાવોની દીલલગીના એક અચ્છા સામાન તરીકે હતી! તેમના ઘરનાં છોકરાં ઉપરાંત ઓરતોબી કબુતરબાઝીમાં કાંઇ થોડી દીલચસ્પી નહીં રાખતી હતી, મગર ઘણી દીલચસ્પીથી તે ખેલબાઝી કરતી હતી! તે બાદશાહી શઓક મોટાઓમાં અસલથી હાલ સુધી જારી છે, અને જો કે તે ઝમાના કરતા હાલના ઝમાનામાં તે શઓક કમતી છે છતાં લકનો અને દેહલીમાં હાલબી ઝીયાદા છે! કહે છે કે અવધના નઝરબંદ નવાબ વાજીદ અલીશાહના એક મકાનમા એક લાખ કબુતર પલાતા હતા!!

કબુતર બહુ બુધ્ધીમાન પક્ષી છે. કબુતરો અને તીતર બટેરોને લઇને તો દેહલીના પાદશાહ અકબર અને જહાંગીર વગયરા તરેહ તરેહના ખેલ કરતા હતા! નુરજહાં બેગમે પોતાની ખુબસુરતીથી જહાંગીર પાદશાહને ગોયા પોતાનો ગુલામ બનાવી લીધો હતો એ વાત તો ઇતીહાસમાં મશહુર છે, મગર આ વાત જાણીતી નથી કે નુરજહાંને કબુતરનો એટલો બધો શઓક હતો કે પોતાના એક પ્યારામાં પ્યારા હુશીયાર કબુતરનું નામ તેણે "જહાંગીર" રાખ્યું હતું!!

કબુતરને જે કાંઇ શીખવવામાં આવે તે તે ઝટ શીખી જાય છે, અને જેમ કેળવો તેમ તે કામ કરી બજાવે છે! કદી કદી કબુતરને એક બીજાથી લડાવવામાંબી આવે છે. જે વખતે તે પોતાના પાલવાવાલા આદમીના ઈશારાપર પોતાની સામેવાલાને ચાંચ મારી મારીને લોહી લુહાન કરી નાંખે છે! કદી કદી તો એ આસમાનપર ઉડતા પોતાની જાતના કબુતરોથી નકલી લડાઈબી કરે છે!!

કબુતરની લડાઇ જોવાલાયક હોય છે, કબુતરોની લડાઇમાં શરત બકવામાં આવે છે અને હારેલા કબુતરોનો માલેક પોતે મુકેલી રકમ હારી જાય છે! હારેલા કબુતરોને શીક્ષા તરીકે એક બે દીવસ ખાવાનું આપવામાં નથી આવતું!! જ્યારે જીતેલા કબુતરોને પેટ ભરી ભરીને મીઠી ચુમ્મી-ઓથી વધાવી લેવામાં આવે છે!! કેળવેલા કબુતરો પયગામચીઓ તરીકે કામ કરે છે એ વાત અઝીઝ વાંચનાર જાણતા તો હશેજ કેમજે હમણાંજ પુરી થયલી મોટામાં મોટી યુરોપીયન લડાઇમાં ફ્રાન્સે પોતાના અસંખ્ય શીખવેલા કબુતરોની મદદથી ખબરો મોકલી અને મેલવી હતી!! આવા પયગામચી કબુતરોની ઉપર પણ જરમનોએ ગોલીઓ ચલાવી હતી!!

મગર, આપણી વાતપર જતાં હું કહેવાની રજા લઉં છું કે મગરીબમાં ડુબતા ખુરશીદના લાલ લાલ ઠંડા કીરણોની વચે એક મેહેલની અટારીપર કબુતરો સાથે જે બે સુંદરીઓ ખેલ કરી રહી છે તેમના નામ છે ગુલલાલા અને શકરલબ—ગુલલાલા પરણેલી છે, તેની બહેન શકરલબ કુંવારી છે.

પાદશાહ અકબરના વઝીરે આઝમ ગયાસ બેગની બેઉ ભત્રીજીઓ થાય છે. એજ શકરલબને ડાકુ સરદાર મુબારક પેલી "આતીશે ખામોશ" વાલી ચીઠ્ઠીથી માંગી રહ્યો હતો !!

ગુલલાલા અને શકરલબ બન્ને બહુજ ખુબસુરત છે. અતી ઘણી ખુબસુરતી લઇને તેઓ આ દુનીયામાં આવી છે. આ વાત તો જગઝાહેર છે કે ઇરાન અને સીરકેશીયાની ઓરતો બહુ ખુબસુરત હોય છે, અને તેમજ ઇરાનની આ બે સુંદરી આંખોને ઠંડક આપે તેવી ખેંચાણકારક ખુબસુરતી ધરાવતી હતી. મીહરૂનનીસા જે પાછળથી તમામ હીંદુસ્તાનની શાહનશાહબાનું બની હતી તે ઇરાનનીજ બેટી હતી, અને તેજ મીહરૂન-નીસાની ચચાઝાદી યાને પીત્રેણો તે ગુલલાલા અને શકરલબ હતી.

ગુલલાલા અને શકરલબના હાથમાં અકેકુ કબુતર હોવા સાથે તેમના હાથમાં અકેકી વાંસલીબી હતી. ગુલલાલા જે ઢબે વાંસલી વગાડતી હતી તેથી શકરલબ જુદીજ ઢબે વગાડતી, જે બે જુદા જુદા આવાઝોને તેમનાં કબુતરો બખુબી પીછાણી લેતાં !!

ગુલલાલા મુસકુરાઇને પોતાની બહેનને કહેવા લાગી "ત્હારૂં આ કબુતર જેને તું "મુહબ્બતખાં" કહીને પુકારે છે તે બહુ પાજી છે ! તે મ્હારી આ "નુરીયા" નામની કબુતરને બહુજ સતાવે છે ! આવ, આજે આપણે એ બેઉને લડાવીએ ! જરા એમની કલાબાઝીબી તો જોઇશું."

શકરલબ બોલી "મ્હારો "મુહબ્બત" જંગી જવાન, જવાં મરદ બહાદુર છે જ્યારે ત્હારી નુરીયા દુબલી, પતલી, કમઝોર ઓરત છે ! એ જોડું કાંઇ ઠીક નથી ! આવી બેજોડ કુસ્તી કેમ ખેલી શકાય, બહેન ?"

"લાવ લાવ લડાવ !" ગુલલાલા બોલી "જાણતી નથી શું ? કે મોટા મોટા પહેલવાનોબી બાઝે વખત ઓરતોની કદમબોસી કરે છે તે ? ઓરતોની આગળથી તો કેટલાક જવાન મરદો દુમ દબાવીને નહાસી જાય છે, સ્હમજી ? લાવ મુક બાઝી ! ચાલ પાંચ પાંચ અશરફીઓની બાઝી

મુકીએ. અગર જો ત્હારો "મુહબ્બત" હારી જશે તો તેને મ્હારી 'નુરીયા'નો ગુલામ બની રહેવું જોઇશે! અને હું મેહેરબાની ફરમાવીને નુરીયાની શાદી ત્હારા મુહબ્બત સાથે કરી આપીશ!"

શકરલબ પોતાના પ્યારા કબુતર "મુહબ્બત"ને બહુ મુહબ્બતથી કલેજે લગાડીને તેને ચુમી લઇ બોલી "કેમ મુહબ્બતખાં! મ્હારા ખાધેલા દાણાની ઇઝઝત રાખશે કેની? અગર જો આજે તું નુરીયાને હરાવશે તો હું ત્હારા પગોમાં સોનાના ઘુંઘરા પહેરાવીશ."

ગુલલાલાની કબુતરી નુરીયાના પગ મેંહદીથી રંગેલા હતા, જ્યારે શકરલબે પોતાના કબુતર મુહબ્બતખાંના પગ લીલા રંગેલા હતા. હજી સુરજ ડુબ્યો હતો નહીં, એટલે બેઉએ ઈશારા કરીને પોતપોતાના કબુતર આકાશમાં છોડી દીધાં. બેઉ કબુતરના ઉડવાથી બન્ને બહેનો વાંસળી વગાડવા લાગી, જે સાંભળીને બેઉ કબુતર વધારે અને વધારે ઉંચે આકાશ તરફ ઉડયા!

બેઉની નઝરે જ્યારે કબુતર જણાયા નહીં ત્યારે તેઓ ગભરાઈ! અને ગુલલાલા બોલી "બહેન! હવે તો આપણા કબુતર દેખાતાંબી નથી!"

"એ ત્હારીજ અકલમંદી છે!" શકરલબ બોલી "તેંજ તો કહયા કીધું કે તે લોકને વધારે ઉંચે જવા દેવા!"

ગુલલાલા રટમસ થઇને બોલી "મ્હારી નુરીઆ બહુ કીંમતી પક્ષી છે! બહેન ત્હને તો ખબર છે કે મેં તેને બસરાથી મંગાવી હતી અને તેને બહુ મોટી મહેનતે શીખવી હતી."

શકરલબ તે સાંભળીને બોલી "તો શું તેં મ્હારા કબુતર મુહબ્બતખાંને કાંઇ ઓછી કીંમતનો સ્હમજ્યો છે? અબ્બાએ તેને કાશમીરના સરદાર પાસેથી નઝરાનામાં મેલવ્યો હતો! આજે ત્હારીજ કમઅકલીથી મેં તે મ્હારૂં પ્યારૂં પંખી ખોહી દીધું! હવે શું તે આવશે?"

એમાં તો શક નહીં કે આસમાનપર કબુતરોના બાઝ વગયરા ઘણ્ છુપા દુશ્મનો ઉડતા રહે છે અને તેઓ મઓકો મલતાંજ ધડ દબાવીને કબુતરોને મારી નાંખે છે! વળી, કેટલીક વખતે એવાબી જાસુસ કબુતરો આવે છે કે કોઇ બીજાના કબુતરોને બહેકાવીને પોતાની સાથે લઇ જાય છે! યા તો વળી કોઇ વખતે કબુતરોના બે પક્ષો વચ્ચે ઉપર લડાઈબી જાગી ઉઠે છે!!

બેઉ બહેનો પોતાના કબુતરો ન જણાવાથી ઘણી ગમગીર બની ગઇ અને ફીકરમાં ડુબી ગઇ, તેટલાં તેઓએ જોયું તો તુટેલા તારાની માફક એક કબુતર ગબડતું આવતું હતું! તે આવીને નીચે બેઠું કે ગુલલાલા હસીને બોલી "આ લે, મ્હારી નુરીયા તો પાછી આવી!"

તે સાંભળીને શકરલબે ફીકરથી કહયું "અને મ્હારો મુહબ્બત કય ગયો હશે?"

"કદાચ તે રસ્તો ભુલી ગયો હશે!" ગુલલાલા બોલી.

શકરલબની આંખોમાં આંસુ છલ ફલી રહયાં! તે ઠપકો આપવા લાગી "બહેન! આજે તેંજ મ્હારા કબુતરનો જીવ લીધો!"

તેટલામાં તો શકરલબનો "મુહબ્બતખાં"બી ઉડીને આવી લાગ્યો, પણ તેની પાછળ બીજું કોઈ કબુતરબી ઉતરયું! તે જોઇને શકરલબનો કબુતર તે નવા કબુતરને ખુબ મારવા લાગ્યો! બન્નેમાં ખુબ બાઝમબાઝી થઇ, અને આખરે પેલો નવો આવનાર કબુતર લોહી લુહાન થઇને અગાસીપર જઇ પડયો!

ગુલલાલા અને શકરલબે જોયું કે તેમના કબુતરો તે નવા કબુતરને હારી ગયલો જોઇને હવે મારતા તો નહીં હતાં, મગર તેમની આંખોમાં ગુસ્સાથી ગોયા ખુન ઉતરી રહયું હતું!! ગુલ અને શકરે પોતપોતાના નુરીયા અને મુહબ્બતને પાસાંમાં દાબી લીધાં, અને પેલા કબુતરનેબી

શકરલબ ઉઠાવી લેવા ગઇ જે વખતે તેની નઝર તે નવા કબુતરનાં પગ સાથે બાંધેલી એક ચીઠ્ઠીપર પડી !

તેટલાં કાંઈ જોઇને ગુલલાલા પુકારી પડી "શકરલબ ! મ્હને તો લાગે છે કે આ કબુતર પેલા કોઇ "આતીશે ખામોશ"નું છે, કેમજે એ કબુતરના પગે બાંધેલી ચીઠ્ઠીપર હું "આતીશે ખામોશ" શબ્દો ખુલ્લા વાંચી શકું છું !"

"એમ ? ત્યારે તો એવું જણાય છે કે મુબારક ડાકુ કોઇ નવી ચાલ ચાલી રહયો છે." શકરલબે કહયું "બહેન, મહારા તો હાથ પગ ધ્રુજે છે. તુંજ કબુતરના પગમાંથી એ ચીઠ્ઠી છોડીને વાંચ, એ વલી નવી ચીઠ્ઠી કોણ માટે તેણે લખી છે ?" ગુલલાલાએ મોટેથી તે ચીઠ્ઠી વાંચી. મગર વાંચતાં વાંચતા તેબી ધ્રુજરી બની ગઇ, અને જેમ તેમ તેને વાંચીને પુરી કીધી ! તે નીચે મુજબ લખાયલી હતી અને તેના એક ખુણામાં "આતીશે ખામોશ" શબ્દો હતા.

"મ્હારી પ્યારી શકરલબ,

હું ત્હારી પાસે મહારા કબુતરને કાસીદ બનાવીને મોકલું છું. આએજ હુશીયાર કબુતર ત્હારી આરામગાહમાં અગાઉ આવી ગયું હતું અને એક ચીઠ્ઠી મુકી ગયું હતું ! હું ત્હારી ખુબસુરતીથી અંજાઇ ગયો છું. અને આ બીજીવાર હમણા ત્હારી પોતાની ઉપર આ ચીઠ્ઠી મોકલું છું. મહને ખબર છે કે તું સ્હાંજની વખતે મેહેલની અગાસીપર ફરવા નીકલે છે જેનો લાભ આજે આ મહારા શીખવેલા કબુતરે લીધો છે ! ત્હારે જે કાંઇ મ્હારીપર લખવું હોય તે લખીને એ કબુતરના પગ સાથે બાંધજે એટલે એ મહને જવાબ પહોંચાડશે ! અગર જો મ્હારૂં કબુતર પાછું નહીં ફરશે તો હું સ્હમજી જઇશ કે ત્હને મ્હારી વાત મંજુર નથી, લેકીન યાદ રાખજે કે દુનીયામાં એવું કોઈબી કામ નથી જે ડાકુ મુબારકથી

બન્યુ નથી! હું ફક્ત એજ અઠવાડયા સુધી ત્હારી મનશા અને દીલી ખવાહીશ માલુમ કરવાને માટે થોભી જઇશ.

લી૦

"આતીશે ખામોશ"

ઉર્ફે

ડાકુ મુબારક."

બેઉ છોકરીઓ ગભરાઇ ગઈ અને થરથર ધરૂજવા લાગી! તેઓ પોત પોતાના કબુતરોને લઇને નીચે મેહેલમાં ઉતરી પડી!

પ્રકરણ ૮ મું.

મુબારકે બીરબલની કીધેલી મઝાક!

બીજે દીવસે સહવારે ઉઠીને મુબારકે પહેલા મોં હાથ ધોઇને પાક પરવરદીગારની બંદગી કીધી. તે તેવી રીતે બંદગી કરવાનો વખત ઘણું કરીને ચુકતો નહીં હતો. આપણે ઉપર જોઈ આવ્યા છીએ કે મુબારક દેહલીના એક નામી રઇસનો છોકરો હતો.

દેહલી અને આગરાની દરબારમાં મોટા મોટા અમીરોની એક સારી જેવી સંખ્યા હતી જેમાંના ઘણા ખરા એવા હતા જે એક બીજાની ભલાઇ

જોઇ શક્તા નહીં હતા! જેઓ પોતાના કોઇ સારા કામથી પાદશાહના નાંકના બાલ થઈ જતા હતા તેઓ બીજાઓપર રોબ રૂબાબનો કોરડો ચલાવતા હતા! જેથી તેઓ બીજાઓની નજરમાં કાંટા મીસાલ ચુભતા હતા! અને જેઓની નઝરમાં તે પાદશાહી નાંકના બાલો કાંટા સમાન લાગતા તેઓનો કેવી રીતે ઝટ નીકાલો કરી દેવો તેની તરેહ તરેહની સાઝીશો થતી હતી!

મુબારકનો પીતા બહુ સીધો સાદો, સાચ્ચો અને ઇમાનદાર આદમી હતો. પોતાની નેકકારીઓને માટેજ તે પાદશાહનો બહુ વીશ્વાસુ થઇ ગયો હતો, મગર તે પાદશાહનો માનીતો થયો એ વાત બીજા અમીર ઉમરાવોને ગમી નહીં! તેથી મુબારકના પીદરને ઝમીન દોસ્ત કરવા માટે તેના દુશ્મનોએ તરેહવાર યુક્તીઓ રચવા માંડી, અને તેનીપર રાજદરોહનો અપરાધ લાગુ પાડવામાં તેઓ ફાવ્યા! તે અપરાધને સાબીત કરવાને માટે એક બનાવટી ચીઠ્ઠી તઇયાર કરવામાં આવી હતી! તે તઇયારી એવી રીતે કરવામાં આવી હતી કે અકબર જેવા તીક્ષણ બુધ્ધીવાલા પાદશાહનેબી કાંઇ શક નહીં ગયો, તેણે તે લુચ્ચા અમીરોની વાત માની, અને મુબા૰ રકના પીદરને હાથીના પગો નીચે છુંદાવીને મારી નખાવ્યો!

બીચારો મુબારક! બદમાશ ઉમરાવોના ચક્રમાં પડીને પીદરને ખોઇ બેઠો! એટલુંજ નહીં પણ તેની તમામ દોલત માલ મીલકત સરકારમાં જપ્ત કરવામાં આવી! અનેક અમીર ઉમરાવને દરવાઝે સર પટક્યા આવ્યો લેકીન કોઇએ તેને મદદ નહીં આપી! તેથી તે પોતાની બીમાર માદર અને ખુબસુરત જવાન બહેનને લઇ જઇને એક તુટી ફુટી ઝુંપડીમાં રહેવા લાગ્યો!!

મુબારકની બેહેનને એક ઉમરાવ તેના પીદરના વખતથીજ માંગી રહયો હતો મગર પોતાની હયાતીમાં મુબારકના પીદરે તે ઉમરાવની સારી ચાલચલણ નહીં હોવાથી તેને બેટી આપી હતી નહીં! હમણા જ્યારે મુબારકનો ખરાબ વખત આવ્યો ત્યારે પેલા બદચલણ ઉમરાવે ઠીક મઓકો

પોતાને હાથ આવેલો જોયો; અને એક દીવસે જ્યારે મુબારક ખાવા પીવાનું લાવવાનો બંદોબસ્ત કરવા બાહર ગયો હતો તે દરમ્યાન મુબારકની બહેનને પેલો ઉમરાવ ઉઠાવી ગયો!! ધણીના મરણથી મુબારકની માદરનો જીવ નહાનો તો થઇજ રહયો હતો, તેમાં વલી બેટીને ખોહી દેવાથી તે ગભરાઇ ગઇ, તેનું દીલ તુટી ગયું, અને તેણે મુબારકના પાછા ફરયાની અગાઉ ખુદકુશી કરીને પોતાનો જાન છોડયો !

મરતી વખતે માદરે જે કાગઝ લખ્યું હતું તેથી મુબારક બધી બીના સ્હમજી ગયો, અને આવી દરદનાક આફતથી તેના દીલમાં બદલો લેવાની આગ સલગી ઉઠી! તેણે મરણ પામેલી માદરના શબનો ઇનતેઝામ કીધા બાદ દહેલી છોડી દીધું !

દેહલી છોડવાનું મુખ્ય કારણ એ હતું કે મુબારકની બહેનને જે સફદરૂદઓલા નામનો ઉમરાવ ઝબરદસ્તીથી ઉઠાવી ગયો હતો તે ઉમરાવ દેહલી છોડીને લાહોર જતો હતો કેમજે તેને પાદશાહ અકબરે લાહોરનો નાયબ સુબેદાર બનાવ્યો હતો. મુબારક સફદરૂદઓલાની પુઠે લાગ્યો, પણ તેનું કાંઇ વલ્યું નહીં.

મુબારકનું કાંઈ વલ્યુ નહીં તો નહીં, પણ તેના દુશ્મનને તેની હીલચાલની ખબર પડી જવાથી તેણે તેને પકડવાને માટે કેટલાક સીપાહીઓ છોડયા! સીપાહીઓથી પોતાને બચાવવા માટે મુબારક સીધે રસ્તે નહીં ચાલ્યો પણ જંગલોમાંથી પસાર થવા લાગ્યો. જંગલમાં મુબારક ડાકુઓની એક ટોળીના હાથમાં સપડાઇ ગયો. ડાકુઓએ તેની પાસે કાંઇ નહીં જોઇને તેને થોડો મારી પીટીને છોડી દીધો. મગર મુબારકે જોયું કે આ મઓકો ચુકવો જોઇએ નહીં! તેનો ચેહેરો દેખાવલો હતો, તેનું બદન ખુબ ગંઠાયલું અને તાકતદાર હતું, અને ઘોડેસ્વારીમાં તે હુશીયાર હતો. તેણે ડાકુઓના સરદારને કહયું "ભાઇ! મ્હારા શરીરમાં તાકત છે, દીલમાં જોશ છે, જવાનીની ઉમ્મર છે, અને બાઝુઓમાં કાફી ઝોર છે તેથી જો

મેહેરબાની કરીને મહને તમ્હારામાં શામીલ કરો તો હું પાક ખુદાના નામથી કહું છું કે હું હરગીઝ યકીન ફરામોશી નહીં કરીશ.”

ડાકુઓના સરદારે મોટી ખુશીથી મુબારકને પોતાના માણસોમાં શામીલ કીધો અને તે દીવસથી મુબારક એક ડાકુ તરીકેની ઝીન્દગી પસાર કરવા લાગ્યો! થોડાક વરસો નીકલી જવા પછી ડાકુઓના સરદારનું મરણ નીપજ્યું અને મુબારક જે અત્યાર સુધીમાં ઘણોજ ચાલાક નીકલ્યો હતો તેને બધાઓએ મળીને મરનાર સરદારની જગ્યા આપી.

ડાકુઓનો સરદાર બનવા પછી મુબારકે પોતાની શક્તી ખુબ વધારી દીધી. પોતાના પીદરના દુશ્મન અમીર ઉમરાવોનો નાશ કરવાની આશાએ તેણે તરેહવાર રીતે મોટા માણસોને તંગ કરવાનું શુરૂ કીધું! આખીર મુબારકે સફદરૂદઓલાપર પોતાનું વેર લીધું. તેને સફદરૂદઓલાને મારી નાંખ્યો પણ તે પોતાની બહેન જેને છોડવવા માંગતો હતો તે બહેનનો પત્તો મેળવી શકયો નહીં!!

મુબારક કંગાલ ગરીબોપર દયા રાખતો હતો, તે તેવાઓને સદા મદદ કર્યા કરતો હતો. હીંદુઓ સાથે તેને વેર નહીં હતું, પણ જેઓ તેના રસ્તામાં કાંટાં વીખેરતા હતા તેમને તે મટીયામેટ કરી નાંખતો હતો! મોટા મોટા અમીર ઉમરાવ અને રઇસોની બહેન બેટીઓને તે પકડી લઈ જતો, તેમને માન ઇઝ્ઝતથી પોતાને ત્યાં રાખતો, મગર જ્યાં સુધી તેમના બાપ કે ભાઇઓ તેમના છુટકારા માટેની મોટી રકમો નહીં આપતા ત્યાં સુધી તે સુંદરીઓ મુબારકના આબરૂદાર કયદખાનામાંથી છુટી થઇ શક્તી નહીં!! મુબારક મોટા મોટા મુગલ અમીર ઉમરાવો જો પોતાની જાળમાં આવી ગયા તો તેમને તમામે તમામ લુટીને પછીજ છોડતો! એવીજ રીતે ઓરતોને ગીરફતાર કરીને બદલામાં મોટી રકમો મેળવતો અને ધનવાનોને લુટતો લુટતો મુબારક પોતે ઘણો મોટો તવંગર બની ગયો હતો!! તેની પાસે અસંખ્ય જાસુસો હતા જેઓ તરેહ તરેહના વેશ કરીને સ્હેંહકડો બહાનાથી ચારો તરફ ઘુમતા ફરતા રહેતા હતા અને જે શીકાર

હાથમાં આવે તેને છોડતા નહીં! જે સરફરાઝખાંને આપણે આ અગાઉ જોઈ આવ્યા છીએ તે સરફરાઝખાં મુબારકના જમણા હાથ જેવો હતો, કેમજે સરફરાઝ તેના જાસુસોનો અફસર હતો. આ સરફરાઝખાં કેટલો હુશયાર હતો તે તો આપણે જોઇ આવ્યા છીએ. આગરાના ચાલાક કોતવાલને તે ધોખાથી ગીરફતાર કરી શક્યો હતો!!

પાક પરવરદીગારની બંદગી પુરી કરીને ચા નાશતો કરવાની દાલાનમાં મુબારક ગયો અને નોકરે એક પ્યાલામાં સુગંધીત કાફી અને નાશ્તો મુક્યા, ખાઇપી લીધા બાદ તેણે એક ચીઠ્ઠી મહારાજ બીરબલને નામે નીચે મુજબની લખી:—

"જનાબ રાજા સાહબ,

લો, આપના જમણા હાથ, શહેર કોતવાલ અલીમરદનખાં સાહેબ મ્હારે યહાં કયદ થઇને પડેલા છે! મેં તેવણના હાથ પગોમાં બેડી ઠોકીને તેમને એક અંધારી કોઠરીમાં કયદ કરી રાખેલા છે! આદમી તો આદમી, પણ ફરીશતાબી તે જગ્યાપર પોતાની પાંખો વઢીક હલાવી નહીં શકે એવી છુપી જગ્યા છે! મજાલ કોની છે કે તેમને ત્યાંથી છોડવે? લેકીન મ્હારી એવી દીલી ખવાહીશ છે કે એક રોઝ આપ હઝુરે આલીબી એવીજ રીતે મહારા મહેમાન થઇને મહારા ગરીબ ખાનાને પોતાના કદમોથી રઉનક અફરોઝ ફરમાવો! મગર હું જાણું છું ત્યાં સુધી હજી તે શુભ મઓકો નઝદીક આવ્યો નથી, અગર આપ આ અલીમરદનખાંની ઝીન્દગીને કોઇ કામને લાયકની સ્હમજતા હોવ તો પચાસ હઝાર રૂપીઆ લઇને મહને મલવા આવજો. ક્યાં મલવું તે આ ચીઠ્ઠીમાં લખેલું છે. અગર આપ અલીમરદનખાંના માથાને બદલે આટલી મોટી રકમ આપવામાં કોઇ કીસમની લાચારી યા બેબસી માલુમ કરો તો પછી ખુબસુરતીની ખાન અને હુરે બેમીસાલ શકરલબનેજ મહને સુપુર્દ થવા દો તો આ પેચીદા મામલો હું સીધી

શાહપર લાવી શકીશ! અમીર-ઉલ-ઉમરા ગયાસુદ્દીન બેગસાહબ આપના દીલી દોસ્ત છે, અલીમરદનખાંથીબી તેમની નઝદીકની રીશતેદારી છે, તેથીજ ઉમ્મીદ કામીલ છે કે આપ અગર ચાહો તો મહારી મનશા પુરી થઇ જશે. આપને તેમાં કામયાબી હાસીલ ન થાય તેનો હું કોઇ સબબ જોતો નથી. મહને આ ખતનો જવાબ જલદીથી મલી જવો જોઇશે. આજે આ કાગઝ કોઈ સુરતે આપને મળશે, માટે કાલે તેનો જવાબ લખીને જુમ્મા મસજીદની દખ્ખણ તરફના રસ્તાપરના પીપલના ઝાડની અંદરના ગોખલારૂપી ભાગમાં મુકી આવજે, ત્યાંથી મ્હારો આદમી જઇને લઇ આવશે.

લી○

આતીશે ખામોશ.''

પોતાના લખેલા તે કાગઝને વાંચીને મુબારક ધીરેથી મુસ્કુરાયો, તેની પછી તેણે સરફરાઝને બોલાવી મંગાવ્યો. આવતાજ સલામ કરીને સરફરાઝે કહ્યું "કહો જનાબ શું ઇરશાદ છે?"

મુબારકે તે ચીઠ્ઠી તેના હાથમાં આપી દીધી અને તેને કઇ જગ્યાપર પહોંચાડવી તેના સંબંધમાં તેને અચ્છી તરેહ સ્હમજાવ્યું.

"જો હુકુમ ગરીબપરવર!" કરીને સરફરાઝ કમરાની બાહર ચાલી ગયો.

અને તેના જવા પછી ખડખડાટ હસીને મુબારકે કહ્યું "મહારાજ બીરબલ! મહારાજ બીરબલની મઝાક થઇ તેથી તો મહારાજ ખુબ ચીરડાશે! મગર નહીં, મહારાજ રમુજી છે એટલે ઠંડો મીઝાજબી રાખશે! ગમે તે હોય, મ્હને તો રૂપીઆ પચાસ હઝાર, યાતો શકરલબ, યાતો અલીમરદનનું સર એજ જોઇએ છે!"

પ્રકરણ ૯ મું.

કયદખાનામાં અલીમરદનખાં.

જે રાતના અલીમરદનખાંને નશીલી ચીઝો શરબતમાં મીલાવીને પીવાડી બેહોશ કરવામાં આવ્યો તેની બીજે દીન બપોરે તે હોશમાં આવી શકયો! ફોઝદારે મોટી અજાયબી સાથે જોયું તો પોતે એક અંધારા કયદખાનામાં કયદ છે! તેના હાથપગ મજબુત રસસીથી બાંધી તો એવા લીધા છે કે જેથી ગોયા તમામ શરીર તાકત વગરનું થઇ રહયું છે! તે કયદખાનામાં નતો એક બારી નઝર આવતી હતી કે ન દરવાઝો! સુરજની રોશની ત્યાં પહોંચતી નહીં હતી, એટલે દીવસ કે રાતને માલુમ કરવાનો કોઇ ઉપાય નહીં હતો!

અલીમરદનખાં બડબડયો "ભઇ વાહ! તો શું તેજ એંસી વરસના બુઢ્ઢા, મ્હારા વાલીદના દોસ્ત પીરમુહમદખાંની આ કારસ્તાની છે? આ નાશાઇસ્તા હરકત શું તેનીજ છે? જેના ઉમરની કીશ્તી કીનારે આવી લાગી છે તે ઝીંદગીભર પાક સાફ રહીને આખીરી વખતમાં શા માટે પોતાની આકેબતને બીગાડે છે? શા માટે તે એવી યકીનફરામોશી કરે છે? લેકીન કોણ જાણે શા માટે મ્હને વહેમ જાય છે કે આ બુઢો ડાકુઓનો સરદાર મુબારકનોજ કોઇ જાસુસ છે! મહારી આંખોની સામેથી કોણ એ પરદો ઉઠાવી લેશે? આ ગુંચવાડાને હું કેમ ઉકેલી શકીશ?"

તેટલું બોલીને અલીમરદનખાંએ પોતાના બંધ છોડવાની કોશીશ કરતાં ઝોર આઝમાવ્યું. મગર તેની તે કોશીશ ફોકટ ગઇ! તેનું માથું ફરવા લાગ્યું, તેને સખ્ત તરસ લાગી!

પ્યાસથી ગભરાઇને અલીમરદનખાંએ મોટેથી પુકારયું "ભાઈ! પરી હોય, જીન હોય, સાયા હોય, ભુત હોય, પલીદ હોય, આદમી હોય, જે હોય તે, મહને થોડું પાણી પીવાડો, નહીં તો હું મરી જઇશ."

મગર, તે કકલાતપર તે વખતે કોઇએબી ધ્યાંન નહીં આપ્યું! પાંચ મીનીટ પછી એકાએક કયદખાનાનો દરવાજો કોઈ તરકીબથી ધીરે ધીરે ખુલી ગયો, અને એક આદમી અલીમરદનખાંની પાસે ચાલી આવીને બોલ્યો "આ લો પાણી."

અલીમરદને કોમલ સ્વરથી પુછ્યું "ભાઇ! તમ્હે કોણ છો?"

"આદમી! ન દેવ છું, ન ભુત! કોઇ ડરની વાત નથી, મ્હારાથી તમ્હારા કોઇ બુરાઇ નહીં થશે."

"તમ્હે દેવ કે ભુત નથી પણ ગોશ્ત અને લોહુના બનેલા ઈનસાન છો એ તો તમહારી દરદમંદીથી ભરેલી વાતોપરથીજ ઝાહેર થઇ જાય છે! હું તમ્હારી રહમદીલીને માટે તમ્હારો લાખ લાખ આભારી છું. મેહેરબાની કરીને આ મહારા હાથની રસસી ખોલી દો, નહીં તો હું પાણી કેવી રીતે પી શકીશ?"

"જે વાસણમાં પાણી છે તે વાસણને હું તમ્હારા મોંઢાપર ધરીશ કે તમ્હે આસાનીથી પાણી પી શકશો."

"લેકીન ભાઇ!" ફોઝદાર બોલ્યો "હાથ એવી રીતે સીકડીને બાંધી લેવામાં આવેલા છે કે તકલીફને સબબે મહારો જીવ બેચેન બની રહયો છે! રસસી થોડી ધીલી કરો, થોડા વખતને માટે ધીલી કરો."

"એવી વાત તો ઝબાનપરબી ન લાવો." તે બોલ્યો "હું આ કયદ ખાનાનો પહરેદાર છું. તમ્હારીપર સખ્ત નીગરાની રાખવાની મ્હને તાકીદ આપવામાં આવી છે! એવી હાલતમાં હું તમહારા હાથપગ કેમ ખોલી શકું વારૂ? મ્હને એમ કરવાનો અખત્યાર નથી. અગરજો હું તમ્હારી વાત

માનીશ તો હું પોતેજ આફતમાં ફસીશ. હું મહારા માલીકના હુકમ સીવા કોઇબી કામ મહારી પોતાની મરઝીથી નથી કરી શકતો."

બીજો કોઇ ઉપાય નહીં જોઇને અલીમરદનખાંએ પહેરેદારે કહયું હતું તેમ પાણી પીધું. પાણી પીને તે બોલ્યો "અહહહ! પાક અલ્લાહ તમહારીપર મેહેરબાની કરે!"

"ઠીક, હવે આપ સુઇ જાઓ," પહરેદારે સલાહ આપી "જે વખતે તમહને બોલાવવામાં આવશે તે વખતે હું તમહને લઇ જવા આવીશ."

"કોણ મહને બોલાવશે?"

"મહારા માલીક."

"તેમનું નામ શું છે?"

"હમણા નથી બતાવી શકતો. સખ્ત મુમાનીયત છે!"

"હું કોણ છું તે તમહને ખબર છે?"

"બખુબી."

"ઠીક, બતલાવો ત્યારે કે હું કોણ છું?"

"આપ આગરાના કોતવાલ જનાબ અલીમરદનખાં છો."

"કોણે મહને યહાં લાવીને કયદ રાખ્યો છે?"

"તમહે પોતે સોચી સ્હમજી લો."

"તમહે તે નામ નહીં બતાવશો?"

"નહીં."

"જુઓ, હું તમહારી બહુ ભલાઈ કરીશ, મહારી જેબમાં દશ વીશ અશ્રફીઓ છે જે હું તમહને ઇનામમાં આપી દઉં છું. તમહારી ખવાહીશ હોય તો મહારી જેબમાં હાથ નાંખીને તે અશ્રફીઓ તમહે કાઢી લો અને જો તમ્હે મહને યહાંથી છોડી દેશો તો છુટકારો મેલવવા પછીબી હું

તમહારી બહુ ભલાઇ કરીશ. તમ્હને એકદમ મોટો આદમી બનાવી દઇશ. ભાઇ પહેરેદાર, મ્હારી સાથે કાંઇ ભલાઇ કરો."

"કેવી ભલાઇ ?"

"મહને યહાંથી નહસાડો! હું આઝાદ થઇ જાઉં."

"જનાબેઆલી! આપ છો કેવા ખ્યાલમાં? હું ગરીબ છું મગર નમકહરામ નથી! હું મહારા માલીકને માટે જાન આપી શકું છું, મગર તમામ દુનીયાની દઔલત મળતી હોય તોબી તેમના દુશ્મનને મદદ કરવા તો કદીબી તઇયાર નહીં થાઉં! એવી લાલચપર હું લાનત નાંખુ છું."

અલીમરદનખાંએ જોયું કે પહેરેદાર નમકહરામી કરે તેવો માણસજ નહીં હતો, જેથી તેણે તે વાત છોડીને બીજી વાતપર ઉતરતા કહયું "ઠીક! હું નહાસવા નથી માંગતો, તમહે મહારે માટે આફતમાં પડો તે મહને ગમતું નથી. આ અશર્ફીઓને લઇને મહને તમહે એટલુંજ બતાવી દો કે હું કઇ જગ્યાપર છું ?"

"આ અશર્ફીઓની તો શું હકીકત છે, હું બે ચાર હઝાર દીનારને માટેબી મહારા માલીકની હુકુમ ઉદુલી નથી કરી શકતો. તેમના હુકમ વગર અમે તેમની કોઇબી વાત ઝાહીર નથી કરી શકતા."

"વારૂ, એ તો બતાવો કે આ વખતે દીવસ છે કે રાત? શું એબી બતાવવાને માટે મુમાનીયત છે ?"

"તેને માટે મુમાનીયત હરગીઝ નથી" પહેરેદારે કહયું "આ વખત બરાબર બપોરનો છે. ખુબ ધુપ પડી રહી છે. આશરે બાર વાગતાનો શુમાર છે ?"

"શું? ખરી બપોરનો વખત છે? મગર યહાં તો નામનીબી રોશની નદારદ છે! બાહર કેવો બધો ઉજાળો ફેલાયલો હશે, અને હું આ દોઝખના અંધારામાં પડયો છું! અફસોસ!"

પહેરેદારે તે વાતનો કોઇ જવાબ નહીં આપ્યો. અલીમરદનખાંએ બહુ નરમીની સાથે કહયું "ભાઈ! અગર આ તરફ કોઇ છોટી મોટી બારી હોય તો તેને જરા ખોલી દે."

મગર તેનોબી જવાબ કોઇએ નહીં આપ્યો! જેથી ખાં સાહેબ સ્હમજી ગયો કે પહેરેદાર ચાલી ગયો છે.

અગર તકદીરમાં દુઃખ લખેલું હોય તો પછી તેને કોણ મીટાવી શકે છે? અલીમરદનખાંના નસીબમાં દુઃખ ભોગવવાનું હતું તો તે પહરેદારનેબી લાલચથી ફુસલાવી નહીં શકયો! તે બેચેન થઇને મનમાં સોચવા લાગ્યો "પહેરેદારના કહેવાથી માલુમ પડે છે કે બપોરનો વખત થયો છે, તો શું આ કમબખ્તોના દીલમાં ઝરાબી રહમ નથી? આટલો વખત નીકલી ગયલો છે છતાંબી કોઇ મહારે માટે ખાવાનું લાવ્યું નથી!"

પણ, થોડાજ વખત પછી એક ધીમી રોશની તે અંધારા કમરામાં ચમકી ઉઠી! અલીમરદનખાંએ વીચાર્યું "મુમકીન છે કે મહારૂં નસીબ ખુલી ગયું હોય, કેમજે રોશની ઉપરથી આવતી માલુમ પડે છે."

ફોઝદાર હવેજ સ્હમજી શકયો કે તેને એક ભોંયરામાં કયદ કરવામાં આવ્યો છે. તેણે તે રોશનીની મદદથી એમ તેમ જોવા માંડયું અને પોતાને માટે ત્યાં કરેલા બીછાણાને જોઇનેજ તેનો જીવ ગોયા ઉડી ગયો! તેણે અજાયબી સાથે જોયું તો એક જુની ખાટલીપર એક ફાટેલી કમબલ બીછાવેલી હતી! ઘરના એક ખુણામાં પત્થરની દીવાલો સાથે લોખંડની સાંકલો લટકતી હતી અને જ્યાં ત્યાં માણસોના હાડકાંના ઢગના ઢગ પડેલા હતા!! એ બધું જોઇને ખાંસાહેબનું થોડો વખત તો ગોયા કલેજાનું ખુનજ સુકાઈ ગયું! તેણે વીચાર્યું "અગરજો એ ડાકુઓની જગ્યા હતે તો કાલે રાતના જ્યારે મહને બેહોશ કરવામાં આવ્યો હતો ત્યારેજ તેઓ મહને મારી નાંખતે, કેમજે તે વખતે તેમનું કામ બહુ આસાન હતું. મગર આ જગ્યા કેવી છે, હું કયાં છું, તેની મહને સ્હમજ પડતી નથી!"

તે એવા વીચારમાં હતો, તેટલાં કયદખાનાનો દરવાજો ખુલ્યો અને એક સુંદરી તેની સામે આવીને ઉભી! કાલે રાતના જે બુરકાવાલી સુંદરીએ ખાંસાહેબને ચેતવણી આપી હતી તે તેજ સુંદરી હતી. અઝીઝ વાંચનાર, તમ્હે તો એને ઓળખો છો, એ દીલશાદ છે.

પ્રકરણ ૧૦ મું.

દીલશાદ અને અલીમરદનખાં.

તે સુંદરીએ આવતાંને વાર કહ્યું "બંદગી અર્ઝ હય, ખાંસાહેબ!"

ફીકું એક હસવું હસી લઇને અલીમરદનખાં બોલ્યો "બંદગી અર્ઝ હય, બીબી સાહબા! અગર મેં તમ્હારી વાત માની લીધી હતે તો મ્હારી હાલત આવી નહીં થતે! લેકીન તમ્હે છો કોણ?"

"મ્હારૂં નામ દીલશાદ છે."

"દીલશાદ! વાહ, શું પ્યારૂં પ્યારૂં નામ છે! બાનુ, મહેરબાની કરીને મહને એ તો બતલાવો કે હું ક્યાં આવી પહોંચ્યો છું?"

"તે જાણીને શું કરશો? તેથી ફાયદો શું થશે?"

"તમ્હને બતલાવવામાં શી હરકત છે?"

"આપ ડાકુ મુબારકના કયદખાનામાં કયદ છો."

"મુબારકે મહને કયદ કીધો. તેનું કારણ શું ?"

"તમ્હે તેને કયદ કરવા માંગતા હતા તેથી!"

"તમ્હને એ બધી વાત કેમ ખબર પડી ? શું તમ્હે મહને પીછાણો છો ?"

"હુરર, તે દીન રાતના જ્યારે આપને ખબરદાર કરવા આવી હતી તે વખતે હું જાણતી નહીં હતી કે તમહે કોણ છો, મગર આજે તો બખુબી જાણું છું."

"કેમ જાણ્યું ?"

"મુબારકે કહયું."

"મુબારક તમહારો કોણ થાય, બાનુ ?"

"તે હું કહી શકતી નથી."

"યહાં પીરમન નામનો કોઇ આદમી રહે છે ?"

"નહીં."

"તે દીન રાતના તો હું એક બહુ બુઢ્ઢા અને મુઅજજીબ શખ્સનો મહેમાન થયો હતો."

"તે બીજો કોઇજ નહીં હતો પણ ડાકુ મુબારક! તેણે શકલ બદલી નાંખી હતી."

"ખયર, તમ્હે યહાં શા માટે આવ્યા છો ?"

"આપને વાસ્તે સારી સારી ખાવા પીવાની ચીઝો પહોંચાડવાને માટે આવી છું."

"હું કેમ ખાઇશ ? મહારા હાથપગ તો બાંધેલા છે."

"હું હમણાં તમહારા હાથપગની રસસી છોડી દઉં છું."

તેમ બોલીને દીલશાદે અલીમરદનખાંના બન્દ ખોલી નાંખ્યાં! અને એક ઝીણી સીટીનો આવાઝ કીધો કે એક નોકર એક હાથમાં ચાંદીની તશતરીમાં પુલાવ અને આલુમાં ગોસ્ત લઇ દાખલ થયો જેના બીજા હાથમાં શરબતનું એક ગલાસ હતું!

નોકરના ચાલી જવાથી ખાંસાહેબ ભુખ્યા વરૂની માફક તે નેઅમતપર હાથ મારવા લાગ્યો અને થોડાજ વખતમાં પુલાવ અને આલુ સફા ચટ કરી ગયો! તે બાદ શરબત પીને તે બોલ્યા "અહહહહ! હવે જીવમાં જીવ આવ્યો! સુબહાન અલ્લાહ! હું ઓરતની ઝાતને હમેશાં ઇઝઝતની નીગાહથી જોઉં છું. તમ્હે મહારી જેવી ભલાઈ કીધી છે, પાક પરવરદીગાર તેનો બદલો તમહને આપશે."

દીલશાદે કહયું "લેકીન જનાબ ખાંસાહેબ, મહને તો હમેશાં એક વાતની ફીકર રહે છે અને તે એ છે કે મરદ કદીબી ઓરતોની ન તો ઇઝઝત કરે છે કે ન તો તેમને ઓરતોને ઈઝઝત આપતા આવડે છે! ઓરતોપર મરદો બેહદ ઝુલ્મ કરે છે. ઓરતોની ખુબસુરતીપર પરવાનાની મીસાલ પહેલા તુટી પડીને પછી સેહકડો ચકમા આપીને ધોખા, ફરેબ, જુડાઈ અને મકરની જાળ ફેલાવીને બીચારીઓને સીધી જહન્નમમાં ફેંકી દે છે! ખયર, આ બધી વાતનું હમણાં કામ નથી. આપ એતો જાણતા હશો કે ઇનસાન કોઇ બીજા ઇનસાનનું કામ કરે છે તે પોતાની ગરઝને ખાતીર કરે છે! હું ગરઝમંદ થઇને આપની પાસે આવી છું."

"તમહને કઈ જાતની ગરઝ આવી પડી છે? અહા! તમ્હે એટલી રહમદીલ, એટલી નેક બખત, એવી મેહેરબાન છો કે આ આફતમાં, મુસીબતની ઘડીમાં, તમહે મહને સારામાં સારૂં ખાવાનું ખવાડીને મહને મરવાથી બચાવી લીધો છે! આ મહેરબાની અને ઈનાયતને લીધે હું હમેશાં તમ્હારો મશકુર અને મમમુન રહીશ! બોલો, હુકુમ આપો, હું તમહારે માટે કયું કામ કરી શકું તેમ છે?"

દીલશાદ બોલી "ખાંસાહેબ! આપ એક મોટા હોદ્ધાના સરકારી અફસર છો. આ આગરામાં કોણ એવું છે જે આપની શાન, રૂતબા, નામવરી, ઇજ્જત અને અખ્ત્યારાતની વાતને નથી જાણતું? આગરા અને દેહલીના બદમાશો આપના નામથી ખઓફ ખાય છે! ફકત ઝમાનાની ગરદીશથી આવી આપ મુબારકના કયદી બની બેઠા છો, આપનો છુટકારો એક તરેહથી ગયર મુમકીન છે કેમજે મુબારક બહુજ કટ્ટર, બહુજ તઅસ-સુબી, બહુજ ગુસ્સાવાર છે!"

"લેકીન બીબી સાહબા! મુબારકની ઉપરબી તો કોઇ ઝબરદસ્ત તાકત છે! તે તાકત પાક પરવરદીગારની છે! તમહને શું પાક ખુદાની તાકતનું યકીન નથી?"

"છે, કેમ નહી? લેકીન મુબારક બદલો લેવામાં બહુજ કટ્ટર છે. તે જેટલો તમહારાથી બીહે છે તેટલો રાજા બીરબલથી નથી બીહતો! જ્યાંસુધી તમ્હે જીવતા છો ત્યાંસુધી તે એમ સ્હમજે છે કે તેના રસ્તા વચ્ચે કાંટો છો! તે તમહને પોતાનો મોટામાં મોટો દુશ્મન સ્હમજે છે! આ હાડકાઓનો ઢગલો જોયો કે? એ એણે પોતાના દુશ્મનોના હાડકાં યહાં રાખ્યા છે! એનો જમણો હાથ પેલો સરફરાઝખાં તો પુરો શયતાનજ છે."

"જે નસીબમાં લખેલું હશે તે થશે," અલીમરદનખાંએ કહયું "હાલ તો એ બતાવો કે તમ્હે મહને શું કહેવા માંગો છો?"

"કહું છું." દીલશાદ બોલી "એટલી બધી મહેનત ઉઠાવીને યહાં સુધી આવી છું તો વગર કહેવે નહીં રહીશ. આજે મુબારક કોઈ બહુજ ઝુરરી કામ માટે બાહર ગયો છે તે મઓકો જોઇને હું યહાં આવી શકી છું."

તે પછી તે સહેજ આગલ વધીને બોલી "અલીમરદનખાં ગઓરથી સાંભળો: ડાકુ છે છતાં મુબારક મહારો પ્યારો છે. હું તેને દીલોજાનથી ચાહું છું. શા માટે? તે હું કહી શક્તી નથી! ખાંસાહેબ, આપ મુસલમાન છો તો કુરાન શરીફની કસમ ખાઇને કહો કે મુબારકની કદીબી બુરાઇ

નહીં કરશો! જો એવા કસમ ખાશો તો હું હમણુંજ તમ્હારો છુટકારો કરીશ! કસમ ખાઓ કે ડાકુ મુબારકનું તમહારી આખી ઝીંદગીભર કદીબી બુરૂ નહીં કરશો, કોઇબી રીતે તેને જરાકબી નુકસાન નહીં પહોંચાડશો."

"આવા શયતાન—નફ્રતની નીગાહથી જોવાં લાયક ખુંખાર ડાકુને તમ્હે એટલા પ્યારથી ચાહો છો? કેવી ખઓફનાક વાત છે! તમ્હે કોઈ દોઝખી કુતરાને ફરીશ્તો સ્હમજી લીધો છે."

"હા" દીલશાદ બોલી "મહારી નઝરમાં તો ડાકુ મુબારક એક ફરીશ્તો છે! ચાહે તે મહારીપર લાખ ઝુલ્મ કરે મગર તેની દરીયાદીલી અને ફઇયાઝી લાસાની છે! હું એટલું ઠીક રીતે જાણું છું કે તે રૂપ્યાની લાલચે લુટ નથી ચલાવતો. તેની લુટના રૂપ્યા તેને કામ નથી આવતા. આગરા કે દેહલીજ નહીં, પણ તમામ હીંદુસ્તાનના શેહેરમાંના ગરીબો મુબારકની લુટના પઇસામાંથી પોસાય છે! બોલો ખાંસાહેબ, આપ મ્હારી વાતપર રાઝી છો કે નહીં?"

"દીલશાદ બીબી! હું તમહારી વાત હરગીઝ નથી માની શકતો."

"તો પછી તમ્હે તમ્હારા મઓતને માટે તઇયાર રહેજો. હવે તમ્હને કોઇબી ઇનસાન બચાવી શકશે નહીં."

"જે મુકદદરમાં છે તે તો થવાનુંજ! મઓત આવશે તો આવી રહેશે! લેકીન દેહલીના પાદશાહનો વફાદાર નોકર થઇને કદીબી હું નમક-હરામી તો નહીંજ કરીશ. આ મુબારકે અકબરશાહની આવી અમન ચમનની સલતનતમાં બહુ મોટો ખળભળાટ મચાવ્યો છે! પાદશાહને વફાદાર અને લાયક નોકર બહુ મળશે, હું જો મરી જઇશ તો મહારી જગાપર બીજો આવશે, મગર આવો મોટો દરજ્જો મેળવીને હું કદીબી યકીન ફરામોશી તો નહીંજ કરીશ! અગર તમ્હે કોઈ બીજી વાત કહી હતે તો તમહારા જેવી નેકખસલત અને રહમદીલ ઓરતનું કહયું ઝુરૂરજ હું માનતે, મગર આ વાત તો હરગીઝ નહીં બનશે."

દીલશાદ પત્થરના પુતલા મીસાલ ચુપચાપ ઉભી રહી! થોડા વખત પછી તે બોલી "ઠીક ખાંસાહેબ! હું તમ્હને ચોવીસ કલાકની મુહલત આપું છું. યાદ રાખો કે આપ એવી બલામાં ફસ્યા છો કે પાક ખુદા સીવા બીજું કોઇ ઇનસાન તમ્હને બચાવશે નહીંજ. અગર આપ તમહારી કીંમતી ઝીન્દગીના બદલામાં મહને મુબારકની ઝીન્દગી બક્ષી દો તો હું તમહારી જાન બચાવી શકું છું. મુબારક પરમ દીવસે આવવાનો છે માટે હું કાલે તમહારી પાસે આ વખતે પાછી આવીશ. ઉમીદ કરૂં છું કે આપ આ નાચીઝની અરઝી મનઝુર કરશો. યાદ રાખો કે અગર મુહબ્બતમાં કોઇ શકતી હોય છે તો હું મહારા પ્યારથી આ શયતાન મુબારકને એક ફરીશતામાં બદલી દઇશ! આપ લોકો જીસમાની તાકતથી કામ લેવા માંગો છો મગર હું તો રૂહાની તાકતથી કામ લેવા ચાહું છું. ઓરતોમાં રૂહાની તાકત મઓજુદા હોય છે, અને હું મહારી રૂહાની તાકતથી ડાકુ મુબારકને એક શરીફમાં શરીફ માણસ બનાવી દેવાની આશા રાખું છું."

એટલું બોલી દીલશાદ ચાલી ગઇ, અને તેના જવા પછી થોડે વારે પેલી રોશની બંધ થઈ ગઇ! અલીમરદનખાં એક સખ્ત અંધકારમાં પાછો મુરઝાઇ પડયો!

પ્રકરણ ૧૧ મું.

શકરલબ સાહસ કરવા ઇચ્છે છે!!

અઝીઝ વાંચનાર, આપણને ફરીથી ગુલલાલા અને શકરલબ પાસે જવું પડશે. નીચેના કમરામાં પગ મુકતાજ મોટી બહેન ગુલલાલા બોલી "શકર! આજે આપણે અગાસીપર કબુતર ઉડારવા ગયાં ત્યારે શુભ ઘડી નહીં હોવી જોઇએ. આજે આપણે જો છતપર નહીં જતે તો શા માટે આ આફત પડતે?"

શકરલબે ચાંદીની સુરાહીમાંથી અંગુરી શરબત પ્યાલામાં નાંખીને કલેજું ઠંડું કરીને કહ્યું "મહને તો લાગે છે કે હવે તો આપણે એ શયતાનની પુઠ પકડીએ!"

"શું બોલી?" ગુલલાલા અજબ થઇ ગઈ "બહેન! લાચાર ના-તાકત ઓરતો તેના જેવા ઝાલીમની સામે થાય એ કેવી નહીં બનવા જેવી વાત છે?"

"એક કામ કરવું જોઇએ." શકરલબ બહેનના બોલવા ઉપર ધ્યાન આપ્યા વગરજ બોલી "અલ્લાહ પાક ચાહે તો ઓરતની મરદથી ઝીયાદા બાઝે વખત તાકતવર થઇ જાએ. મહને એક ખ્યાલ આવે છે અને તેથી આજની આ ચીઠ્ઠીની વાત બધાંથી તદનજ આપણને છુપી રાખવી પડશે!"

"એ વાત છુપી રાખશું તો કદાચ ફીસાદ વધી જશે."

"તે શું?"

"વાત છુપી રાખવાથી કાંઈ છુપી રહી શકતી નથી અને જો બીજી કોઈ મારફતે એ વાત કાકાના કાનપર ગઇ તો કાકા હવે આપણને યહાં નહીં રાખશે. ઇરાન મોકલી દેશે."

"ઇરાનમાં તું તો ત્હારા ધણીને ઘર જશે પણ હું હવે હીંદમાંજ પરણીશ" શકરલબ બોલી "હીંદની આવી સરસ લઝ્‌ઝતો છોડીને હવે હું ઈરાન નહીં આવું. હું યહાંના કોઇ અમીર જવાન સાથે શાદી કરવાનો ઇરાદો રાખું છું, મગર શાદી કરવા અગાઉ આ કોઇ શયતાન ડાકુ મુબારકને અચ્છો સ્વાદ ચખાડવાનો મ્હારો બહુ ઇરાદો થાય છે!"

"એ ખ્યાલે ખામ છોડી દે!"

"નહીં, હું મક્રની જાળ બીછાવીને એ ડાકુ સરદારને ફન્દામાં લઇશ. ઓરતની તાકત તેને એક પરવાનાની મીસાલ ખેંચી લાવશે."

"એ તું શું બોલે છે બહેન? એ ત્હારી કેટલી હીમાકત? એ ત્હારી મહઝ વહશત છે!"

"વહશત નથી, સાચ્ચી વાત છે." શકરલબ બોલી "ત્હને ખબર તો છે કે હું બચપણથીજ ઝીદ્દી છું. આ મામલામાં હું શું કરવા માંગુ છું તે ત્હને પછી કહીશ, હાલ નહીં. મગર ત્હારે હમણા આવેલી ચીઠ્ઠીની વાત કોઇને કહેવી નહીં એટલી કબુલાત તું મહને આપ."

"હું કબુલ છું, મગર—"

"મગર બગર કાંઈ નહીં, હું છતપરથી હમણાંજ આઉં છું."

એમ બોલીને શકરલબ શમાદાન લઇ અગાસીપર દોડી ગઇ.

ગુલલાલા મનમાં બોલી "મ્હારી બહેન શકરલબની શેખી કેવી છે! કેવી મુશકીલ વાત એ કરે છે! જે ડાકુને શેરની મીસાલ તાકત ધરાવનારા સરકારી મુલાઝીમો-હાકીમ હુક્કામ ગીરફતાર ન કરી શકયા, તે ડાકુને એ પોતે પકડવા માંગે છે!!"

તે એમ બડબડીને થોડો વાર બેઠી, તેટલાં પેલું ઝખમી કબુતર જેને એઓ છોડી આવી હતી તેને લઈ આવીને શકરલબ બોલી "પાક ખુદાએ જે હવા આ દુનીયામાં ભરી રાખી છે તેનાથી બધાના જીવને રાહત મલે છે, તો તેજ હવા આ કબુતરના જીવને શું આરામ નહીં આપશે?"

ગરમ પાણી એક કમરામાંથી લઇ આવીને શકરે તે કબુતરના ઝખમને ધોયો અને તે પછી તેપર એક જાતનો મલમ લગાડયો. કબુતરબાઝી રમનારાઓ હંમેશા પોતાની પાસે એવો મલમ રાખે છે એટલે તે શકર પાસે પણ હતો.

તે પછી તેણે તે ઘાયલ પક્ષીને પીંજરામાં મુકતાં મનમાં કહ્યું "બે દીવસની અંદર એ ઉડવા લાયકનું થઇ જશે કે હું મહારી ચીઠ્ઠી એની મારફતે ડાકુ મુબારકપર મોકલીશ."

ગુલલાલા પોતાની બહેનની પાસે બેસીને તેના અદભુત કામને જોઇ રહી હતી. તે શકરની ભીત્તરી મનશા શું છે તે જાણી શકી નહીં, તેને સ્હમજ નહીં પડી જેથી તે બોલી "શકર! આ કબુતરનો જીવ બચાવીને તું શી મતલબ કાઢી લેવા માંગે છે? જરા મહને તો કહે."

"હમણાં નહીં કહીશ" તે કાંઇક ગુરૂરથી બોલી "કબુતર જરા ઉડવા લાયકનું થઈ જાય તો તે પછી હું બતાવી આપીશ કે હું આજે જે બોલી ગઇ તે કોરી ડીંગ નહીં હતી. મગર હું ખરેખર કાંઇ કરી બતાવવાજ માંગું છું."

"તો હવે આ મનહુસ ચીઠ્ઠીને આગમાં જલાવી દઉં? બધો ઝગડો સાફ થઇ જશે."

"નહીં, બહેન! એ ચીઠ્ઠીની તો મહને સખ્ત જુરૂરત છે. લેકીન ખબરદાર હોશયાર! આ મહેલના કોઇબી માણસ આગલ આ ચીઠ્ઠીની વાત નહીં જાય! હું જે ગહરી ચાલ ચાલવા માગુ છું તે સીવા તે ડાકુઇ બલાને મહારા સરથી હટાવવાની બીજી કોઇ તરકીબ મહને માલુમ પડતી નથી!"

લાચાર થઇને ગુલલાલાએ શકરલબને ચીઠ્ઠી આપી અને પછી પોતે ઉદાસ થઇને પોતાના કમરામાં ચાલી ગઇ. સાહસ કરવા ઇચ્છતી શકરલબને યાતો ગભરાટમાં પડેલી ગુલલાલાને બંન્ને તે રાત્રે બરોબર નીંદ તો નહીંજ આવી શકી!

પ્રકરણ ૧૨ મું.

આઠ ઘોડાની ગાડીવાલો!!

ત્રણ દીવસ નીકલી ગયા. શહેર કોતવાલ અલીમરદનખાંનો કાંઇબી પત્તો હતો નહીં! તેથી અલીરઝા અને મહારાજ બીરબલ બહુ ગભરાવા લાગ્યા!

અલીમરદનખાંના એકાએક ગાયબ થવા પછીને ચોથે દીવસે અલીરઝા મહારાજને મળવા ગયો. તે એમ સ્હમજ્યો કે મહારાજને કાંઈ ખબર મલી હશે! મગર અલીરઝાને જોઇનેજ બીરબલે સવાલ કીધો "શું ખબર છે, અલીરઝા? ખાંસાહેબની કાંઇ ખબર લાવ્યા છો કે?"

તે સાંભળીને અલીરઝા બહુ મુશકીલમાં પડી ગયો! તે બેસતા બેસતા બોલ્યો "મહારાજ સાહેબ! મહને તો તેમની કાંઈજ ખબર મળી નથી. તેમની બીબી મહારી નઝદીકની રીશતેદાર છે તેને જઇને મેં પુછ્યું તો તે બાઇબી કાંઇ બતલાવી શકતી નથી! એથી તો હું ગભરાયલો તમહારી પાસે આવ્યો છું."

બીરબલે ઉદાસ થઇને કહ્યું "મહનેબી તેમની ખબર નથી મલી! માલુમ નથી પડતી કે શું બનાવ બન્યો છે!"

"અગર ઇરશાદ હો તો બન્દો પોતાનો વહેમ રજુ કરે."

"હા, હા, બોલો."

"મહને તો લાગે છે કે ખાંસાહેબ મુબારકના ફંદામાં ગીરફતાર થયા છે."

"એવું અનુમાન તમહે શાપરથી કરી શકો છો?"

"અગર તેમ નહીં હતે તો જ્યાંબી હતે ત્યાંથી ખાંસાહેબ અમને ખબર મોકલાવતે." અલીરઝા બોલ્યો અને તેણે વધાર્યું "આ સાથે મહને એક વાત યાદ આવે છે."

"તે શું?" મહારાજ બીરબલે પુછયું.

"તે દીન રાતના હું અને ખાંસાહેબ આપથી રૂખસ્ત થઇને એક સાથમાં ગયા હતા એ વાત તો તમ્હને ખબર છે."

"હા, હા, અચ્છી રીતે."

"યહાંથી બાહર પડતાંજ મેં જોયું હતું કે એક આદમી અમને આવતા જોઇને છુપાઇ છુપાઇને નહાસી ગયો!"

"ક્યાં ગયો?"

"અમે લોકો જે તરફ જવાના હતા તેની બરોબર સામેની બાજુએ. તે માણસે માથાથી પગ સુધી પોતાનું બદન છુપાવ્યું હતું!"

"તમ્હે કોતવાલીના માણસ છો, તો જ્યારે તમહને વહેમ ગયો ત્યારે તેજ વખતે તમહારે તે માણસને ગીરફતાર કરી લેવો હતો" બીરબલે સ્હેજ ઠપકાથી કહ્યું.

"તેનું કારણ એ છે કે હું ખાંસાહેબ સાથે મુબારકની વાતમાં તે પછી એવી રીતે રોકાઇ ગયો કે મહને જાણે પેલા માણસનું ભાનજ નહીં રહયું !"

"વારૂ, તે પછી શું થયું ?"

"તે પછી અંતમાદખાંની પુરાની મસજીદની પાસે પહોંચતાંજ ખાંસાહેબે મહને કહયું કે 'તમ્હે સીધા કોતવાલીપર જાઓ, મહને એક સરાઈમાં એક જુરૂરી કામને માટે જવાનું છે.' તે પછી અમે છુટા પડયા."

"પછી ?"

"પછી થોડે છેટે ચાલીને મેં પાછળ ફરીને જોયું તો ખાંસાહેબ સાથે એક માણસ ચાલતો હતો !"

"પછી ?"

"મહને તે માણસપર તે વખતે શક નહીં ગયો પણ હમણા જાય છે."

"તે શું તેજ માણસ હતો જે તમહને મહારા મકાનમાંથી ઉતરતા જોઇને નહાસી ગયો હતો, અને જે માથાથી પગ સુધી પોશીદા હતો ?"

"નહીં, ખાંસાહેબ સાથે ચાલનાર માણસ તેવો નહીં હતો, તેથીજ તો મહને શક નહીં ગયો." અને અલીરઝાંએ આગલ વધારયું "જે રસ્તેથી ખાંસાહેબ તે વખતે ગયા તે રસ્તેથી દુર જતા એક એવો મહોલ્લો આવે છે જ્યાં બદમાશો અને વેશ બદલનારાઓનું રહેઠાણ છે."

"એમ ?" બીરબલે કહયું "તો અલીરઝા, તુરત એક કામ કરો. વેશ બદલીને તમહે તે મોહલ્લામાં આપણા કેટલાક સાથીઓ સાથે જાઓ, અને હું આશા રાખું છું કે કાલ સ્હાંજ સુધીમાં તમ્હે આપણા દોસ્તનો પત્તો મેલવીનેજ પાછા ફરશો."

સલામ કરીને અલીરઝા રજા લઈ ગયો, અને બીરબલ પોતાનો એક નીરાલો કમરો જ્યાં બેસીને તે રાજ કારોબારના કેટલાક દસ્તાવેજો વાંચતો રહેતો તે કમરામાં દાખલ થયો કે ત્યાં તેણે એક ચીઠ્ઠી પડેલી જોઇ.

બીરબલ ચોંક્યો! આવા ખાનગી કમરામાં આ ચીઠ્ઠી શાની? બીરબલે તે ઉંચકી અને ઉપરજ "આતીશે ખામોશ" વાંચીને તે મનમાં ને મનમાં બહુજ ગુસ્સે થયો!

મહારાજ બીરબલે તે ચીઠ્ઠી વાંચી જે ચીઠ્ઠી આપણે તો જાણી આવ્યા છીએ કે શું છે? આ ચીઠ્ઠી તેજ ચીઠ્ઠી હતી કે જે ડાકુ મુબારકે લખી હતી અને પોતાના સાથી સરફરાઝખાં મારફતે મોકલી હતી!

બીરબલ તો તે વાંચીને દંગ થઇ ગયા! ગમે તેવી મહેનત લેવા છતાં આ ડાકુ સરદારને પકડી શકતા નહીં હતા તે વાતને યાદ કરીને બીરબલ વધારે ગમગીર થયો! પકડવાની વાત તો દર કીનાર, મગર તે કોણ હતો અને તેની સુરત શકલ કેવી હતી તેથીબી એઓ બધા નાવાકેફ હતા!! તે દંડની રકમ માંગતો હતો, શકરલબને માંગતો હતો, યાતો કોતવાલને મારી નાંખવા માંગતો હતો તે વાંચીને બીરબલને ગુસ્સો તો બહુજ આવ્યો, લેકીન તે લાચાર હતો!! મગર, તે બહુજ તઅજજુબ તો એમ થયો કે આવા એક ખાનગી કમરામાં ડાકુની ચીઠ્ઠી આવીજ કેમ શકી હતી!!

તુરતજ બીરબલે રસસી ખેંચી ઘંટી વજાડીને માણસને બોલાવ્યો. માણસને મોકલીને પહેરેદારોના સરદારને બોલાવ્યો અને તેની સાથે ગુસ્સાથી બોલ્યો "જ્યારે હું બીજા કમરામાં બેસીને અલીરઝાની સાથે વાત કરતો હતો ત્યારે યહાં કોઇ અજનબી માણસ આવ્યો હતો કે?"

બીરબલની લાલ લાલ આંખો જોઇને પેહરેદાર ગભરાયો અને ધ્રુજતો ધ્રુજતો બોલ્યો "હા મહારાજ, આવ્યો હતો! તે કોઇ અમીર ઉમરાવ માલમ પડતો હતો! તેણે ધડાધડ ઉપર ચઢી આવીને મહારી પાસે ઉભા રહી કહયું "મહારાજ ક્યાં છે? મહારે એક સરકારી મામલાને સબબે

તેમને હમણાંજ મળવું છે માટે તેમને મ્હારી સલામ કહીને કહો કે એક અમીર તમ્હને મળવા આવ્યા છે." હું તેના કહેવા મુજબ તમ્હને કહેવા તમ્હારા ખાનગી કમરા તરફ ગયો તો તે બંધ જોઇને હું બીજા એક કમરામાં તમ્હને જોવા ગયો જ્યાં પણ તમ્હે નહીં હતા એટલે હું પાછો ફર્યો તો—"

"તો શું ?"

"તે વખત તો તે આદમી ચાલી ગયો હતો !"

"આહ !" બીરબલે પગ જમીનપર ઠોકીને કહ્યું "તમ્હે કેટલા બધા બેદરકાર છો ! હવેજ હું સ્હમજી શક્યો છું કે આ ચીઠ્ઠી ખાનગી કમરામાં કેવી રીતે આવી શકી." અને પછી બીરબલને કાંઇ યાદ આવી જવાથી પુછ્યું, "તે આદમીનો પહેનાવ-પોશાક કેવો હતો ?"

"આલા દરજાના ઉમરાવોની તરેહનો ! તેના હાથની આંગલીમાં બે હીરાજડીત વીંટી હતી. ઠાઠમાઠ અમીરાના હતો."

બીરબલ ફરીથી ગુસ્સે થયો અને દાંત કચકચાવીને બોલ્યો "તમ્હે લોકો નોકરી નથી બજાવતા, હરામના પઇસા ખાઓ છો. જાઓ, જઈને સદર દરવાઝાના પેહરેદારને બોલાવી લાવો."

તે ગયો અને તેને બોલાવી લાવ્યો, બીરબલે તેની તરફ જોઇને કહ્યું, "કેમ પેહરેદાર, હમણાં થોડીજવાર પહેલા જે અમીર સાહેબ ફાટકથી થઇને બાહર નીકલી ગયા તેને તેં અચ્છી તરેહ જોયો હતો કે ?"

પેલા પેહરેદારે જવાબ આપ્યો "જી, હા, જોયા છે. તેવણે અંદરથી બાહર જતાજ પોતાની ગાડી બોલાવી અને તેમાં સવાર થઈ ચાલુ મુકયુ કે મેં દરવાજો બંધ કીધો."

"તેની ગાડીમાં ઘોડા કેટલા જોડેલા હતા ?"

"આઠ."

"આઠ! ત્યારે તો ખાસો અમીર!! તેણે ત્હને કાંઇ કહયુંબી હતું કે નહીં?"

"હા, તેવણે જતા જતા મહને કહયું કે હું અરધા કલાકમાં પાછો ફરનાર છું."

"ઠીક! તેં તેની ગાડી કઇ તરફ ગઇ તે જોઇ?"

"સદર કોતવાલીની તરફ ગઈ."

"પેહરેદારોના સરદાર થઇને તમ્હે બરાબર ચાલાકી રાખતા નથી એ અફસોસની વાત છે! જાઓ, સદર દરવાઝાપર જાઓ અને પહેરો ભરો, જુઓ સાવચેતી રાખો!" બીરબલે તેને રવાના કરતા ઠપકો આપ્યો અને સદર દરવાઝાના પેહરેદારને કહયું "ઘોડાપર સ્વાર થઈ તમ્હે એકદમ જાઓ અને જ્યાંથી મળે ત્યાંથી તે આઠ ઘોડાવાલી ગાડીને પકડો."

તેબી રવાના થયો કે બીરબલે એક નોકરને બોલાવીને કહયું "હમણાંજ યહાંથી ગયલા અલીરઝા સાહેબને કોતવાલીપરથી પાછા યહાં બોલાવી લાવો."

પ્રકરણ ૧૩ મું.

દીલશાદે ફેંકેલા વીચીત્ર પાસા!!

જે રાતના શકરલબે પેલા ઝખમી કબુતરની સારવાર કીધી તે રાતના તે ઝખમી કબુતરનો માલીક મુબારક શું કરતો હતો તે આપણે હવે જોઇશું: તે એક કમરે જેમાં થોડી રોશની જગમગતી હતી તેમાં બેસીને ગહરી ફીકરમાં પડયો હતો! તે થોડો વખત તેવી સુનસાનીમાં બેઠો હશે તેટલાં દીલશાદ તેના કમરામાં આવી અને બોલી "મુબારક! શું સોચી રહયા છો?"

દીલશાદને જોતાંજ મુબારકના ફીકરમંદ મુખડાપર એક હલકી મુસકુરાત છવાઇ રહી. "કેમ દીલશાદ? હજી આટલી મોડી રાત સુધી તું જાગે છે?"

"તમ્હારે લીધે મહને નીંદ કયાંથી આવે વારૂ?"

"કેમ? મેં શું કીધું?"

"એમ પુછો કે તમ્હે શું નથી કીધું? વારંવાર એકની એક વાત સાંભળતાં સાંભળતાં મહારા કાનો પાકી આવ્યા છે! તમ્હે મહારી સાથે જે જે જુલ્મ અને બદસલુકીના કામો કીધા છે તેની લાંબી પહોલી ફેહરીસ્ત તો હું કયારની આપી ચુકી છું તો તમ્હે હવે પુછો છો શું? હવે તો મહારેથી એ જુલ્મ ખમાતો નથી."

ઉદાસ થઇને મુબારકે કહયું "આટલી બધી ખાતરદારીથી ત્હને ચહાં રાખું છું તોબી ત્હને તકલીફ હોય અને નીંદ ભુખ હરામ થઇ હોય તો મહારા વીચારથી—"

"શું? એમજ કેની કે મ્હારે યહાંથી ચાલી જવું જોઇએ?"

"સાચ્ચેજ! મગર ત્હારે એટલું યાદ રાખવું જોઇએ દીલશાદ કે એમ બોલતા મ્હારૂં કલેજું ઉછલીને મોંઢામાં આવે છે! કેમ જે હું ત્હને તહેદીલથી પ્યાર કરૂં છું. લેકીન અફસોસ કે હું મ્હારા પ્યારના બદલામાં ત્હારી સીરફ નીફરત અને ફીટકારજ મેળવી રહયો છું! ત્હને એટલી બધી સ્હમજાવી, દીલ ચીરીને બતાવવાનુંજ બાકી રાખ્યું, ત્હારે માટે મેં કેટલી મુસીબતો ઉઠાવી તોબી તું મ્હારી નહીં થઈ! મ્હારી થવા માટેની તેં કોશીશબી નહીં કીધી! તેં કદીબી ત્હારા દીલનો સાચ્ચો હાલ મ્હને નથી કહયો! અગર મ્હારી આવી બેઇનતહા, લાગરજ, અને સાચ્ચી મુહબ્બત ત્હારા દીલમાં મુતલક અસર કરી નથી શકતી તો હવે એ સીવા હું મ્હને શું કહી શકું? બસ, એજ, કે તું ચાલી જા! ચાલી જા! ત્હારૂં દીલ ચાહે ત્યાં જા! આજે મુબારક ત્હને બહુ ખુશીથી જવા કહે છે. તું હવે આઝાદ છે."

જોશમાં આવીને મુબારકે તેટલું કહયું તો ખરૂં, પણ તેની આંખોથી આંસુ ઉતરયાં! તેણે તે આંસુ દુપટાથી લુછી નાંખ્યા. તે સખ્ત દીલની સુંદરી થોડો વાર વીચાર કરતી ઉભી અને પછી બોલી "ઠીક છે! મુબારક, તમ્હે મ્હારી આઇન્દા ઝીન્દગી અમનચમનમાં ગુઝરે તે માટે કેટલા રૂપીઆ આપી શકો છો?"

"જેટલા જોઇએ તેટલા! જેટલા તું લઈ જઈ શક્તી હોય તેટલા" મુબારક બોલ્યો "જે માંગશે તે હું તહને આપી દઈશ. મેં જ્યારે ત્હને મ્હારી જીંદગીની સાથી બનાવવાજ માંગેલી તો એવી એકને હું આવી રીતે જતી મુકતી વખ્તેબી નારાઝ નથી કરી શકતો! દીલશાદ, હું ત્હને એક મોહરદારને તેનો ખાવીંદ ચાહે તેમ ચાહું છું, અને તે પાક પ્યારથીજ જોઇને હું ત્હારીપર કોઇબી જાતની ઝબરદસ્તી કરતો નથી! મુબારક સાફ દીલનો માણસ છે, અને તે વળી પોતાનો વાયદો કદીબી તોડતો નથી, તે માટે તું પાકદામન રહીનેજ જે ચાહે તે રકમ ત્હારી સાથે લઇ જા!"

"લેકીન તમ્હે ડાકુ છો, ગયરોની માલમત્તાને લુટીને તમ્હે અમીર બન્યા છો એટલે એ લુટફાટની રકમમાંથી એકાદી રકમ આપી દેતા તમહારા દીલને કોઈ રન્જ તો નહીં થશે?" તે સખ્ત શબ્દોથી બોલી!

મુબારક હવે સ્હેજ ગુસ્સાથી બોલ્યો "દીલશાદ! એમ બોલીને મ્હારા દીલને ના શાદ ના કર! બોલ, ત્હને કેટલી રકમ જોઇએ છે?"

"મહને પચાસ હઝાર અશ્રફીઓ આપો!"

"નકદ પચાસ હઝાર અશ્રફીઓનો બોજો તું ઉઠાવી નહીં શકશે. હું અશ્રફીઓને બદલે ત્હને પચાસ હઝારના જવાહરાત આપું છું જેને વેચવાથી તું માલામાલ થશે! દીલશાદ આવ, હું આજે ત્હને પહેલીજવાર મહારો તે ખઝાનો બતાઉં જે ખઝાનો અગર જો તું ચાહતે તો ત્હારો પોતાનો કરીને રહેતે!"

તે પછી મુબારક દીલશાદને એક ભોંયરા તરફ લઇ ગયો, જ્યાં પાંચ લોખંડની સનદુક એક એક પછી મુકેલી હતી!

હસીને મુબારકે કહ્યું "આ કમરામાં પાંચ સનદુક છે! એકમાં પાના અને મોતીના હારો છે, બીજીમાં પોખરાજ નીલમ અને હીરા છે, બાકીની ત્રણે સંદુકોમાં સોનાની અશ્રફીઓ છે! બોલ જવાહરાતમાંથી શુ પસંદ કરે છે? ઉઠાવ!"

દીલશાદે હીરા અને મોતીઓની એક માલા ઉઠાવીને કહ્યું "હું આ લઇશ."

તાણો મારીને હસી હસતા મુબારક બોલ્યો "દીલશાદ! ત્હને આદમીની કીંમતની પીછાણ નથી, લેકીન, હીરા મોતીના હારની ઠીક પીછાણ છે! એક ઉસ્તાદ જહવેરી જેમ આ બધા હારોમાંથી વધુ કીંમતનો હાર ચુંટી લે, તેમજ તેં કીધું છે! હું મહારા વાયદાપર સાબીત કદમ છું, અને તેથી એ હાર હવે ત્હારોજ છે. યાદ રાખજે કે એની કીંમત પચાસ

હઝારથીબી ઝીયાદા છે! લેનાર ઘણી તઈયાર થાય કે કોઇ રીતે મહને ખબર આપજે, હું પોતે એ હાર ત્હને વેચાવી આપીશ અને કીંમતની પચાસ હઝાર નહીં પણ.એક લાખ અશરફી ઉપજાવી આપીશ."

દીલશાદ તો આંગલી કરડીને અજાયબીમાં ચુપચાપ ઉભીજ રહી! પછી થોડે વખતે તે બોલી "લાખ અશરફીઓ! એ તમ્હે શું કહો છો?"

"હું જે કહું છું તે બરાબરજ કહું છું, એક લાખ અશરફીઓ સુધી એની કીંમત મળશે. આ વાતને હમેશાજ સાચ્ચી માનજે કે દીલશાદ સાથે મુબારક કદીબી દગો નહીંજ કરશે."

"મુબારક! તમહારી પાસે એટલો બધો મોટો ખઝાનાનો ડુંગર પડેલો છે છતાં તમહે શા માટે ડકઇતી કરો છો? લુટ ચલાવો છો!"

એક લાંબો નીસાસો નાંખીને મુબારકે કહ્યું "દીલશાદ, મહારી ડકઇતી કાંઇ અઓર તરહની છે! હું મહારા પોતાના દુશ્મન અમીર ઉમરાવો અને તેમની બેટીઓને પકડીને ગીરફ્તાર કરી તેમને માટે મહારા મનને ગમતી દંડની રકમ વસુલ કરીને પછીજ તેમને છોડું છું. હું કોઇબી બાનુની ઇઝઝતનો દુશ્મન નથી, મગર તેના બાપ કે સસરાની તવંગરીનો દુશ્મન છું! જે હાર તેં હમણાં લીધો તે હાર આ શહેરના નામીગરામી જવહેરી નાદીરમનદખાંને ગીરફ્તાર કરીને તેના છુટકારાના બદલામાં મેં મેળવ્યો હતો."

દીલશાદ તે હારને પોતાના હાથમાં રાખી તેને ખુબ ગઅેારથી ઉલટ-પુલટ કરીને જોવા લાગી! જેથી મુબારક બોલ્યો "કેમ દીલશાદ! ત્હને કાંઇ વહેમ પડે છે? શક જાય છે કે મેં ત્હને દગો દીધો હશે? સાંભળ, આજ સુધી મેં તે કીરતારે પાકના સોગંદ નથી ખાધા, મગર ત્હારા યકીનને ખાતર તે પાક ખુદાનું પવીત્ર નામ લઇને કસમ ખાઇને કહું છું કે સાચ્ચેજ આ હારની કીંમત એક લાખ અશરફી છે."

દીલશાદ બોલી "કસમ શા માટે ખાઓ છો? હું તમહારી વાતપર યકીન લાવું છું. ખયર, આજે તો હું એ હારને રાખુ છું, પણ કાલે તમ્હને બરાબર કહીશ કે એ હાર હું લઇશ યા નહીં. હું તો મહઝ તમહારી ફઇયાઝી અને આલાદીમાગીની ઇમતીહાન લઇ રહી હતી! ચાલો, એબી ઠીક થયું કે એ બહાને મેં તમહારો પોશીદા ખઝાનો તો જોઈ લીધો! લેકીન મુફતનો માલ કોણ છોડે? જે મળ્યું છે તેને છોડતી નથી!" એમ બોલીને દીલશાદ પેલો હાર લઇને ત્યાંથી ચાલી ગઈ.—મુબારક પણ બીજી તરફ પોતાના કમરામાં ગયો.

મુબારક દીલશાદ માટે મનમાં બોલવા લાગ્યો "આજ બે વરસથી દીલશાદ મહારી પાસે રહે છે, લેકીન તે કઇ ચીઝની બનેલી છે, તેને હું આજ સુધી સ્હમજી શકયો નથી! કદી કદી તે ન્હાના બચ્ચાની વર્તણુંક ચલાવે છે, તો વળી કદી હોશીયાર અને સીનરસીદા ઓરતની તરેહ કામ કરે છે! કેવી મુશકીલથી મેં એને એક ઝાલીમના પંજામાંથી છોડાવી હતી! તે શયતાનનો બચ્ચો એને નશીલી અને ઝહર મીલાવેલી ચીઝ ખવાડીને બેહોશીની હાલતમાં ચોરી લઇ જતો હતો. મગર મેં તેનાં પંજામાંથી એને છોડવી! મહને એમજ ખબર મળી છે કે એ કોઇ ઇઝઝતદાર મોટા ઉમરાવની લડકી છે! એના મનના ધકારાથી એ બાઝે વખત ઝીદદ કરે છે કે મહારે એના માબાપ મેળવી આપવા! હું એના માબાપ કોણ છે તે જાણતો નથી! અને એનું દીમાગ પેલા કોઇ બદમાશની ઝહરીલી ચીઝથી એવું તે દીવસનું બીગડયું છે કે એ પોતાના માબાપના નામ બતાવી શક્તી નથી!! મેં એના માબાપને શોધવાની કોશીશ કીધી છે મગર મહારા માણસો તેમનો પત્તો મેળવી શકયા નથી. એની ખુબસુરતીના કાબુમાં હું કોઈ અજબ રીતે ગીરફતાર થઈ ગયો છું! હું જોકે શકરલબપર આશક થયો છું, મગર જો આ દીલશાદ મહારી સાથે પરણે તો શકરલબની ખુબસુરતીનું જાદું મહારા સરથી ઉતરી જશે!"

એવી રીતે વીચાર અને વીચારમાં મુબારકે તે રાત જેમ તેમ પસાર કીધી, સહવારે ઉઠીને નાહી ધોઇ બંદગી કરીને ગરમાગરમ કાફી પીને

મુબારક નાશતો કરવા બેઠો, જે વખતે સલામ કરીને હસતી હસતી દીલશાદ તેની પાસે આવી ઉભી. તે બોલી "મુબારક! એક વાત પુછું?"

"પુછ."

"તમ્હે પેલા અલીમરદનખાંને કયદ કીધો છે તો તેને તમહારા કયદખાંથી છોડવવા સારૂં કેટલી રકમ માંગો છો?"

"એક લાખ અશરફી."

"તેથી ઓછે નહીં?"

"તે વાત ત્હને જાણવાની શી ઝુરૂરત? મેં તો નક્કીજ વીચાર હવે કર્યો છે કે એક લાખ અશરફીઓ લીધા વગર અલીમરદનખાંને નહીંજ છોડીશ."

"ઠીક જનાબ મુબારક અલીસાહેબ!" દીલશાદ બોલી અને તેણે પેલો હીરા મોતીનો હાર બાહર કાઢીને તે મુબારક તરફ ધરતા કહ્યું "લોક કહે છે કે જો કોઇ ચીઝ કોઇને એક વખત ભેટ કરવામાં આવે તો પછી તે ભેટ લેનારનીજ મત્તા થઈ જાય છે! તમ્હે કાલે રાતના એ હાર મહને આપી દીધો હતો અને તેથી આજે એ મ્હારી મત્તા છે! એની કીંમત એક લાખ અશર્ફીઓ છે, તેથી હું કહું છું કે આ હાર તમહે લઇ લો અને અલીમરદનખાંનો છુટકારો કરી દો!"

મુબારક તે સાંભળીને ચોંક્યો અને અજાયબીના દરીયામાં ડુબવા લાગ્યો! તેણે પુછ્યું "અલીમરદન ત્હારો કોણ છે દીલશાદ? તેના છુટકારાને માટે ત્હારા સરમાં કેમ દરદ પેદા થયું છે? શું તું તેને આ અગાઉની ઓળખે છે?"

કઠોર હસી હસીને દીલશાદ બોલી "લુટફાટ કરીને હીરા જવાહરાત તમહે જમા કરી રાખ્યા છે પણ મહારા મનની એક વાત તમહારી સ્હમજમાં નથી આવી! સાંભળો, તમહે જે દીવસેથી તેને માટે ખોરાક મોકલ-

વાનો મહને હુકમ આપ્યો તે દીવસથી હું દરરોઝ પોતે ત્યાં જાઉં છું! વાતચીતપરથી તેણે મહારી સાથે ભાઇ–બહેનનો રીશતો જોડયો છે! તેણે મહને "બહેન" કહી છે અને મેં તેને "ભાઇ" કહયો છે! તેથી હું અર્ઝ કરૂં છું કે તમહે મહારા આ નવા ભાઇને આઝાદ કરી દો! બદ-લામાં આ હાર લઇ લો! ચાહતે તો હું તેને નહસાડતે પણ તમહે જે કામ માટે મહારીપર ભરૂસો મુકયો, તે ભરોસાને હું તોડી નહીં શકી યાને યકીન ફરામોશી કરવાનું મેં નામુનાસીબ જાણ્યું! હું તમહને એક કલાકની મુહલત આપું છું તેટલામાં તમહે આ વાતપર અચ્છી તરેહ વીચાર કરી લો. એક કલાક પછી હું તમહારો જવાબ લેવા યહાં પાછી આવીશ."

તેટલું બોલીને દીલશાદ પગલી ઓરતની અદાથી ત્યાંથી દોડી ગઇ! મુબારક તેની તરફ જોતો રહીને સોચમાં ગીરફતાર થઈ ગયો!

પ્રકરણ ૧૪ મું.

ડાકુ સરદારની તસવીર!

ઠંડીની મોસમની શુરૂઆતના મહીનામાં પડતા પહેલાજ શુકરવારે દર સાલ આગરામાં ભારી ચહલ મહલ થઇ રહેતી હતી. અકબર પાદશાહના જન્મની પંદર વરસ પહેલાં જુમ્મા મહમ્મદ નામના એક વૃધ ફકીરે આગ-રામાં આવી શાહ હુમાયુને કહયું હતું "જહાંપનાહ! આપને એક બહુ અકબાલમંદ બેટો થશે જે આખા હીંદુસ્તાનપર હુકુમત ચલાવશે." તે

પછી "જુમ્મા પીર"ને નામે મશહુર થયલા તે ફકીરની વાત રાજ મેહેલમાં ઘણી સારી રીતે યાદ રહી ગઈ, અને જુમા પીરના મરણ પછી કેટલેક વરસે અકબર પાદશાહ જ્યારે ઘણો આગલ વધ્યો અને હીંદુસ્તાનપર તેણે ઘણી જીત મેળવી ત્યારે તેણે મરહુમ ફકીરના નામે દર વરસે આગરામાં એક મોટો મેળો ભરવાનો હુકમ આપ્યો, તે મેળો "જુમ્મા પીરના ઓરસ" તરીકે મશહુર હતો, અને ઠંડીની મોસમ બેસતાંજ તે જ્યારે ભરવામાં આવતો હતો ત્યારે આખા આગરાના અને તેની આસપાસના બીજા લોકોનો એક મોટો ધસારો તે મેળામાં થતો.

ત્રણ દીવસ ઓરસ રહેતો. પહેલે દીવસે પાદશાહ અકબર પોતે અને શાહેરના લગભગ તમામ રઇસ, અમીર, ઉમરા જુમ્મા પીરના કબરપર સીઝદો કરવા જતા, બીજે દીવસે મોટે ઘરની બધી પરદાનશીન બાનુઓ જતી અને તે દીવસે એકબી મરદ ત્યાં જઇ શકતો નહીં. તે ઝનાના દીવસે મેળામાં બંદોબસ્ત રાખવા સારૂ પાદશાહી મહેલના ખોઝા અને તાતારી બાંદીઓ મેળામાં પહેરો ભરતી. ત્રીજે દીવસે તમામ લોકોને માટે આમ મેળો થતો, જે દીવસે ગમે તે માણસ મેળામાં જઇ શકતું. આ ત્રીજે દીવસે પાદશાહી ખઝાનામાંથી એક ખાસ મોટી રકમ જુદી કાઢવામાં આવતી હતી, જેમાંથી ઘણા ગરીબોને ખવાડવા પીવાડવામાં આવતા હતાં અને મોટી સખાવત અકબર પાદશાહ કરતા હતા.

મેળામાં અનેક પ્રકારની વસ્તુઓ મળતી હતી. હાથીદાંતની સન્દુક, સુખડના લાકડાના પંખા, પત્થરના ગ્લાસ, થાળી, તશતરીયા, 'સલમે સીતારે'ની બનેલી ઓઢણી, પેશવાઝ, અંગરખા અને હાથીદાંતની ઉપર બનાવેલી તસ્વીરો તે ઉપરાંત હીરા, માણેક, પોખરાજ, મોતીના દાગીના સોના અને ચાંદીના ગુલાબદાન અને ઇતરદાન વગરા અનેક ચીઝો મળતી અને તે લેવા માટે બીજે દીવસે બાનુઓથી મેળો અતીષય શોભી રહેતો.

તે વરસે આવા એક મેળામાં અમીરૂદઓલા ગયાસબેગની બેગમ અને તેમને ત્યાંની બાનુઓ આવી હતી. જેમાં ગુલલાલા અને શકરલબ પણ

હતી. ભવીષ્યમાં હીંદુસ્તાનની શાહનશાહબાનું બનનારી સુંદરી મીહરૂન-નીસા જે ગુલ અને શકરની પીત્રેણ હતી તેણી મેળામાં હતી અને ગુલલાલા સાથે મીહરૂનનીસાને જહવાહીરાતની એક દુકાનપર મોલતોલમાં મશગુલ જોઇને નઝર ચુકાવીને શકરલબ તસવીર વેચનારી એક ડોસીની દુકાનપર ગઇ! શકરનો હસતો ચેહેરો અને સુંદર રૂપ જોઇને તસવીરવાલીએ મુસકુરાઇને કહયું "આવો બેટી, મહારી દુકાનમાં બહુ સારી સુંદર તસવીરો છે. બાદશાહો બેગમો–આમ અને ખાસનાં જાણીતા માણસો, અજમેર શરીફની સલીમ ચીશતીની કબર, જંગી સીપાહો અને નામીગીરા અમીર ઉમરાવોની તસ્વીરો મહારી પાસે મોજુદ છે. જે ચાહો તે લઇ લો."

શકરલબે પહેલાં બેગમોની તસવીર જોઈ જેમાંથી પાદશાહ અકબરની વડી બેગમ સલીમની મા જોધાબાઇની તસ્વીર પસંદ કરીને ખરીદી લીધી. તે પછી બીજી તસ્વીરો જોઇ જોઇને શકરે મુકી દીધી. એક તરફ સીપાહો અને સેનાપતીઓના ચીત્ર હતા જે જોઇને પણ તેણે મુકી દીધાં. એકબી ચીત્ર પસંદ નહીં કીધું! શકરલબે બહુ નીરાશાથી કહયું "અરે! એવી કોઈ તસવીર બતાવો કે જેવી કેઠેબી નહીં મળે. મહને તો કોઇ નાયાબ ચીઝ મહારી પાસે રાખવા ગમે છે."

બુઢીયા બોલી "મહારી પાસે એક બહુ મઝેહદાર તસવીર છે, લેકીન તે હરકોઇને હું બતાવતી નથી! તમ્હે મહને બહુ સીધી સાદી લાગો છો તેથી હું તમ્હને બતાવીશ! તમહારી વાતો મહને બહુ મીઠી માલુમ પડે છે! તમહે કયા મોહલ્લામાં રહો છો, બેટી?"

બુઢીયાની આવી ચીકણી ચોપડી વાતથી શકરલબ બહુજ ખુશી થઇને બોલી "હું અમીરઉદદઓલા ગયાસબેગ સાહેબની ભત્રીજી છું, મહારૂં નામ શકરલબ છે."

બુઢીયાએ કહયું "ઠીક, તો હું તે તસવીર કાલે સહવારે તમહારે મહેલ પહોંચાડી દઇશ. આ વખતે તો ચારો તરફથી બાનુઓની આવજાવ રહે

છે, એટલે તમ્હે તે તસવીર જોતા હોવ તે વખતેજ કોઈ આવી જાય તો મોંહકાણ થઈ જાય! તે તસવીર નીચે નામ લખેલું છે તેપરથી તે કોણની છે તે તમ્હે જાણી શકશો. કોઇને આ વાતની ખબર કહેશો ના, ખબરદાર."

શકરલબે કહ્યું "એક મહઝ મામુલી તસવીરની બાબતમાં તમહે એટલી બધી ડરો છો શા માટે? કોઇ મુઝાયકો નથી–તમહે હમણા બતાવશે તો તે જોઇ લઇશ, કોઈ આવશે તો છુપાવી દઇશ."

"ઠીક, કસમ ખાઓ, કે હરગેઝ આ તસવીરની વાત કોઇ બીજા માણુસને તમહે કહેશો નહીં."

તે સાંભળીને તો શકરલબની જીજ્ઞાસા વધી ગઇ! તેના મનમાં તે તસવીરને જોવા અને ખરીદવા બહુ મોટો આગ્રહ ઉત્પન્ન થયો! તે સોચવા લાગી "તે તસવીરમાં એવું તે શું છે યા તે કોણની છે જેથી બુઢીયા તેને બતાવવા માટે એટલી બધી આંચકી ખાય છે?"

માણુસનો બાઝે વખત ખવાસજ એવો થઈ જાય છે કે જે વાતને માટે મના કીધેલી હોય છે તે વાત જાણવાને માટે તેનું મન બહુજ લપક મારે છે!! શકરલબનો જીવ તે તસવીર જોવા માટે અધીરો અધીરો થઇ ગયો જેથી તે બોલી "હું કસમ ખાઇને કહું છું કે હરગીઝ હું તે તસવીરની વાત કોઇને કહીશ નહીં."

સંતોષ પામીને બુઢીયા બોલી "ઠીક છે." અને તે દુકાનની અંદરના ભાગમાં ગઇ અને એક સંદુકમાંથી લીલા રૂમાલમાં બાંધેલી એક તસવીર બહુ સાવધાનીથી છોડીને તેણે શકરલબને અંદર જવા ઇશારત કીધી. શકર દુકાનની અંદરના ભાગમાં ગઇ કે બુઢી બોલી "બેટી, આ તસવીર જે શખ્સની છે તેનું નામ સાંભળીને તું બીહશે તો નહીંને? આ તસવીર કોઇ જેવા તેવા માણુસની નથી–એ મશહુર ડાકુ સરદાર મુબારકની તસવીર છે!"

"સાચ્ચેજ ? સાચ્ચુ કહો છો તમ્હે ? તમ્હે એ તસ્વીર મેળવી ક્યાંથી ?"

બુઢ્ઢીએ વાત ઉડાવી "પાક ખુદાના નામથી કહું છું કે એ તસ્વીર મુબારકનીજ છે."

"તમ્હે એને તમહારી પાસે કેમ રાખી છે ?"

બુઢ્ઢીયાએ ખુલાસો કીધો "શહેરના કોતવાલ અલીમરદનખાંની મોહર-દારને વેચીને હું એની મોંહ માંગતી કીંમત મેળવી શકીશ તેથી ! મેં સોચ્યું હતું કે શાયદ તેવણ્ આ મેળામાં જરૂર તશરીફ લાવશેજ."

"ત્યારે મહને એ શા માટે વેચો છો ?"

"તેવણ્ આજે આ મેળામાં આવ્યા નથી અને આવી શકશે નહીં એવી ખબર મહને હમણાંજ મળી છે. વળી મહને આ તસવીર યહાં લાવ્યા પછી એક વીચાર આવ્યો છે કે મુમકીન છે કે શહરકોતવાલની બીવીને એ તસવીર ફરોક્ષ કરવાથી કદાચ હું મોટી ઝંઝટમાં પડી જાઉં ! હવેજ હું રહમજી શકી છું કે આ તસવીર જેટલી જલદી વેચાઇ જાય તેટલું સારૂં."

"જ્યારે મામલો આવો સંગીન છે, ત્યારે હું ડાકુની આ તસવીરને કેમ ખરીદું ? હું એને લઇને શું કરીશ ?"

"પાક ખુદા જાણે શું કરશો તે ? તમ્હને ગમે આગમાં જલાવી દેજો યા દરીયામાં બહાવી દેજો ! તમ્હે કસમ ખાધા છે કે આ તસવીરનો હાલ કોઇનેબી નહીં કહેશો, કાણ્ આપી એ હરગીઝ કોઇને ઝાહેર ન કરશો ! તમહે તો ખરીદવાનો વાયદો કીધો છે, હવે તમહે જાણો અને તમહારૂં કામ જાણે, બેટી ! મેં તો તમહને તસવીરોની શઓકીન સ્હમજીનેજ આપી છે."

"અને અગર જો હું એ નહીં ખરીદું ?"

"તો વાયદો તોડવાનો અઝાબ તમ્હારા માથાપર પડશે ! આવી પવીત્ર જગ્યામાં એવા જુઠ્ઠા કઓલકરાર કરવાથી તમહે અઝહદ ગુન્હાગાર થશો."

શકરલબ જરા સોંચતી થોભી, પછી બોલી "ઠીક, લાવો. હું એ ખરીદું છું."

એ મોહોરની કીંમત ઠરાવવામાં આવી અને તે આપીને શકરે તે તસવીર ખરીદી લઇ પોતાના કપડામાં છુપાવી દીધી ! શકરલબ તે તસવીરનો તેજ વખતે નાશ કરી નાખતે પણ પોતે જે સાહસ કરવાની હતી તે માટે તેને ડાકુ સરદાર મુબારકના ચેહેરાની યાદ નઝરમાં લેવાની હોવાથી આબી એક ઠીક મઓકો મળેલો માનીને તેણે વીચાર્યું કે "ઘરે જઈ એ તસવીરને એક વખત ખુબ ધારી ધારીને જોઇ લઇશ, અને પછી એને જલાવીને ખાક કરી દઇશ !"

તે પછી શકરલબ ત્યાંથી ઝડપથી ચાલી ગઈ, રસ્તામાંજ મીહરૂનીસા અને તેની બહેન મળી. મીહરે પુછ્યું "કયાં ગઇ હતી, શકર ? તું બહુ ચંચલ છે ! અમે ત્હને કયાં કયાં શોધતી ફરી !"

શકરે જવાબ આપ્યો "મીહરૂ બહેન, મેં જોયું કે તમહે જવાહીરાત ખરીદવામાં મશગુલ રહી છો તે દરમ્યાન જરા મેળામાં યહાં ત્યાં ફરી આવું. બહેન, તું તો જાણે છેજ કે હું હંમેશાની ચંચલજ છું, હું એક જગ્યાપર ચુપચાપ ઉભી રહી શકતી નથી, વળી, આજના જેવી આઝાદી વારૂં કયાંથી મળી શકે ?"

ગુલલાલા એક મીઠી ઝડકથી શકરને ઝાટકી નાખતા બોલી "એ બધાં નખરાં ઘરપર દેખાડયા કરજે ! યહાં મેળા તમાશામાં એવી લડકપણ સારી નહીં ! ત્હને એટલોબી ખ્યાલ નહીં આવ્યો કે ત્હારે લીધે અમને કેટલી બધી પરેશાની ઉઠાવવી પડશે ?"

શકરે મુસકુરાઇને કહ્યું "ગુસ્સો ન કર, બહેન ! તુંબી તો અમારી માફક ચલ્લી પોપટોની માફક હમેશા પીંજરામાં કયદ રહયા કરે છે ! ખુશ

કીસમતીથી આજે જરા આઝાદીના લુતફને ઉઠાવવાનો મઓકો મળ્યો ત્યારે શા માટે થોડી ફરી હરી નહીં લઉ? વાહ! શું રાજા ઇન્દરનો અખાડો છે!—ચારો તરફ ખુબરૂપરીયોનોજ મેળો છે! જરા ફરીને જોઇ આવી, હઝારો તરેહના ચહેરા નઝર આવ્યા! લેકીન મેં બધા ચહેરા જોયા પછી હું એવા નતીજાપર આવી છું કે આપણી બહેન મીહરૂનનીસાના પગની ધુળ થવાને લાયક એકબી નાઝનીં આ આખા મેળામાં નથી!!"

શકરની આ વાતપર ગુલલાલા અને મીહરૂનીસા બંને હસી, આ હસવાથી તેમને જે ગુસ્સો લાગ્યો હતો તે દુર થઈ ગયો! તે પછી ત્રણે સુંદરીઓ ગયાસબેગની બીવી જ્યાં એ છોકરીઓની રાહ જોતી ઉભી હતી તે ચબુતરા પાસે ગઇ એટલે ત્યાંબી શકરને જરા સાંભળવું પડયું! તે પછી પાલકીઓ બોલાવવામાં આવી અને પાલકીઓમાં તે ચાર બાનુઓ બેસીને રવાના થઇ. તેમની પાલકીઓ સાથે નાગી તલવાર બાંધેલા સીપાહીઓનો સંગીન પહેરો હતો.

તે સુનસાન મધરાત્રીને વખતે શકરલબ પોતાના આરાસ્તા અને રોશનીથી જગમગી રહેલા કમરામાં બેસીને ડાકુ મુબારકની તસવીરને એક ચીતે જોઇ રહી છે! તે બોલી "અહા! જેની ખુબસુરત આંખોથી આવી રહમદીલી અને દરદમન્દી ઝાહીર થઇ રહી છે તે શું કદી એક ડાકુ થઈ શકતો હશે? આવો હસમુખો ચહેરો જેમાં હસબોલ અને રમુજ ભરપુર જણાય છે તે ચહેરો શું ઇનસાનના ખુનનો પ્યાસો હોય કે? ખુની અને ઝાલીમના ચહેરાપર તો શયતાનીયત વરસતી જણાય, લેકીન એના ચહેરાપર કેવી રઉનક, કેવું નુર વરસી રહયું છે! આ પહોલી પેશાની બહુ આલા દીમાગીની નીશાની છે. સંજીદગીથી ભરેલો આ ખુબસુરત ચહેરો જો ખરેખરજ ડાકુ મુબારકનો હોય તો તે હરગીઝ ડાકુ નથી! આહ! મેં શા માટે આ તસવીર ખરીદી? શા માટે આવા લામીસાલ ચહેરાને જોયો? અને જો જોયોબી તો મહારૂં દીલ એટલું ઘાયલ કેમ થઈ ગયું? હું એનીપર એટલી લટટુ કેમ બની ગઇ? મહારો વીચાર એકાએક કેમ બદલાઇ

ગયો ?—તો શું હું ખરેખરજ એને પ્યાર કરવા લાગી છું ? છી ! છી ! એ વાતને દીલમાં જગ્યા આપતાંબી શરીર કંપી ઉઠે છે ! લોક સાંભળશે તો શું કહેશે ? બહેન મીહરૂનીસા અને ગુલ સાંભળશે તો શું ખ્યાલ કરશે ? બદ કીસમતી ! અઇન બદબખ્તી ! ઓહ, હું કેવી પરેશાન થઇ રહી છું ? મગર, હું ઝીંદગી છું તો મહારી વાતને પુરી કરીશ. આ તસવીરને ખરીદ કરીને મેં કોઈ ખરાબ કામ નથી કીધું, સારૂંજ કીધું છે ! આજ સુધી જે મુબારકને કોઇએ નથી જોયો, તેની તસવીર મેં જોઇ છે અને હવે હું તેને જીવતો જાગતો એકવાર જુરરજ જોઇશ ! તેની રૂબરૂ જઇશ તેમાં હું મુસીબતમાં ગીરફતાર થાવું તો તેબી કબુલ છે, પણ તેને એક વખત જોઇ તો લઇશજ. તે જો મહારીપર ઝોર ઝુલ્મ કરશે તો છુપાવેલું ખંજર કાઢી ભોકી દઇશ ! પણ તે ઝુલમ કરે તેવો તો નથીજ લાગતો ! લેકીન મળશે ક્યાં ? તેની સાથે ચાર ચશમ થવાનો તરીકો શું શોધું ? તેના પોશીદા અડ્ડાપર મહને કોણ લઇ જશે ? ઓ પાક પરવરદીગાર ! ખુદાવન્દ કરીમ ! જોઇ રહી છું કે મહારા આ ઈરાદાને પુરો કરવાને માટે તું પોતે તઇયાર છે ! મુબારકના ઝખમી કબુતરની જાન બચાવીને મેં કેવી અક્કલમંદીનું કામ કીધું છે ! એ કબુતરની મારફતે હું મહારી મકસદ હાસીલ કરીશ.”

શકરલબ તે પછી એક ચીઠ્ઠી લખવા બેઠી :—

“અએ જવાંમરદ બહાદુર મુબારક !

હું જુમ્મા પીરના ઓરસમાં ગઇ હતી, જ્યાંથી મેં તમહારી એક તસવીર ખરીદી, જે તસવીરને જોઇને હું તમહારીપર આશક થઇ ગઇ છું. લેકીન ખ્યાલ રહે કે મ્હારા એ કહેવાનો તમ્હે કોઇ બીજો ખોટો અર્થ કુઠાવતા નહીં !–તમ્હે મહારી મુલાકાત લેવા ઇચ્છો છો એમ લખીને તમ્હે એક ચીઠ્ઠી આ કબુતરના પગે બાંધી મોકલી હતી અને તમહારી તે આરઝુ પુરી કરવાને માટે હું તઈયાર છું. મ્હારામાં એટલી જુરઅત નથી કે તમહારી વાતને ટાળી શકું !

લેકીન નહીં માલમ શાથી મહને એમ લાગે છે કે એક ભુખ્યા સીંહના જડબામાં હું જઇ રહી છું! મગર તમહારો ખુબસુરત ચહેરો જોયા વગર મહને ચાલે તેમ નથીજ! હું તો એમ સહમજું છું કે તમહારા જેવા ખુબસુરત ચહેરાવાળા દરદમન્દ આલાખીયાલ જવાન બીજા માણુસોના ખુનના પ્યાસા નહીં હોઈ શકે! તમ્હે કસમ ખાઓ કે મહારી સાથે બુરાઇ ન કરશો તો હું તમહને જોવા આવીશ.

આ મહારા ખતનો જવાબ પરમ દહાડે સહવારે મહને જોઇશે, કેમ જે પરમ દીવસે સહવારે કોઇબી સુરતે બધાથી અલગ થઇ હું અગાસીપર આવીશ. તમહને હું ક્યાં મળી શકું તે વીગતવારે લખજો.

લી૦ શકરલબ."

સહવારના પહોરમાં તે ચીઠ્ઠી શકરલબે પેલા કબુતરને પગે બાંધી અને તેને છોડી દીધું. મુબારકનું કબુતર શકરલબની ચીઠ્ઠી સાથે આકાશમાં જોયા ગાયબ થઇ ગયું!

પ્રકરણ ૧૫ મું.

પ્યારનો નશો અને બદલાની ધુન!

મહારાજ બીરબલે આઠ ઘોડાની ગાડીવાલાને પકડવા માટે પહેરેદારને મોકલવા ઉપરાંત અલીરઝાને બોલાવીને તુરતજ વેષ બદલાવી મોકલ્યો છતાં તેનો નતીજો કાંઇજ થયો નહીં, કેમકે પેલો ભેદી માણસ જાણે ભોંયમાં ગર્ક થઇ ગયો હોય યા તેની આઠ ઘોડાની ગાડી તેને હવામાં લઇને કોઇ વાદળામાં છુપાઇ ગઇ હોય તેમ તેની સ્હેજબી નીશાની કે જણાઈ નહીં!!

ફરીથી બીરબલ અને અલીરઝાને આપણે તે વાતપરજ બેઠેલા જોઇએ છીએ. અલીરઝા બોલ્યો "મેં ઘણી શોધ કીધી—વેષ બદલીને હું જ્યાં ત્યાં ફર્યો પણ ખાંસાહેબનો કાંઇબી પત્તો નથી. હવે બોલો મહારાજ કે એ માટે કેવી રીતની કોશીશ કરવી જોઇએ."

"ડાકુઓના સરદાર મુબારકે—પોતાની આતીશે ખામોશની એક ચીઠ્ઠી મહારીપર મોકલી છે જે વાત મેં તમહને હમણાંજ કહી છે. ચીઠ્ઠી આવ્યાને બે દીવસ થઇ ગયા છે અને મહને એમ લાગે છે કે આપણે ડાકુ માંગે છે તેટલા રૂપીઆ મોકલી દેવા જોઇએ જેથી અલીમરદનખાં બચી જાય."

"આપનો વીચાર ઘણો સારો છે, કેમકે એ તરીકાપર વળી મુબારકનો પત્તો મેળવવાનોબી અમને રસ્તો મળી આવશે." અલીરઝા બોલ્યો "રૂપીઆની લાલચ રસ્તામાં ફેંકીને તે શયતાનને આપણા કબઝામાં લેવો જોઇએ. જો આપનો હુકમ હોય તો આ બંદો પોતે રૂપીઆ મુકી આવવા તઇયાર છે, તે અજમેર જવા કહે છે તો હું નહીં ધારતો કે અજમેર લઈ જવામાં તેની મતલબ કોઇ બીજી હોય, તેને તો ફક્ત રૂપીઆ જોઇએ છે."

"બહાદુર જવાન" મહારાજે કહ્યું "જેટલા ઘોડેસ્વાર લડવઈયાઓની ઝરૂરત પડે તેટલાને તમહારી સાથે લઈ બધા વેષ બદલીને જાઓ, મહારા વીચારથી પચાસ જંગી સ્વારો બસ છે. હું તમ્હને અજમેરના હાકીમપર એક પત્ર આપું છું જે ત્યાં તમ્હને જોઈતી તમામ મદદ આપશે. રૂપીઆબી જો રોકડા સાથે લઇ જવા માંગતા નહીં હોવ તો અજમેરના શેઠ ગોકુલદાસના નામની એક હુંડી હું લખી આપું છું એટલે ત્યાંથી તમ્હને રૂપીઆ પઇસાબી મળી જશે."

અલીરઝા તેના જવાબમાં નમીને બોલ્યો "બજા ઇરશાદ, ગરીબપરવર."

મહારાજ બીરબલે તે પછી બે ચીઠ્ઠી લખી, એક અજમેરના હાકીમપર અને બીજી ચીઠ્ઠી ગોકુલદાસપર—બીરબલે કહ્યું "અલીરઝા ખુબ સંભાળથી કામ લેજો. કેમજે તમ્હને ગોયા ખુદ શયતાનની સાથેજ કામ લેવું છે. આપણે એ ડાકુની વાત ઘણી ઉસ્તાદી વાપરી પાદશાહથી છુપાવી છે મગર એવી વાત કયાં સુધી છુપી રહી શકે? જ્યારે ત્યારે ભેદ ખુલશે અને તે વખતે પાદશાહ અકબર આપણને હસી કાઢશે! પાદશાહ શું જાણે કે આપણને કેવા વીચીત્ર માણસ સાથે કામ લેવું પડે છે! દીન દહાડે, પહેરેદારોની આંખમાં ધુળ નાંખીને, તે મહારા ખાનગી કમરામાં ચીઠ્ઠી મુકી ગયો!!"

"ઠીક છે મહારાજ, હું ખબરદારીથી કામ લઇશ" એમ કહીને નમીને રજા લઇ અલીરઝા ગયો.

જે મુબારકને પકડવા માટે મહારાજ બીરબલ અને અલીરઝાએ ઉપર બતાવેલી યુક્તી કીધી તે મુબારક હાલમાં શું કરે છે તે હવે જોઇશું:

મુબારક ચુપચાપ બેસીને એક ચોપડી વાંચતો હતો કે તેનું કબુતર તેની પાસે ઉડી આવ્યું. મુબારકે કબુતરને માયાથી હાથમાં લીધું અને તેને પગે બાંધેલી શકરલબની ચીઠ્ઠી મોટી ખુશાલી સાથે વાંચી. તેના દીલના તારતારમાં ખુશીની ધારા વહેવા લાગી!!

શકરની ચીઠ્ઠીને તેણે ખુબ ઝોરથી ચુમી લીધી, તે બાદ પેલા કબુતરને ચુમ્યું અને તે મનમાં બોલ્યો "કીસમતમાં ચાહે તે લખ્યું હોય, નતીજો ચાહે તેવો થાય, લેકીન હું તે પરીજમાલને ખુદ જઇને તેના ઘરથી લઈ આવીશ" પછી વળી પાછો વીચાર બદલી નાંખતા મુબારક બોલ્યો "નહીં, નહીં, એ મુનાસીબ નથી! હું કોઇ ઓરતને મોકલીને તેને એક સુનસાન મુકામપર બોલાવીશ. હું તે પાકદામન સુંદરી સાથે દગલબાઝી મરતાબી નહીં કરીશ."

શકરલબને ક્યાં મળવું અને ક્યાં બોલાવવી તે વાત મુબારક સોચી રહેલો હતો તેટલાં એક લાંબો જાડો આદમી તે કમરામાં દાખલ થઇને નમી નમીને બોલ્યો "હુઝુરની બોલબાલા હો! અલ્લાહ પાક આપને હર બલાથી મહફુઝ રાખે!"

મુબારકે સલામને જવાબ આપીને પુછ્યું "કેમ હફીઝુલ્લા! શું ખબર છે?"

હફીઝુલ્લા બોલ્યો "ખબર તો જનાબ, બહુજ વાહીયાત મહઝ મનહુસ છે! આજ સ્હવારે હું એક ભીખારીની શકલમાં કોતવાલીની પાસે બેસીને ભીખ માંગવાના ઢોંગ કરતો હતો તેટલાં અલીરઝા જે અલીમરદનખાંના હાથ નીચે છે અને હમણાં અલીમરદનખાંની જગ્યાપર કામ કરે છે તે હયરાન પરેશાન થયલો કોતવાલીમાં દાખલ થયો અને પોતાના હાથ નીચેના એક અફસરને બોલાવીને મોટેથીજ તેણે કહ્યું "તમ્હે આજે બપોરે પચાસ જંગી સવારોને છુપા વેષમાં તઇયાર થઇ જવા કહેજો કેમજે તેમને લઇને હું અજમેર શરીફ ખાતે સલીમ ચીસતીની મસજીદ પાસે જનાર છું."

"ઠીક!" મુબારક બોલ્યો.

હફીઝુલ્લાએ વધુ કહ્યું "તેની વાત ખુબ ગઉરથી સાંભળતા મહને લાગે છે કે બધા વેષ બદલીને અજમેર શરીફ જવાના છે અને તમહને કોઇ રીતે ત્યાં ગીરફતાર કરવા માંગે છે! હું એ જોઈ રહયો છું જનાબ કે બહુ મોટી પીડા નાઝીલ થવા ચાહે છે!"

મુબારકે ડોકું હલાવીને કહ્યું "હા, હફીઝુલ્લા! બલા તો સરપર આવવાજ ચાહે છે! બીરબલને પોતાની અકલમંદી અને દુરઅંદેશીની ફખ્ર છે. અને તેણેજ આ યુક્તી રચેલી લાગે છે! મગર, ગભરાવાનું નથી, આપણેબી માણસો લઇને જઇએ, અને આપણે તેમને જેર કરવા માટે ઇરાની સોદાગરોના વેષમાં અજમેર શરીફ પહોંચીશું!! જાઓ, તઇયારી કરો."

આવવાવાલી આપદાની ફીકરથી અધીરો થઈ ગયા એટલે મુબારક શકરલબની વાત ભુલીજ ગયો! દુશ્મનને જેર કરવાની ધુનમાં તેના પ્રેમનો નશોજ ઉતરી ગયો!!

પ્રકરણ ૧૬ મું.

દીલશાદ કોણ છે?

મુબારક ન તો શકરલબપર ચીઠ્ઠી મોકલી શકયો કે ન તો તે દીલશાદને મળી શકયો! દીલશાદને તે નહીં મળ્યો તેથી તે સુંદરીને દીલમાં ઘણું લાગી આવ્યું! તેનીજ લાગણી નીચે થોડો વખત દુ:ખી રહયા બાદ દીલશાદ એક નવા વીચારપર ઢલી ગઈ અને મનમાં બોલવા લાગી "જ્યારથી મેં અલીમરદનખાંને જોયો છે ત્યારથી તેની હાલતપર મહને સખ્ત અફસોસ અને રહમ પયદા થયાં છે, એ શાથી એમ હશે? મહને તો જાણે એમ લાગે છે કે ગોયા એ મહારો પોતાનો ભાઈજ છે! હું

અલીમરદનખાંની કોણ છું અને એ મહારો કોણ છે એ હું જાણતી નથી મગર મહારૂં લોહી એના તરફ ઉછાલા મારી રહયું છે! એની બદતર હાલત અને મુસીબત જોઇને મહારી રગોમાંનું ખુન જોશ મારે છે!"

દીલશાદ અલીમરદનખાં તરફ આવી રીતે સ્વભાવીક દોરવાઇ ગઇ હતી તેથીજ તો તે તેને માટે મુબારકની છુપેથી સારા સારા ભોજન લઇ જતી હતી. દીલશાદની આ મેહેરબાની અલીમરદનખાં તઅજજુબીની સાથે જોઈ રહયો હતો અને તે આવા ભયંકર કયદખાનામાં દુબલો નહીં થયો હતો તેનું કારણબી દીલશાદની તરફથી થતી ખાવા પીવાની બાબતની તે બરદાસ્ત ને મેહેરબાની હતી!

મુબારક અજમેર ગયો તે મઓકો મેળવીને દીલશાદે પેટ ભરીને અલીમરદનખાં સાથે વાત કરવાનો અને પોતાના દીલનો ઉભરો બાહર કાઢવાનો વીચાર કરતાંજ સહવારના પહોરમાં અલીમરદનખાંના કયદખાનામાં ચાલુ મુકયું. તેને આવે વખતે આવેલી જોઇને ખાંસાહેબે પુછયું "દીલશાદ બીબી! આજે તમહે કવખતે આવેલા હોય તેમ મહને લાગે છે કેમ જે હું રાબેતા મુજબ રાતની ઉંઘ ખલાસ કરીને હમણાંજ બીદાર થયો છું. હમણાં તો મહને ભુખ નથી લાગી."

દીલશાદ હસીને બોલી "હુંબી કાંઈ ખાવાનું તો નથીજ લઈ આવી. હમણાં મુબારક ઘરમાં નથી અને એકલી મોઢું બંધ રાખીને બેસી રહેવાથી જીવ બેચેન રહે તેથી ગપ-શપ ચલાવવાના ઇરાદાથી આપની પાસે આવી છું."

ખાંસાહેબે કહયું "દીલશાદ બીબી! તમહે મહારી ઉપર એવી રીતે મેહેરબાન છો કે આ કયદખાનાની તકલીફો મહને જરાકબી માલુમ પડતી નથી! જો હું રીહાઇ મેળવીશ, તો દીલશાદ, યાદ રાખજો કે હું તમહારા વાલદયનનો પત્તો મેળવવા દરેક કોશીશ કરીશ."

"ખાંસાહેબ! મેં એટલી બધી તે શી ભલાઇ કીધી છે કે આપ નાહક મહારી એટલી તારીફ કરો છો! મહને જે ગમે છે તે કામને ફરઝ

સ્હમજીને અને મુનાસીબ માનીને હું તે ગુઝરજ કરૂં છું. મુબારક એટલો ઝબરદસ્ત, જવાંમરદ, અને ઝાલીમ છે છતાં હું તેને એક પાલેલા હરણની માફક રાખું છું: જેમ ચાહું તેમ તેને નચાવું છું."

"મુબારક હમણા ક્યાં ગયો છે?" અલીમરદનખાંએ પુછયું.

"મુમકીન છે કે હફીઝુલ્લાહની સાથે અજમેર ગયો છે."

"આ હફીઝુલ્લાહ કોણ છે?"

"મુબારકની જાસુસી ટોળીનો સરદાર."

"વારૂ, હું એમ પુછું કે મુબારકે શું આજ સુધી શાદી નથી કીધી?"

"નહીં."

"તેણે તમહારી સાથે કોઇ વખતે શાદી કરવાનો ઇરાદો ઝાહેર કીધો છે?" કોતવાલે પુછયું અને વળી તેણે માફીબી માંગી લીધી! "બેઅદબી માફ છે, કેમજે તમ્હે જે વાતો મહારી આગલ કરી ગયા છો તેપરથી મહને પુછવાની લાલચ થઇ છે!"

"કાંઇ નહીં, મહને કાંઇ એ વાતનો ગુસ્સો નથી! હા, મુબારકે મહારી સાથે શાદી કરવા માંગી તો હતી પણ હું તેને પરણવા ખુશી નથી."

"શા માટે?"

"એટલા માટે કે તે ડાકુ છે-હું ચોર ડાકુઓપર ખરા દીલથી ધીક્કાર નાખું છું."

"તો પછી તેના મકાનપર કેમ રહો છો?"

"તેનીજ સ્હમજ મહનેબી નથી પડતી!" ગુંચવાઇને દીલશાદ તુરતજ બોલી, "આખા દીવસમાં એક વખતબી તે બાહર ગયો હોય તો તે આવે કે તુરતજ જો હું તેનો ચેહેરો નહીં જોવું તો કોણ જાણે મહારા દીલમાં શું થાય છે? જાણે કલેજું મોંઢાની બાહર આવતું હોય તેમ થઇ

જાય છે! તેણે મહને બાંધીને યહાં રાખી નથી છતાં હું પોતે ગોયા યહાં બંધાઈ ગઇ છું!! મેં ઘણી વખતે નહાસી જવાનું મન કીધું, પણ મ્હારૂં મન પાછું ફરી ગયું!"

"એપરથી તો ત્યારે એમ ઝાહેર થાય છે કે તમ્હે દીલમાં ને દીલમાં તેનીપર પ્યાર રાખો છો."

"નહીં! બલકે તેને નીફરતની નઝરથી જોવું છું!"

"તેણે પોતાના દીલની વાત કોઇ દીવસેબી તમહને કહી છે કે?" અલીમરદનખાંએ પુછ્યું.

"હા, તેણે અનેક વખતે મહને કહયું 'દીલશાદ તું મહારી સાથે શાદી કરી લે તો મહારી ઝીન્દગી બહુ મોજથી પસાર થશે-હું ગોયા નીહાલ થઇ જઇશ!' લેકીન મેં મુબારકને જવાબ એટલોજ આપ્યો છે કે તું અમીર છે, ને હું ગરીબ છું. તું લોકોની જાન મારીને યા તેમને સતાવવામાં મજાહ માને છે જ્યારે હું ખુનના એક કતરાને જોઇને કમકમું છું."

"તે સાંભળીને તે વધારે ખુશામદ કરતો હોવો જોઇએ, કેમ?"

"તે તો કહે છે કે હું જો તેને શઓહર બનાવું તો તે મહને પોતાની તમામ દઓલત આપી દે."

"એતો ઘણી સારી વાત છે, એટલું છતાંબી તમ્હે તેની સાથે શાદી કેમ કરતા નથી?"

"મહને એમાં ઘણી હરકતો છે. હું હરગીઝ એક ડાકુની બીવી બનવા નથી ચાહતી. જે બીજાઓનો માલ લુટીને દોલતમંદ થયો હોય અને તે તમામ દઓલત મહને આપે તેના કરતાં તો એક ઇમાનદાર અને નેક ખસલત ગરીબની ઝુંપડી હઝાર દરજ્જે બેહતર છે, મહારી આંખોમાં તો તે ગરીબ શઓહરનું તે ઝુપડુંજ શાહી મહેલ છે. મેં તો મુબારકને સાફ સાફ કહી દીધું છે કે જો તે પોતાની બેબહા દઓલત, બેશુમાર સોનું,

રૂપું અને જવાહીરાત ખયરાતમાં આપી દે અને મહારી માફક તે ગરીબ થઇ જાય તો ઝુરૂર હું તેની સાથે શાદી કરૂં."

"તે સાંભળીને મુબારકે શું કહયું?"

"તે બોલ્યો કે હમણાં તો તે તેમ કરી શકતો નહીં હતો પણ જ્યારે તે ગરીબ થવાનું પસંદ કરશે ત્યારે તે મહને પરણશે."

"તેથી તમ્હે ખુશી થયાં?"

"હા.—અને યહાં રહેવામાં મહારી બીજી એક મતલબ છે. હું મ્હારા માબાપ કોણ હતાં તે વાત મુબારકથી જાણવા માંગુ છું."

"મુબારકને ત્યારે શું તે વાતની ખબર છે?"

"હું એમ માનું છું."

"મુબારકે પોતેજ તમહારા માબાપને મારી નાખ્યા હોય, કેમ?"

"કહી શકતી નથી." દીલશાદ તે દુઃખી યાદથી રડમસ થઇને બોલી "મહારા માબાપ બુરી હાલતમાં પહોંચ્યાં હતાં· અને હીંદુસ્તાન છોડીને ઇરાન તરફ નહાસી જતાં હતાં! રસ્તામાં શુતર સવારોનો એક કાફલો મળી ગયો. મહારા મુફલીસ માબાપ તે કાફલામાં શામીલ થઇને પહાડી રસ્તા પસાર કરવા લાગ્યા જે વખતે એકાએક પહાડી ડાકુઓએ કાફલાપર છાપો મારયો! ઘણાઓ લુટાઇ ગયા, અને હું પોતે ડાકુઓને હાથ આવી પડી; તે દીવસથી હું નથી જાણતી કે મહારા માબાપનું શું થયું!"

અલીમરદનખાં અજાયબીથી બોલ્યો "એક વખતે વાતચીત કરતા તમ્હે મહને એમ કહયું હતું કે તમહારા બચપણમાં જે તમ્હે મોજ મજાહ ભોગવી તે ઝમાનો તમ્હને યાદ આવે છે! તો પછી મોજ મજાહ કરાવનાર માબાપ ગરીબ મુફલીસ કેમ થયાં તે હું હમણાં તમહારા બોલવાપરથી સહમજી શકતો નથી!"

"હું પોતે એ બાબતમાં ગુંચવાયલી છું." દીલશાદ બોલી "મહારા માબાપ કોણ હતાં તેનીબી તો મહને પુરી ખબર નથી! હું તો એટલુ જાણું છું કે મહારા માબાપે મહારા ગળામાં એક સુનેરી તાવીઝ પહેરાવેલી અને તે તાવીઝમાં એક કાગઝ મુકેલો જે કાગઝપર મહારી ઝીંદગીનો અહેવાલ છે!"

"તે તાવીઝ ક્યાં છે?"

"મુબારકની પાસે છે. મહારી પાસે ખોહવાઇ જાય તેથી મુબારકે પોતાની પાસે રાખેલી છે અને તેને પોતાની મેઝના ખાનામાંજ રાખી મુકે છે."

"એક વખત તે તાવીઝ મહને નહીં બતાવો!" અલીમરદને કહયું મહને કોઇ ચીઝની હવે ઘણી જીજ્ઞાસા થાય છે!"

"જો મુબારકની મેઝનું તે ખાણું ખુલ્લું રહી ગયું હશે તો હમણુંજ લાવું છું, અને નહીં તો પછી મુબારક આવે ને કોઇ તાલ તલાવટથી લઇ આવું તો બને! કદાચ હમણાં લાવીબી શકીશ, કેમકે મુબારકને પોતાના તમામ માણસોપર વીશ્વાસ હોવાથી તે મેઝના ખાના ઘણા ખરા તો બંધ કરતોજ નથી અને ચોક્કસ ઘણા વીશ્વાસુ માણસો સીવા તેના ઓરડામાં બીજનું કોઇ દાખલ થવાની હીંમતબી નથી કરતું!"

તેટલું બોલી દીલશાદ ગઇ, અને મેઝનું ખાણું ખુલ્લું હોવાથી એક ડબ્બીમાંથી તે તાવીઝ તેને મળી શકી જે કાઢી લઇ તે અલીમરદનખાં પાસે દોડી આવી! તેણે તાવીઝ બાંસાહેબના હાથમાં મુકીને કહયું "લો, હું મોટી ખુશકીસમત છું, કેમજે બહુ આસાનીથી તાવીઝ મળી. અરબીમાં એનીપર કાંઇ લખ્યું છે તે પહેલા વાંચો, પછી અંદર શું લખ્યું છે તે વાંચી બતાવો."

તે તાવીઝને બે ચાર વખત ઉલટ પુલટ કરીને જોવા પછી અલીમરદનખાંએ કહયું "એમાં 'એક અલ્લાહ પાકનું નામ આપ્યું છે અને તે પાક બાપ બધું કરી શકે છે,' એમ લખ્યું છે."

તે પછી ફોજદારે બહુ સંભાળથી તે તાવીઝને ખોલી અને તેમાં મુકેલું કાગઝ કહાડયું, તે કાગઝ વાંચતાં વાંચતાં તેનો ચેહેરો ગંભીર બની ગયો! દીલશાદને થોડો વખત ટગર ટગર જોઇને પછી અલીમરદનખાંએ કહયું "દીલશાદ, એમાં ખરેખરજ તમહારી પયદાયશ અને ખાનદાનનો હાલ લખેલો છે."

દીલશાદે કહયું "એ તો મહને ણી માલુમ છે કે લખેલું છે, પણ એમાં મહારા માબાપના નામ લખેલા છે કે નહીં તે કહોની?"

"હા, એમાં તમહારી માદરનું નામ નથી લખ્યું પણ પીદરનું નામ લખેલું છે. વારૂ, તમહને તમારા બાપના નામની શું યાદજ નથી?"

દીલશાદ ગમગીર ચેહેરે બોલી "નહીં! આછા-ફકત આછા એક પડછાયાની માફક પીદરની યાદ મહારા દીલમાં છે, જેથી તેમની સાફ યાદ મહને કાંઇજ નથી થતી!"

"દીલશાદ, તમ્હારા પીતાનું નામ અમીરૂદદઓલા ઝીઆફતઅલીખાં હતું."

"એ નામની મહને યાદજ નથી!!"

"હું દીલગીર તમહારે માટે એટલા સારૂં છું કે તમ્હે આ કયદમાં વરસોથી છો." અલીમરદનખાંએ કહયું અને વધારયું "પણ પાક પરવરદેગારની શું મરઝી હશે કે આપણે બે સગા એકજ ડાકુ સરદારના કયદખાનામાંજ મળી શકયા છીએ."

"શું ત્યારે આપણે બેઉ સગા છઇએ?" દીલશાદે ઘણી મોટી અજાયબીથી પુછયું.

"હા, દીલશાદ! તમ્હે મહારા ઘણાજ નઝદીકના સગા થાઓ છો. તમ્હે મહારી ચચાઝાદ બહેન છો! લોક કહે છે કે લોહી લોહી તરફ દોડે

તે ખરૂંજ છે. તમ્હે મહારી તરફ આવા કયદખાનામાં મેહેરબાન થયા તેનું એજ મુખ્ય કારણ કે તમ્હે મહારા પીત્રેણ છો!"

"પાક ખુદાની શાન!" દીલશાદ ખુશી ખુશી થઇ ગઇ.

અલીમરદનખાંએ કહયું "દીલશાદ! તમ્હે મહઝ એક આલાખાનદાન રઈસની લડકી છો એટલુંજ નહીં બલકે મોટી દઔલતની વારીસા છો."

"ભાઇ!" દીલશાદ બોલી "ચચાઝાદભાઇ! જલ્દી કહો, મહને તમ્હે મહારે માટે જે જે જાણતા હોય તે સઘળું જલદી કહી દો."

"હા, આ તાવીઝમાં જે લખેલું છે અને મેં મારા વાલીદથી જે સાંભળ્યું છે તે બેઉને મેળવીને હું તમહને કુલ હાલતથી વાકેફ કરૂં છું, ગુઝરતા ઝમાનાની બધી વાતો બતલાવી દઉં છું."

"બોલો."

"સાંભળો." અલીમરદનખાં ખુલાસો કરવા લાગ્યા "તમહારા વાલીદનું નામ અમીરૂદદઔલા ઝીઆફતઅલીખાં હતું, તેવણ પાદશાહ હુમાયુના જમણા હાથ મીસાલ હતા. તેવણ પાસે ઘણી મોટી દઔલત હતી. જે વખતે પાદશાહ હુમાયુ મુસીબતઝદા થઇ રહયા હતા, આફતોના શીકાર અને બદઅકબાલીમાં મુબતીલા હતા, તે વખતે તેવણને તમહારા પીદરે પુરતી મદદ આપી હતી. પાદશાહની વફાત થવા પછી અકબર નહાના હતા અને બેહેરામખાં રાજ્ય કારોબાર તપાસતા હતા ત્યારે બેહેરામખાં સાથે તમહારા પીદરને પંચાતી થઈ. તે વખતે બેહેરામખાંનીજ બધેબધ તુટી બોલતી હતી એટલે તે સુફેદ ને કાલું અને કાલાને સુફેદ કહેવડાવવા માંગે તો કહેડાવવી શકતો!! અકબર તે ઝમાનામાં બહુ કાચી ઉમ્મરનો હતો એટલે તેનું ચલણ નહીં ચાલતું, અને ઝુલ્મી બેહેરામખાંએ તમહારા પીદરપર જુઠ્ઠી તહોમત લગાવી! કમઉમ્મર હોવાથી અકબર નાતજરીબેકાર હતો એટલે બેહેરામખાંએ જે સહમજાવ્યું તે માની લીધું, અને તમહારા પીદરની તમામ જાયદાદ જપ્ત કરવા તથા તમહારા પીદરને મારી નાંખ-

વાનો હુકમ નીકળ્યો! તમ્હારા પીદર તે હુકમની જાણ થતાંજ ધણીઆણીને અને તમ્હને લઇને નહાસી છુટયા! નહાસતી વખતે તમહારા પીદરે મહારા પીદરને એટલે પોતાના ભાઇને કહ્યું હતું કે 'હું મહારા દોસ્ત અમાનતખાં પાસે લાહોર જઇ ભરાઉં છું.' એક મહીના પછી મહારા પીદર તમહારા પીદર પાસે લાહોર ગયા અને તેમને કાશમીર નહાસી જવા કહયું કેમ જે બેરામખાંએ લાહોરની જગ્યા જાણી લીધી હતી! રસ્તાની તકલીફ ધ્યાનમાં લઇને તમહારા વાલીદે તમહને પોતાના દોસ્ત અમાનતખાંને ત્યાંજ રાખ્યા અને પછી પોતે ધણીઆણી સાથે કાશમીર જવા નીકલ્યા! તમ્હને તો મહારા પીદર પાસે રાખતે મગર તેમ કરવામાં ધાસ્તી હતી તેથી અમાનતખાંને ત્યાં છોડી જવામાં આવ્યા. અને વળી જતી વખતે તેવણ એક મોટી દઔલત મહારા પીદરને હીરા જવાહીર અને અશરફીઓમાં આપી જતા કહી ગયા કે 'દીલશાદ મોટી થાય તો તેને માટે એ છે.'—તે પછી તમહારી વાલીદા રસ્તાની તકલીફ સહન નહીં કરી શકવાથી મરણ પામી અને તમહારા પીદર શુતરસવારોના એક કાફલા સાથે કુરદીસ્તાન તરફ જવા નીકલ્યા. તેમનાં રસ્તામાં ડાકુઓ મલ્યા અને કાફલો આખો લુટાયો. તમહારા પીદર પાસે બે કીંમતી હીરા હતા, તે હીરા લુટવા છતાંબી તેમણે ડાકુઓએ તંગ કીધા એટલે લાચારીએ તમહારા પીદરે ડાકુઓને ખબર આપી કે 'તેવા બીજા હીરા લાહોરના અમાનતખાં પાસેથી મેળવી શકાશે!' તે ખબર આપવા છતાં તમહારા પીદરને મારી નાંખવામાં આવ્યા હોય તેમ લાગે છે, કેમજે લાહોરમાં આવીને અમાનતખાંને લુટવા છતાંબી તેને તે ધાતકીઓએ મારી નાખ્યો હતો! લાહોરની લુટમાં ડાકુઓએ તમહને મેલવ્યા અને તે દીનથી તમ્હે એમના આ કયદખાનામાં આવી પડયા છો! હવે ત્યારે દીલશાદ, મહારી ચચાઝાદ હમશીરા. યહાંથી છુટવા પછી હું તમહારા પીદરે મહારા પીદરને આપેલી તમહારે માટેની તમામ દઔલત તમ્હને સુપુરદ કરી દઇશ."

"તો ચાલો, આપણે આજે રાતનાજ યહાંથી નહાસી છુટીએ." દીલશાદ બોલી, અને તે ઘણી ખુશાલી દીલમાં સમાવીને ત્યાંથી ગઇ.

પ્રકરણ ૧૭ મું.

અલીરઝાની ઝીન્દગી ભયમાં!

દીલશાદે ખુશીમાં અને ખુશીમાં નહાસવાનું અને પોતાના પીત્રાઈ ભાઇ અલીમરદનખાંને નહસાડવાનું કહ્યું તો ખરૂં મગર તેને તે વખતે ખ્યાલ નહીં થયો કે જે દીવસથી અલીમરદનખાં પકડાયો હતો તે દીવસથી પહરેદારોને સખ્ત તાકીદ આપવામાં આવી હતી, અને તેમનું નહાસવું નામુમકીન હતું! દીલશાદે જ્યારે જાણ્યું કે પછવાડેના ચોર દરવાજા સીવાય કોઇબી બીજે દરવાજેથી નહસાય તેમ નહીં હતું, ત્યારે તે નીરાશ થઇ ગઇ! મગર તે નીરાશા ઉપજવા છતાંબી તેની કોશીશ પછાત પડી નહીં, કેમજે ચોર દરવાજાના કુફલની ચાવી જે હંમેશા મુબારકના કમરામાં રહેતી હતી તે કદાચ જો ત્યાંથી મળી જાય તો કામ થઈ જાય એમ તેને માન્યું.

પણ તેમ માનવામાંથી તે ધોખો ખાતી હતી, કેમજે મુબારક કાંઈ કાચો નહીં હતો કે તાવીઝની મીસાલ ચોર દરવાજાની ચાવીબી ખુલ્લે ખાણે મુકી જાય!—મુબારકનો તે ખાનગી ઓરડો ખુબ તપાસ્યા બાદ જ્યારે દીલશાદને ચોર દરવાજાની ચાવી નહીં મલી, ત્યારે તે પાછી વધુ નીરાશ બની અને હવે નહાસી શકાય તેવો કોઇ રસ્તોજ નહીં જણાવાથી દીલગીર થયલી તે પાછી ફરવા ગઈ અને દરવાજાની બાહર હજી તો પગ મુકે તેટલાંજ કોઇ આકાર તેને સામો મલ્યો! દીલશાદે પુછ્યું "કોણ છો?"

"ખાકસાર ગુલામ મુબારકઅલી." મુબારકે કહ્યું.

"ઓ! તમ્હે આવી લાગ્યા?"

"હા."

"તમ્હે મહને કહયા વગર ચાલી ગયા? આજકાલ તમ્હે મહારેથી પોશીદગી અખત્યાર કરો છો!" દીલશાદ ગમગીર ચેહેરો કરીને બોલી.

"એ સીરફ તહારી ખામખ્યાલી છે! મહને ઉતાવળે જવાનું હતું અને તે વખતે કામમાં મહારૂં ચીત્ત ઘણું રોકાયલું હતું એટલે કહેતાં ભુલી ગયો."

"યાદ રાખો મુબારક, કે હું તમહારા આ રાઝદાર મકાનની રખેવાલી કરૂં છું, અને મહારીપર ભરૂસો નહીં મુકશો કે મહને કહયા વગર કેઠે જશો તો તેમાં તમહારી ભુલ થશે."

"ઠીક છે, ઠીક છે, દીલશાદ!" મુબારક હસીને બોલ્યો અને તેણે ઉમેરયું "જરા તહારે હાથે શરબત તો બનાવી લાવ."

"બા સરોચશમ! હમણાં હું તમહારે માટે એવું શરબત લાઉં કે દીલ તમહારૂં બાગબાગ થઇ જાય!" દીલશાદ હસી હસીને બોલી અને દોડી.

મુબારક મનમાં બોલ્યો "આજેજ મેં પહેલી વખત એને મહારી સાથે આવી રીતે હસીને ખુશીમાં આવી જઇને વાત કરતી જોઇ છે! આજે કાંઈ ફેરફાર એનામાં લાગે છે ખરો!"

તે પછી દીલશાદ શરબત લાવી અને વળી તે મુબારકને પંખો નાંખવા લાગી! કદી તેણે મુબારકને આવી ખુશીથી પંખો નાંખ્યો નહીં હતો!

ધીરે રહીને દીલશાદે પુછયું "તમ્હે અજમેરમાં શું કરી આવ્યા?"

"આજે મેં મહારા દુશ્મને સાનીને કયદ કરી લીધો!"

"તમહારો અવ્વલ દુશ્મન કોણ છે તેજ જ્યારે હું જાણતી નથી તો સાની દુશ્મનને કયાંથી જાણું વારૂ?"

"મહારો પહેલો દુશ્મન અલીમરદનખાં, બીજો દુશ્મન અલીરઝાખાં, અને ત્રીજો દુશ્મન રાજા બીરબલ છે." મુબારક બોલ્યો "બે કમબખ્તો

તો મ્હારી ચુંગાલમાં આવી ગયા છે, હવે રહ્યો છે એક બીરબલ! જો તેણી કબજામાં આવી જાય તો આ નાકેશ પેશોજ છોડી દઇશ, કેમજે મ્હને જે જે માણુસો ઉપર બદલા લેવાના હતા તેઓ મ્હારા સપાટામાં આવી ચુકયા છે."

"ઠીક!" દીલશાદ ચેષ્ટાથી બોલી "અલીમરદનખાં તો યહાંજ છે, મગર નવા પકડાયલા અલીરઝાને ક્યાં રાખ્યો છે?"

"સુલતાનપુરમાં જ્યાં મ્હારૂં મકાન છે ત્યાં તે છે" મુબારકે જવાબ આપ્યો "હાલમાં તો ત્યાંના તહેખાનાની હવા ખાય છે. કાલે તેનું કાપેલું માથું આ કમરામાં હાઝર કરવામાં આવશે!"

"એ કેવી વાત તમ્હે કહો છો!" દીલશાદ ગભરાયલી ગભરાયલી બોલી "ખઔફનાક વાત છે! મુબારક, તમ્હે ઘણાજ સંગદીલ છો."

એટલું બોલી તે પાછલે પગે ગભરાયલી દબાયલી તે કમરો છોડી ગઇ!

દીલશાદ અલીમરદનખાંને નાદ્રસાદ તો નહીં શકી પણ તેને માટે એક ખરાબ ખબર લઇ જઇ શકી! અલીમરદનખાંના રફીક અલીરઝા ડાકુ સરદારને હાથ ગીરફતાર થયો હતો, અને તેને મારી નાંખવામાં આવનાર હતો!

પ્રકરણ ૧૮ મું.

શકરલબની ચીઠ્ઠી દીલશાદના હાથમાં!

અજમેરમાં જઇને અલીરઝાને પકડી લઇને તેને સુલતાનપુરમાં પોતાના મકાનમાં કયદ કરીને પાછા ફરવા પછી મુબારકને પહેલું કામ જે કરવાનું હતું તે શકરલબપર ચીઠ્ઠી લખવાની હતી.

કબુતરની સાથે તે જવાબ મોકલવાનું મુબારકે મુનાસીબ માન્યું નહીં. આ કાગઝ જો શકરલબ પાસે નહીં પહોંચે અને કોઇ બીજાના હાથમાં જાય તો બહુ મોટી મુશકીલી શકરલબ માટે જઇ પડે! મુબારકે તેથી ખુબ સોચ વીચાર કરીને એક નોકરને મોકલીને અહમદખાં મુસવવીરની માદરને બોલાવી લાવવા ફરમાવ્યું. આ ઓરત જેને બોલાવવામાં આવી હતી તે તેજ ઓરત હતી જેણે "જુમ્મા પીર"ના ઓરસમાં મુબારકની તસ્વીર શકરલબને વેચી હતી! આ બુઠીયાએ મુબારકના ઘણા કામો કીધા હતા, તેણે મુબારકની તસ્વીર મેળામાં ખામખા શકરને વેચી હતી, અને હવે તેનેજ ડાકુ સરદારે ચીઠ્ઠી લઇ જવા માટે હમણાં પણ બોલાવી.

તસવીરવાલી આવે તેટલાં શકરલબની ચીઠ્ઠી જેબમાંથી કાઢીને એકવાર ફરીથી મુબારકે તે ચુમી અને પછી તેનો જવાબ લખવા તે બેઠો. તેણે નીચે મુજબની એક ચીઠ્ઠી શકરપર લખી:—

> "તમ્હારી ચીઠ્ઠીએ તો મહને ઉલટો ચક્રાવામાં નાંખ્યો છે! તમ્હને મળવા માટે મહને સખ્ત ઉજલત બેચેની અને બેસબરી થઇ રહી છે. એમાં કોઇ શક નથી કે હું ડાકુ છું, લેકીન, મેં આજ સુધી કદી વાદાશીકની કે યકીનફરામોશી નથી કીધી. અગર તમ્હે રજા આપો તો હું કોઇ ને કોઇ તરકીબે તમહારી આરામગાહમાં

આવી શકું છું, કેમજે મહારેથી નહીં બને તેવું કોઇબી કામ નથી! લેકીન, એવું કરવામાં મહને તમહારા જાનનો ખતરો લાગે છે અને તેથીજ અંદેશો થાય છે. હું પાક ખુદાનું નામ લઇને કહું છું કે તમ્હે મહને મલતા જરાકબી ફીકર કરશો નહીં, કેમજે તમહારી પાકદામની માટે મહને મોટું માન રહેશે. હું આ બુઢીયા તસ્વીરવાલીને મોકલું છું, અગરજો તમહારી ખવાહીશ હોય તો તમ્હે બેખઓફ એની સાથે ચાલી આવી શકશો, મેળામાં આ બુઢીયાથી તમહારી જાન પહચાન થઈ ચુકી છે. આ વાતને બખુબી યાદ રાખજો કે મુબારક હરામીપણું કદીબી નહીં કરશે. હું તમ્હને એજ ડોસીની સાથ સાથ ઘર પાછા પહોંચાડી દઇશ."

તે પછી બુઢી આવી જે મુબારકને નમીનમીને બોલી "પાક અલ્લાહ કરીમ આપને હર બલાથી મહફુઝ રાખે! આ બાંદીને શું હુકમ આપવાનો છે, હુઝુર આલી?"

"તમ્હે "જુમ્મા પીર"ના ઓરસમાં જે સુંદરીને મહારી તસ્વીર વેચી હતી તેને ભુલી તો નથી ગયાની?"

"ભુલું? કદી નહીં. પાદશાહના વઝીર આઝમ ગયાસબેગની ભત્રીજી કેની?"

"હા, અને તમ્હેજ એક દીવસે તેની આરામગાહમાં મહારી ચીઠ્ઠી મુકી આવેલા તે યાદ છેની?"

"બખુબી, જનાબઆલી."

"ઠીક, તમહને તે વખતે જેટલી ધાસ્તી પડી હતી તેટલી ધાસ્તી હવે તમહને મહેલમાં જવા માટે પડશે નહીં." મુબારકે સ્હમજાયું "આ મરતબા તમ્હે તસ્વીરવાલી બનીને તસવીર વેચવાને બહાણે મહેલમાં દાખલ થાઓ અને આ ચીઠ્ઠી શકરલબને આપી આવો. કામ વળી એકદમજ આસાન અને બેખટકાનું નથી, તમ્હને ખુબ હોશીયારી અને ખબરદારીથી

કામ લેવું પડશે. આ ખત બહુજ પોશીદા છે માટે તે શકરલબનાજ હાથમાં જાય એમ કરજો. અગર તમ્હે ઘણી સફાઇની સાથે મ્હારૂં કામ કરશો તો તમ્હને પાંચ અશરફી ઇનામમાં મળશે.”

એક નહીં, બે નહીં, એક્કી વખતે પાંચ! બુઢી મુસકુરાઇને બોલી “ગરીબ પરવર સલામત! આપ તો હમલોકના શેઠ છો, જે હુકમ કરશો તે અમો બસરોચશમ બજા લાવીશું, અમારી તો ફરજ અમે બજાવીશું. હું બહુ જલદી જઇને ઘણી હોશીયારીથી કામ કરીને વાપસ ફરૂં છું.”

“ઠીક, થોડીક ચુંન્દા ચુંન્દા તસ્વીર તો લઇ જાઓ. કદાચ શકરના ઓરડામાં તેની બહેન હોય તો તસ્વીર બતાવવાનું બહાણું તો મળે!”

બુઢીયા સલામ કરીને બાહર પડી!

તે ગઇ હશે કે થોડેજ વખતે દીલશાદ ફરીથી મુબારક પાસે આવી ઉભી! અને આવતાજ બોલી “જનાબ મુબારકઅલી સાહેબ! મીઝાજ શરીફ? પેલી બુઢીયાની સાથે હમણા શી વાત કરતા હતા? કોઇ ગરીબને ચઉપટ કરવાની સલાહ હતી વારૂ?”

મુબારક સ્હેજ ચોંકયો પણ ધીરેથી બોલ્યો “નહીં, એના બેટાને માટે એ થોડીક મદદ લેવા આવી હતી તે મેં આપી.”

“હું તો અમથી હસતી હતી!” દીલશાદ બોલી “મુજ દીવાનીની વાતપર વીચારણી ના કરતા! હું તો પાછી એ માટે આવી છું કે હવે પેલો જવાહીરાતોનો હાર લઇ લો અને તેના બદલામાં અલીમરદનખાંને છોડી દો.”

“એ વાત કદી નહીં બનશે.” મુબારકે મક્કમપણે કહ્યું “આપેલી ચીઝ હું પાછી લઇ શકતો નથી, હું હાર પાછો લઇશ નહીં અને અલી-મરદનખાંને છોડીશ નહીં. એને પાણીમાં ફેંક યા ગરીબ લાચારો માટે મોકલી દે! મગર હું જે ચીઝ આપેલી હોય તે ચીઝને પાછી લેવાની બીનાને વાહીયાત અને તે કામમાં કમીણાપણું માનું છું.”

એટલું બોલી મુબારક જુસ્સાથી તે કમરો છોડી ગયો !

મુબારક જુસ્સામાં ચાલી તો ગયો, મગર તે શકરલબવાલી ચીઠ્ઠી જેબમાં પાછી મુકતાં ભુલી ગયો !

મુબારકના જવા બાદ દીલશાદે એક ચીઠ્ઠી પડેલી જોઇને ઉંચકી લીધી અને તે સાદી સહેલી ઉર્દુ ભાષામાં સુંદર હર્ફે લખેલી હતી તેથી તેને વાંચવામાં તકલીફ પડી નહીં. તેણે તે ચીઠ્ઠી ઉંચકીને વાંચી ! અને વાંચતાજ તે ગભરાઇ ગઇ—તેના ચેહેરાનો રંગ ઉતરયો અને ચઢયો—તે ગુસ્સે થઇ ગઇ અને ધ્રુજવા લાગી—અને તે ચીઠ્ઠીને ધીક્કારની નઝરથી જોવા લાગી !

તે ચીઠ્ઠી શકરલબે મુબારકપર લખેલી હતી એમ જાણીને તેના હોશ વ હવાસ ગાયા ગુમ થઇ ગયાં ! !

પ્રકરણ ૧૯ મું.

બંધાતો કીલ્લો !—તેને તોડવાનો દારૂગોળો !!

વઝીરે આઝમ ગયાસબેગના મહેલ સુધી તસ્વીરવાલી ગઇ, પણ અંદર જવાને માટે તેને તકલીફ પડી, દરવાઝાપરનો પહરેદાર તેને મહેલમાં જવા દે તેમ નહીં હતું, કેમકે તે બુઢીને અંદર ઘુસ્તી રોકવા લાગ્યો. ડોસીએ રડતી સુરત બનાવીને ગડગડ કંઠે કહયું "બેટા ! હું ગરીબ છું, તસવીર

વેચીનેજ ઓકાત ગુજાર કરૂં છું. તસવીરો મોટા મોટા અમીર ઉમરાવોની ઓરતોજ ખરીદે છે. બદકીસમતીથી આજે હમણા સુધી એકબી તસવીર વેચી નથી, અગર આ મહેલમાં એકાદ વેચાઇ જાય તો બાલબચ્ચાંનાં મોંઢામાં દાણો પડશે, તેમની આંતરડી દુઆ દેશે! બેટા, નહીં જવા દેશો તો આજે ખાધા વગર મહારાં બચ્ચાં ભુખથી ટવલશે.”

બુઢીયાનું રડવું પહેરેદારના દીલમાં અસર કરી શક્યું. તેણે દયા લાવીને તેને અંદર જવા દીધી! તે હસ્તી ખુશી થતી અંદર ગઇ અને શકરલબના ઓરડા તરફ જતા તેને વાર નહીં લાગી.

ગુલલાલા અને શકરલબ એકજ કમરામાં તે વખતે બેઠેલી હતી, અને તેઓ પગમા મેંહદી લગાડવા જવા માટેની તઇયારી કરતી હતી તેજ વખતે બુઢીયાએ આવાઝ કીધો “તસવીર જોઇશે ?”

શકરલબે ચહેરો ઉઠાવીને બુઢીયા તરફ જોયું કે તે તે ડોસીને ઓળખી ગઇ, પણ તેની બહેન તે વાત જાણે નહીં તે માટે તે અજાણી થઇ ગઇ અને તેણે બુઢીને પુછયું, “બુઢી, આ કોની તસવીર લાવી છે ?”

તે સાંભળીને ડોસી ઓરડામાં પગ મુકવા ગઇ કે ગુલલાલાએ બુમ પાડી “જાની, યહાંથી ચાલી જા! અમે મેંહદી લગાડવા જઇએ છીએ જેથી તસવીર જોવાની ફુરસત નથી! જા, જઇને કોઈ બીજાને પુછ, યહાં મેહેલમાં તે વળી તસવીર વેચવાની શી વાત ?”

ગુલલાલા આવી રીતે પેલી ડોસીને ધુતકારીને બોલતી હતી તેથી શકરલબે કહયું “બહેન! જોવામાં બુરાઈ શું છે? જોઇએ તો ખરા કેવી તરેહની તસવીરો છે? બીચારી ગરીબ મોહતાજ છે એટલે એનો પેશોજ એ છે. જોવાના કાંઈ પઈસા તો માંગતીજ નથી અને જોવાથી ખરીદવીજ પડશે તેમબી તો નથીજ! આવ બુઢીયા, અંદર આવ, જોઉં તસવીરો કેવી છે?”

તે સાંભળીને ડોસી ખુશીની સાથે અંદર ગઈ. તે અંદર દાખલ થઈ કે તુરતજ તેના ચેહરા તરફ જોઇને શકરલબે એવો ભેદી ઇશારો કીધો કે "ડરવાનું કોઇ કામ નથી, લેકીન જોજે હોશીયારીથી કામ લેજે."

તે પછી ગુલલાલા અને શકરલબ એક એક કરીને તસવીરો જોવા લાગી, લેકીન ગુલને એકબી પસંદ નહીં આવી, જેથી તેણે છેડાઇને કહયું "શકર! ત્હારા હર કામમાં ઝીદદ હોય છે! કોણ જાણે કોઇ કોઇ વખતે કેમ ત્હારા માથાપર ભુત સવાર થાય છે કે જે ઝીદદ પકડે છે તે પુરીજ કરે છે! હવે આ તસવીરમાં તે શું બલ્યું છે? ફોડ માથું. હું તો મેંહદી લગાડવા જાઉં છું." એમ બોલીને ગુલલાલા ગઈ.

દરદીને જોઇતું હતું તેવુંજ તબીબે ફરમાવ્યું! શકરને જે જોઈતું હતું તેજ થયું! ગુલલાલાના જવાથી બુઢીયા મુસકુરાઇને બોલી "બેટી! હું તસવીર વેચવા નથી આવી બલકે મુબારકનો ખત લઈ આવી છું." એમ બોલીને તેણે શકરલબના હાથમાં મુબારકની ચીઠ્ઠી આપી દીધી!

ખુબ ધ્યાનથી ચીઠઠીને વાંચીને શકરે મનમાં ને મનમાં સોચ્યું "જ્યારે હું મહારી કમઅકલીથી વાતને યહાં સુધી લંબાવી શકી તો પછી હવે પાછળ પગલાં નહીં ભરીશ! મુબારકને મળવું મહારે માટે નીહાયત ઝુરરી છે—તેને મળીને હું એક બહુ મોટું કામ કરવા માગું છું. જ્યારે તેણે પાક ખુદાના નામથી લખ્યું છે ત્યારે તે મહારી સાથે બુરાઇ કદીબી નહીંજ કરશે. અગર જો મુબારક મહારી સાથે બુરાઇજ કરવા માંગે તો પછી આ મહેલના અનેક પહરેદારો છતાંબી તે મહારીપર ઝુલમ કરી શકે તેવો છે! મેં તેનીપર ખત લખીને મહારૂં દીલ ગોયા તેના હાથોમાં આપી દીધું છે તો હવે મહારી કમઅકલીનો નતીજો જેબી આવે તે મહારે ભોગવવો તો જોઇશેજ."

એમ સોચી વીચારીને શકરલબે નીચે મુજબની એક ચીઠઠી લખી:

"ઉપર પાક અલ્લાહ નીગાહબાન છે, જેની કુદરત, નેમત, રહમત, અને બન્દા પરવરીપર પુરેપુરા યકીન અને ઇમાન સાથે હું તમ્હારા

જેવા બહાદુર શખ્સના કબોલપર ઈતબાર કરીને તમ્હને મળવાનુ મંઝુર રાખું છું. આજે અરધી રાતના બાર વાગે આ બુઢીયાને મહારા ચોર દરવાઝાની પાસે આવવા માટે કહેજો હું એને શું ઇશારો કરવો તે હુમણા બતલાઉં છું, જે ઇશારો કરીને એ ઉભા રહેશે કે હું ચોર દરવાઝો ખોલી દઇશ.”

લખવાનું પુરૂં કરીને ચીઠ્ઠી બીડીને શકરલબે તે બુઢીયાના હાથમાં આપી દીધી. બુઢીયાને એવી આશા નહીં હતી કે આટલી બધી આસાનીથી તેના કામને ફતેહમંદી મળશે! તે ઇનામ મળવાની આશાથી હસ્તી હેતરાતી મહેલની બાહર નીકલી ગઇ!

એ વાત તો થઇ, હવે આપણે પેલી તરફ મુબારકના મકાનમાં પાછા ફરશું.

કમનસીબે શકરલબની ચીઠ્ઠી મુબારકની અચકનની જેબમાં જવાને બદલે બાહર રહી ગયલી દીલશાદને મળી હતી તે તો આપણે જોઇ આવ્યા છીએ. તે ચીઠઠીની યાદ જ્યારે થઇ ત્યારે મુબારકે બહુ શોધ કીધી મગર તે મળી શકી નહીં. દીલશાદના હાથમાં તે ચીઠ્ઠી ગઈ છે તેવો સ્હેજબી શક મુબારકને ગયો નહીં!

શકરલબની ચીઠઠી મળવાથી ગરમ આગ થઇ ગયલી દીલશાદ જેમ બને તેમ જલદી અલીમરદનખાં પાસે જવા માંગતી હતી અને તે પોતાના પીત્રાઇ ભાઇ આગલ પહોંચીબી ગઇ.

ફોજદારના કચદખાનાની કોટડીમાં પગ મુકતાંજ દીલશાદે ચહેરો મલીન કરી નાંખ્યો! ખાંસાહેબે બીહતા બીહતા પુછ્યું “શું ખબર છે, દીલશાદ? તમહારો ચહેરો એવો ઝરદ કેમ થઈ ગયો છે, બહેન?”

પોતાના કપડાંમાંથી દીલશાદે પેલી ચીઠઠી કાઢીને ખાંસાસેબને આપતાં કહ્યું “ભાઈ, જરા આ ચીઠઠી તો વાંચો.”

ચીઠ્ઠી લઇને ઘણા ધ્યાનથી વાંચીને દીલગીરી સાથે અલીમરદનખાંએ કહ્યું "યા પાક ખુદા! આ વળી કેવી બલા નમુદ થઇ! શું એ વાત મુમકીન છે?"

દીલશાદે પુછ્યું "ભાઈ, વાત શું છે? એ શકરલબ કોણ છે?"

એક લાંબો નીસાસો ખેંચીને અલીમરદનખાં બોલ્યો "હું નહીં કહીં શકતો કે આ મુબારક કોઇ જાદુ જાણે છે કે શું વાત છે! જરૂર એ કોઇ ફીતનાગર લાગે છે! સઉથી વધારે તઅજાજુબની વાત તો એ છે કે વઝીર આઝમ ગયાસબેગની ભત્રીજી આવી રીતે કેમ ભોંયે પડી ગઇ? યા પાક અલ્લાહ! આવી ઓરતોના ઢંગ સ્હમજવા એ મરદોની કાયનાતથી દુર છે!!"

દીલશાદે આંખો ફાડીને કહ્યું "શું શકરલબ અઝહદ ખુબસુરત છે?"

અલીમરદનખાંએ તેના જવાબમાં કહ્યું "મહારી બીવીએ મ્હને જેમ કહ્યું હતું તેમ તેનાથી મહને માલુમ પડ્યું છે કે ગયાસબેગની દુખતર મીહરૂનીસાની ખુબસુરતીની પછી આ શકરલબની ખુબસુરતી આવે છે!!"

તે સાંભળીને દીલશાદે સોચ્યું "એથીજ તો આજકાલ મુબારક મહારી ઉપર કમમેહેરબાન છે અને મહારેથી એમ ઉલટી ચાલ ચાલી રહેલો છે! મુબારકના દીલોજીગરમાં એજ શકરલબની તસવીર હવે નકશ થઇ ગઇ છે!"

તેમ વીચારીને પછી એક લાંબો નીસાસો ખેંચીને દીલશાદ બોલી "ત્યારે તો જોઉં છું કે મહારી પુરી કમબખ્તી આવી! જે ઉમેદને દીલમાં વસાવી હું અત્યાર સુધી મહારી ઝીન્ગીનો રસ્તો કાપતી હતી, તે ઉમેદની રોશનીને આ કોઇ શકરલબે તેની એકજ ફુંકમાં ગુલ કરી દીધી! ભાઇ અલીમરદનખાં, હવે મહારૂં શું થશે? તમહારા બહેનને તમ્હે બચાવો."

દીલશાદના વાતોથી અલીમરદનખાં પહેલાથીજ સ્હમજી ગયો હતો કે ઉપરથી દીલશાદ ગમે તેટલી મુબારકને ધીક્કારતી હોય છતાં તે પોતાના

દીલની અંદર તો તેને માટે પ્યાર રાખતી હતી! તેથી હમણાં દીલશાદના દીલમાં શું શું થતું હશે તેનો ખયાલ અલીમરદનખાંને આવી ગયો.

થોડો વખત ચુપ રહીને દીલશાદે પુછયું "ભાઇ, આ કોઇ શકરલબને જાહન્નુમરસીદા કરવા માટે શું કોઇ તરકીબ નથી?"

દીલશાદના મનની વાત જાણીને ખાંસાહેબે કહયું "છે, કેમ નથી? મગર તમ્હે એકદમ બેરહમીની સાથે બદલો નહીં લઇ શકશો, કેમ જે હું જે તરકીબની વાત કહું છું તે સીરફ શકરલબનેજ આફતમાં નહીં નાંખશે બલકે તેથી તમહારા ચાહેલા મુબારકનેબી મુસીબતઝદા થવું પડશે!"

લેકીન દીલશાદ બોલી "થવું પડે તો હવે થવા દો! ચારો તરફની દોઝખની આગ ભલે પોતાની તેઝ લપેટ ફેલાવીને તેમાં બધાંને લપેટી લે-તેથી મહારૂં શું નુકસાન? યકીન ફરામોશ મુબારક અને ચાલબાઝ શકરલબ તે ધધકતી આગમાં જળીને ખાક થઇ જાય-તેથી મહારૂં શું જાય? હું તો ફકત બદલો લેવા ચાહું છું. ભાઇ, મહને એવો રસ્તો બતાવો કે જેથી મહારી તમામ ઉમેદોપર પાણી ફેરવનારાંઓ ઉપર બદલો લઇ શકું."

અલીમરદનખાંએ કહયું "બહુ ખતરનાક કામ છે! એમાં બહુ ખબરદારી અને હોશ્યારીથી કામ લેવું પડશે. મહારે હાથનો રૂકકો કોઈ રીતે ગયાસબેગના હાથમાં પહોંચી જાય તો બધું કામ બની જાય તેમ છે! કોઇ આદમી યહાં શું એવો આપ જાણો છો જે પોતાની જોખમદારીએ કામ કરી શકે! આદમી નેહાયત હોશીયાર અને ચંચલ હોવો જોઇએ."

કાંઇ સોચી વીચારીને દીલશાદે કહયું "નહીં! યહાંનો હર શખ્સ હોશીયાર અને મુબારકનો હુકુમી બન્દો, ફરમાબરદાર, અને તેનો મુતકીદ છે! તેના નોકરો બધાજ નમકહલાલ છે, જે વાત મહને બખુબી ખબર છે. મુબારકનો એકબી નોકર તેની સાથે દગો કરશે નહીં. જો તમહારી રજા હોય તો હું પોતે જાઉં! ભાઇ, તમ્હે નથી જાણતા કે મુહબ્બતના બદલામાં નાઉમેદી અને બેકદરી હાસીલ કરીને ઓરતોના સીરપર કેવી જાતની શય-

તનત સ્વાર થાય છે તે! મુહબ્બતથી કમજોર ઓરતમાંબી બદલો લેવા માટે હીંમત, તાકત અને કુવ્વત બેવડી વધી જાય છે! માહુઝ સીધી સાદ્દી એકસ અને કમજોર ઓરતો પોતાની તમામ ઉમેદો પસ્ત થતી જોઇને અને પોતાના પ્યારાને બીજાના હાથમાં જતો જોઇને પુરેપુરી શયતાન બની જાય છે અને તેથી તે તુફાન, વીજલી, પત્થર, પાણી, કોઇ વાતની પરવા નથી કરતી, અને બદલો લેવા માટેજ કમરબસ્તા થઇ જાય છે! જે મ્હારા કોઇબી કુસુર વગર મહારા તમામ અમનો ચયન તમામ ઉમેદો અને બધી દીલી ખવાહીશોનું ખુન કરવા પર આમદા થઈ છે તને નેસ્તો નાબુદ કરવા માટે હું જે બની શકશે તે બધુજ કરીશ."

મનમાં ને મનમાં અલીમરદનખાં થોડો વખત સોચ કરવા લાગ્યો તેણે વીચાર કીધો કે "કોઈ રીતે ગયાસબેગને જો મહારી ચીઠ્ઠી મળે તો મહારોબી છુટકો થઇ જાય, કેમજે દીલશાદ તેમને મુબારકના અહાનો રસ્તો બતાવી દેશે."

અલીમરદનખાંનો અભીપ્રાય સાંભળીને દીલશાદ કાગઝ, કલમ, અને સ્યાહી લઈ આવી. ખાંસાહેબે દીલશાદને કહયું "આજે તો ચીઠ્ઠી મહારીજ પાસે રહેવા દો, કેમજે આવા મામલામાં જોશમાં આવીને ઝટપટ કોઇ કામ નહીં કરી નાખવું જોઇએ! અને મહને ઠીક રીતે આ બધી વાતોપર ગઓર કરવા દો, કાલે તમહને હું આ ખત આપી શકીશ. મુમકીન છે કે આજ રાતમાં કોઇ એવો બનાવ બની જાય કે જેથી આપણને કોઈ બીજો તરીકો અખત્યાર કરવો પડે!"

અંતઃકરણમાં ઘોર દુઃખ ભરી લઈ દીલશાદ ત્યાંથી ગઇ! તેના દીલમાં ભારી તુફાન જારી હતું. તે પોતાના બીછાનાપર જઇ પડી, પણ તે બીછાનાપર જાણે કોઇએ આગની ચીનગારીઓ વીખેરી નાંખી હોય તેમ તેને બધેજ ગરમ ગરમ લાગ્યું! તે આરામ લઇ નહીં શકી! તે ગુસ્સાથી મનમાં બોલી "મુબારક! દગાબાઝ મુબારક! તમહારા જે દીલોજીગરપર હું મલકાની તરેહ શાનની સાથે બેહેલી હતી ત્યાંથી મહને દુર કરીને તે જગ્યા

શાકરલબને આપી કે હું તેની બાંડી બનું ? કદી નહીં ! કદી નહીં ! બેરહમ, કાતીલ ! એજ તમહારા મુહબ્બતનો તરીકો છે કે ? જુઠા, બેઈમાન ! તમહારી સચ્ચાઇનો શું આજ નમુનો છે ? તમ્હે તો એ મોટા ફખ્રની સાથે કહ્યા કરતા હતા કે જવાંમરદ શખ્સ જુઠું નથી બોલતા ! યાદ રાખજો મુબારક કે એક પઠાણની હું છોકરી છું, અને પઠાણોની છોકરી આવી રીતે દીલ તુટી જાય તો, આવી રીતે પોતાની ઉમેદો ચકનાચુર થતી જોય તો, પોતાની મુહબ્બતનાં બદલામાં દગો થયલો જોય તો દગાબાઝોના ગલાંપર હાથ દાબી દે છે, તેમની જાનની તલબગાર થાય છે !"

એટલું બોલ્યા બાદ દીલશાદે ખુબ રડી લીધું !!

પ્રકરણ ૨૦ મું.

મુબારક સનમુખ શાકરલબ !!

ગયાસબેગના ઝનાનખાનાના ચોર દરવાઝા આગલના એક ઝાડ પાછલ તે અંધારી રાતના પેલી તસવીરવાલી બુઢીયા આવી ઉભી રહી અને ઘણો વખત થઇ જવા પછીજ શાકરલબ તેની પાસે જઇ શકી !

બુઢીયા બોલી "તમ્હે એટલી વાર કેમ લગાડી ?"

શાકરલબે કહ્યું "જ્યાંસુધી મહારી મોટી બહેન સુઇ નહી જાય ત્યાંસુધી હું કેમ ઘરની બાહર કદમ મુકી શકું ? મહને સખ્ત અફસોસ છે કે તમ્હે મહારે માટે બહુ ખોટી થયા, માફ કરજો."

"હું તેને માટે દીલગીર નથી" બુઢીઆ બોલી "ચાલો મહારી સાથે."

"ક્યાં લઈ જશો ?"

"પાસેજ છે-વધારે દુર નહીં જવું પડશે."

"તમહારા માલીક ક્યાં છે ?"

"તમહારા દીદારના ખોટી છે-પાસેજ છે."

"શકરલબ મનમાં સોચવા લાગી "અગર મુબારક મહારી સાથે બુરી તરેહ પેશ આવે? તે મહને જો કયદ કરી લે તો? તો તેવી હાલતમાં શું થાય? મહારા યકાયક ઘરથી ગાયબ થઇ જવાની વાત જાહેર થતાંજ મહારા કાકાની ઇઝ્ઝત આબરૂ ખાકમાં મળી જશે! મહારી પ્યારી બહેન, મહારી ઝીન્ગીની એકજ માઝાદ સાથી, જે માબાપના મરવા પછી બહુ મોટા પ્યારથી મહને રાખે છે તે મહારી પ્યારી ગુલલાલાના દીલમાં શું થશે? અંજામ મહને તો બુરો માલુમ પડે છે! ફકત બદનામી અને બેઇઝ્ઝતીજ હાસીલ થશે એમ મહને તો લાગે છે! અફસોસ, સદ અફસોસ! મેં શા માટે આવા ખતરનાક રસ્તામાં કદમ મુક્યા? લેકીન હવે જ્યારે ઝબાન આપી ચુકી છું અને તે બીચારો મહારે માટે ખોટી થતો બેઠો છે તો પછી કીસમતમાં જે લખ્યું હશે તેજ થશે. મહને આ બુઢીયા સાથે જવું તો ઝુરૂરજ જોઇએ."

એટલું સોચીને તે બોલી "ચાલો, હું તમહારી સાથે આવું છું."

થોડેજ દુર જતા શકરલબે અજાયબી સાથે જોયું તો એક આકાર ઝાડની આડમાંથી નીકળી આવ્યો! તે મુબારક હતો જે મીઠા સ્વરથી બોલ્યો "શકરલબ બીબી! મુબારકની બંદગી કબુલ કરજો! પાક ખુદા તમ્હને હરબલાથી મહફુઝ રાખે, તમહારી તમામ મુશકીલો આસાન કરે!"

મુબારકનો આવાઝ બહુ મીઠો હતો-તેમાં સ્હેજબી સખ્તાઇ નહીં હતી. મોટે મોટે ઘરના અમીર ઉમરા જેવી રીતે અદબ, કાયદા, અને સુલુકથી વાત કરે છે તેવીજ રીતે તેણે વાતચીત કીધી.

શકરલબે હીંમતથી કહયું "જનાબઆલી, હું તહેદીલથી આપની આવી રહમ દીલ વાતોને માટે શુક્રીઆ અદા કરૂં છું, પાક ખુદાતાલાને અરજ કરૂં છું કે તે પાક બાપ હંમેશા આપને ખુશો ખુરરમ રાખે! આપ મહને કયાં લઇ જવા માંગો છો?"

"થોડે દુરના એક મકાનમાં."

શકરલબના ચહેરાપર લીલા રંગની ઓઢણીનો ઘુંઘટ પડેલો હતો જેની અંદર મોંઢાને તદનજ છુપાવી લેતા તે લાજથી ધુરૂજીને બોલી "હું સારા ઘરની પાકદામન છોકરી છું તોબી આવી રાતની વખતે ફક્ત આપની વાતપર વીશ્વાસ રાખીને યહાં આવી છું. રાતના બે ભાગ લગભગ નીકલી ગયા છે, રાતના ત્રીજે પોહરની અંદર મહારે ઘર પાછું ફરવું પડશે. જો તેમ નહીં થશે તો મહારી પુરી કમબખ્તી થશે! તમ્હે એ વાતનો બંદોબસ્ત કીધો છે કે?"

"તમ્હે કુલ્લ ફીકરમન્દ નહીં થાઓ." મુબારક બોલ્યો "મુબારક પોતાના વચનનો માણુસ છે. તમહારીપર કોઇ જાતની વબાલ નહીં આવશે. જો કદાપી પાક ખુદા નખવાહસ્તા તેવી કોઇ બલા આવી પડે તો તમહને બચાવવાને માટે હું ખુદ પોતાની જાન જોખમમાં નાંખીશ તે ખુબ યાદ રાખજો! હું તમહને અઇન વખતપર ઘરે પહોંચાડી દઇશ."

તે પછી થોડું ચાલતાં એક સરાય આવી. રાત બહુ નીકલી ગઇ હતી, એટલે સરાયનો દરવાજો બંધ હતો અને ચીરાગ બુઝાવી બધાં સુઇ રહયાં હતાં. સરાયના દરવાજા આગળ આવીને મુબારકે હસીને કહયું "આ લો, હવે આપણે આપણી મનઝીલે મકસુદપર પહોંચી ગયાં."

સરાયની મગરેબી બાજુપર એક સાંકડી ગલી હતી, પણ તે ઘણી સાફ સુથરી હતી. તેને જોવાથી તે આવવા જવાની ગલીજ હોય તેમ લાગતી હતી. મુબારકે શકરલબને કહયું "ગલી અંધારી છે, અગર જો કોઇ રીતનો વાંધો નહીં હોય, તો મહારો હાથ પકડીને ચાલો."

લાચાર શકરલબ તેનો હાથ પકડીને ગલીમાં ચાલી!–અહહ! કેવો મીઠઠો પ્યારો પ્યારો સ્પરશ તે હતો! તે સ્પરશથી મુબારકનું આખું શરીર મધુર લાગણીથી કંપી ઉઠયું!!

તે ગલીમાં થોડુંજ ચાલ્યા પછી મુબારકે સરાયની દીવાલમાં પડેલા એક મોટા છેદપર મોહ મુકીને કાંઇ કહયું કે સરાયનો તે તરફનો દરવાઝો એકદમ ખુલી ગયો અને એક જાડા લાંબા શરીરનો ખોઝો સામે આવી ઉભો અને માથું નમાવી નમાવીને મુબારકને સલામ કરતા તે બોલ્યો "પાક ખુદા હાફીઝ! ગરીબ પરવર, આવો, ઉપર તશરીફ લઈ ચાલો."

તેઓ તે સરાયમાં દાખલ થયાં. પેલી ડોસીને બીજા કમરામાં મોકલી. જે પછી એક ખુબ સજાવટવાલા ઓરડામાં ગયાં કે તેમને છોડીને ખોઝો ચાલી ગયો. મુબારકે શકરલબને કહયું "શકરલબ બીબી! હું એ વાતને મહારી બહુ મોટી ખુશનસીબી સ્હમજું છું કે તમ્હે આવા એક ગરીબખાનામાં તશરીફ લઇ આવ્યા છો! હું પાક ખુદાને હાઝર નાઝર જાણીને કહું છું કે તમ્હને કોઇ વાતની મહારેથી ફીકર કરવી પડશે નહીં. તમ્હે યહાંજ બેસો, હું જરા પાસેના બીજા કમરામાં જઈ આવું છું."

ચેરાગની રોશનીથી જગમગી રહેલા તે કમરામાં એકલી બેસીને શકરલબ મનમાં વીચાર કરવા લાગી. તેણે ધીરે ધીરે આજુબાજુમાં જોયું તો તે કમરો કોઇ મોટા રઇસના બેઠકખાના જેવો સજાવેલો હતો! દીવાલોમાં માણસના કદના આઈના જડેલા હતા, ઓરડામાં જગેજગ તાઝા અને ખુશબુદાર ફુલોના ગુલદસ્તા મુકેલા હતા જેના સુગંધથી આખો ઓરડો બહેક બહેક થઈ રહયો હતો.

શકર મનમાં બોલવા લાગી "મુબારક આવી રીતે જલદીથી કેમ બીજા ઓરડામાં ચાલી ગયો? શું તેમાં એની કોઇ બીજી મતલબ છે? ઠીક, પણ હું તો હર સુરતે તઇયાર થઇનેજ આવી છું, તો પછી ફીકરની શી વાત છે? અગર જો એ જરાકબી બદનીયતી ઝાહેર કરશે તો મહારાં કપડાંમાં છુપાવેલી કટાર તેની બેજા હરકતનો ફઓરન બદલો લઈ લેશે."

તે એમ સોચતી હતી તેટલામાં મુબારક પોતાના હાથમાં એક સનદુકચી લઇને આવી પહોંચ્યો.

શકર જે સોફાપર બેઠેલી હતી તેની પાસે એક કુરસી હતી જે કુરસીપર બેસતા મુબારકે કહયું "શકરલબ બીબી! તમ્હે કોઇ તરેહના ખોફો ખતરનો ખ્યાલ નહીં કરીને ડાકુઓના સરદાર મુબારકને મળવા કબુલ કીધું અને મળવાને માટે તશરીફ લઇ આવી તે તમહારી તસ્દીને હું બહુ તસલીમ કરૂં છું. આ મુલાકાતની યાદદાશ્તમાં હું તમ્હને એક મહઝ મામુલી ચીઝ નઝર કરવા ચાહું છું. ઉમીદ કામીલ છે કે એને કબુલ કરવામાં કોઇ તઅમ્મુલ નહીં થશે."

એટલું બોલીને મુબારકે તે સનદુકચી ખોલી નાંખી, જેમાં એક અતી ઘણો પ્રકાશીત હીરા મોતીનો હાર મુકેલો હતો. શકરલબે મજબુત મનથી કહયું "માફ કરો, જનાબ! હું આપની આવી ખુશદીલી, ફઇયાઝી અને કરમને લીધે બહુ શુક્રીયા અદા કરૂં છું, લેકીન હું આપના જવાહીરાતનો આ હાર હરગીઝ નહીં લઇશ."

મુબારકે મોટી અજાયબીથી કહયું "એ કેવી વાત છે? આ હારની કીંમત પચાસ હઝાર રૂપીઆ છે. હું તો આ કીંમતી હાર ફક્ત યાદદાશ્તને માટેજ આપને નઝર કરૂં છું, તો પછી કેમ આટલી બધી બેરહમીની સાથે તમ્હે ઇનકાર કરી રહયા છો? એનો સબબ શો છે?"

શકરલબે કાંઇક ગુરૂર સાથે કહયું "માફ કરશો જનાબ, મુબારકઅલી સાહબ! હું એક ડાકુના માલે હરામને અડકી નથી શક્તી! તે સીવાય વળી જો મહારી વડી બહેન એના સંબંધમાં સવાલ પુછશે તો મહને તમામ કીસ્સો કહી દેવોજ પડશે! હું હઝાર પાક દામન કેમ ન હોવું, છતાં મહારી વાત સાંભળીને તો મહારી બહેનને મહારી ઉપર શક પેદા થશેજ! હું તો ફક્ત તમ્હને જોવા માટેજ ચાલી આવી છું, મહારી તે ખવાહીશ પુરી થઈ ગઇ છે. હવે અગર આપ મહને તમહારા કઓલની

મુતાબીક રૂખસ્ત કરો અને મ્હારે મકાનેં મહને પાછી જવા દો તો હું હઝાર જાનથી આપની આભારી થઇશ."

શકરની વાત સાંભળીને મુબારક પોતાના મનને કહેવા લાગ્યો "શકર-લબની ખવાહીશ પુરી થઇ ગઇ, લેકીન મ્હારી તમન્ના તો નહીં મીટી ! મેં તો અત્યાર સુધી એના દીદારના દર્શન તો નથીજ કીધાં, કેમકે એનો ચહેરો લીલી ઓઢણીના ઘુંઘટમાં છુપાયલો છે ! વાદળોની નીચે છુપાયલા ચાંદની માફક એની લાસાની સુરત ઘુંઘટમાં છુપી રહેવાથી મેં તો બખુબી તે જોઇજ નથી !"

એમ વીચારીને મુબારકે મુસકુરાઇને કહયું "શકરલબ બીબી ! ચાંદ છુપાવાને માટેજ હોય છે કે પ્રકાશવાને માટેબી ? પાક ખુદાએ જે લાસાની ખુબસુરતી તમ્હને બક્ષી છે તે શું હંમેશા ઘુંઘટની અંદરજ છુપાઇ રહેવાને માટે છે ? હું જેની મનમાં ને મનમાં સાચ્ચા દીલથી પરસ્તીશ કરી રહયો છું જેને માટે આટલી તકલીફ ઉઠાવી, તેજ નહીં બતાવશો ? જો નહીં બતાવો તો પછી ઇનસાફ કયાં છે ?"

લેકીન શકરલબે મુબારકની તે વાતનો કાંઇબી જવાબ આપ્યો નહીં.

મુબારકે પાછું બોલવા માંડ્યું, "ઠીક, શકરલબ બીબી ! સાંભળો, શુરૂઆતથી વાત કહું છું તે ગઔરથી સાંભળો. તમહારી લાસાની ખુબ-સુરતી અને નેક ખસલતોની શોહરત મેં અનેકોથી અને અનેક જગ્યે સાંભળી કે મ્હારા પત્થર જેવા દીલમાં કોણ જાણે કઇ ગયર માલુમ ગયબી તાકાતે તમહારે માટે જગ્યા કરી દીધી !! પહેલાં તો મેં તમહને ઝોર ઝબરદસ્તીથી ઉઠાવી લઇ જવાનો વીચાર કીધો, અને તેથી એક મ્હારી ચીઠ્ઠી તમહારી આરામગાહવાળા કમરામાં મોકલી હતી. તે પછી મ્હારો તે વીચાર બદલાઇ ગયો ! મેં તમ્હને ભુલી જવાની કોશીશ કીધી પણ હું તમહને ભુલી શકયોજ નહીં !! હું તમહારા ઘરની પાસેના એક મકાનપર તે પછી છુપો આવતો રહયો જેથી હું તમહને અગાસીપર આવતી જોતો

અને તમહારી લામીસાલ અને દીલફરેબ સુરતને છુપાઇને એકી ટગરે જોતો રહેતો હતો! તે પછી ઇ-તેફાકથી મહને એક જુરૂરી કામને માટે અજમેર શરીફ જવું પડ્યું. તે પછી આવીને મેં ઈરાદો કીધો કે તમહને ડાકુની નાફક ઉડાવી જાવું યા ચોરની તરેહ લઇ જાવું, લેકીન જ્યારેબી તેવો ખરાબ વીચાર આવતો ત્યારે ઝટ મહારો તે વીચાર પાછો બદલાઇ જતો, કેમ જે મહારા દીલની અંદર કોઈ કહેતું હોય તેમ મહને લાગતું કે "નહીં મુબારક, એવી હરકતે બેજા નહીં કરતા, અગર જો તમહે શકરલબને ચાહતા હોવ અને તેને પોતાની જીંદગીનો સહારો અને ઉમેદોનું મુળ સ્હમજતા. હોવ તો હરગેઝ ઝોર ઝુલમનો ઇરાદો ના કરતા, પણ તેનું દીલ નરમીથી કાબુમાં લેવાની કોશીશ કરજો. ઓરતોના દીલપર પુરી તરેહ કબજો કરવાને વાસ્તે મરદોને પોતાના ખ્યાલો અને આમાલોને બહુ પાક સાફ બનાવવાની ઝુરૂરત છે!"—શકરલબ, મહારા દીલની નસીહતને મેં માની લીધી તેથી તમહને આજ સુધી તકલીફ નથી પડી, અને તેનો સારો નતીજો મેંબી મેલવ્યો. હવે બોલો શકરલબ કે તમહે કેવી રીતે મહારા થઇ શકશો? હું તમહારીપર હરગીઝ ઝોર ઝુલમ નહીંજ કરીશ. પણ હું સખ્ત રીતે તમહારી મુહબ્બતનો ઉમેદવાર છું, હું તમહને પરણવા માંગું છું, અને એક ગુલામની માફ્ત તમહારી નોકરી કરવા માંગું છું! લાંબી પહોલી લચ્છાદાર વાતો કરીને તમહને ફસાવવા હું નથી માગતો, હું તો તમહારી ખુશીથી તમ્હને મેળવવા માંગું છું. પાછો કહું છું કે હું તમહારી સાથે બુરાઇ કદીબી નહીં કરીશ, અને તમહેજ જોશો કે દુશ્મને ઈનસાન, મીસલે શયતાન, બેરહમ, એક ડાકુ કેવી રીતે પોતાના કઓલને સાચ્ચો નીવડે છે."

મુબારકનું બોલવું સાંભળીને શકરલબના ફાંટાવાળા દીમાગમાં કોઇ નવો ઉજાળો પડી ગયો! તે મનમાં બોલી "અગર એક શયતાનના દીલમાં પાક ખુદાના હુકમથી હું ઇનસાનીયત પેદા કરી શકું—તેની શયતનયત છોડાવીને તેને રાહે દીનપર લાવી શકું—અગર કોઈ રીતે એને ગુન્હાઓના રસ્તાથી બરતરફ કરી શકું—અગર જો એની ચોરી લુટથી પેદા થયલી

બેશુમાર દઓલતને સવાબના કામોમાં લગાડી શકું-આખા આગરા અને દેહલીના રહેવાસીઓને એક ડાકુના ખઓફથી બચાવી શકું-તો એનાથી સારામાં સારૂં સવાબનું કામ બીજું કયું હોઇ શકે? પાક ખુદાનું નામ લઇ હું એ ડાકુ મુબારકની મોહરદારજ થઇશ, અને એજ મુબારકને તદનજ ફેરવીને શયતાનમાંથી એક ફરીશતો બનાવી દઇશ!"

શકરલબ તેટલું સોચીને મુબારકને કહેવા લાગી "તમહારી સાથે પરણવું કે નહીં તેનો જવાબ હું આજથી બરાબર સાતમે દીવસે આપીશ."

શકરલબ ઉઠી-મુબારકબી ઉઠયો-અને તે ડાકુ સરદારે એક ભલામાં ભલા ગ્રહસ્થ મીસાલની ચાલ ચલાવી શકરલબને તેને મકાને પહોંચાડી.

પ્રકરણ ૨૧ મું.

બીજી મુલાકાતની ગોઠવણ.

બીજી બપોરે સુફેદ અને મુલાયમ સેજપર શકરલબ લેટીને મનમાં વીચારતી હતી. એક સુંદર પંખાથી હવા કરતી તે પોતાને લાગતી ગરમી દુર કરતી હતી, તેની દાસીઓમાંની એકબી તેંની પાસે નહીં હતી, કેમજે તે હમણાં તદનજ એકલી રહેવા માંગતી હતી, તે સોચવા લાગી:

"જે સીંહથી બીહે છે તેનેજ સીંહ પકડે છે!—જે સાંપનો બહુ ખઓફ કરે છે તેજ સાંપના કરડવાથી મરે છે!—મગર મહારા બાબમાં જુદુંજ થયું, કેમ જે હું તો એમ સ્હમજતી હતી કે મુબારક જેવો મુજી,

ખુંખાર, અને ઝાલીમ શખ્સ કોઇજ નહીં હશે, પણ તેને મળવાથી તો તે ખઓફ રફા થઇ ગયો!! કાલે રાતના હું પુરી તરેહ તેના કબજામાં હતી, તે ચાહતે તો મહારી સાથે મનમાનતી કારરવાઈ કરી શકતે જે મનમાં આવતે તે ઝુલ્મ કરતે લેકીન તેનું દીલ પાક છે, ભીત્તરથી તે સારો છે, તેથીજ તેણે પોતાની અંદરની તાકતથી જે નસીહત મેળવી તેને તાબે રહીને તેણે મહારી સાથે કોઇ બેજા હરકત નહીં કીધી! ઉલટી તેણે મહને બહુ ઇઝઝત આપી, બહુ અદબથી મહારી સાથે પેશ આવ્યો! કોણ કહે છે કે મુબારક શયતાન–બદઝાત–ડાકુ છે? કોણ કહે છે કે તે કમીનો, પાજી, અને ઇનસાનના ખુનનો પ્યાસો છે? મહને તો તેની હર વાતમાં આલાખ્યાલી, સાચ્ચી મોટાઈ, અને મોટી ભલમનસાઇ દેખાઇ આવી છે.”

તે થોભી, અને પછી આગળ વીચારવા લાગી “નહીં માલુમ કે કેમ મહારૂં દીલ હમણાથીજ તેને ફરીથી મળવા માટે મુશતાક થઇ ગયું છે? અએ પાક પરવરદીગાર! મહને બતલાવ ઓ બાપ કે કેમ મહારૂં દીલ એવું થઇ ગયું? કહી દે મહારા મઓલા! હંમેશાં ઘમંડમાં ફુલેલી રહીને મેં કેટલા બધા અમીર ઉમરાવોને નાઉમીદ કરી દીધા, તેમની સાથે શાદી કરવા મેં ઇનકાર કીધા, તોબી કેમ મહારૂં દીલ આવા બદનામ, બધાંની નઝરથી પડી ગયલા, હકીર અને ઝલીલ ડાકુપર માયલ થઇ ગયું? હું ઓરતની ઝાત આવી ચીઝ સ્હમજી નથી શકતી કે એનો સબબ શો છે? નથી માલુમ પડતું કે એને શું કહું? ખુબસુરતીનો નશો, કે આલાખ્યાલીની સામે સરનું ઝુકાવવું? અફસોસ મુબારક! તમ્હે કેમ મહને એવી ખાના ખરાબ કરી દીધી?”

ફરીથી થોભીને શકરલબ પાછી આગળ સોચવા લાગી “ઓહ! કેવી તઅજ્જુબની વાત છે? જે ઇનસાન ભલા કામોને લીધે ફરીશ્તાને દરજ્જે પહોંચી જાય છે, તેજ ઇનસાન પોતાના બુરા આમાલોની વજેહ શયતાન બની જાય છે! જ્યારે નેકી અને બદીથીજ આદમી ભલા અને બુરા થઇ શકે છે ત્યારે શા માટે હું મુબારકને નીચેથી ઉપર લઈ જવાની કોશીશ

નહીં કરૂં ? શું મ્હારી તેવી કોશીશ કારગર નહીં થશે ? આ બદનામ ડાકુ શું કદી નેકનામ અને નેક ખસલત નહીં થઇ શકે ? આ બદનામીનું અંધારૂં શું નેકનામીના ઉજાળાથી દુર નહીં થઇ શકશે ? ઓરતની દીલફરેબ અદા અને તેની ફીતનાગર અનદરૂની તાકત શું નથી કરી શક્તી ? ઓરતોને લીધેજ આ દુઃખી દુન્યામાં કોઇ ઠેકાણે બહીશતના જેવી અમનોચયન નઝરે પડે છે, અને ઓરતોને લીધેજ કોઇ બહીશતના જેવી જગ્યા દોઝખની આગમાં ધસી પડે છે !! હું એવી રીતે કામ લઇશ કે મુબારકને દોઝખના અંધારામાંથી બાહર ખેંચીને રોશનીથી જગમગી રહેલા બહીશતની સરસબઝ ચમનમાં લઇ જઇશ.”

તે થોડો વખત થોભીને પાછી મનમાં કહેવા લાગી “યા પાક ખુદા ! શા માટે મેં મુબારકનો ચહેરો જોયો ? જોતાંજ ફરેફ્તા કેમ થઇ ? આ વાત ઝાહેર થવાથી આગરાના ઘર ઘરમાં કેવી શોહરત મચી રહેશે ? મ્હારા સગા અને બેગાના શું કહેશે ? કાકા ગયાસબેગ હમણાં તો બહુ ગુરૂરથી સીનું અકડાવીને ચાલે છે મગર મહારી આવી કારરવાઇથી શું તેમની અકડ ધુળમાં નહીં મળી જશે ? પાક ખુદાવન્દ કરીમ ! રહમ કરો–મહારી આંખોનો પરદો દુર કરી દો ! તમહારૂં પાક સાફ તેઝ નુર આ આંખોને થોડે દરજ્જે બક્ષી દો કે હું જોઇ શકું કે સારો રસ્તો કયો છે અને તે સારે રસ્તેજ કદમ મુકી શકું !”

શકરલબ તેમ સોચી રહી છે તેટલાં તેના કમરાનો અલગો દરવાઝો ખોલીને કોઇ બોલ્યું “કેમ બેટી ? શું કરો છો ?”

તે આવાઝ શકરના પીછાણનો હતો, એટલે તે હસીને જોઇને બોલી “આવો, અંદર ચાલી આવો, શું ખબર છે ?

તે પેલીજ તસવીરવાલી ડોસી હતી. તેણે અંદર આવીને દરવાઝો પાછો બંધ કરતાં કહ્યું “યહાં ત્યાં કેઠે કોઇ છે તો નહીં ?”

શકરે કહ્યું "જે લોકથી હું બીહતી હતી તે બધાંજ આજે લાહોર જવા યહાંથી ચાલી ગયા છે! આ વખતે ઘરમાં બીજું કોઇ નથી, હું છું અને મહારી એક વીશ્વાસુ બાંદી જેનું નામ "દુનીયા" છે તે છે!"

બુઢીઆએ પુછ્યું "આજેજ કેમ એ લોક બધાંજ લાહોર ચાલી ગયા?"

"અમીર ઉમરાવોના ખ્યાલ જેમ દોડે તેમ સહી! લાહોરમાં અમારો એક મોટો મહેલ અને સુંદર બાગ છે. મહારી કાકી અને બહેન મીહરૂ-નીસાનો સાથે ત્યાં જવાનો આજે સહવારેજ વીચાર થયો અને થોડાજ કલાકની તઇયારી કરીને ઉપડીબી ગયાં! તેમની સાથે મહારી બહેન ગુલ-લાલાબી ગઇ! હું તો બહાણાથી યહાંજ રહી."

"બહુ સારૂં થયું" બુઢી બોલી "આજે આપણે બેઉ ઘણી સારી રીતે વાત કરી શકશું. મહારા શેઠે તમહારે માટે એક ચીઠ્ઠી મોકલી છે." શકરે તે ચીઠ્ઠી લઇને વાંચી. તેમાં મુબારકે લખ્યું હતું:

> "હું ખીલેલા ગુલાબોની ખુશબુ લેતો બાગમાં ફરૂં છું, લેકીન બદ-કીસમતી એ છે કે કાંટાના ખઓફથી ગુલાબના ખુશબુદાર અને નાઝુક ફુલને હાથ લગાડી શકતો નથી!! ચાંદનીમાં ચમકતા પરીઓના મુલકમાં પહોંચી ગયો હતો, લેકીન કમબખ્તી એવી થઈ કે જે સુરત હઝારો ચાંદથીબી વધારે ખુબસુરત હતી તેનેજ હું સારી રીતે જોઇ નહીં શકયો!! નથી કહી શકતો કે પાક અલ્લાહ કરીમ તે દીવસ ક્યારે બતાવશે કે જે દીવસે હું મહારા દીલમાં લાગેલી આગને બુઝાવી શકીશ, મહારી દીલની મુરાદને પામી શકીશ? તે દીવસ મહારે માટે બહુ ખુશનસીબીનો થશે."

શકરલબે જોયું કે આજના જેવો મઓકો બીજી વખતે કદાચ નહીંબી મળે તેથી તેણે નીચે મુજબ લખ્યું:

"જનાબમન !

આ ચીઠ્ઠી લાવનારી તમ્હને બધી વીગત કહેશે—હું તો હંમેશાથી એમ જાણતી આવી છું કે જેને તરસ લાગી હોય તેજ કુવા પાસે પાણી પીવા માટે જાય, નહીં કે કુવો તેની પાસે આવે!! હું ઓરત થઇને રાતની વખતે હીમ્મત કરીને તમહારી પાસે સનમુખ આવી હતી, તો શું તમ્હે જવાંમરદ થઇને મહારી આગલ હીમ્મત કરીને નહીં આવશો ? હું તમહારી રાહ જોઉં છું, તમ્હે આ બુઢીયાની સાથે અરધી રાતના મહારા મહેલના બાગમાં આવજો. આ વખતેબી યાદ રાખજો કે તમહને તમહારી પાક અને સાફ દીલીથીજ મહારી સાથે નેકીથી વર્તવું પડશે.

શકરલબ."

તે ચીઠ્ઠી અને એક અશરફી ઈનામની મેળવીને બુઢીયાએ શકરલબની દામન પકડીને ચુમી લીધી અને ખુશી ખુશી થઇને બાહર ચાલી ગઈ.

શકરલબને છોડીને તે પછી મુબારક તરફ આપણે જઇશું.

મુબારક શકરલબની ચીઠ્ઠી બુઢીયાથી મેળવીને વારંવાર તેને ચુમવા લાગ્યો. ડોસીને રવાના કરી તે ધીમે ધીમે બોલવા લાગ્યો "બસ, આજના દીવસનીજ વાત છે એટલે હવે ઇનતેઝારી વધારે નહીં કરવી પડશે દીન ખતમ થવાથી મહારી કીસમતનો દરવાઝો ફરીથી ખુલી જશે, હું મહારી પ્યારીને મળી શકીશ. સીધી સાદી શકરે આજે મહને પોતાના દઓલતખાનાપર બોલાવ્યો છે. બુઢીયાના કહેવાથી એમ જણાય છે કે ત્યાં મહેલમાં હાલ ખઓફો ખતરની કોઈ વાત નથી, કેમજે જેમની તરફથી ખટકો હતો તેઓ ત્યાં આજે મઓજુદ નથી! આ વખતે જેને તરસ લાગી છે તેજ પ્યાસો કુવા પાસે જશે! તેણે ઓરત છતાં જે હીમ્મત બતાવી તે હીમ્મત જો હું મરદ થઇને નહી બતાવું તો મહારી જવાંમરદી અને દીલેરીપર લાનત છે! મગરૂર—બલનદમીઝાજ—ગયર મામુલી હીમ્મત—

અને તાકતનો ખઝાનો મુબારક આવી બુઝદીલી કદી નહીં બતાવશે! બસ, હવે તો માત્ર આજના દીવસ સુધીનીજ ઇનતેઝારી છે! રાતના આસમાનથી જ્યારે ચાંદ રોશન થશે—જ્યારે રૂએ ઝમીનપર ચાંદની જગમગી રહેશે—જ્યારે રાતના ખીલવાવાલા ફુલોની દીલપસંદ ખુશબુથી આશકોના દીલની કલીઓ ખીલી ઉઠશે—જ્યારે બુલબુલો જાગીને પ્યારી પ્યારી તાન છોડશે!—જ્યાર દખણની મઝેહદાર હવાથી શરીરને ઠંડક લાગશે, ત્યારે મ્હને ઠંડક લાગશે, ત્યારે મહારી પ્યારી માશુકાને મળીશ, અને તે વખતે મ્હારી બધી ઉમેદો બર આવશે—દીલની તમામ અરમાન મીટી જશે."

પ્રકરણ ૨૨ મું.

મુબારકનો જીવ લેવાની બાઝી!

મુબારક સફરલબની ચીઠ્ઠીને ફરીથી ચુમવા લાગ્યો જે રીત એક ઓરતે દુરના એક ખુણામાં ઉભી રહીને જોઇ લીધી! તે ઓરત કોઇજ નહીં પણ દીલશાદ હતી!

મુબારક તે પછી કપડાં બદલવા બીજા ઓરડામાં ગયો. તેણે નોકરને તુરત ઘોડો તઇયાર કરવાનો હુકમ આપતાં કહયું "આજે રાતના મહને દઓલતપુરમાં એક નીહાયત ઝુરૂરી કામ છે જે માટે મહને ત્યાં જવું પડશે."

મુબારક હુકમ આપીને પાછો ફરયો ત્યારે ખોટું હસવું હસતી દીલશાદ તેની સામે આવીને બોલી "મુબારક, ક્યાં તશરીફ લઈ જઇ રહયા છો?"

એકાએક દીલશાદને આવેલી જોઇને મુબારક પહેલાં ચોંકયો, પણ તે ધીરેથી બોલ્યો "હું આજે રાતના બાહર જવું છું, કદાચ કાલેબી નહીં આવીશ. તમહારાજ કામને માંટે જાઉં છું, જોજો ખુબ હોશયારીમાં રહેજો."

બહુ મુહબ્બતથી મુબારકનો હાથ પોતાના હાથમાં લઇને દીલશાદ બોલી "બસ, મહને બહુ નહીં જલાવો! નથી માલુમ કે તમહે આજકાલ શુંના શું થઈ ગયા છો? મહને બાડી આંખોથીબી જોવા નથી માંગતા! પહેલાંની માફક તમહારી ગુફતગુમાં ન તે મીઠુાસ છે–ન મળવાની તે ખુશી છે–ન દીલની તે સફાઈ છે! એમ કેમ? આ રૂએ ઝમીનપર તમહારા સીવા મહારૂં બીજું કોઇ નથી તોબી તમ્હે મહારી સાથે એવી સંગદીલી, એવી બેઉનસી, એવી રીતની બેમુરવતીથી વરતો છો શા માંટે? તમ્હે એવા બેરહમ શાથી બની ગયા?"

દીલશાદ વધુ કાંઈ નહીં બોલી, પોતાની ઓઢણીનો છેડો આંખોપર મુકી રડવા લાગી! કહેવાની ઝુરૂર નથી કે કોઇ ગહરી મતલબમાં દીલશાદ આ પ્રેમી નાટક ભજવતી હતી, કેમ જે તેના દીલમાં તો તે વખતે એવું બોલતી હતી કે "મુબારક, શયતાન, દગાબાઝ, બેવફા, તું શું એમ સહમજે છે કે મહને કાંઇબી ખબર નથી? જોઈ લેજે, હું તમહારા આ સરસબઝ ખુશ ચમનમાં કેવી આગ લગાડી દઉં છું તે આગમાં તું અને તહારી માશુકા શકરલબ જો બળી જળીને ખાક નહીં થઇ જાય તો પછી વાતજ શી રહી? તમહારી તે ખાકની ઢગલીપર હું શયતાનની માફક ઉભી રહીને ખુશીથી નાચીશ!"

દીલશાદને રડતી જોઇને મુબારકે કહયું "દીલશાદ! તમહારો મહારી ઉપર આવી રીતનો પ્યાર છે? તમહારા દીલમાં મહારે માટે આટલી બધી મુહબ્બત છે! અગર જો બે દીવસ આગળથી તમ્હે એ વાત મહારીપર ઝાહેર કરતે તો—"

મુબારક બોલતો બોલતો અટકી પડયો-તેનાથી બોલાયું નહીં-દીલશાદ કઠોર સ્વરથી બોલી "અગર જો બે દીવસ આગલથી તમહને એ વાત ખબર હતે તો તમ્હે શું કરતે, મુબારક ?"

મુબારક સંભાળથી બોલ્યો "તો જે આગમાં જલી રહયો છું, તેની જલનથી રીહાઈ મેળવતે અને મીઠા પાણીના તલાવની લગોલગ હોવા છતાંબી આવી રીતે પ્યાસથી હયરાન નથી બનતે !"

વધારે વાતચીત થાય તેટલાં નોકરે આવીને કહયું "હુઝુરઆલી ! ઘોડો તઇયાર છે."

"દીલશાદ, મહને બહુ દુર જવાનું છે તેથી હવે હું જાવું છું." કરીને મુબારક નીકલ્યો અને ઘોડાપર બેસી તે ઘોડો દોડાવી ગયો ! મુબારકના જવા પછી એક લાંબો નીસાસો ખેંચીને દીલશાદ તેના બેઠકખાનામાં દાખલ થઇ. મુબારક જો એવું જાણતે કે દીલશાદ તેની વીરૂધ થઇ ગઇ છે તો તે પોતાના બેઠકખાનાને બંધ કરી જતે, પણ તેનું દીલ સાફ હતું જેથી તે વહેમ લઇ જઇ શકયો નહીં !

બેઠકખાનામાં જતાંજ દીલશાદે જોયું તો એક હાથીદાતની સનદુકચી મુકેલી છે. તેણે મુબારકના અચકનની જેબમાંથી ચાવી કાઢી અને સનદુકચી ખોલી નાંખી ! સનદુકચી ખોલતાં તેમાંથી શકરલબની બીજી ચીઠ્ઠી તેને હાથ લાગી !! જે વાંચતાંજ દીલશાદના અંગ અંગમાં આગ લાગી ગઇ અને તે ગોયા ઝહેરીલી જવાલાથી તડફડવા લાગી ! જ્યારે તે જવાલા અસહય થઇ ગઇ ત્યારે તે અલીમરદનખાંના ઓરડામાં ગઈ.

ગભરાટમાં દીલશાદને અંદર આવતી જોઇને અલીમરદનખાંએ કહયું "કેમ દીલશાદ ? શું ખબર છે ? તમહારો ચેહેરો આવી રીતે ગમગીર કેમ છે ?"

ધ્રુજતા હાથ અને ધડકતી છાતીએ શકરલબની પેલી ચીઠ્ઠી આપતા કહ્યું "લો, આને વાંચો. પછી આપપર તમામ હાલત આપોઆપ ઝાહેર થશે."

તે ચીઠ્ઠી વાંચીને અલીમરદનખાં અફસોસનો આવાઝ કરી બોલ્યો "દીલશાદ! શકરલબ આટલી બધી પડી ગઇ છે તેનું મહને જેટલું લાગતું નથી તેટલું શકરલબના કાકા ગયાસબેગને માટે લાગે છે! જેવણ પાદશાહના તખ્તની પાસેજ હોય છે, તેવણની ભત્રીજીની આવી હરકતે નાકીસથી તેમની બધી ઇઝઝત, આબરૂ, દરજ્જો, ગુરૂર, અમન, ચમન, બધું ખાકમાં મળી જશે. દીલશાદ! સાચ્ચુ માનજો કે સલતનતમાં અમો લોકો જે આટલા દરજ્જા અને રૂતબાને પહોંચ્યા છીએ તે બધુ ગયાસબેગની મેહેરબાનીથી છે."

દીલશાદ બોલી "તો જે ગયાસબેગે તમહારી સાથે એટલી બધી ભલાઇ કીધી છે તેવણના ખાનદાનની ઇઝઝતને ધોકો ન લાગવા પામે એવી કોઇ તરકીબ તમ્હે કાઢી શકતા નથી?"

અલીમરદનખાં બોલ્યો "તરકીબ તો છે, લેકીન કામ બહુ જુરઅત અને હીમ્મતનું છે, તે કોણ કરશે? તે તરકીબ ખતરાથી ખાલી નથી, બલકે નીહાયત પુરખતર છે!"

"શું કરવું જોઇએ? કહો સહી?"

"અગર તમહારેથી બની શકે તો ફ્એોરન કોઇ શખ્સને ગયાસબેગની પાસે મોકલી આપો. હું એક ખત લખીને આપું છું, તેજ ખત તેમને આપી આવવો પડશે."

"એવો કોઇ શખ્સ તો મહારી જાણમાં નથી.'

"તો મહનેજ કેમ જવા નથી દેતી?"

"તમ્હને યહાંથી હું છોડી શકીશ, પણ બાહર કેમ જશો ? દરવાઝા-પર સખ્ત પહેરો છે."

"તો તમ્હે પોતે એ કામ કરો, દીલશાદ."

"મહારા એક બેવકુફ ખોઝા નોકર નામે ઝીનદાઅલી સાથે હું હવા-ખોરી માટે વખતો વખત બાહર ગઇ છું અને તે મસે હું બાહર જઈ શકીશ. જો તમ્હે મહને રજા આપો તો હું પોતે એ કામ બજાવી આવું."

"હા, તમ્હે જાઓ. લેકીન તમહને વઝીર સાહેબના દૌલતખાનાની ખબર છે કે ?"

"ભાઇ, મહારો કાફીરી નોકર બેવકુફ છે મગર તેને એકદમ ગેપેડો તો નહીંજ સ્હમજતા ! તે મહને તેમના મકાન સુધી લઇ જશે. જ્યાં સુધી હું જાણું છું ત્યાં સુધી કીલ્લાની પાસેની બાદશાહી મણુડીમાં જે આલીશાન ઇમારત છે તેજ વઝીર આઝમ સાહેબનું મકાન છે."

"સાચી વાત છે. આબી લો, મેં જે ખત તે દીવસે લખી રાખ્યો હતો તે આજે લો. શકરલબની પહેલી ચીઠ્ઠીનેબી તમ્હે સાથે લેતી જાઓ. મેં ખતમાં તમહારી બાબતની કુલ હાલત લખી છે તેથી તેવણુ તમ્હને જલદી પીછાણશે. તમ્હે વાત સ્હમજાવીને કહેશો તો કામ બની જશે. લેકીન, જોજો બહુ અદબ કાયદા અને તહઝીબની સાથે ગુફતગુ કરજો, કેમ જે દેહલીના શહેનશાહના મુકાબલાના શખ્સને આપ મળશો તેની ખુબ યાદ રાખજો. તેમની શાન અને રૂતબામાં ફરક નહીં પડવા પામે !"

"હું ઘણીજ સરસ રીતે કામ કરી શકીશ."

"પાક ખુદાતાલા તમહારી મનશા પુરી કરે" અલીમરદનખાં બોલ્યો "સાચું માનજો કે તમહારી આજની કારરવાઇપર આપણા બેઉની ભલાઇ છે."

દીલશાદ ગઇ અને પોતાના કમરામાં જતાં તેણે પેલાં મુર્ખ નોકરને કહ્યું "આ બધા ફુઝુલ કામો રહેવા દે ! આજે તહને મહારી સાથે

જમના કીનારે હવાખોરીને માટે આવવું પડશે, આજે બહુ ગરમી માલુમ પડે છે! કેમ ગરમી છે કે નહીં? હં! જા, જલદી જઇને એક પાલકી લઇ આવ. વધારે વખત ના લગાડતો, જલદી આવશે તો તહને એક અશરફી ઇનામમાં આપીશ. સ્હમજી ગયો કે? કમબખ્ત દુશ્મને-અક્કલ!"

અશરફીની વાત સાંભળતાજ ઝીન્દાઅલીની ઝીન્દાદીલી છાપરા સુધી કુદવા લાગી! તે હબસી પાલકી લેવા દોડયો!–આ તરફ દીલશાદ ઉંચા પોષાકમાં સજ થઇ. તે મનમાં બોલી "દીલશાદ, તેં જે આદમીને બધું આપી દેવાનું મન કીધું હતું, ઓરતોનું જે સઉથી સરસ અનમોલ જવાહીર છે તેનો માલેક તેને બનાવી મુબારકની બીવી થઇ રહેવા ખુશી હતી, તેજ મુબારકે તહને દુધમાં પડેલી માખીની મીસાલ કાઢીને ફેંકી દીધી, સુકેલા ફુલની માફક તહને પગોની નીચે કચડી ભચડી નાંખી, તે દુશમનપર હવે હું પુરેપુરો બદલો લઇશ."

પાલકી આવી અને દીલશાદ ગઇ. આજે રાતના મુબારક શાકરલબને મળવા મહેલમાં આવનાર છે, અને એ રાત થવા અગાઉ દીલશાદ પોતાના ચચાઝાદભાઇની મદદ સાથ પ્રપંચનો દાવ રમી આખરે ગયાસબેગના મહેલ તરફ આવી લાગી છે!

દીલશાદના શીખવ્યા મુજબ ઝીનદાઅલીએ ફાટકના પહેરેદારને કહયું "મહારી શેઠાણી એક નીહાયત ઝુરૂરી કામને લીધે વઝીર આઝમ સાહબની મુલાકાત લેવા માંગે છે. તેવણ આ વખત જ્યાં હોય ત્યાં મ્હારી માલકીનને લઇ જાવ."

ઝનાની સવારી જોઇને એક તાતારી બાંદી પાલકીની પાસે ચાલી આવી અને અદબથી ઝુકીને સલામ કરતી બોલી "જો ઇરશાદ, બીબી સાહેબા!"

દીલશાદે કહયું "મહને હમણાંજ જનાબ વઝીર ઉલમુલ્ક સાહેબની મુલાકાત કરવાની છે, સખ્ત ઝુરૂરી કામ છે. અગર એમાં વખત લાગશે તો બહુ મોટું નુકસાન થશે."

તે સાંભળીને તાતારી બાંદી ચુપચાપ દીલશાદને સાથે લઇને ગયાસ-બેગના કમરામાં જઇ પહોંચી, જે વખતે તે સરકારી કામમાં રોકાયલો હતો.

પાછળથી દીલશાદે ધ્રુજતા આવાઝથી કહ્યું "ગરીબ પરવર સલામત! બાંદીની દસ્તબસ્તા બંદગી કુબુલ ફરમાવો! પાક ખુદા આપને એથી વધારે આલા દરજ્જો બક્ષે આપની ઉમ્મર ઝીઆદા હો અને હર કામમાં તરકકી પામો."

તે લચ્છાદાર વાકયને સાંભળીને અમીરઉદઓલા ગયાસબેગે ચહેરો ફેરવીને જોયું. જો કે તે વખતે દીલશાદના ચહેરાપર ઘુંઘટ પડેલો હતો તોબી જરા ખસી જવાને સબબે તે ફીરોઝી રંગની ઓઢણીના ભી-તરમાંથી જે ચહેરો જણાયો તે ઘણુંજ રૂપાળો હતો! ખુશીથી ઇશારો કરીને ગયાસ-બેગે દીલશાદને પોતાની સામે બેસવા કહ્યું. લેકીન દીલશાદ ઉભી રહી હાથ જોડીને બોલી "જનાબઆલી! માફ કરો! આ કમતરીન નાચીઝ ઓરતની એટલી મન્જલ નથી કે તે તમહારી સામે બેસે."

"કેમ બેટી? તમહે કોણ છો?" ગયાસબેગે પુછયું.

"જનાબમન! આ નાચીઝને આપ તમહારી બેટીજ સ્હમજો."

"તું કયાંથી આવી છે? શું માંગે છે? રૂપીઆ પઇસા? રહેવાની જગ્યા? તહને જે કાંઇબી જોઇએ તે મહને કાંઇબી ડર વગર કહી દે."

દીલશાદ બોલી "ગરીબ પરવર! મહને એ બેમાંથી એકબી નહીં જોઇએ. હું આ શહેરના કોતવાલ જનાબ અલીમરદનખાંની મોકલેલી આપની પાસે આવેલી છું. તેમણે મહને એક બહુજ પોશીદા ખત લખીને આપ્યો છે. તેવણનો હુકમ હતો કે આપ સીવા ગયર શખ્સના હાથમાં તે નહીં આપવામાં આવે તેથીજ હું સીધી આપની પાસે આવી છું." એમ બોલીને દીલશાદે અલીમરદનખાંનો પત્ર ગયાસબેગના હાથમાં આપી દીધો.

ગયાસબેગે બહુ ધ્યાંનથી તે પત્ર વાંચ્યો. તે અલીમરદનખાંના હરફ ઓળખતો હતો. અલીમરદનખાંએ આ કાગઝમાં બધું લખી દીધું હતું. પત્ર વાંચવાનો પુરો થયો કે ગયાસબેગના ચહેરાનો રંગ ઉતરી ગયો તેણે દીલશાદને કહ્યું "તું જે ખબર લાવી છે તે મહારે માટે નીહાયત ઝરૂરી અને ફાયદામંદ સાબીત થઈ છે, તહારી દીલેરી અને હીંમતને લીધે આજે મહારા ખાનદાનની આબરૂ બચી. ખયર, હું હમણાંજ એનો બંદોબસ્ત કરૂં છું. આજે તેં ખરેખરજ મહારી બેટીની મીસાલ કામ કીધું છે. હું તહને તહારી આ નેકીનો બદલો ઝુરૂર આપીશ. તહારા આ ગયર મામુલ અહસાનનો બોઝ હલકો કરવાની કોશીશ કરીશ. તું પાસેના કમરામાં જઇને આરામ કર, હું હમણાંજ બાંદીઓને તહારી ખીદમતમાં મોકલું છું."

કાંઇબી બોલ્યા વગર દીલશાદે શકરલબવાલી બન્ને ચીઠ્ઠી ગયાસબેગના હાથમાં મુકી દીધી!! મુબારકપર શકરલબે લખેલી તે ચીઠ્ઠીઓ વાંચીને તો ગયાસબેગના તમામ તનબદનમાં આગના શોહલા ઉઠવા લાગ્યા!

દીલશાદ પાસેના ઓરડામાં જઇ બેઠી કે થોડાજ વખતમાં બે બાંદીઓ તેની ખીદમતમાં આવી.

પેલી તરફ ગયાસબેગ ઘોડો તઇયાર કરાવીને બીરબલને ત્યાં ગયો અને બીરબલ સાથે તેણે એકાદ કલાક સુધી ખુબ મસલહત કીધી. આખરે ત્યાં એવું નક્કી થયું કે આજેજ રાતના મુબારકને પકડવો, અગર તે જીવતો નહીં પકડાય તો તેને મારી નાંખીનેબી પકડવો અને તેનું કપાયલું માથું અકબર પાદશાહને નઝર કરવું!!

પ્રકરણ ૨૩ મું.

મુબારક અને શકરલબપર આફત!

પાક પરવરદીગાર આદમીઓના નસીબમાં જે લખે તે લાખ ઉપાય માણસ કરે તોબી નહીં મીટી શકે! જે કામો મોટા મોટા શક્તીવાલા પાદશાહો અને મહાગુરૂ મહાપંડીતો નહીં ફેરવી શકે તે બીચારો મુબારક કેમ બદલી શકે? તેના પોતાના નસીબમાં જે લખ્યું હતું તેને મુબારક કેવી રીતે બદલી શકે વારૂ?—અને એજ નીયમને આધીન થઇને શકરલબ પણ શું જાણતી હતી કે તેના પીદર જેવો તેનો કાકો તેના આરામગાહના દરવાઝાથી થોડે દુરની એક આડમાં નાગી તલવાર લઇને ઉભેલો હતો!

શકરલબ મુબારકના આવવાની રાહ જોતી બેઠી છે અને એક એક મીનીટ તેને માટે ગોયા અકેક કલાક જેવી ભારી પસાર થાય છે! તેના કામમાં મદદ આપનારી તેની દાસી મુબારકને લેવા માટે ચોર દરવાઝા આગલ લગભગ અરધો કલાક થયો જઇને ઉભી છે. મુબારક મહેલના બગીચામાં પગ મુકે કે તેને માટે ચોર દરવાઝો ખોલી નાંખવા તે તઇયાર છે.

બીજો થોડો વખત નીકલી ગયા પછી મુબારકે આશા અને ઉમંગથી ભરપુર મને ઝનાનખાનાના ચોર દરવાઝા આગલ આવીને હાથ ઠોકયો. તેજ વખતે શકરલબની વીશ્વાસુ દાસીએ તે ખોલી નાંખ્યો અને મુબારક મહેલમાં દાખલ થયો.

આ દુનીયામાં એક બહુજ વીચીત્ર વાત એ જણાઈ છે કે માણસ જ્યાં બહુ સુખ મેળવવાની આશાથી જાય છે ત્યાં કોણ જાણે કયાંથી અચાનક દુઃખનો પહાડ તેના માથાપર તુટી પડે છે! એપરથી એમ જણાય છે કે સુખ અને દુઃખ, આશા અને નીરાશા, ખુશી અને ગમી એ.એક

સાથોસાથ કામ કરે છે!—મુબારકે શકરને મેળવવાની આશાથી સુખના પગથીયાંપર પગ મુકયો કે તમ્હે હવે પછી જોઈ શકશો, વાંચનાર કે તે દુ:ખના પહાડ તલે દબાઈ ઝખમી થયો! શકરલબે મોટા સુખની આશા કીધી હતી, લેકીન તેણે શું મેળવ્યું? દુ:ખ! કેવી રીતે? તે હવે પછી તમ્હે જાણી શકશો. વળી શકરલબે મનમાં ને મનમાં મુબારકને ચાહયો? શા માટે? એ પ્યારને ચાહતની હાલત તો તેઓ જાણે જે એવા ઝહઘડામાં જહકડાતા હોય! પીયાર સદા આંધળો છે, તેના તે આંધળાપણાને ખાતરજ સુખના વખતમાં દુ:ખનું તુફાન ઉઠી ઉભું થાય છે!

તેના નાશની એટલી મોટી તઇયારી થઇ ચુકી છે એથી શકરલબ બીલકુલ બેખબર છે અને તેથીજ તો તે મધુરા ગાયણની તાનપર મોહીત થયલી હરણીની મીસાલ, પોતાના મનમાંના સુખને માનતી તેના ખ્યાલોમાં ડુબીને ગોયા દીવાની બની રહી છે! તેને શું ખબર કે ઝહેરથી ભરેલો એક તીર કોઈ જગયેથી નીકળીને તેને લાગી તેના નાઝુક દીલના સો સો ટુકડા કરી નાંખશે? મુબારકના આવવાને વખતે શકરલબે એવો તો શરૃગાર કીધો હતો કે જે જોઈ તે મુગધ થઇ જાય! તેના ભરેલા મોટા ઝુલતા ઝુલફો એક કાલી નાગનની પેચ મીસાલ તેના શરીરપરથી પડેલા હતા!— લીલા રંગની સલમેદાર ચોલી ઉપરની ફીરોઝી ઓઢણી કાંઇ અજબ છટા બતાવી રહી હતી!—દાડમની લાલ કલીને શરમાવે તેવા હોઠપર લાગેલી પાણની લાલીથી હોઠની ખુબસુરતી બહુજ વધી ગઇ હતી! સામેના આઇ-નામાં પોતાની ખુબસુરતી જોઇને શકરલબ મનમાં ને મનમાં બોલી "લોક કહે છે કે મીહરૃનનીસાની પછી મહારીજ ખુબસુરતી કાબીલે તારીફ છે! તો શું હું એ ખુબસુરતીની દામમાં ફસાવીને શયતાન મુબારકને ફરીશતો નહીં બનાવી શકીશ?"

એવા ખ્યાલોમાં શકરલબ હતી તેટલાં આવાઝ આવ્યો "ખાતુને અઝીઝ! મુબારકઅલી સાહબ તશરીફ લાવ્યા છે, તેવણને અંદર આવવાની ઇજાઝત છે?"

શકરલબ પોતેજ દરવાઝા પાસે દોડી ગઇ અને મુબારકને સલામ કરીને હસતી હસતી બોલી "આવો જનાબઆલી! તશરીફ લાવો! ગરીબ-ખાનાને રઓનક અફરોઝ ફરમાવો!"

મુબારક તે મધુરા આવાઝથી ખુશી ખુશી થયલો ઓરડામાં દાખલ થયો. એક મખમલી સોફાપર મુબારકને બેસાડીને શકરલબ તેની સામે ઉભી રહી, આ વખતે શકરે પોતાના ચહેરાપરથી ઘુંઘટ હટાવી દીધો હતો, રોશનીથી જગમગી રહેલા કમરામાં તેના સુંદર ચહેરાએ અઓરબી ઝીયાદા શોભા કીધી! સુરમો આંજેલી તે આંખો અને હોઠોપરનું તેનું મધુર હસવું ગોયા ગઝબ કરવા લાગ્યા!! અહહા! પરીઓની સુંદરમાં સુંદર ખુબસુરતીઓનેબી હટાવે તેવી ખુબસુરતી શકરલબ ધરાવતી હતી જે જોનાર મરદને ઝખમી કરી નાંખે તેવી હતી!

વાંસલીને શરમાવે તેવા મીઠા આવાઝથી શકર બોલી "માફ કરજો, જનાબ! મેં તમ્હને અઝહદ તકલીફ આપી છે જેને માટે હું સખ્ત નાદીમ છું. લેકીન મેં મઓકો જોઇનેજ એમ કીધું છે. આ વખતે હું બીલકુલ આઝાદ એકદમ એકલી છું, આવા વખતમાં મુલાકાત થવાથી બેખઓફ ખુલ્લા દીલથી આપની સાથે બે વાત કરી શકીશ એમ જોઇને મેં તમ્હને તકલીફ આપી છે. બેઅદબી માફ કરજો."

મુબારકે સાહસ કરીને શકરલબનો ડાહબો હાથ પકડી લીધો અને બોલ્યો "તમ્હે તમહારા ખતમાં લખ્યું હતું કે તરસ્યો કુવા પાસે જાય, નહીં કે કુવો પ્યાસા પાસે! એથીજ મેં ઘણી તરેહની અડચણોનો ખ્યાલ દીલથી દુર કરીને યહાં આવવાનો પાકકો ઇરાદો કરી લીધો. શકરલબ, તે દીવસેં તમ્હને રૂખસ્ત કરીને હું દીલ તોડીને રહી ગયો હતો! મેં તમ્હને નહીં જવા દીધા બલકે મહારા કલેજાને મેં બાહર કાઢી નાખ્યું હોય તેવું મહને દુઃખ થયું! શકર, હું વધારે શું કહું? તમ્હે મહારા થઈ જાઓ દીલરૂબા, તમ્હને શાયદ આ વાતની ખબર નહીં હશે, પણ હું તમ્હને અરજ કરવા ચાહું છું કે હું એક સારા ઘરનો છોકરો છું, રહીમ ખાન-

દાનમાં મ્હારી પયદાયશ થઇ છે. મ્હારા વાલીદ પાદશાહ હુમાયુના વઝીર હતા. મ્હારી સાથે શાદી કરવાથી તમ્હારા ખાનદાનની ઇઝતમાં બટ્ટો નહીં લાગશે. ગયાસબેગ પાસે શું છે? મ્હારી પાસે બેહદ દઓલત, બેશુમાર હીરા જવાહીરાત છે. મ્હારી પાસે એટલી દઓલત પડેલી છે કે કોઇએ ખાણમાંબી જોઇ નહીં હશે! તે બધી દઓલત હું તમ્હારા કદમોપર નીસાર કરવા તઇયાર છું. જે મુબારક આ દુનીયામાં કોઇને કાંઇ નથી સ્હમજતો તે મુબારક તમ્હારો ગુલામ થઇને રહેશે જેને તમ્હે કબુલ રાખો."

તેના જવાબમાં શકરલબે કાંઇ નહીં કહયું તેણે મુબારકપર તીરછી નઝરના એક નયનબાણને છોડીને મુસકુરાઇ કહયું "મુબારકઅલી સાહબ, આપ જે કાંઇ ફરમાવી રહયા છો તે હકીકતમાં આપના સાચ્ચા દીલની વાત છે કે કોરી લફ્ફાઝી છે?"

"પાક ખુદાને હાઝર નાઝર જાણીને કહું છું કે હું જે કહું છું તેમાં રતી ભારબી જુઠું નથી."

એટલી વાત ચાલી રહી છે તેટલા તે ઓરડાનો દરવાઝો એકાએક ખુલી ગયો અને બહુ મોટા ગુસ્સા સાથે ગયાસબેગ અંદર ધસી આવ્યો! તેણે બુમ પાડી "મુબારક?"

આવી રીતે ગયાસબેગને એકાએક આવેલો જોઇને મુબારકે બહુ ભયામણી આંખોથી શકરને જોઇ! જે જોવુંજ કહી આપતું હતું કે મુબારક એમ બોલવા માગતો હતો કે "શકરલબ! તેં દગો કીધો!"

શકરલબનો ચહેરો ઉતરી ગયો! ધાસ્તીથી તેનું શરીર ધ્રુજવા લાગ્યું, અને તે સ્હમજી નહીં શકી કે આ આફતનો પહાડ કયાંથી તુટી પડયો?

મુબારક ખાલી હાથે હતો, એક મામુલી છુરીબી તેની સાથમાં નહીં હતી! શા માટે હોય? તે તો પોતાની પ્યારીને મળવા આવ્યો હતો, તો

તેવા વખતમાં હથીયાર શા માટે? લડાઇ તો કરવા જવાનું નહીં હતું, પ્યાર કરવા જવું હતું અને તે પોતે સીંહની છાતીવાલો હતો એટલે તેણે આવે વખતે હથીયાર લેવાનું મુનાસીબ નહીં જાણ્યું હતું!!

સીંહની માફક ગરજીને મુબારકે શકરલબને કહયું "દગાબાઝ ઓરત! તું તો મોટી શયતાન નીકલી! અફસોસ! મેં શા માટે તહારી વાતપર ભરોસો મુકી દીધો? શા માટે યહાં આવવાની બેવકુફાઈ કીધી?"

ગયાસબેગે તાણા સાથે જાુઠું કહયું "શકરલબે દગો કીધો છે એમાં શકજ શું છે? એની મકરોફરેબની સઝા તો હુંજ આપીશ. લેકીન મુબારક હવે તહારાબી દીવસ પુરા થવા આવ્યા છે! હું ફુઝુલ વખત બરબાદ કરવા નથી ચાહતો! બોલ, ખુદ બખુદ ગીરફતાર થવું છે, કે કાંઇ બીજો ઇરાદો છે?"

તેણે એટલું બોલતા સાથેજ એક સીટી કાઢીને વગાડી કે તેના આવાઝને સાંભળીને દશ કદાવર મુગલ સીપાહો ત્યાં આવીને અદબથી ઝુંકીને સલામ કરતા બોલ્યા "જો ઇરશાદ, ગરીબ પરવર!"

ગયાસબેગે ગંભીર આવાઝથી કહયું "આ શયતાન મુબારકને લઇ જઇને મેં બતાવી છે તે જગ્યામાં કયદ કરો. અગર ત્યાંથી જો નહાસી છુટયો તો તમહારા જાનની ખયર નથી!"

હથીયાર વગરના મુબારકે કાંઇબી કીધું નહીં. તે મનમાં ને મનમા બોલ્યો "આજ સુધી કોઇ એવો માયનો પુત પેદા નહીં થયો હતો કે જે મુબારકને કયદ કરે! અફસોસ! એક ઓરતના ફંદામાં ફસવાથી આજે હું ગીરફતાર થયો અને સદ અફસોસ તો એ છે કે હું હમણા બેહથીયાર છું. કીસમતમાં પકડાવાનું હશે તે મહને હથીયાર સજવાનુંબી નહીં સુઝ્યું!"

સીપાહો મુબારકને લઇ ગયા, લેકીન ગયાસબેગ ત્યાંથી નહીં ખસ્યો.

શકરલબ નેતરના ઝાડની મીસાલ ધ્રુજતી હતી. તે સ્હમજીજ નહીં શકી કે આ બનાવ કેવી રીતે બનયો! મુબારકે તેને "દગાબાઝ અને શયતાન" વગયરા શબ્દો કહયા હતા જે વીચ્છુની માફક તેના કલેજામાં ડંખ મારતાં હતાં!

ગયાસબેગે ભયાનક ચહેરાથી બરાડ મારી "શકરલબ કમબખ્ત! બેહયા! મારા ખાનદાનને ડાઘ લગાડવા માટેજ શું તહારે પેદા થવાનું હતું? એવા આલી ખાનદાનની છોકરીની આવી નાકેસ, બેજા, અને બેહુદા હરકત? નહીં, નહીં, તહારા જેવી ઝલીલ અને ખાનદાનની ઇઝતમાં બટ્ટો લગાડવાવાલી બેહયા છોકરી જેટલી જલદી રૂએ ઝમીનથી ઉઠી જાય તેટલું સારૂં! જેણે મ્હારા ખાનદાનની ઇઝઝત મીટ્ટીમાં મીલાવવા ચાહી તેને હું હરગીઝ માફ નહીં કરી શકતો. શયતાન, મઓત સીવા તહારી કોઇ સઝાજ નથી! અને તે મઓતબી કેવું ખરાબ કે જેનો તહને કોઇ ખાબમાં ખ્યાલબી નહીં આવ્યો હોય; જે મુબારક મહારો દુશમન છે, મુલકનો દુશમન છે, તેજ ખુંખાર, હકીર, નાચીઝ, નાપાક, દોઝખી કુતરા સાથે તેં મુહબ્બત કીધી છે? છી! છી! આહ! તહારી સામે એ હરામઝાદા મુબારકનું કપાયલું સર લાવીને મુકવામાં આવશે ત્યારેજ તહારા મઓતમાંબી મઝાહ આવશે!"

શકરલબ કાંઇજ બોલી નહીં શકી! તેણે મુબારકને પોતાની આરામગાહપર બોલાવીને ભારી અપરાધ તો કીધોજ હતો એટલે બોલેબી શું!

શકર ચુપચાપ સર ઝુંકાવીને ઉભી રહી, અને જાણે તેને કાળા નાગે ડંખ મારયો હોય તેમ તે ઝહેરીલી જવાળાથી જળવા લાગી! તે અપરાધી કે કલંકીત તો નહીંજ હતી છતાં તેના સરપર બદનામીનો ટીલો લાગી ગયો હતો!

તેના માથામાં ચક્કર આવતાં હતાં અને ગયાસબેગ તેના કમરામાંથી બહાર ચાલી ગયો તે સાથેજ જાણે તુફાન થઇ આવ્યું હોય અને તેનાથી એક ઝાડ ઉખડીને પડી ગયું હોય તેમ શકરલબ ઝમીનપર તુટી પડી!

પ્રકરણ ૨૪ મું.

દગાબાઝ દીલશાદ!

થવાનું હોય છે તે થઇનેજ રહે છે! મુબારક બહુ સાહસીક, બહુ ઝોરદાર, મગરૂર હતો, મગર તેના તકદીરમાં જે બનવાનું હતું તે બની ગયું! આ વખતે જો તેના હાથમાં એક ખંજરબી હતે તો તે દશ બારને ભારી પડી જતે એવો દાવપેચવાલો હતો!

પાદશાહ અકબરના ઝમાનામાં ખુદ આગ્રાની અંદર દહેશત સમાન થઇ પડેલો તે નરેશેર હમણાં તો અંધારી કોઠરીમાં કયદ હતો! ત્યાં એટલું અંધારૂં છે કે થોડીબી રોશની કોઇ જગ્યાએથી આવતી નથી! મુબારકને કયદ થવાને બે કલાક નીકળી ગયા છે છતાં તેને માટે કાંઇબી ખાવા પીવાનું આવ્યું નથી!

મુબારકનો તમામ ગુસ્સો શકરલબપરજ હતો! તેને પુરેપુરો વહેમ ગયો હતો કે શકરલબેજ તેને પકડાવી દેવા માટેની આ જાલ ફેલાવી હતી!! મગર શકરલબપર આ વખતે કેવી આફત તુટી પડી હતી તેની મુબારકને શું ખબર?

જમણા હાથની મુઠ્ઠી વાલીને મુબારક તે હાથ હવામાં ઉગામતા બોલવા માંડયું "શકરલબ! દગાબાઝ! પુરફરેબ! જે વખતે પહેલે તું મહારી મુઠ્ઠીમાં આવેલી હતી અગર તેજ વખતે મેં ત્હને ઝબરદસ્તીથી રોકી રાખી હતે તો મહને આજે આવો વખત જોવો નહીં પડતે! અફસોસ, સદ અફસોસ! મેં તહારા જુઠા પ્યારમાં હોશહવાસ ખોહી દીધા અને જાણી-બુજીને હું તહારી જાળમાં મહારૂં સઘલું ફસાવી બેઠો! હું વળી બેહથીયાર આવ્યો!! અફસોસ, આજ સુધી તહારા સીવા બીજા કોઇબી માણસે મ્હને ઉલ્લુ બનાવ્યો નહીં હતો! ખયર, અગર યહાંથી છુટકારો મેળવીશ તો

શકરલબ હું તહારા ખુનથી મ્હારા હાથને રંગીન બનાવ્યા વગર નહીંજ રહીશ! શયતાનની બચ્ચી, મુબારકને છેડવાથી શો નતીજો મળે છે તે હું તહને અને તહારા કાકા ગયાસને બરાબર બતાવીશ."

તેજ વખતે એકાએક કયદખાનાનો દરવાજો ખુલી ગયો અને ચહેરાપર નકાબ નાંખેલી એક ઓરત અંદર ચાલી આવી! દરવાજો ખુલવાથી બત્તીનો જે ઉજાળો અંદર આવ્યો હતો તેનાથી જોઇને મુબારક અજબ થયો કે આવી રાતની વખતે નીરજન કયદખાનામાં એક નકાબપોશ ઓરત ક્યાંથી? તેણે પુછ્યું "કોણ છે? શું તુંજ શયતાનની પરકાલા શકર! શયતાનની બચ્ચી, તું એવી યકીન ફરામોશ નીકળી?"

જવાબ મળ્યો "નહીં હું શકર નથી! શકર કમસ્હમજ શું આવી ચાલ ચાલશે? શકર તો તહારીજ માફક કયદમાં પડેલી છે! મુમકીન છે કે તેના ખુનથી લપેટાયલી લાશ ઝમીનની અંદરની નહેર મારફતે જમના નદીમાં વહીબી ગઇ હોય!"

"કોણ? દીલશાદ?" મુબારક મોટી અજાયબીથી બુમ પાડી ઉઠયો "તું યહાં કેમ આવી શકી?"

શયતાની દીલશાદે નકાબ હટાવીને હાથની બતી ઝમીનપર મુકીને કહયું "હા, હુંજ છું, દીલશાદ છું! મુબારક તું જે મતલબથી યહાં આવ્યો હતો તેથી બરખીલાફ મ્હારી મતલબ યહાં આવવામાં હતી! તું આવ્યો હતો તહારી માશુક શકરલબને ગલે લાગવા, અને હું તમ્હો બે વચ્ચે હંમેશાની જુદાઇ પેદા કરવા!—હું તમ્હો બેઉની ખુશીને રન્જમાં બદલવા આવી! હવેજ તું સહમજી શકયો હશે મુબારક કે મુગલ કરતાં પઠાણ ઝીયાદા પેચદાર છે-શયતાનીયતમાં મુગલ મુકાબલો હરગીઝ નથી કરી શકતા!"

દીલશાદ આવી દગાબાઝ? થોડો વખત તો મુબારકે તેના ચહેરાને જોયાજ કીધું! પછી તે બોલ્યો "દગાબાઝ! તેં શા માટે મહને આ આફતમાં મુબતીલા કીધો?"

ભવાં ચઢાવીને દીલશાદ બોલી "કેમ? તો શું તે તહારે સાંભળવું છે? મહારી સાથે તેં દગો કીધો તેથી! તેંજ મહને આ રસ્તે કદમ મુકવા માટે મજબુત કીધી! શું તહને ખબર નહીં હતી કે પોતાના આશકની બેવફાઇ અને જફાકારીનો બદલો પઠાણ ઓરતો બહુ બુરી તરેહથી લે છે તે? મુબારક, આ તહારીપર આવેલા શકરલબના ખત જો! અને હવે યાદ કર કે તેં મહને ઠોકર મારી તો મહારે શું ઠોકર પાછી નહીં મારવી?"

દીલશાદે ગયાસબેગ પાસેથી શકરલબવાલા તે બન્ને ખતો જે પાછા મેળવ્યા હતા તે મુબારકને બતાવ્યા અને મુબારક હમણાં તે જોઈને સ્હમજી ગયો કે આ દગાબાઝી કોણે કીધી હતી. તે હવે દીલશાદ તરફ બહુ મોટા ગુસ્સાથી જોઇને બરાડ પાડીને બોલ્યો "દીલશાદ શયતાન! એક વખત તહારી કેવી લાચાર અને પુરતરસ હાલત હતી તેનો તો તહારે વીચાર કરવો હતો! જ્યારે તહારૂં કોઇ નહીં હતું ત્યારે મેં તહને પાલીપોસી, કેટલી આસાઇશ સાથે, કેટલી મુહબ્બત સાથે, મેં તહને પાલી તેનો તો તહારે એક વખતબી વીચાર કરવો હતો! થોડાજ દીવસપર હું તહને મ્હારી તમામ દઓલત, ઈઝઝત, અને ઝીન્દગી બખશાવા તઇયાર હતો, તહને મહારી બીવી બનાવવા ખુશી હતો. લેકીન તેં બહુ મોટી અહસાન ફરામોશી કીધી! દીલશાદ! કયા કલેજાથી તું એમ કરી શકી? શા માટે તેં મહારી તમામ નેકીઓને દરીયામાં ફેંકી દીધી?"

મુબારકનું બોલવું દીલશાદને કાંટા સમાન ચુબવા લાગ્યું. તે બોલી "પઠાણની ઝાત હરગેઝ અહસાન ફરામોશ નથી હોતી; તેં મહને મદદ કીધી હતી એ વાત હું કદી ભુલીશ નહીં મુબારક! હું તો શકરલબપર અને તું શકરલબથી જુદો પડે તે માટે તહારીપર બદલો લેવા માંગતી હતી જે લઇ ચુકી છું-મહને પગોથી ગોયા લાત મારી દુર ફેંકીને તું શકરથી શાદી કરવાનો હતો તેનો બદલો લેવા માંગતી હતી જે મેં લીધો. હવે હું તહને આ કયદખાનાથી આઝાદ કરવા માંગું છું. બોલ, મુબારક, આ કયદમાંથી નહાસવાનો ઈરાદો તહારો છે કે નહીં?"

"શાકરલબનું શું થયું ?" મુબારકે પુછયું.

"તેને તહારી માફક કયદ કરવામાં આવી છે અને હવે તો તેને મારી પણ નાંખવામાં આવી હશે !"

"લાખ અફસોસ!" મુબારકે કપાલપર હાથ મારીને કહયું.

"તેને માટેનો અફસોસ હવે ફોકટ છે." દીલશાદ બોલી "હવે તો તેને મારી પણ નાંખવામાં આવી હશે !"

"લાખ અફસોસ!" મુબારકે કપાલપર હાથ મારીને કહયું.

"તેને માટેનો અફસોસ હવે ફોકટ છે." દીલશાદ બોલી "હવે તો તું બચવા માંગતો હોય, યહાંથી નહાસવા માંગતો હોય, તો હું તહને નહસારવા તઇયાર છું."

"હું તહારા જેવી બદકાર ઓરતની મદદ લેવા માંગતો નથી" મુબારકે બુમ પાડી "હું પોતે મહારી કુવવતે બાઝુની મદદથી અને દમાગી ઝોરથી કોઇ તરકીબ કરીને યહાંથી નહાસી છુટીશ. તું મહારી સામેથી તહારૂં મોંહ કાલુ કર !"

એક કઠોર હસવું હસીને દીલશાદ બોલી "આવી વખતે ગુરૂરની વાતો અભડાઇએ ચઢાવી દે! મઓકો કોઇ અઓર છે હં! ગુઝીશતા વાતોનો ખ્યાલ દીલથી દુર કર મુબારક! યાદ રાખ કે તહારી મઓજુદા હાલત બહુજ નાઝુક અને પુરખતર છે! તેં હજી સુધી ગયાસબેગને બરોબર ઓળખ્યો નથી કેમજે તે તહને બહુ બુરી રીતે કુતરાની મઓતે મારશે શું તે તહને ગમશે ? મુબારક તું હઝાર શયતાન હોય છતાંબી હું તહારાં અહેસાનોને ભુલવા માંગતી નથી તેથીજ તહને છોડવા યહાં આવી રાતની વખતે આવી છું! ગયાસબેગે મહારી મઓજુદા હાલતપર રહેમ કરીને મહને પોતાની બેટી સમાન ગણીને હવેથી યહાં મહેલમાં રહેવાની જગ્યા આપી છે અને તહારૂં ખાવાનું લાવવાને મસે હું યહાં તહને છોડવવા

આવી છું અને તે એકજ શરતપર! અને તે શરત એજ છે કે તું યહાંથી છુટયાં પછી અલીમરદનખાં અને અલીરઝા જેને તેં હજી મારયો નથી તેને છોડી દે! એ બેહના છુટકારાની શરતપર હું તહને છોડવા માંગુ છું, અને વળી મહારીપર કરેલા અહેસાનોનો બદલોબી હું એ રીતે આપવા માંગુ છું. કયદખાનાનું તાળું મારી પાસે છે, પહેરેદાર દુર છે, મહારો નોકર જે બાહર ઉભો છે તેના કપડાં પહેરવાથી આસાનીથી નહાસી શકાશે! મહારા બદલાની ખવાહીશ પુરી થઇ ચુકી છે. હવે મેં તહારી બુરાઇ કીધી-તુજ વહાલા મેહેરબાન સાથે દગો કીધો-તે માટે મહને રન્જ થાય છે! એ રન્જને દુર કરવા અને દાઘને ધોઇ નાંખવા હું આ વખતે તહારી સામે આવી ઉભી છું. મુબારક, મહારૂં બધું ચાલી ગયું છે, રહ્યું શું છે? કાંઇબી નહીં! હું દીવાની-પગલી-બબતુલ હવાસ છું! તું મહને પગોથી કચડી નાંખ-મહારી બેઈજ્જતી કર-મહારી સાથ દગાબાઝી કર-હું તે બધું-તે બધું-સહન કરીશ. મગર તહારૂં મઓત હરગીઝ ન આવવા દઇશ! હું તે દરદનાક નઝારાને જોવાની હરગીઝ તઆબ રાખી શકીશ નહીં—તું મરે તે હું જોઇ શકીશ નહીં! તેથી, મુબારક, તું યહાંથી નહાસી જા! હું નથી ચાહતી કે મેં તહને નહાસવામાં મદદ આપી તેથી તું મહારો ઉપકાર માને! નહીં, નહીં, હું કાંઈ નથી માંગતી, હું તો બસ તહારી ઝીન્દગી બચે તેજ જોવા માંગુ છું. બોલ, મુબારક, તું નહાસી જવા તઇયાર છે કે નહીં?"

મુબારકે બુમ પાડી "નહીં! હું હરગીઝ તહારી મદદથી નહીં નહાસી જઈશ: શયતાન, તું મને મઓતનો ખઓફ બતાવે છે! જાન હથેલીપર રાખીનેજ તો હું એવા કામ કરૂં છું. મહને તહારાં રહમ-કરમ-ઈનાયત નહીં જોઇએ! મહાને તહારા અહેસાન-દરદમન્દી-મદદની દરકાર નથી! બસ મહને ઝીયાદા તંગ ના કર! તહારા જેવી શયતાનની સુરત જોવીબી મહારે માટે લાયક નથી! તહારા જેવા મક્કારા સાથે ગુફતેગુ કરતાંબી મહને નફરત પેદા થતી રહે છે! જા, હમણાજ મહારી સામેથી ચાલી જા! અગર એમ નહીં જશે તો હું તહને લાત મારીને યહાંથી કાઢીશ!"

છેડાયલા સાંપ મીસાલ દીલશાદ હવે ફુંફારા મારવા લાગી ! તે મુબારક તરફ ગુસ્સાથી જોઇને બોલી "ઓહ ! એટલી હીમાકત ! એટલું જોશ ! એટલી તેઝી ! શું સોચ્યું હતું ? એમજ કે શકરલબને કલેજે લગાડી ઝીન્ગીની મઝાહ તું લુટશે અને તેથી દીલશાદને ઠોકર મારી તે કાંટાને શકરના રસ્તાથી દુર કરવા માંગયો ? નહીં, એમ હરગીઝ નહીં થશે ! મુબારક તું શકરલબને હવે કદીબી જીવતી મેળવી શકશેજ નહીં ! તે જો મરી ગઇ નહીં હશે તો તેને હવે મારીજ નાખવામાં આવશે."

મુબારકના કલેજામાંથી એક દરદનાક ચીખ નીકલી "તો તું શું શકરનું ખુન કરશે ?"

દીલશાદ ઝુનુનથી બોલી "કરીશ–જરૂર કરીશ ! મઔાત આવીને તેના ફુલ જેવા ખીલેલા ચહેરાને બગાડી નાંખશે !–આંખો હંમેશાને માટે જોવાથી લાચાર થઇ જશે !–દીલબરથી મલવાની ઉમીદ ધરાવનારી છાતીની ધડકન સદા સુધીની બંધ થઇ જશે !–તું શકરની લાશને કલેજા સાથે લગાડીને આંસુની નદી રેડશે !–ત્યારે ત્યારે અને ત્યારેજ મહારા દીલને ચયન થશે ! આરામ મળશે !! દગાબાઝ શયતાન મુબારક, હું તેજ તમાશો જોવા માંગુ છું. તું શકરને હરગીઝ નહીં મેળવશે–કદી નહીં–કદી નહીં ! યા તો હું મરીશ, અથવા શકરલબ પોતાના જાનથી હાથ ધોઇ મરશે !"

તેટલું બોલીને દીલશાદ કયદખાનાનો દરવાઝો બંધ કરી ગઇ !

પ્રકરણ ૨૫ મું.

એક મ્યાનની બે તલવાર.

બીજી સહવારે શકરલબ જ્યારે જાગી ઉઠી ત્યારે તેણે જોયું તો એક જુદીજ કોઠરીમાં તે મામુલી સેજપર પડેલી છે અને તેની પાસે એક તાતારી બાંદી છે, જે બાંદીએ તે ઉઠી ત્યારે તેને સલામબી કીધી નહીં જે જોઇ શકરને બહુ લાગી આવ્યું.

શકરલબ તે પછી બીછાનામાંથી ઉઠીને દરવાઝાની બાહર જવા ગઇ તો તેને પેલી બાંદીએ રોકી! તે જોઇને શકરે અજાયબીથી પુછયું "કેમ ઇકબાલ! તેં મહને રોકી કેમ?"

બાંદીએ જવાબ દીધો "શું કરૂં? શકરબીબી! હુઝુરઆલીનો એવોજ હુકુમ છે જેથી મહને તો તેની તામીલ કરવીજ પડશે! નહીં કરીશ તો જાનથી હાથ ધોઇ બેસીશ! તમ્હો તો તેવણના મીઝાજનો હાલ બખુબી જાણો છો."

શકરે તે સાંભળી પુકારયું "તો શું કાકાએ મહારી આઝાદી છીનવી લીધી છે?"

"દરીં ચે શક!" બાંદી બોલી.

શકર થરથર ધ્રુજતી પાછી ફરીને ઝમીનપર બેસી ગઇ! તે ફરશપર બેસીને હાથ જોડીને આસમાનની તરફ જોઇને કરગરી "ઓ બેઉ દુન્યાના સાહેબ પાક પરવરદીગાર! રહમતુલ મુકામ! પાક ખુદાવન્દ કરીમ! આ શું બલા મહારા માથાપર સવાર થઇ ગઇ? કેવી આફત તુટી પડી? હું મહારે માટે ફીકર જરાકબી નથી કરતી, મહને તો મુબારકનો વીચાર આવે

છે. બીજો અંદેશો મહને મહારી ઇજ્જત અને નેક નામપર દાઘ લાગવાનો છે. મેં તો કોઇ ગુનહા નથી કીધો તો આ કયામત કેમ બરપા થઇ ! આ મામલામાં હું બીલકુલ બેકુસુર છું છતાં મહને મુબારકે દગાબાઝ કેમ બતાવી ? મઓત–હવે તો સીરફ મઓતજ મહારી તમામ બદનામીને દુર કરશે ! લેકીન ઝહેર ક્યાંથી મેળવું કે જે ખાઇને મહારી તમામ રૂહાની અને જીસમાની તકાલીફ રફા કરી શકું ? કોઇ મહને એવું તેઝ ઝહેર લાવીને ખવાડી દે તો જોત જોતામાં મહારી આ માયુસ ઝીંદગીનો છેડો આવે— મહારી રગ રગમાં જે આગ સલગી છે તે બુઝાવી દે !"

આ વખતે દરવાઝા પાસે ઉભેલી દીલશાદ અંદર આવીને બોલી "કેમ શકર બીબી ઝહેર જોઇએ છે કે? મરવાની ખવાહીશ છે કે ? ઠીક, તો હું તમ્હને મરવામાં મદદ થાઉં છું ! ઝહેર લાવી આપું છું."

દીલશાદને કદી નહીં જોયલી હોવાથી શકરબબ અજાયબી સાથે તેને જોઇને ઉઠી ને પુછવા લાગી "તમ્હે કોણ છો ?"

ધીક્કારનું એક હસવું હસી લઇને દીલશાદ બોલી "મહારૂં નામ દીલશાદ છે."

"દીલશાદ ? એ નામ તો મેં આજે આ મહેલમાં પહેલવહેલુંજ સાંભળ્યું છે ! આજ સુધી મેં તમ્હને આ મહેલમાં કદી નહીં જોયલા."

"આજ સુધી કદી આવવાની મહને ઝુરૂરતજ નહીં પડેલી, પણ હવે ઝુરૂર પડી છે એટલે આવી છું."

"શી ઝુરૂરત પડી છે ? શું ફક્ત મહારે માટે ઝહેર લાવવાની ઝુરૂરત પડી છે ?"

"હું પોતે ઝહેરનો ગોટ ગળી રહી છું." દીલશાદ બોલી "અને તે ઝહેર મહારા ગલાંમાં તમ્હેજ નાખ્યું છે જેની જલનથી મહારી નસેનસમાં આગ સલગી છે ! તમહારા મઓતનો રસ્તો સાફ કરવાથીજ મહારી આ જલન બુઝાઇ જશે."

"તમ્હારી વાતો મ્હારી સ્હમજમાં ઉતરતી નથી!" શકર બોલી "ખુલ્લા બોલોમાં સાફ સાફ કહો નહીં તો મહને કેવી રીતે સ્હમજ પડે?"

"ઠીક, સાફ સાફ સ્હમજો. હું એક ઇઝ્ઝતદાર ખાનદાનની છોકરી છું, આ ડાકુ મુબારકે મહને એક મુદતથી પોતાને ત્યાં લુટમાં મેળવીને પાળી છે! મેં એના ઘરમાં બહુ ચયન, આરામ, અને આશાઇશની સાથ ઝીન્દગી બસર કીધી છે! સાચ્ચી વાત કહેવામાં શું? હું મુબારકની સોહબત, ખાતીર તવજ્જોહ, અને ખુશામદની વાતોમાં પડીને તેનાપર મરવા લાગી! કીસમતની ખુબી-તમ્હેબી તેનીપર આશીક થઇ ગઇ! એક મ્યાનની બે તલવાર-એક આશીકની બે માશુક થવાથી કેવો અંજામ થાય છે-તેમાંથી કેટલી બધી બુરાઇઓ પેદા થાય છે-એ વાત તો કદાચ તમ્હે સ્હમજી શક્તા હશો! હું પઠાણી છું-તમ્હે મુગલાની છો! નાઉમીદીના દરીયામાં ગર્ક થવાથી પઠાણી કેવી રીતે બદલો લેવાપર આમાદા થાય છે, ખઓફનાક બની જાય છે, એ શાયદ તમ્હને માલુમ નહીં હોય! તમ્હારી આ લાસાની ખુબસુરતીપર મુબારક ફરેફ્તા છે તેથી બેમાંથી એકને આ દુનીયાની દોસ્તી છોડવી પડશે! નહીં તો બેમાંથી એકનેબી આરામની નીંદ નસીબ નહીં થશે, બન્નેને હયરાન થઇને મરવું પડશે! એ માટે હું તમ્હને ઝહેર આપવા આવી છું. મેં સાફ દીલથી સાચી વાત તમહને બતલાવી છે-જરાકબી પોશીદગી અખત્યાર કીધી નથી! હમણાંજ તમહે મરવાની ખવાહીશ ઝાહેર કીધી હતી, લેકીન શું તમહારામાં જાન આપવાની હીંમત છે? અગર છે તો આ લો ઝહેર મઓજુદ છે, હું સાથેજ લાવી છું! જીવતાજીવત જીગર જલાવી જલાવીને ખલાસ થાવ, તેના કરતાં આ ઝહેર તમહારી તમામ ઝીન્દગીની જલનને ઠંડી કરી નાંખે એ શું બહેતર નથી? હઝાર દરજ્જે ગનીમત નથી શું?" એમ કહી દીલશાદે એક પડીકું શકર સામે મુકી દીધું!

આરસીની માફક તમામ વાતો શકરલબની આંખો સામે ઝલકી ગઈ! તે સોચીને બોલી "દીલશાદ, તમહને ખુશી હાસીલ થાય, તમહારી મુરાદ

ખર આવે, તેને માટે હું શા સારૂં મ્હારો જાન આપું? શા માટે ઝહેર ખાઇને ખુદકુશી કરૂં? તમ્હે સાંભળીને ચોંકી ઉઠશો કે મુબારક મ્હારીપર ફરેફ્તા થયો છે તે ઉપરાંત હું તેનીપર દીલોજાન નીસાર કરીને બેઠી છું. મ્હારી તમામ તમન્ના, તમામ ખુશી, તમામ હસરતોને છોડીને હું શા માટે મરૂં?"

તે સાંભળી તુંતાંપર આવી જઇ દીલશાદે કહયું "ખુદબખુદ નહીં મરશે, તો આજે નહીં ને કાલે તહારૂં ખુન થશેજ. કેમજે તું જીવતી છે ત્યાંસુધી મુબારક મહારો હરગીઝ નહીં થઇ શકશે."

તે પછી દીલશાદે ખંજર પોતાના કપડાંમાંથી બાહર કાઢીને કહયું "હું ચાહું તો હમણા તહને મારૂં, પણ હું મહારા હાથ નાપાક કરવા માંગતી નથી! શું તેં ત્હારા કાકા ગયાસબેગ સાહેબનો હુકમ નથી સાંભળ્યો? આવતી કાલે કયદી મુબારકને પાદશાહ અકબરની રૂબરૂ પેશ કરવામાં આવશે જે વખતે તેને તેના તમામ આમાલોનો નતીજો મળશે અને તે કુતરાના મઓતે મરશે! ગયાસબેગની એવી મરજી છે કે તેનું કપાયલું માથું તહને નઝર કરવામાં આવે. અને મુબારકની પુર દરદ મઓત જોઇને જ્યારે તહારા હાડકે હાડકામાં આગનો શોલો ભડકી ઉઠશે ત્યારેજ તહારા નાઝુક બદનના સો સો ટુકડા કરી નાંખીને મહેલની ભીત્તરમાં છુપેલી નહેરો મારફતે નાબુદ કરવામાં આવશે!"

તે ભયાનક વાત સાંભળીને શકરલબનું કલેજું કંપી ઉઠયું! તે ધ્રુજતા શબ્દોમાં બોલી "દીલશાદ! તમ્હે હમણાંજ કહ્યું કે મુબારકને તમહે ચાહો છો, તો હું એમ પુછું છું કે પોતાના પ્યારાને આવી રીતે મરતો જોઇને માશુકાને ખુશી હાસલ થાય કે? મેં એવી કોઇબી ઓરતનો દાખલો જાણ્યો નથી, અને આ તમ્હનેજ જોઉં છું કે આવી એક અજીબ ઓરતબી દુનીયામાં હોય છે! શું આવી દયાહીણ ખુશીને પ્યારના નામથી પુકારો છો? એનેજ મુહબ્બત કહેવામાં આવે છે? હું તો જોઉં છું કે તમહારી મુહબ્બત ખુનથી તર, તમહારો પ્યાર લહુથી રંગીન છે! કમબખ્ત દીલશાદ, તું પુરી

શયતાન છે માટે મ્હારી સામેથી દુર થા, તહારી સીયાહ સુરત જોવામાંબી ગુન્હા છે! જા, યહાંથી!"

"જાઉં છું, લેકીન પાછી આવીશ!" દીલશાદ ગુસ્સાથી બોલી "તમ્હો બેઉને મઓતની તકલીફોમાં તડપતા જોઇનેજ મહારૂં કલેજું ઠંડું થશે! તું મરશે-મુબારક મરશે-ત્યારેજ મહારા જલતા જીગરને આસુદગી હાસલ થશે-મહારા બેકરાર દીલને કરાર થશે!"

ખંજર ચોલીમાં છુપાવી દીલશાદ બહુ મોટા ગુસ્સા સાથે ત્યાંથી ગઇ.

પાપી દીલશાદના જવા પછી નીરદોશ અને નેક શકરલબ ઝમીનપર ગુડન્યે પડી-તેની આંખોમાંથી નવધાર આંસુ તપતપ ઉતરવાં લાગ્યાં-અને તે આસમાન તરફ જોઇને કરગરીને બોલી:—

"અએ પાક ખુદા! અએ બન્દા પરવર રહીમ! અએ દીન દુનીયાના માલેક! હું દુનીયાના અયશો આરામની તલબગાર નથી!-મહારી આ નાચીઝ ઝીન્દગી ગમે તો તુફાની સમનદરમાં તુટેલી નાવની તરેહ ડુબી જાય તેની મહને પરવાહ નથી! લેકીન, ઓ પાક બાપ, તું મુબારકપર રહેમ કરજે, તેને જાન બક્ષજે! આ ફીતનાગર દીલશાદે જે ખઓફ મુબારક માટે મહારા દીલમાં પયદા કીધો છે તેને તું દુર કરી દેજે! તહારા ફઝલથી બધીજ વાત બની શકે છે માટે ઓ પાક ખુદા તું મુબારકને ખઓફનાક, દરદઆમેઝ, અને કવખતના મઓતથી બચાવી લેજે!"

અને તે પછી તે બાવફા પાકદામન નેકીની પુતલીએ પાક પરવરની બંદગી કરવા માટે પોતાના નીરદોશ આઇના મીસાલ સાફ હોઠ હલાવ્યા! તે બંદગી ખરા જીગરની હતી-નેક દીલની હતી-નીરદોશ અને સાફ સીનામાંથી નીકળીને ફુલોની અકેક પખંડી મીસાલ ઉડીને કારગર થતી હતી!

પ્રકરણ ૨૬ મું.

છુટકારો.

તે રાતના શકરલબની વફાદાર દાસી પોતાની નેક ખાતુનને બચાવવા માટે બીજી તરફ કોશીશ કરી રહી, શકરલબને નઝરકયદીની હાલતમાં રાખીને ઇકબાલ નામની એક મજબુત તાતારી બાંદીને પહેરાપર રાખવામાં આવી હતી જે તાતારી બાંદીપર શકરની વફાદાર દાસીએ અગાઉ એક અહેસાન કીધો હતો અને તે અહેસાનની યાદ હમણાં આપવામાં આવી. શકરની દાસીએ એકબાલને થોડી ઘણી નરમ બનાવી દીધી અને તે પછી તે પોતાની ખાતુનને સહમજાવી આવી.

તે બાદ જ્યારે શકરલબના કયદખાનાના દરવાઝાપર બેઠેલી ઇકબાલ અંદર દાખલ થઇ ત્યારે તેણે શકરને ખુબ રડતી જોઇ એટલે તેના સખ્ત દીલમાંબી તે આંસુઓએ નરમી પયદા કીધી ! શકરની દાસી અને શકરનાં આંસુ એ બેએ તે તાતારી બાંદીના પત્થર સમાન દીલને મોમમાં ફેરવવાની કોશીશમાં કામયાબી મેળવવા માંડી !

"બેટી શકર !" તાતારી બાંદી બોલી "આ શયતાન ખસલત દીલશાદને લીધેજ તમહારી આ હાલત થઈ છે. મગર હવે ફુઝુલ રડવાથી શો ફાયદો ? ધીરજ ધરો."

શકરે તે પહેરેદારને આવી દીલસોઝી બતાવતી સાંભળીને ચહેરો ફેરવી તેની તરફ જોયું. તે રડમસ આવાઝે બોલી "ઇકબાલ ! મહારી દાસીએ તહારી સાથે ભલાઇ કીધી હતી ! તેમ તુંબી મહારી સાથે હવે ભલાઇ કર !"

શકરના ગાલોપરથી ઉતરતાં આંસુનાં ટીપાં લુછતાં લુછતાં ઈકબાલ બોલી "કેવી ભલાઇ કરૂં? અમે તાતારીઓ અહેસાનનો બદલો વાલવાનું અચ્છી રવેશે જાણીએ છીએ. બોલો શું કરવા કહો છો?"

"આ વખતે મહારા બદનપર જે ઝવેરાત મઓજુદ છે તેની કીંમત દશ હઝાર અશરફીઓથી કમ નથી. હું તહને એ સઘળા આપી દેવા માંગું છું."

ઇકબાલ બોલી "એ હીરા જવાહીરના દાગીના લઇને હું શું કરૂં?"

"વેચીને એના રોકડા રૂપીયા બનાવજે જેથી તહને તહારી આખી ઝીન્દગી દરમીયાન નોકરી કરવાની ઝરૂરત નહીં રહેશે."

તાતારી બાંદીની આંખો તે વાત સાંભળીને ચમકવા લાગી! તે અજા-યબી સાથે પુછવા લાગી "શું તમ્હે આ સાચું કહો છો?"

"તદનજ સાચું" શકર બોલી, અને તેણે પોતાના દાગીના ઉતારતા કહયું "એ બધાં આજથી તહારા છે."

"તો તમહારો શું ઇરાદો છે?" તાતારી બાંદી સ્હમજી જઇને બોલી "શું તમ્હે આ કયદથી છુટકારો મેળવવા ચાહો છો?"

"હા ઇકબાલ, હું આ કયદથી છુટવા માંગું છું. હું તહને અને મહારી વફાદાર દાસીને લઇને તમામ ઝીન્દગી સુધી બીજી જગ્યાપર રહેવા જવાનો ઇરાદો કરૂં છું."

"હા, મહનેબી તો તમહારી સાથેજ આવવું પડવાનું, કેમ જે તમ્હને છોડયા બાદ હું ગયાસબેગના હાથપર જીવી શકું એમ નથી! ત્યારે ચાલો હવે મહારી સાથે, તમહારી દાસીને હું બોલાવી લાવું છું."

"તેને કહેજે કે એક સનદુકચીબી સાથે લઇ આવે. જેથી તું તહારા આ દાગીના તેમાં મુકી શકે." શકરે કહયું, અને ઈકબાલ ગઇ.

શકરની દાસી આવી કે શકરે તેને બધો ખુલાસો કરયો, જે સાંભળીને તે બોલી "અઝીઝ ખાતુન! આપાંગે યહાંથી નહાસીને કયાં જશું? આપાંગે કોના દરવાઝાપર જઈ ઉભા રહીશું?"

શકરલબે આસમાન તરફ નઝર ઉઠાવીને કહ્યું "તે પાક પરવરદીગારની આટલી મોટી દુનીયામાં શું આપણને ઉભા રહેવાની જગ્યા નહીં મળશે? કરોડો મખલુકાત જ્યાં પોતાની અઓકાત ગુઝારે છે ત્યાં શું આપણને બે ગઝ ઝમીન ઉભા રહેવા માટે નહીં મળશે?"

તેજ વખતે ઇકબાલે આવીને ઉતાવળ કીધી "વખત ના ગુમાવો. ચાલો હમણાંજ નહાસી જઇએ, વખત લાગશે તો આફતમાં ફસી જઇશું."

તાતારી બાંદીએ પોતાને આપવામાં આવેલી તેઝ છુરી તપાસી જોઈ અને પછી તે શકરને અને શકરની દાસીને મહેલમાંથી દોરવી ગઇ!—ઘોર અંધારૂં છવાઇ રહેલું હતું જેમાંથી તે ત્રાગે સંભાળી સંભાળીને ધીરે ધીમેથી પસાર થતી હતી.

બાગમાં ઉતરતા એક ઝાડ આગલ આવીને શકર એકાએક ઉભી રહી ગઇ અને બોલી "મહારૂં નહાસી છુટવું નહીં બની શકશે."

ઇકબાલે પુછ્યું "કેમ?"

શકર ધીમેથી બોલી "જે શખ્સ ફક્ત મહારેજ લીધે ગીરફતાર થઇ ગયલો છે તેને છોડવ્યા વગર હું હરગીઝ એક કદમબી આગલ નહીં ભરીશ. ઈકબાલ! મહારી પાસે હજીબી જે કાંઈ છે તે બધું તહને આપી દઇશ, જેના બદલામાં કોઇબી તરતીબે તું મુબારકને કયદમાંથી રીહા કર."

"ગયરમુમકીન છે! તે મહારી વાત સાંભળે તો મુબારક છુટે કેની? પણ તે નહીં માનશે?"

"તે તે કોણ?"

"મ્હારો બેટો મુઝફ્ફર" ઇકબાલ બોલી "મુબારકના કયદખાનાપર બે પહેરેદાર છે: પહેલો એક બીજો શખ્સ, અને બીજો પહેરેદાર તે મ્હારો બેટો."

"ઓ! એમ છે? તહારો બેટો છે એટલે તો કામ ઉલટું આસાન છે." શકર કાંઈક ખુશી સાથે બોલી "તહારા બેટાને તું મ્હારા પઇસા ઝવેરાતની લાલચથી શીશામાં સહેલાઈથી ઉતારી શકશે અને ઘણા ખરા પહેરેદાર એક બીજાના મીત્ર અથવા વાતચીતના વહેવારમાં આવેલા હોવાથી મઓકો ઠીક છે, તહારો બેટો તે બીજાને લાલચમાં શરીક કરીને મુબારકને છોડવી શકશે. મારી દાસીને મેં બીજી પાંચ હઝાર અશરફી સાથે લેવા માટે આપી છે."

"હા. અને એનાથી કામ થઇ જશે." શકરની દાસી બોલી.

"ત્યારે ચાલો મ્હારી સાથે, પેલી સામેની આડમાં તમ્હે બેઉ બેસો અને તેટલાં હું મુબારકના કયદખાના તરફ જઇ આવું."

શકર અને તેની દાસી તે આડ પાછળ બેઠી, અને ઇકબાલ ગઇ. થોડે દુર જવા પછી તેને મુબારકના કયદખાનાના દરવાઝાપરનો પહેલો પહેરેદાર મળ્યો. તેણે આવાઝ કીધો "કોણ છે?"

ઈકબાલ તેની સામે જઇ બોલી "હું છું મુઝફ્ફરની મા."

"ઓ, તમ્હે છો કે? કેમ શું છે?" પહેરેદારે પુછ્યું.

"મહને મુઝફ્ફરને અમારા પોતાના એક ઝરૂરી કામ માટે હમણાંજ મળવું છે."

"ઠીક, તો ખુશીથી જાઓ." પહેરેદાર બોલ્યો, અને તેણે ઈકબાલને અંદર જવાની રજા આપી.

પહેરેદારની પીઠ ફરી કે ઇકબાલની નીયત બીગડી!! તે મનમાં બોલી "એને ભાગ કોણ આપે અને એની સાથે તકરાર કોણ કરે? આ છુરી બધી વાતનો છેડો લાવશે!"

એમ બોલતાંજ તે તાતારી ઓરતે પહેરેદારની ગફલતીનો લાભ લઇ છુરી તેને ભોકી દીધી અને તે ઝખમી થઇને પડ્યો કે તેના મોંઢામાં રૂમાલ દાબી દીધો!! અને તેની કમરની તલવાર છોડી લઇને તે તાતારી જાુનુની ખુની ઓરત ત્યાંથી ગોયા ઉડી ગઇ! અંધકારમાં તેની આંખો ગોયા સીંહણની આંખો સમાન બધી ચીઝને જોઇ રહી હતી અને તે સીધી પોતાના બેટા મુઝફ્ફર પાસે જઈ પહોંચી.

ઇકબાલે પોતાના બેટા મુઝફ્ફરને બધી વાત ટુંકમાં અને ઝડપથી કહી દીધી અને ઉમેર્યું "મેં ખુન કીધું છે, જેથી સહવારે પડતાંજ શોરગુલ થઇ રહેશે! મુઝફ્ફર તું ફ્રેઓરન મુબારકને છોડી દે! અગર સદર દરવાઝા· પર ગડબડ થશે તો મુબારક આ તલવારની મદદથી નહાસી જઇ શકશે, અને તેટલા વખતમાં શકરલબ, તેની દાસી, હું અને તું ચોર દરવાઝાથી પસાર થઈ જઈશું."

જવેરાત અને પઇસાની લાલચ અને ખુનની બીનાથી બાવલો જેવો બનેલો મુઝફ્ફર એકદમ મુબારક તરફ ગયો અને તેણે દરવાઝો ખોલીને કહ્યું "કેમ મુબારકઅલી સાહેબ, જાગો છો કે?"

મુબારકની આંખ અરધી ખુલી હતી, તે ચોંકીને ઉઠી બેસીને બોલ્યો "કોણ છો?"

"મુઝફ્ફર પહેરેદાર! જનાબ, હું તમ્હને છોડવવા આવ્યો છું." અને મુબારકના બાંધેલા હાથ ખોલતા અને પગ સાથે બાંધેલી લાંબી સાંકળને છુટી કરતા તે બોલ્યો "આ લો તલવાર, અગર સદર દરવાઝાપર કોઇ તમ્હને રોકે તો આ તલવાર તમહારી મદદગાર થશે."

મુબારકની સ્હમજમાં નહીં આવ્યું કે એ મામલો શું બની ગયો છે! તે બોલ્યો "અગર એ વાત સાચી હોય તો હું તએ દીલથી શુક્રીયા અદા કરૂં છું—હઝાર જાનથી તમ્હારો મશકુર અને મમનુન છું. પાક ખુદા તમ્હને આ નેકીનો બદલો આપે."

મુઝફ્ફરે ખુલાસો કીધો "આપનો આ છુટકારો મ્હારેથી નથી થયો, આપ ઠીક સ્હમજી લો કે આપને પાક ખુદાની ઇમદાદ હાસીલ થઇ છે, જેથી આપ તએદ્દીલથી તે પાક બાપના શુક્રીયા અદા કરો! તે પછી આપ કોઇનાબી અહસાનમન્દ યા શુક્રગુઝાર થઇ શકો તો તે સીરફ શકરલબ બીબીના છો! જો તેવણ નહીં હતે તો આપને તડપી તડપીને મરવાનું થતે!"

મુબારકે મોટી અજાયબીથી પુછયું "શકરલબ? તે ક્યાં છે? શું તેનાથી મેં આ છુટકારો મેળવ્યો છે?"

"હા, જનાબ." અને પછી મુઝફ્ફરે ઉતાવળ કીધી "ખબર, ઝીયાદા ગુફતેગુ કરવાનો મઓકો નથી, ચુપચાપ મ્હારી હમરાહ ચાલો." એટલું કહીને મુઝફ્ફર મુબારકને બાહર લઇ જઇ સ્હમજાવવા લાગ્યો "આ રસ્તાનો છેડો પાર કરશો કે બાહર પડયા પછી સદર દરવાઝો આવશે. મેં સાંભળયું છે કે, આપમાં ગયબી તાકત મઓજુદ છે! અગર એ વાત સાચી હોય તો આ શમશીરની મદદથી તમ્હારી રાહ તમ્હે મેળવી શકશો. તમ્હારી જાણ માટે કહી દઉં છું કે, સદર દરવાઝાપર ચાર પહેરેદાર છે."

તે પછી ટુંકમાં મુઝફ્ફરે મુબારકને શું શું બન્યું હતું તેની વીગત કહી દીધી. બધી વાત જાણીને મુબારક બોલ્યો "તો હવે શું થશે? શકરની જાન કેમ બચશે?"

મુઝફ્ફરે કહયું "અમો બધાં ચાર દરવાઝાથી બાહર પડવાની કોશીશ કરીશું, જો ફાવ્યા તો તેમ નહીં તો મઓત માટે બધાંજ તઇયાર છીએ! મ્હારી માદરે મ્હારા એક સાથી પહેરેદારને તો પહોંતો કીધો છે. હવે હું અને તે મળીને ચાર દરવાઝાપર જો કોઇ આફત આવી પડી તો દસવીસના કલેજામાંથી લોહી વહેતું કરશું! આપ મોડું નહીં કરો, આપને બચાવવા શકરલબે ખાસ કહયું છે કે આપ યહાંથી ચાલી જાવ. અમોનેબી કોઇ અડચણ નહીં નડશે જો પાક ખુદા ચાહશે તો! શાહેરની ઉત્તરે શમશીર

ગંજમાં એક મસજીદ છે, કાલે બપોરે અમો ત્યાં આપને મળશું, માટે ત્યાં આવજો."

મુઝફ્ફર વધારે નહીં બોલીને ત્યાંથી ચાલી ગયો.

મુબારક ધીમા સાદે બડબડયો "હું કેવો શયતાન? કેવો બેવકુફ છું? મેં તે પાકઝાદ વફાદાર અને નેક શકરલબપર ખાલી ગુસ્સો કીધો!" તેનો આ બડબડાત શકર જે આડમાં પાસેજ છુપાયલી હતી તેણે સાંભળ્યો અને તે ખુશી થઇ કે મુબારકનો શક તેનાપરથી હવે દુર થયો હતો! તે મુબારકને તે વખતે મળી નહીં પણ તેણે મનમાં તેને માટે દુઆ કરતા કહયું "યા પાક ખુદા, મુબારકને તું આ બલામાંથી છોડવજે! અમારૂં ગમે તે થાય!"

તે પછી મુઝફ્ફરના કહેવા મુજબ મુબારક સદર દરવાઝાપર જઇ પહોંચ્યો જ્યાં ચાર પહેરેદાર હતા. મુબારકે પોતાને મળેલી શમશીર વીજળીના સપાટા ઝપાટાની માફક ચલાવી અને બોલ બોલતામાં તેણે બે પહેરેદારને ઝખમી કરી નીચે પાડયા! બીજા બે ખુબ જોશમાં લડયા પણ મુબારકની પટાબાઝી આગલ તેઓ લાચાર થઇ પડયા! થોડીજ વારમાં મુબારક એક સીંહ જેમ પીંજરામાંથી બાહર કુદીને નીકળી જાય તેમ ત્યાંથી નીકળી નહાઠો!

મુબારક આ તરફથી નહાઠો કે બીજી તરફથી ચોર દરવાઝેથી નહાસી જવાને શકરલબ અને તેની સાથવાલાઓને ભારી પડયું નહીં!–મુબારકને હરાવી નહીં શકનાર બે પહેરેદારોએ શોરોગુલ મચાવીને બીજા પહેરેદારોને બોલાવ્યા અને અંધકારમાં બધે શોધખોળ ચાલી પણ મુબારકની છાયા વટીક મળી શકી નહીં! પહેરેદારોના માથા ચકરાવા લાગ્યા, તેઓ આપસ આપસમાં બોલ્યા "ઓહ! મુબારક કેવો હીંમતવર, તાકતવર, અને ફીતનાગર છે!"

કોઇનીબી હીંમત નહીં ચાલી કે જઇને તે વાત રાતોરાત ગયાસબેગને કહે! સવારના પહોરમાં વાત જાણીને ગયાસબેગ માથે હાથ દઇને બેઠો! ગયાસના મહેલમાં બેઠેલી દીલશાદે પણ તે વાત જાણી કે તે ધાસ્તીથી ધ્રુજી રહી! તે મનમાં બોલી "યા તો મુબારક કોઇ જાદુ જાણે છે યા તેનાપર અલ્લાહ પાકની કોઇ ખાસ રહમત છે! અગર એવી વાત ન હતે તો એવા મહફુઝ મકાનમાંથી બેશુમાર પહેરેદારોને માત કરી તે આટલી આસાનીથી નહાસી કેમ જઈ શકયો? જ્યારે મેં તેને મહારી નાજાયઝ હરકત, ગફલત અને શયતનતન નુછી નાંખવાના ઇરાદાથી કહ્યું હતું કે હું તેને છોડવવા ગઈ છું, ત્યારે તેણે ધીક્કારની સાથે મહારી ઈમદાદનો ઇનકાર કરીને કહયું હતું કે તે તેની કઉવતે બાઝુથી છુટી જશે, અને ખરેખરેજ મુબારકે તે કરી દેખાડયું!!"

તે પાછી બડબડવા લાગી "એમાં તો કોઇ શક નથી કે મેં તેને ધોકાથી યહાં ગીરફતાર કરીને મોટી દગાબાઝી તેની સાથે કીધી, લેકીન શું તેના બદલામાં હું સારા સુલુક નહીં કરી શકતે? શું હું તેની માફીનીબી હકદાર નથી?"

તે થોડો વખત ચુપ રહીને હવે ઉશકેરાઇ બડબડવા લાગી "હું મુબારકની પાસે જઇશ, અને જોઇશ કે તેની સાથે નહાસી ગયલી શકરલબ તેના દીલની માલીક થઈ બેઠી છે કે કેમ? જો તેમ હશે તો હું કોઇબી રવેશે શકરલબનું ખુન કરવા માટે ચુકીશ નહીં! મ્હારા જીસમમાં જ્યાં સુધી જાન છે ત્યાં સુધી હું શકરને મુબારકની મોહરદાર નહીં થવા દઇશ! તમામ દુન્યાપર હું ગોયા આગ લગાડીશ! મુબારક જો "આતીશે ખામોશ" છે તો હું આતીશનો એક એવો શોહલો બની જઇશ કે તેમને બેને તેમાં સલગાવી નાંખીશ–પરવાના આતીશપર બલે તેમ હું તેમને બાળી નાખીશ! તેમ થશે ત્યારેજ મ્હારા જીગરની જલન ઠંડી થશે!–અગર હું શકરની જાન નહીં લઈ શકીશ તો મ્હારી પોતાની જાન ખોહી દઇશ! પાક ખુદાવન્દ કરીમ! મદદ કર! નહીં! એટલા દીવસ પાક ખુદાનું નામ લઈ લઇને

દુશમનોપર ઝુલ્મ કરવા મેં માગ્યો તો ક્યાં મ્હને તેણે મદદ આપી? માટે હવે-હું શયતાનની મદદ કબુલ કરીશ!!-ગુન્હા અને બદકારીઓનું પુતલું બનીને આ દુનીયાને ખાકમાં મીલાવી દઇશ!!-ગુનાહ!! મદદ કર!!-આવો, અશરફુલજીનનાત મહારા દીલની અંદર જગ્યા લો, જેથી કોઇબી જાતનો ગુન્હો કે બદઆમાલ કરતા મહારૂં કલેજું નહીં કંપે!! દીલ ન ધડકે!! પગો પાછળ નહીં હઠે!! ગુન્હાગાર શયતાન મહારી હાલતપર રહમ કર!!!"

બદઝાત બદઆમાલ દીલશાદનું માથુંજ ફરી ગયું!-તે કાંઇ વધુ સોચી શકી નહીં! તેની આંસુનાં ગરમાગરમ ટીપાં નીકળીને ત્યાંની સંગ-મરમરની ઠંડી ફરશપર પડવા લાગ્યાં જેથી ગોયા ખુશનુમાં ઠંડાઈ આગના દીલ ઝખ્મી કરનારા શોહલામાં બદલાઈ ગઈ!!

બેવકુફ ઓરત! શયતાન તે વળી તેને શું મદદ કરી શકતો હતો!!

પ્રકરણ ૨૭ મું.

નેકીનો મદદગાર પાક પરવરદીગાર.

સહવાર પડતાં પડતાં મુઝફ્ફર અને તેની મા ઇકબાલ સાથે શકરલબ અને તેની દાસી પેલી મસજીદ પાસે આવી પહોંચ્યાં! ચહારો ચાલી ચાલીને ઠાકી ગયાં હતાં! ઝુલમના મોંઢામાંથી નીકળી નહાસવા છતાં નવા સંકટની ધાસ્તીથી ધરૂજતાં હતાં! આ મસજીદમાં એક બુઢો મુલ્લાં હતો

જેની સાથે મુઝફ્ફરને પુરાણી જાણપહેચાન હતી. તે મસજીદથી થોડે દુરના એક નીરજન ઝુંપડાંમાં રાત કાપવા માટે બધાંને જગ્યા મળી. રાત અને તે પછીના દીવસ સુખથી તે મસજીદમાં પસાર થયા.

જે પછી એક દીલચાક કરનાર બનાવ બન્યો:

બાઝે વખત ખુબસુરતીજ જીવના જમ સમાન થઈ પડે છે! શકરલબ બહુ ખુબસુરત હતી, જેથી તેનાપર નવું વાદળ ઘેરાઇ આવ્યું! જે દોસ્ત હતો તેજ દુશમન બન્યો! મુઝફ્ફર જેણે શકરને કદી જોઈ નહીં હતી તે શકરની બેહદ ખુબસુરતી જોઇને ગોયા દીવાનો બની ગયો!!

પતંગીયું જેમ જલતા ચીરાગને જોઇને મુગ્ધ થઇ જઇ તેનાપર નીસાર થવા જાય તેમ શકરલબને સુતેલી અને તે વખતે ઇકબાલ અને શકરની દાસીને કોઇ કામસર બાહર ગયલી જાણીને મુઝફ્ફર શકરલબનો ચહેરો ટગર ટગર જોવા લાગ્યો! તે ખુબસુરતી તેણે એકવાર જોઇ તો સો વખત જોવાની તલબ થઈ!! નીંદમાં બીડાયલી આંખો—સુરમાંથી રંગીન બનેલી તે આંખોની કાલી કોર-ગાલોપરની લાલાઇ-પાનથી રંગીન હોઠ-કાલા ઝુલફ-અને તે ઢબદાર દોલદાર શરીર! તે ખુબસુરતીને શું જોય અને શું ન જોય! તમામ અંગ અંગમાંથી સુંદરતાનો ફુવારો ફુટી નીકલ્યો હતો! વાહવાહ શું સુંદર છે? કેવી બેહદ શોભા છે? મુઝફ્ફર સોચવા લાગ્યો "યા પાક ખુદા! તેં મહને જે બે આંખો બખશી છે તેની કીંમત મહને આજેજ માલમ પડી! હું આ લાસાની હુરની સુરત જોઇને ગોયા ઝીન્દગીની મજાહ મેળવી શકયો!"

શયતાન મુઝફ્ફરના સરપર સ્વાર થયો! થોડો વખત પહેલા માયા, મમતા, મદદ, અને દુખીયાનું દુઃખ દુર કરનારૂં દીલ જે જીસમમાં હસતી ધરાવતું હતું તે શયતાનની બુરી કારરવાઇથી દુર થયું અને મુઝફ્ફર છલ પાપ હવસથી ભરપુર એક પુરો શયતાન બની ગયો!!

બદફઅમ બનેલા મુઝફ્ફરે સોચ્યું "આટલી પરેશાની ઉઠાવીને મ્હારો પોતાનો જાન ખતરામાં નાખીને જે હુરને આફતથી બચાવી લાવ્યો છું તે શું મહારી અહેસાનમંદ નહીં થશે ? જો આ હુરે નુરને, આવી પ્યારી દીલરૂબાને, આજેજ કોઇ પોશીદા મુકામપર લઇ ચાલુ અને છુપાવીને ત્યાં રાખું તો શું મજાલ છે કે કોઇબી ત્યાં આવી શકે? તેવી જગ્યામાં મુબારક તે શું આવતો હતો ? પછી શકરલબ મહારી થશે અને હું શકરલબનો થઇશ."

શકરની નીંદ નહીં જાય તે માટે મુઝફ્ફર ત્યાંથી ચાલી ગયો અને તે પોતાની માદર પાસે ગયો અને તેણે ઉદાસ ચહેરો બનાવ્યો! તે જોઇને તેની માએ પુછ્યું "કેમ બેટા! તું એવો ફીકરમંદ કેમ નઝર આવે છે? મામલો શું છે? કેવી ફીકરમાં પડેલો છે?"

મુઝફ્ફરે કહયું "અમ્મા, હું જોઉં છું કે આપણે હજી સુધી ખતરાથી દુર નથી! ગયાસબેગના રોબદાબ અને ઝોર તાકતની વાત તમ્હને તો બખુબી માલમ છે! હું સાફ જોઈ રહયો છું કે શકરની પાછળ આપણી જાન જશે! મેં હમણાજ બાઝારમાં એવી વાત સાંભળી કે શકરને અને આપણને પકડવા માટે માણસો રવાના થયલા છે."

તે વાત સાંભળીને ઇકબાલ ગભરાઇ ગઇ ને તેણે સોચ્યું "પકડાઇ જવાથી તો કુતરાની મઓતે મરવું પડશે." અને તેણે બેટાને કહયું "મુઝફ્ફર બચવાની કોઇ તરતીબ જોઇ છે કે?"

"હા, અમ્મીજાન! બધાંને પોતાની જાન હંમેશા પ્યારી હોય છે. જેથી તે અફવા સાંભળવા પછી હું સોચમાં ને સોચમાં રહયો છું, મહને તો એમ લાગે છે કે મહારે છુપો વેશ પહેરીને અને શકરનેબી વેશ બદલાવીને એને પહેલા કેથે છુપાવવા લઇ જવી પડશે. જે પછી તમ્હને હું ધીરે રહીને મઓકો જોઇને લઇ જઇશ. ચાર જણાંને સાથે જોઇને તો ઝુરૂર કોઇનેબી વહેમ જાય! આપણે દુરની કોઇ જગામાં છુપાઇને પછી હીંદુસ્તાન છોડી જઇશું."

તે બાદ મુઝફ્ફરના કહેવા મુજબની ગોઠવણ થઇ, નીરદોશ શકરને કંઇબી વહેમ ગયો નહીં અને મુઝફ્ફર સાથે તે રવાના થઈ.

થોડુંક ચાલ્યા પછી જંગલનો રસ્તો આવ્યો અને તે જંગલ કેટલીક જગ્યાપર ઝાડીઓથી ભરપુર ઘેરાયલું હોવાથી મુઝફ્ફરે મઓકો પોતાને માટે સારો માન્યો! તે શકરને પોતાની ધણીઆણી બનાવવા માટે જંગલમાં જેર કરવા યા તો તેને મારવા માટે તઇયાર હતો!!

ચાલતા ચાલતા થાકી જઇને શકર બોલી "હવે હજી કેટલું ચાલવું પડશે મુઝફ્ફર? ચહારો તરફ મઓતના જેવું સુનસાન છે! તમ્હે મહને ક્યાં લઈ જાઓ છો? મહને ધાસ્તી લાગે છે!"

મુઝફ્ફરે હસીને કહયું "મહારી જાન! ધાસ્તી શાની? મુઝફ્ફર ત્હારા પસીનાના બદલામાં પોતાનું લોહી આપવા તઇયાર છે."

તેના બદલાયલા તઓરને જોઇને શકરલબ ગભરાઇ ગઇ, અને ધ્રુજવા લાગી! તે ત્યાંજ ઉભી રહી જઇને બોલી "હમણાં તમ્હે શું બોલ્યા મુઝફ્ફર? મ્હારી અને તમ્હારી વચ્ચે માલીક અને નોકરનો રીશતો છે તે શું તમ્હે એટલું જલદી ભુલી ગયા? તમ્હે મહારા કાકા ગયાસબેગના નમકપર ઉછરેલા છો! મહારા કાકાની ગુલામી કરતા કરતા તમહારી ઉમ્મર ગઈ છે તો પછી કયે મોંઢે તમ્હે આજે આવી બહેકી વાત કરી રહયા છો?"

દીલ ઝખમી કરનાર એક હસી હસીને મુઝફ્ફર બોલ્યો "મહારી જાન! પ્યારી દીલરૂબા! તે બધી વાતોને અભડાઇએ ચઢાવો, હવે તે ભુલી જાવો, તે દીવસો ગયા, હમણાં તો હું તમહારી સાથે શાદી કરવા માંગુ છું. મુબારક જેવા ડાકુની મોહરદાર થાવ તેના કરતાં મહને ગરીબને ખાવીંદ બનાવવાથી તમહારી ઈજ્ઝતમાં ફરક નહીં પડશે, બલકે આપણી શાદી હઝાર દરજ્જે બહેતર થશે! મહારી જાન, જરા હોશ પકડો, અને હું કહું તેમ વરતો."

હવે શકર સ્હમજી ગઇ કે તે કેવી બલામાં ફસી ગઇ હતી! તેથી તે છેડાઇને ગુસ્સાથી પુકારી પડી "શયતાન, મુઝી, કસ્સાબ, દોઝખી કુતરા, તહારી શું તાકત છે કે જે મહને આવું અપમાન કરે? ગુલામ, ટુકડખોર કમીના, ચાલ દુર થા."

શયતાન મુઝફ્ફર તો ઠંડા પાણીના માટલા મીસાલ ગંભ હતો! તેણે ધીરેથી કહ્યું "હું ગુલામ છું કે ખાવીંદ તે તમહને હમણાંજ બતાવીશ! મહારી પ્યારી શકર, શા માટે તમ્હે આવી બેહદ ખુબસુરતી લઇને આ દુનીયામાં પયદા થયા? તમહારી સુરતપર હું આશીક થઇ ગયો છું-જે સઉદાઇ સરમાં પયદા થઇ ગઈ છે તે કદાચ આખી ઝીન્દગીભર હવે દુર નહીં થશે! મહારી પ્યારી, યાદ કરો તમ્હે, કે મેં તમ્હને કેવી મુસીબતમાંથી બચાવ્યા છે? જરા તેનીપર તો ગઓર ફરમાવો! શું તમ્હારામાં અહેસાનમંદી કે શુક્રગુઝારી નથી? શું તમહારી નઝદીક અદલો ઈનસાફ, દીનો ઇમાન કોઇ ચીઝ નથી? દીલના બદલામાં દીલ આપવું તેની શું તમહને આવડ નથી?"

એમ બોલીને મુઝફ્ફર શકરની પાસે ગયો કે તેજ વખતે શકરે પોતાની ચોલીમાં છુપાવેલું ખંજર ખેંચી કાઢીને કહ્યું "ચાલ હટ! નાબકાર, નાહનજાર, ખુંખાર, નમકહરામ, પાપી બેહયા!"

મુઝફ્ફર પોતાની શમશીર મ્યાનથી ખેંચી બોલ્યો "તહારી પાસે ખંજર છે તો મહારી પાસે તલવાર છે! હવે તહને મહારે હાથથી કોઇ નહીં બચાવશે."

"બેકસ અને બેગુન્હાનો મદદગાર તે પાક પરવરદીગાર છે." શકર બોલી.

અને જાણે તેનોજ આવાઝ હોય તેમ તેનો વાકય પુરો થતાંજ એક બીજો આવાઝ ઝાડીમાંથી બહાર પડયો "એમાં શું શક? પાક પરવરદીગાર હંમેશા બેગુન્હા અને લાચારોને મદદ આપે છેજ."

તે આવાઝ પછી કોઇએ મુઝફ્ફરને પાછલથી ઝોરમાં એક લાત મારી, જેથી મુઝફ્ફર ઝમીનપર પડી ગયો! પેલાએ તેની તલવાર લઇ લીધી! મુઝફ્ફરે ઝમીનપરથી બુમ પાડી "કોણ? મુબારક?"

જેને પાક ખુદા બચાવવા માગે તેને કોણ મારી શકે? ગોઠવણ મુજબ મુબારક શકરને મળવા પેલી મસજીદ તરફ ગયો હતો પણ ત્યાં જતાંજ તેણે સાંભળ્યું કે મુઝફ્ફર એકલી શકરને લઇને કેઠે ગયો હતો! તેજ વખતે મુબારકનું માથું ઠનક્યું! તેણે પુઠ પકડી અને કયાં જવું તે પાક પરવરદીગારે તેને સુઝાડયું.

"ચાલી જા યહાંથી!" મુબારકે મુઝફ્ફરને હુકમ કીધો "અને શકર બીબીની દાસીને તહારી મા સાથે અનવર સરાયમાં કાલે સહવાર સુધીમાં મોકલી દેજે—મ્હારા માણસો તેમને મ્હારી પાસે લઇ આવશે. તું તો સદા સુધીનું અમારી સામેથી કાળું કર."

સર નમાવી, બીધેલા કુતરાની માફક દુમ દબાવી, મુઝફ્ફર ત્યાંથી નહાઠો! અને મુબારક તેને ભવીષ્યમાં વધારે નડે નહીં તે માટે બીજી સહવારમાં તેણે તેના કહેવા મુજબ પોતાની માદર ઇકબાલ અને શકરલબની વફાદાર દાસીને અનવરસરાયમાં પહોંચાડી, જ્યાંથી તે બેઉ બાઇઓને મુબારકના માણસો લઇ ગયા.

પ્રકરણ ૨૮ મું.

શયતાન નહીં—ફરીશ્તો!

ઉપર લખેલી બીનાને બે દીવસ થઈ ગયા છે! ગયાસબેગના મહેલમાં જ્યારે મુબારક અને શકર બીબીની શાદીની ખબર એક પયગામચી લાવ્યો ત્યારે શયતાન ખસલત દગાબાઝ દીલશાદે ઝહેર પીને પોતાની ઝીન્દગી ખતમ કરી નાંખી! બીજે દીવસે જ્યારે દીલશાદની લાશ દફનાવવાની તઇયારી થઈ ત્યારે લોકોએ જોયું તો બેઉ હાથમાં એક તસવીર પકડીને તે તસવીર છાતીએ લગાડી દીલશાદ મરી ગઇ હતી! તે તસવીર બીજા કોઇની નહીં પણ મુબારક ડાકુનીજ હતી!!—પીયારમાં આંધળી બનેલી તે ગઝબનાક ઓરતે શયતાનને પોતાનો મદદગાર બનાવીને જે ખંજર બીજા માટે ઉગામયું તે ખંજર તેના પોતાનાજ ગલામા ભોકાઇને તેના જાનને લઇને નીકળ્યું!

આવી રીતે બદીનો નાશ થયો; જ્યારે આપણને હવે નેકીનો અંજામ જોવાનો છે:

મુબારક શકર સાથના પોતાના લગ્ન પછી બીજે દીવસે બેસીને એક ચીઠ્ઠી લખતો હતો જે વખતે શકર તેની પાસે હસતી હસતી આવીને પુછવા લાગી "પ્યારા શઓહર, શું લખી રહયા છો?"

"આતીશે ખામોશની આખારી ચીઠ્ઠી!" મુબારકે જવાબ આપ્યો.

શકર બોલી "નહીં! હવે તમ્હારે તમ્હારી ચીઠ્ઠીપર આતીશે ખામોશ નહીં લખવું, પણ લખો તેપર ફરીશતએ ખામોશ!"

"ઠીક, ઠીક" મુબારક હસ્યો "કઢંગુ લાગશે, પણ લખું છું."

"ક્રાણુપર મોકલો છો એ ?" શકરે પુછ્યું.

"પાદશાહ અકબર પાસે, જાનેજાં ! હવે હું ડાકુ નથી રહયો ! તમ્હારા જેવી હુરને મેળવીને હું હવે ઇનસાન થઇ ગયો છું ! ડાકુ મુબારક મરી ગયો ! તમ્હારા જાદુએ કરોડપતી મુબારકની જાન લઇ લીધી-અને હવેથી મુબારક તમ્હારે માટે ફકીર થઈ ગયો છે."

શકરથી રહેવાયું નહીં, તેણે જોશમાં આવી પોતાના ધણી મુબારકની ગરદનપર હાથ નાંખીને કહ્યું "શુક્ર છે તે પાક પરવરદીગારના કે જેણે તમ્હને આવી રીતે તબદીલ કરી દીધા-ફેરવી નાંખ્યા ! મુબારક આ વખતે તમ્હે સાચેજ ફરીશ્તા છો ! તમ્હે આ ખતમાં શું લખ્યુ છે તે હું જોવું કે, મ્હારા અઝીઝ ?'

"જુરૂર !" તેમ બોલતાજ મુબારકે તે ચીઠ્ઠી શકરને આપી જે શકરે નીચે મુજબ લખાયલી વાંચી :

"પાદશાહ અકબર સલામત,

ખાકસાર ગુલામ મુબારકની આખીરી અરજી કબુલ ફરમાવો ! આજથી ડાકુ મુબારકની મઓત થઇ ગઈ છે એમ સ્હમજો ! શાહનશાહ, જે મુબારક ડાકુના કપાયલા માથાને માટે હુઝુર આલીએ પચાસ હઝાર અશરફીઓ ઇનામમાં આપવા ઢંઢેરો પીટાવ્યો હતો તેજ મુબારક કરોડોની મેળવેલી દઓલત રાહે ખયરમાં લગાડવા તઇયાર છે ! આપના શહેર કોટવાલ અલીમરદનખાં મ્હારા ખઝાનાની ચાવી લઇને અને અલીરઝા આ મ્હારા ખતને લઇને તમ્હારી પાસે મ્હારા કાસીદ બનીને આવે છે ! જહાંપનાહ, હમણાં સુધી હું ખરેખરજ શયતાન હતો, લેકીન પાક ખુદાની ફઝલથી હવે હું ઇનસાનીયતનો દાવો કરી શકું છું. હવે આપ મ્હને હરગીઝ કેદે મેળવી નહીં શકશો-કેમજે મેં મ્હારી મોહરદાર શકરલબ સાથે કુરદરાઝ જવાનું નક્કી કરયું છે ! નેકનામ ગયાસબેગને અને તેમના

કુટુંબને, શકરલબની અને મ્હારી દુઆ કહેવડાવવાની મેહેરબાની ફરમાવજો. મ્હારી તકસીર માફ કરજો. મેં મ્હારા તમામ માણસોને તેમના પુરતું બક્ષીયું છે અને બાકીની કરોડોની દઓલત તમ્હને એજ ઈરાદાથી આપી છે કે તમ્હે ગરીબો માટેના મકાનો બાંધો, તેમને ખોરાકી પોશાકી મુફત આપો. તેમની દવા મુફત આપવા માટેની ગોઠવણ કરો, પીયાસાઓ માટે કુવા ખોદાવો. એ બધી દઓલત કારે ખયરમાં વાપરજો.

ખાદીમ,

મુબારક ફકીર."

મુબારકનો ચેહરો ચુમીને શકરલબ બોલી, "શાબાશ, મ્હારા ફરીશ્તા, શાબાશ! તમ્હારી આવી લાગરઝીની તારીફ નહીં કરી શકાય, હું ખુશી છું કે હું પોતે લાગરઝ, લાતમા, બેગુન્હા, પાકદીલ, નેકચલણ, અને ખુશખસલત મુબારકની મોહરદાર છું, તમ્હે તમામ દઓલત સખાવતમાં આપીને ફકીર થઇ ગયા છો તો ગરીબ મુબારકની બીબી બનીને હું પાદશાહની બેગમોથી આલા આસુદા હાલ થઇને જીવીશ! મ્હારા ફરીશ્તા, પાક ખુદા તમ્હને હંમેશા ખુશો ખુરરમ રાખે!"

મુબારકે શકરને સીનામાં લેતા કહ્યું "શકર! અઝીઝ શકર! મહને મ્હારી તમામ ઝીન્દગી સુધી યાદ રહી જશે કે બુરી ઓરત એક ખુંખાર પત્થર છે, જ્યારે નેક ઓરત પારસ પત્થર છે!"

સમાપ્ત.

(પાક પરવરદેગાર નામદાર શહેનશાહ જ્યોર્જને સલામત રાખે!)

